——— માળા ૭ મી.

કુટુંબી કથાઓ.

(KUTUMBI KATHAO)

રચનાર :

રૂપાંબાઇ કે૦ દાગ

" [illegible]

વાર્તા-માળા:—માળા ૭ મી.

કુટુંબી કથાઓ.

(*KUTUMBI KATHAO*)

રચનાર:

રૂપાંબાઇ હે૦ દારાશાહજી તાલચેરીવાલા

તે "રસીલો રંગ મંડપ", "કીનાનો ભોગ", ઇ૦ના કર્તા

પ્રગટ કરનારાઓ

બા૦ જ૦ મીસ્ત્રી અને આ૦ ફ૦ સોલન.

મુંબઇ: કાલબાદેવી, રીપન પ્રેસ.

કીંમત દશ આના.

મુંબઈ: કાલબાદેવી, રીપન પ્રીન્ટીંગ પ્રેસમાં મળશે.

સર્વ વિદ્યામાળા અથવા ગુજરાતી 'સાઇક્લો પીડ્યા.'—એમાં લગભગ દરેક બનાવટો બનાવવાની રીતો, ઇંગ્રેજી તેમજ દેશી તબીબી વિદ્યાને લગતા ફકરાઓ, રોગોની નીશાનીઓ અને ઉપાયો, વરાળયંત્ર (સ્ટીમ એન્જીન)ને લગતું તથા મીલોનાં જુદાં જુદાં ખાતાંઓ (કારડીંગ, સ્પીનીંગ, વીવીંગ. વગેરે)ને લગતું સંપુરણ વર્ણન. સેન્ટોગ્રાફ, ટાઇપ-રાઇટર. ક્રીકેટ, નાટક, થીઓસોફી, ટેલીફોન, ટેલીગ્રાફ, ફોનોગ્રાફ, પ્રીન્ટીંગ, ફોટોગ્રાફી (છબી પાડવાનો હુન્નર), થરમોમીટર, રેશમ તથા ઉનના તથા સુતરાઉ કાપડ તરેહવાર રંગમાં રંગવાની રીતો. ઘોડાને થતા રોગો અને ઉપાયો, બાગાયત, રાગવિદ્યા, રૂની પેદાશ તથા તેને પારખવાની રીત અને તેનો ખપ, ઇંગ્રેજી તેમજ ગુજરાતી પ્રખ્યાત પુસ્તકોનાં નામો, હાલના તેમજ આગલા ઇંગ્રેજ, પારસી, હીન્દુ, મુસલમીન, વગેરે ગ્રંથકર્તાઓ, તથા પારસીઓ, હીન્દુઓ અને મુસલમીનો (તેમની તવારીખ, ધર્મની ફીલસુફી, જાહેર પુરૂષોના જન્મચરિત્રો, વગેરે), ઇત્યાદિનું સવિસ્તર બ્યાન આપવામાં આવ્યું છે.—**કીંમત: દરેક ભાગનો રૂપીઓ દોઢ.**

સર્વોપયોગી નુસખા સંગ્રહ.—એમાં દરેક ધંધાદારીને કામ લાગે તેવા તેમજ ઘર ઉપયોગી બારસોથી વધુ નુસખાઓ આપેલા છે.—**કીંમત: રૂપીઓ સવા.**

પાક ખોરદેહ અવસ્તા.—ત્રણ જુદાં જુદાં કદની છે. મોટી તેમજ પોકીતમાં રાખવા લાયક કદના જેવી કે ઠેણી એટલી સસતી કીંમતમાં છપાઇ બાહેર પડી નથી.—**કીંમત: રૂપીઓ એક તથા આઠ આના.** નાના બાળકો માટેની અવસ્તાની **કીંમત: આના અઢી.**

ઇન્ડીયન નાઇટસ યાને હીન્દી વાર્તાઓ.—મોટા કદનાં ૧૧૨ પાનાના આ ભાગ ૧લામાં સઘળી મળી છ, તદન નવી અને આગળ કેડે છપાયલી નહી એવી, સંપુર્ણ વાર્તાઓ આવી છે.—**કીંમત: આના દશ.**

શાપુર તથા શરમાલ સપલ.—શાપુરની વાર્તા ઇતિહાસીક છે, અને તે ઘણી અસરકારક છે. એજ પુસ્તકમાં **'શરમાલ સપલ'** નામની ઘણીજ હસાવનારી વાર્તા આવી છે.—**કીંમત: આના છ.**

પાંડુરંગ હરી.—આ એક ઘણી રસીલી હીન્દુ વાર્તા છે.—**કીંમત: આના આઠ.**

બૈરી શી ને વાત શી?—એક રમુજી ફારસ.—
: આના બે.

લ કાકા.—"આ વાર્તા નાની પણ રસીક તેમજ
રી છે."—**કીંમત: આના ચાર.**

તીની મોસમ તથા મગરૂર મેરીયા.-
સાવનારી છે, જયારે બીજી ઘણી ગંભીર
ા આઠ.

વ.—એમાં નાની મોટી અસર-
પત: આના ચાર.

રસીલો રંગ મંડપ.—એમાં ચાર અતી રસીલી સંપુરણ વાર્તાઓ છે.—**કીંમ્મત: આના છ.**

તોપખાનાનો ભંડાર.—એમાં ચકરમ મુસાફર બેરન મુન્ચાસનનો ઘણોજ હસાવનારો અને ૨૪ ચીત્રો સાથનો હેવાલ છે.—**કીંમત: આના બાર.**

ભવીષ્ય પોથી.—નસીબ જોવા માટે આ નાની ચોપડીની **કીંમત: આનો એક છે.**

થિઓસોફિકલ સોસાયટી, તેના નિયમો અને તેના સ્થાપનારાં.—મફત.

પારસીઓમાં આજકાલની સ્ત્રી કેળવણી.—મફત.

બરજોર માણેકના (છપાય છે.)
બીજાં પુસ્તકો છપાય છે.

☞ એ ઉપરાંત નીચલાં બે માસીક ચોપાન્યાંઓ પણ દર મહીને રીપન પ્રીન્ટીંગ પ્રેસમાંથી છપાઇ બાહેર પડે છે:—

ગુલ અફશાન.

ખીચોખીચ છપાતાં આ ઇંગ્રેજી-ગુજરાતી માસીક ૪૦ પાનાનાં ચોપાન્યાંમાં અતિ રસીક ચાલુ વાર્તા, નવી નવી. શોધોને લગતા ફકરાઓ, કવિતાઓ, અને વિદ્યા, હુન્નર, તવારીખ તેમજ વખતને અનુસરતી લોકોપયોગી બાબતોનો સમાવેશ કર્યા ઉપરાંત દર માસે ખાસ લખાવેલી ઓછામાં ઓછી એક સંપુર્ણ વાર્તા આપવામાં આવે છે. "ગુલ અફશાન" દારૂ નીશેધ, થીઓસોફી, ગોરક્ષા, અન-ફળ-શાક, વગેરેની હીમાયત કરનારૂં છે. વલી દર મહીને બાનુઓને બરની બાબદો જેવી કે રાંધવું, ભરવું, ગુંઠવું. (બનતાં લગી ચીત્રો સાથે) વગેરે આવે છે. એનું વરસ અકટોબરથી શરૂ થાય છે.

☞ **ગુલ અફશાન** એકલુંજ ઇંગ્રેજી ગુજરાતી ચોપાન્યુ છે, કે જેમાં યુનીવરસીટીની કેળવણી પામેલા લખનારાઓ લખાણ કરે છે.

☞ કીંમત: વરસ ૧ નો ફકત રૂપીઓ એક. પોસટેજ; હીન્દુસ્થાનમાં તેમજ એડનમાં, બરમામાં, તથા સીલોનમાં આઠ આના વધુ.

વાર્તા-માળા.

વાર્તાના શોખીનોને પસંદ થઇ પડેલું આ માસીક ચોપાન્યું **"ગુલ અફશાન"** સાથે દર મહીને ૧૬ પાનાંમાં બાહેર પડે છે. એમાં ફક્ત રસીલી, અને રમુજ સાથે જ્ઞાન મળે એવી ચુંટી કહાડેલી વાર્તાઓ આવે છે.

☞ કીંમત; વરસ ૧ નો ફકત રૂપીઓ એક. પોસ્ટેજ નહી. **"ગુલ અફશાન"**ના કોઇબી ઠકાણે ફક્ત આના આઠ મોકલવા.

૪૯૨૦

પ્રસ્તાવના.

આજ કાળ ગુજરાતીમાં નીકળતી વાર્તાઓની કશી ખુટ નથી, પણ જેઓ ગુજરાતી સાહીત્યનો બારીક અભ્યાસ કરતા હશે, તેઓ પોતાનો નીચે મુજબનો અભીપરાય આપવા અચકાશે નહી કે "ગુજરાતી ભાષામાં જો કે સેંકડો પુસ્તકો નીકળ્યાં છે, તો પણ તેઓનો મોટો ભાગ 'કચરા' સરખો છે, એટલુંજ નહી પણ કેટલાંક પુસ્તકો તો થોડાં ઘણાં બીભીત્સ છે." આ વાર્તા માળાની અત્યાર સુધીમાં છપાયલી વાર્તાઓ ઉપર જણાવેલા વર્ગમાંની છે યા નહી, તે વીચારવાનું કામ વાંચનારનું પોતાનું છેઃ માટે મારે તે વીશે બોલવું નથી. તો પણ અહીં એક બાબદની નોંધ લેવાની લાલચ મારેથી થોભાવી શકાતી નથી, અને તે એકે આ વાર્તા માળામાં આવેલી વાર્તાઓ સર્વ ઠેકાણેથી સાદી, નીતીવાન, તથા રમુજ સાથ જ્ઞાન આપનારી તરીકે સ્વીકારાઇ છે. છેલ્લું જાહેર મત તા૦ ૧૭ મી સપટેમ્બર ૧૮૯૧ ને દીને "ટાઇમ્સ ઓવ ઇન્ડયા"નાં અંકમાં છપાયું છે, જેમાં તે ભાઇબંધ પર મોકલેલાં કેટલાંક વાર્તાઓના પુસ્તકો માટે લખે છે કે તે "amusing and instructive stories" છે.

વાર્તા-માળાની આ સાતમી માળામાં આવેલી સઘલી વાર્તાઓ ઇંગ્રેજી પ્રખ્યાત ચોપડી ચોપાન્યાં પરથી બાઇ રૂપાંબાઇ કે૦ દારાશાહજીએ વાર્તામાળા માટે ખાસ રચેલી છે, જે બાનુને હાથે લખાઇ બાહેર પડેલાં અત્યાર આગમચના બે પુસ્તકોથી વાંચનાર તેવણુની રસીલી કલમથી માહીતગાર થયલાં હોવાં જોઇએ. એ બાનુંએ પોતાના રસીલાં લખાણથી મને જે મદદ આપી છે, તે માટે હું તેવણુનો જાહેરમાં ઉપકાર માનું છું. વાર્તા-માળાની હવે પછીની માળા—એટલે આઠમી માળા—માં બાઇ શીરીનબાઇ રૂ૦ કન્ટરાકટર પાસે ઇંગ્રેજી પરથી ખાસ રચાવેલી "બરજોર માણેકના" નામની પારસી સંસારી એક લંબાન વાર્તા આવશે. એ વાર્તામાં દારૂ અને જુગારથી એક પારસી ગ્રહસ્થનું કેવું નખોદ વલે છે, તે ઘણું અસરકારક રીતે દેખાડયું છે.

મ૦ એ૦ વાછા,

અધીપતી,

વાર્તાઓનું સાંકળ્યું:—

૪૯-૨૦

અધીપતી:—માણેકજી એદલજી વાછા.

માળા: ૭મી.



કુટુંબી કથાઓ.

લખનાર:

રૂપાંબાઇ કે૦ દારાશાહજી તાલચેરીવાલા,

તે "રસીલો રંગ મંડપ," "કીનાનો ભોગ," ઇ૦ના કર્તા.

શારલોટ લીમરટનનું છેલ્લું મૃત્યુ પત્ર યાને વસીયતનામું.

પ્રકરણ ૧લું.

માત્ર એકવીસજ વરસ ઉપર એટલે ૧૮૭૦ માં ઘરડાં લેડી લીમરટન મરણ પામ્યાં. તેવણ છયાસી વરસનાં થયલાં હતાં, બાહારનાં દેખાવે પરીક્ષક કરનારાઓમાંનું કોઇપણ એટલી વયનાં તેવણને માને નહીં. તેવણની દુષ્ટમાં દુષ્ટ નારી-ચતરૂ પણ કહે કે, "સીતેર વરસ છે." અને સામી વરગનું કોઇપણ મીત્ર ઉમેરે કે સીતેર વરસની ઉમ્મર જોતાં અતયંત તાજાં અને બના મે યજદ જેવાં છે."

કંઇ લેડી લીમરટન પોતાની ઉમ્મર છુપાવતાં નહી હતાં. ઉલટું વીધ વીધ ઇતીહાસીક વરણનો કરીને પોતાનાં જન્મની તારીખ અને સાલથી લોકને વાકેફ કરવામાં ગરવ લેતાં હતાં, અને એ વરણવતી વેલા સેવટે ઉમેરતાં કે, "થોડાંજ લોકો એવા બનાવો મારી પેઠે વરણી શકેઃ કારણ કે, એ સઘલું મને ચોકસ યાદ છે. હું પુરવ જમાનાની છું, પણ ઘણાં વૃધ્ધ લોકો આગલા જમાનામાંજ સઘલી નેકી અને ભલું સમાયલું છે કરી કહે છે અને દેખે છે, તેઓમાંની હું નથી. ચાલતો જમાનો હું વધુ પસંદ કરૂં છું. મારી તરૂણ વયનાં કાલ કરતાં આ કાલ વધુ સુખ ચેન અને ફરાગતી ભરયો છે, જોકે કેટલાક વીષયમાં તેટલો ઉલટમંદ નથી."

આગલી વાતોથી કોઇ ત્રાસદાયક લાગણી જે તેવણની સામેનાં સાંભલનારાંઓનાં હદયમાં જો ઉઠી હોય તો, આ તેની જુવાની કાલની કરેલી સ્તુતી તે લાગણીને હાંકી કાઢતી. તે આતુર ઉત્તકંઠીત વૃધ્ધ ચેહરા ઉપરથી એક નજરેજ દેખાઇ આવતું કે, બીજાં કોઇની ઉમ્મરથી પોતે વાકેફ થવાની કાલજી રાખતાં હોય તેનાં કરતાં, એ બાનુ, પોતાનાં વયની,

પોતાનો આ નવો મીત્ર તરક બાંધે કરી, કાળજી ધરાવતાં હતાં.

એ તરકમાં ખચ્ચીત જુવાન્યાંજ ભુલ ખાતાં અને તેમનાં ઉતરમાં આપેલા અંક સરવદા ખરાં અંકનાં કરતાં પંદર કે વીસ વરષ ઓછા રેહતા. "ખચીત! તમો ખરેખર એટલીજ ઉમ્મર તો સમજતા નહી હોવો. ફરીથી તરક બાંધવાની યત્ન કરો." લેડી લીમરટન કેહતાં.

તરક બાંધનાર વલી પાછો તે મુરતી નીહાલતો, અને આટલી ઉમ્મરે પણ ચલકતી રહેલી ચશમો, ખુલ્લો તાજો ચેહેરો, અને જથ્થાબંધ ઉજલા વાલ નીરખતો. ત્યારબાદ વલી જરીજવાર આગમચની ખુશ લેહેરી ચંચલ વાત, જે એક કલાક લગી ચાલ્યા કીધી હતી તે, પાછી યાદ કરી આગલા આંકડામાંથી વલી પાંચ વરષ ઓછાં કરી દેતો, અને પોતાની મુરખાઈ માટે માંફી માંગતાં ઉમેરતો કે, "ખરેખર! હું એનો પરીક્ષક નથી. સોવમા તમારી ઉમ્મર એથી પણ ઓછી હશેઃ કારણ કે મારી માતા પાંસેઠ વરષનાં છે, અને તેવણ તમારાં કરતાં વધુ ઘરડાં દીસે છે."

એ ઉપરથી લેડી લીમરટનની નાહની સરખી ફતેહ દીપી નીકલતી. છોકરવાદી પેઠે પોતે તાલી પાડી બોલી ઉઠતાં, "હું એંસી વરષની છું. હું ૧૭૮૪ માં જન્મી હતી. ફરેંચ રાજ્યનાં ઉથલપાથલનાં છેલ્લાં વરષોમાં બનેલા બનાવો મને યાદ છે, અને તે સાથે સોલમાં લુઈને અને મી૦ આનટાઈનેટને ફાંસી દીધી તે વેલાની ગડબડ અને તોફાન પણ યાદ છે. જે બનાવો કે તમારા મનથી ઇતીહાસીક બનાવો સરીખા છે, તે જાણે ગઈ કાલેજ બનેલા હોય તેમ મારી યાદીમાં તાજા છે. કેટલાક બનાવો તો કેવલ વીસરાઈ શકાયજ નહી એવા છેઃ આ વૃધ્ધ ચશમોએ દીઠેલા ફેરફારો જો તમોથી થઈ શકે તો કલ્પી જોવો. ત્રાફલગરની લડાઈ વેલા હું એકવીસ વરષની વયની હતી, અને એ યુધ્ધ ૧૮૫૦ માં થયું, તેનાં સારા કે માઠા સમાચારની બહુ રાહ જોવી પડી હતી. અને બંધે પ્રકારની મેલવણી લાગણીઓ સાથ, એ મ્હાભારત જીત ઉપર આપણે હરષયુકત થયાં હતાં, અને એ જીત માટે આપેલી ખરીદીનો વીચાર કરતાં આપણી નેણોમાં આંસુ ભરાતાં હતાં. હા! હમણા હું બહુ ઘરડીછું—પુરાં એંસી."

એક સ્ભય સાંભલનારૂં, જેની આગલ ઉપલા શબ્દો વારંવાર બોલવામાં આવ્યા હતા તે, બોલ્યું. "માય તમારા સીવાય કોઈ બીજું જો આમ બોલતે તો હું ખરૂં માનવા ના પાડતે. જ્યારે તમોજ કહોછો, ત્યારે તો મને મુશકેલે માનવું પડેછેઃ કાંકે લેડી લીમરટનની જબાં સીવાય બાકીનું સઘલું જુદીજ કાહણી બોલેછે."

એ બાનુની વય નાહની ગણાવવી, અને પોતાની ખરી ઉમ્મર પોતાના અચરત થયલાં સાંભલનારાંઓમાં જાહેર કરવી, એમાં એવણની જીંદગીનો હરષ સમાયલો હતો. પોતાનાં સંસારી ખટલાવીશે પણ બોલવામાં,-મુખ્ય કરીને ઘણીક છોડી—સહીઓને—તેવણ તેવાંજ ખુલ્લાં હતાં. તેવણની આશ્ચરયકારક સ્મરણ શકતીએ, તેવણના ખાસ અનુભવે, કાંહણી કીસ્સાનાં ગંજે અને જુવાન્યાઓનાં સમાગમ ઉપરનાં તેવણનાં હેતે તેવણને અતી માનીતાં કરયાં હતાં. જો કોઈ મંડલીમાં છોડીઓ રેહતી તો, હંમેશાં એવણ તે છોડીઓનાં કુંડાલાંની મધ્યમાં મલતાં.

"હું પાંચ પઈસે સુખીછું, મારાં વ્હાલાં," તેવણ કેહતાં. "મને સારી આવક આવે છે અને નાણા બજારની ઉથલપાથલ કંઈ નુકસાન નહીં પોંહચાડી શકે; આજના સાટાના કાળમાં એ કેવું સારૂં! મને ખરચું કરચું કંઈ નથી કે તેને માટે નાણાં એકઠાં કરૂં, કદર બાવા જોગ છો! અને મને ખાતરી છે કે, મારી આવકમાં કંઈ ફેર પડે તો એટલોજ કે તે આવકમાં ઉલટો વધારો થશે. એ સઘલું મારી પરી-ધરમમાતાનાં પ્રતાપે થયું છે." એ વાત ઘણાંક સવાલો અને ટીકાઓ ઉભા કરતી; જે સવાલ જવાબો ઉભા થતા, તેનાં સઘલા જવાબો એ લેડી સોડે તઈયાર રેહતા. કોઈ વલી તેમાં હીમ્મતવાલું હતું, તે એ બાનુનાં ઉપલા શબ્દો ચેલેન્જ કરતું—"દુન્યામાં કોઈ દેવતા કે 'પરી-

ધરમ-માતાઓ' નથી હોતી, અને એ વાત તમો સારી પેઠે જાણોછો. એ રીતે હમો નાદાનોને ઠગવાની કેમ હીમ્મત ચલાવોછો, લેડી લીમરટન?"

"તમો કહોછો કે, દેવતા કે પરી-ધરમ-માતાઓ જેવું કંઇ દુન્યામાં નથી, અને એવી વકુફ વગરની વાત કરવાની મારી મતલબ શી તે તમો પુછોછો? હું કહી શકુંછું કે તમો વાજબી બોલો; તેમાં કંઇ કંઇ અજબ જેવું નથી. આ જમાનામાં બાલકો વટીક એવાં દાનાવ (!) થઇ નીકલયાં છે કે અસલી પરીયાંની કાહણીઓ ઉપર પોતાનાં નાહના નાખ ચઢાવે છે. મારી બચગીમાં કાહણી કીસ્સા જેવું કાંઇ હતું નહી; તેમ જો તમો લોક પાસ પણ નહી હતે તો તેઓ એની કીમ્મત પીછાણતે. એ કીસ્સાઓ મારી બચગીમાં ઘણા હરખથી વાંચતી, અને તે વેલાએ મને ઘણી રમુજ આપી, તે માટે આજે પણ એ પરીયાંઓના કીસ્સાઓને ચાહુંછું; પણ તમો, એ વીશે બરાબર જાણતાં નહીં હોવા છતાં કચરો ગણોછો." ઉપલું કહી તે સવાલ કરનારને તોડી પાડતાં. એ પછી તરત બીજી છોડીઓ પોકારી ઉઠતી.

"આપણને તમારી પરીયાંની કાંહણી જોઇએ છે. તમારાં પરી-ધરમ-માતાને લગતું સઘલું હમોને કહો. અમને લાગે છે કે તેવણ ખરેખરાં પરીયાંજ હશે, અને ઘણાં નેક અને ભલાં હશે. અને તેવણનાં વીશે જે કંઇ તમો કેહશો, તે આપણે ખરેંજ માનીશું."

"તમો ખરૂં માનસોજ, મારાં વ્હાલાં. કંઇ પણ ખોટું કે, સરૂષ્ટી-નીયમ વીરૂધ બોલી તમારાં નાદાન મન બીગાડીશ એમ નહીં સમજશોઃ તેથી મારો ખરો હેવાલ સાંભલોઃ—

"વીસ વરષની ઉમ્મરે હું જાસપર લીમરટન સાથ પરણી, તે વેલા તેવણ પચાસ વરસનાં હતા. અમારી ઉમ્મરમાં બાહારનાં દેખાવે તો ઘણોજ ફેર લાગતો; કાંકે, તેવણ પોતાની ઉમ્મરનાં કરતાં વધુ મ્હોટા દીસતા, અને હું મારી ઉમ્મર કરતાં ઘણી નાહની દીસતી હતી. જાસ્પર, તેવણનાં કાકાનાં મરણથી 'સર જાસ્પર' થયા, પણ એ ખેતાબ વતરીગે બીજું કાંઇ મલ્યું ન હતું. પણ હમોને ખરચાં ન હોવાથી, જે કંઇ હમારૂં કગરસકોર હતું તે ઉપર ગુજરાણ ચલાવતાં હતાં. પેહલેથીજ મારી પરી-માતા મારી હાથ-ખરચી અને કોરે મેલી છાંડવાનાં નાણાં પુરાં પાડતી હતી. એક વરષની વયમાં તો વરષ દાહડે છ પાઉન્ડની માલેક હું થઇ હતી. એ ઉપરાંત એ મારી-માતાએ એવી ગોઠવણ કરી હતી કે, જેમ જેમ હું વયે વધતી, તેમ તેમ મારી આવક પણ વધતી જતી, જોકે દર વરસે પઇએ પઇ ખરચાતી, અને કંઇ વધુ પુંજી રોકતાં ન હતાં. છોકરીઓ! એમાં તમો માટે એક ઉખ્યાણું સમાયલું છે. તમારાંમાંથી કોણ પારખી શકશો?"

અલખતાં! કોઇ ભેદ પીછાણી નહીં શકતું, અને એ બાનું તેમાનાં અઘરા નહી બને એવા ખોલાસાની વાટ જોતાં બેસતાં, અને પોતાની સહીઓને ગુંચવણમાં પડેલાં જોઇ ખુશી થતાં.

"આપણે નીરાસીથી હાથ ઉઠાવયે છીએ. પરી-માતાઓનાં કામોનો કોણ હીસાબ આપી શકે, કે કોણ ભેદ પીછાણી શકે?" છોકરીઓ શેવટે ઉતર દેતી.

"વાજબી કહોછો, મારાં વ્હાલાં! પણ તમો જાણી ચુકયાંછો કે, એ મારી ધરમ-માતા કંઇ ખરેખરી પરી, કે દેવતા નહીં હતાં. તેવણ એ કરતાં પણ ચઢયાતાં હતાં—એક બાહોશ અને દુરઅંદેશ સ્ત્રી હતાં. જ્યારે તેવણ પેહલ વેહેલાં મારી પક્ષમાં ઉભાં થયાં અને તેવણે મારાં હીત ઉપર નીઘાહ રાખવાનાં સોગંદ લીધા, તે દીનેજ તેવણે મનસે વંમાસ્યું કેઃ 'આ બાલક કુટુંબનું દસમું બાલક છે—ત્રણ છોકરા અને સાત છોડીઓ, અને એ સરવ હયાત—એવો સરવનું શું થશે? મુખ્ય કરીને છોડીઓનું?' તેવણ જે, 'મુખ્ય કરીને છોડીઓનું' કરી બોલ્યાં, તેનું કારણ એ કે, તે વખતમાં, યુધ્ધો અને અને યુધ્ધની અફવાઓએ માટીડાઓનું મન રોકી રાખ્યું હતું. પોતાનાં સ્વદેશ માટેનાં યુધ્ધોમાં એટલા બધા જણા પોતાનું ઘર છોડી જતા હતા કે, શેહેરમાં પર-

ણુનારા બહુજ જુજ રેહતા હતા, અને તેનાં પ્રમાણુ મુજબ કુમારીકાઓ અને વીધવાઓ ઘણી હતી.

"મારી ધરમ–માતા તે જમાનાની એવી સ્થીતીથી વાકેફ હતાં: કાંકે, ગરીબ બીચારાં તે વેલાનાં યુધ્ધનાં મેદાન ઉપર ભોગ થયલા પોતાનાં કંથ અને પુત્ર માટે ગમ કરતાં હતાં. તેથી તેવણુ મનસે વમાસવા લાગ્યાં કે: 'મારી ધરમ–પુત્રી માટે કંઇ પણ કરવું જોઇએ. મારે માથે વીચારની તોપી પેહેરવી જોઇયે: કાંકે, મારી પાસે જે કંઇ જુજબી તેને આપવાનું છે, તેને લાભકારક મારગે રોકવું જરૂર છે.'

નાણાંની મેહેરબાની ઉપરાંત, બીજી પણ એક મેહેરબાની એ ધરમ–માતાએ મારી ઉપર કરી હતી. 'તમો આ બાલકને શું નામ આપોછો?' તેવણુ પરશન કરયો. 'મારે એનું નામ કેહવું પડશે, અને ધરમ-ગુરૂ સવાલ કરે તે વેલા કંઇ ભુલચુક કરવા હું ઇચ્છતી નથી.'

"હું સમજમાં આવી ત્યારે મારી ધરમ માતાએ મને કહ્યું કે, એ વીષય ઉપર મારાં માત–પીતા એક બીજા સાથ લડયાં હતાં. મારા બાવાએ મજબુતાઇથી જીત લીધી કે, હું દસમું બાલક છેઉં, તે માટે મને 'ડોસામા' નામજ યોગ્ય છે. એ બાલકી આગમજથી કુદરતી 'ડોસામા' નામે નેમાયલી છે." તેવણુ બોલવા લાગા.

"એવું કાંઇએ નહીં!' મારાં માતાજી બોલ્યાં. 'કોઇએ જન્મમાં સાતમી છોકરીને 'સેપટીમાં' વગર બીજું કોઇ નામ આપતાં સાંભલ્યું છે? ખુદરતે તેજ નામ માટે એને ઠેડવેલી છે, અને બીજું કોઇ નામ નહીં; પણ 'સેપટીમાં' નુંજ નામ એને અપાશે.'

"મારાં માબાપ કંઇ લઢવાઢ કરનારાં નહીં હતાં, પણ તેઓ બન્નેએ એક બાબતમાં એક સરખાં બજીદ હતાં, અને હું કેહવાને દલગીર છેઉ કે, તેઓ વચ્ચેની એ લડાઇ એટલા હદ લગી જોરમાં આવી કે, તેઓ વચ્ચે જન્મ-લગીની જુદાઇ થશે, એવી દેહસ્ત પેદા થઇ. પેહેલાં તો ઘણી ગડબડ થઇ, પછી તો તેઓ પોતપોતાની તરફના નામોની તરફેનમાં તારીફ અને તકરાર કરવા લાગ્યાં; એમ કરતાં કરત સેવટે ઠાકી નરમ પડી ગયાં. એ પછી બન્ને બે દહાડા રીસાયલાં રહયાં;—એકેક સાથે વાત તો નહી કરતાં, પણ બધો વખત ફતેહ શી રીત મેલવવી તેનીજ તદબીરો મનમાં યોજવામાં દરેકે પોત પોતાનો કાળ રોકયો હતો."

ઉપલી કથા કહેતી વેલા લેડી લીમરટનની આંખ્યો ઝબકતી, અને તેવણુ પોતાનું માથું ધુનાવી કેહતાં કે, પોતે એક માસનાં પુરાં નહીં થયલાં તેટલાંથીજ માબાપ વચ્ચે એવણુને લીધે ટંટો થયો, એ બહુ દુ:ખભરયું હતું: પણ તે લોકે તો એ ઠપકો તેવણુને લાગુ નહીં પાડયો હતો.

તેઓનાં જુવાન વયનાં સાંભલનારાંઓ અધીરાં બની પુછતાં કે:—

"પછી કોણ ઝીત્યું, લેડી લીમરટન?"

"મારી દાસીએ સમાધાની સુચવી. 'એ બાલકને 'ડેસીમા-સેપટીમા' એવું નામ કાંય નહીં અપાય; એમ થવાથી મારાં શેઠ શેઠાણી બંને રાજી થશે.' તે બોલી.

"એમાં તો કાંઇ સંશ્ય નહીં કે, તેઓની એ મુશ્કેલીનો આવો ફડચો થયો કરી તેવો બહુ મઘન થયાં; કાંકે તે જોડું સંપીલું હતુ, અને એકેક સાથ રીસાઇને બે દીન લગી રેહવું એમને બહુ કઠણ લાગું હતું. પણ કેટલાંક લોક તો પોતાનીજ મરજીને ફાવતું કરવા અરથે એથી પણ વધુ ખમે છે. ખેર! એ બાબદમાં બન્ને એકમત થવા પછી બીજો પણ એક ટંટો ઉભો થવાની ભય ઉત્પન્ન થઇ. મા કેહજે તેવણુનું આપેલું નામ પેહેલું આવે અને બાવા કેહજે, તેવણ તરફનું નામ પેહેલું આવે. મારી માતાએ થોડી વાર લગી હઠ લીધી, પછી પોતે દલગીર થયાં અને જણાવ્યું કે તેવણુનાં પ્યારા ભરથારને નારાજ કરવાને તેવણુને ગમતું નથી. તેવણુની એ ફરમાબરદારીનાં અવેજમાં મારા બાવા તરફથી એક સોહામણો રેશમી ઝભો અને એક ખરી બાયડીનાં કાનને અને હદય ખુશ લાગે તેવા મીષ્ટ શબ્દો મલ્યા. પાછલથી એ બાબે મારા બાવાને નાણા સંબંધી જે ખરચ કરવો પડયો, તે માટે મનસે તેવણુ કદાપી પશ્ચાતાપ કરયો હોય:

"મારી અટક ઓલેરેનશા હતી, તે તમને મેં કહયું હતું, વારૂ? વીચાર કરો છોકરીઓ, કે, લગન પર 'પારીશ'ની નોંધ-પોથીમાં 'ડેસીમા-સેપટીમા ઓલેરેનશા.' કરી સહી કરતાં કેવું લાગે! પણ મેં એવું નામ નોંધ્યુંજ નથી."

"કેવું ભયંકર નામ!" એક છોકરી બોલી. "હું ધારૂછું કે લગ્ન વખતે તમારાં નામનાં પેહેલા અક્ષરો સીવાય બીજું કંઇ લખ્યું નહીં હશે?"

"મારી ધરમ-માતાએ તેટલું લખવાથી પણ મને બચાવી. જે નામો મારે માટે ચુંટી કાઢવામાં આવ્યાં તે તેવણુને કેહતાંજ તેવણુ બોલ્યાં:—

'મારી જગ્યાએ કોઇ બીજી હાની તમારે ઉભી કરવી પડશે. તમારૂં બાળક મ્હોટું થતાં પોતાનાં એવાં નામોને માટે મને કદી ઠપકો આપે નહીં.' ટુંકમાં એટલુંજ કે, મારા માત પીતા હારયાં. રાજા, ત્રીજા જારજની ધણયાણીનું નામ મને આપ્યું. એ નામ શારલોટ હતું, અને તે વેલા રાજ કરતા વંશનાં લોકોનું નામ આપવાનો રવઇયો હોવાથી મારાં નામથી હું સારી સંતોષ પાંમી. ડેસીમા-સેપટીમા જેવાં બે નામ સાથે બોલવાની આપદામાંથી મને બચાવી, તે માટે હું મારી ધરમ-માતાની અતી આભારીછું કરી જે હું કહુંછું, તેમાં તમો લોક મારી સાથે એકમત થશોજ." છોકરીઓ અલબત હા પાડતી; અને પછી પેલી પરીની દોલત વીષેની પુછપરછ મંડાતી.

"તમોને તે દ્રવ્ય કેમ મલ્યો? કયાંથી આવ્યો?" ઉપલા સવાલો ચોતરફથી પુછાતા.

"તે સઘલું પેલી મારી ઉત્કૃષ્ટ ધરમ-માતાએ દાનાઇથી રોકેલા ૧૦૦ પાઉન્ડમાંથી. તેનાં આજે મને વરસ દીઠ ૭૫૦ પાઉન્ડ મલે છે. હું ધારૂંછું કે, તમારાંમાંનાં કોઇએ પણ 'ટાનટીન્સ' ની વાત સાંભલી નહીં હશે? અલબતાં નહીં. એ લોક કોણ છે, તે હું તમુને કહુંછું; કારણકે જ્યારે જુવાન્યાંઓ સાથે વાતે વલગું, ત્યારે મારી વાતમાં ગમત સાથ જુદા જુદા જાણવા લાએક વાતોની પણ મેળવણી કરવાની ઇચ્છા હું રાખું. ૧૬૫૩ માં નેપલ્સમાં 'લારેન્સટાનટી'-નામનો એક પુરૂષ રહેતો હતો, અને મારી આજની આવક માટે મારી ધરમ-માતા ઉપરાંત એ પુરૂષનાં ફળવંત ભેજાંની હું આભારીછું. એ પુરૂષે, પઇસા એકઠા કરવાની અને મુદ્દલમાં વધારો કરવાની એક નવી તદબીર સુચવી, પણ તે તદબીર ચઉદમાં લુઇ પછી ૩૬ વરષ લગી ઉપયોગમાં નહી લેવાઇ હતી. એ કંઇ ફંડ જેવું હતું. એટલોજ માત્ર ફરક કે, લોકો તે શેર ખરીદતાં ત્યારે તે લોક પોતાનો સઘળો ભંડોળ આપી દેતાં હતાં. પ્રારંભ માટે તે લોકને, સારૂં વ્યાજ મલી જતું. અને જેમ જેમ ભાગીદારો મરણ પામતા, તેમ તેમ તેઓનાં નાણાનું વ્યાજ, બાકીનાં હયાત રેહલાંઓમાં વેંહચાતું. એમ જયાં લગી એકુ પણ તે ટોલકીમાનું હયાત રહે ત્યાં લગી ચાલ્યા કરે.

"એમ કહે છે કે, એક ફરેન્ચ બાનુ જે ૯૬ વરષની ઉમ્મરે પોંહતી હતી અને ૨૪૫૦ અસલ ભાગીદારોમાંની છેલ્લી રેહલી હતી, તે ઓરતને તેણીનાં મરણની થોડુંક આગમચ લગી વરષ દાહડે ૩૬૦૦ પાઉન્ડ મલતા હતા; અને તેની અસલ રોકેલી રકમ તો માત્ર ૩૦ પાઉન્ડની હતી. એ 'ટાનટીન' લોકો પોતપોતાની વય યા પદવી પ્રમાણે વરગોમાં વેંહચાઇ ગયલા હતા: કારણકે મ્હોટી વયનાં અને નાહની વયનાં લોકોને સામટો એક સરખો લાભ ખેંચવા દેવું, એ વાજબી નહી હતું.

"તે વેલાએ ઉભી થયલી 'ટાનટીન' માં એક હજાર બાલકોનાં માબાપ અને સગાંઓએ ૧૦૦-૧૦૦ પાઉન્ડનાં શેર ખરીદ કીધા હતા; અને તે હજાર બાળકોમાંની હું એક છું. ૧૦૦,૦૦૦ પાઉન્ડનું વ્યાજ ૬ ટકાંનું ગણતાં વરષે દીઠ ૬૦૦૦ પાઉન્ડ થાય, અને એ રકમ આજે હયાત રહી ગયલાં આઠ આસામીઓમાં સરખે ભાગે વેંહચી નાંખો, અને તમોને મારી વારસીક આવકની રકમ ૭૫૦ પાઉન્ડની જણાશે.

"હું એ ઉપર પુર સંતોષી છું; પણ જો હું થોડાંક વધુ વરષ હયાત રહું તો, સોવસા મારી એ આવકમાં વધારો થવાનો સંભવ છે;

જોકે પેલાં બાકીનાં સાતમાનું કોઇ પણ મરણ પામે કરી હું મુદલ ઇચ્છતી નથી. હું એટલીજ દુવા માગું છું કે, તેઓ સરવે, હું આજે એંસી વરષની ઉમ્મરે છું, તેવાંજ તંદરૂસ્ત અને સુખી હોય. હા! અને શુકર ગુજાર પણ છું." છેલ્લા શબ્દો તે બાનુ લગાર ધ્રુજતા લબોએ અને નરમ અવાજે બોલતાં; જે સાંમાઓને કહી આપતું કે, સઘળી તેવણની ખુશ, લેહરી, અને આનંદી રીતભાત તલે, તેવણનાં વચને સ્વભાવીક હોય છે તે ગંભીરાઇનો ઝરો વહે છે ખરો.

"હું ધારૂં છું કે, મારા કરેલા ખોલાસાથી તમો સઘળાં સંતોષ પામ્યાં છો?"

"બચીત, આપણ સંતોષી થયાં છીએ." તેઓમાંનું કોઇ ઉતર દેતું—"અને એ સઘલું અમોને તમોએ કહયું, તે માટે હમો તમારો આભાર માન્યે છીએ."

"એવી પરી-માતાઓ હમારે નસીબે પણ મલતે તો કેવું સારૂં થતે! કેવી દુરઅંદેશી અને દાનાવ!" બીજી છોડી બોલતી.

"તમોને તેવું નસીબ યોગ્ય નથી; મને તેમ છે. મારી કહાંણી મેં કહેવા માંડી, તે વેળા તમારાંમાંના કોઇ કોઇ અવીશ્વાસથી સાંભલતાં દીસતાં હતાં; પણ હવે પુરી થતાં તમોને બે વાતની ખબર પડીઃ એક તો કાંકે, મેં જે પ્રારંભમાં કહયું હતું તે ખરેખરૂંજ હતું, અને બીજું તો એકે, તમારાં નાના ભેજાંઓમાં સરૂષ્ટીની સઘલી દાનાઇ સમાયલી નથી. જે લોક તમારી સોડે કંઇ વાત કરે તે લોકની ઉપર પેહલેથીજ વેહેમ લઇ જાઓ, તે કરતાં તેઓની વાત પેહલાં સાંભલી લેવી અને પછી તેનો તોલ કરવો, એ વધારે સારૂં કામ છે."

આ ટીકા સાંભલતાં કેટલીક છોડીઓના મુખડા લાજથી સુરખ થઇ જતાઃ કાંકે, જે અવીશ્વાસથી કેટલીક છોડીઓ, તેવણના પરીયાંની દોલતનાં ઇશારા સાંભળતાં, તે લેડી લીમરટન તીણી નજરે વારંવાર પીછાણી લેતાં દીસતાં હતાં. પરંતુ ઉપલો ડપકો આપી તેવણ વાત બંધ પાડતાં.

પ્રકરણ ૨ જું.

લેડી લીમરટન હમેશાં કેહતાં કે મોત પાછલ વારસામાં મેલી જવાને પોતા પાસ કશું નથી; અને જોકે તેવણની જાઇદી પ્રમાણે તેવણની આવક મ્હોટી હતી, પણ તે સઘળો પઇસો કયાં અને કેમ જતો હતો, તે કોઇ તેવણનું મીત્ર કહી શકતું નહીં હતું.

તેવણની પાસે એનો હીસાબ લેવાનો કોઇનો હક નહીં હતો, અને એવી અજમાયશ કરી જોવા ધાડી છાતીવાલું આસામી હોવું જોઇએ. તેવી છાતી કોઇની નહી હતી. પણ કચ્ચકંઇ લોક, એ લેડીની વેળા સરની સ્હાયતાથી અને માયાલુ હાથ વતી સુકવેલાં આંસુની, દુઃખી જીગરોને મલેલા દીલાસાની, અને પ્રફુલીત કરેલાં ઘરોની કહાંણી કેહતાં હતાં. પણ તે લોકને એ લેડીએ એ વાત કેહવા મના કરયાં હતાં. ઉઘરાણીની ટીપમાં કોઇ દીને એ બાનુનું નામ દેખાય નહીંઃ તેથી જાહેર કુતરાજીની બક્ષેશ કરનારાઓ કેવળ નહી જાણતાં હતાં કે, આ ભોલા ખુશ સ્વભાવની વૃધ્ધ બાનુ પોતાની બક્ષેશો છુપી રાખવાનું પસંદ કરતી હતી.

લેડી લીમરટન એંસી વરષની વયે પુગ્યાં, ત્યાં લગી પણ પોતા જોડે એકજ સ્ત્રી રાખી હતી, જે સ્ત્રી તે બાનુની સઘલી યાદદાસ્તોની અને અનુભવોની ભાગયણ હતી. એ તેવણની દાસી 'બારબેરા ટેરી' હતી. એ બંનેની ઉમ્મરમાં માત્ર પાંચજ વરષનો ફેર હતો, દાસી ઓછી ઉમ્મરની હતી. બારબેરાએ પોતાની શેઠાણીની પચાસ વરષ લગી ખીદમત કરી હતી, અને એ બાને, દુન્યામાંનાં બીજાં કોઇ પણ આસામીનાં કરતાં, એ દાસીની વધુ કાલજી અને ખબરદારી રાખતાં હતાં.

"મારા ગુમ થયલા ભુત કાળની અને મારાં વચ્ચેની એ વળગણ છે." તેવણ બોલતાં હતાં. "હું જાસ્પર સાથ પરણી, તે વેળાએ એક ખાસ દાસી રાખી શકું તેવી સ્થતીમાં હું નહી હતી. અમે ગરીબ હાલતમાં હતાં, પણ જગતને હસ્તો મુખડો દેખાડી કરજમાંથી આઘાં રહી, જેમ તેમ ગુજરાણ કરતાં હતાં.

એક દાયકાને છેડે મારા ભરથાર બારોનેટ થયા, અને હું બાનુની ઉંચી પદવીએ ચઢી. કમાણીમાં કંઇક સુધારો વધારો થયો; મારી ખાસ આવક પણ કંઇ વધી, અને મારૂં રાજમેહેલમાં જવું થયું. એ બનાવ 'વાટરલુ'ની લડાઇની એક સાલ આગમચ એટલે ૧૮૧૪માં બન્યો.

"તે વેળા બારબેરા મારા કણે આવી, મને એ દાસી, સઘળાં ભારી સાજ કપડાંમાં અને ઘરેણાં ઉમદાઇથી સજતી, અને કોઇ એવી સાનંદાશ્ચર્ય અને ગરવની નજરે નીરખે નહીં, તેવી નજરે એ નીરખતી, અને મારી ખુબસુરતીની સ્તુતી ગાતી હતી કોઇજ નહી, સર જાસ્પર વટીક તેમ નહી કરતા હતા. તેવણ કોઇ કોઇ વાર મારા પોશાક અને કીમતી ઘરેણાંની વખાણ કરતાઃ કારણકે તેમ કરવામાં માત્ર તેવણને મ્હોડુંજ હલાવવું પડતું.

"એ પણ મારાં દુર અંદેશી ધરમ-માતાની ખુબીનું એક બીજું પરીણામ હતું. મારી દરજણનું 'બીલ' મારા ભરથાર કદી પણ જોતા ન હતા કે, નાણા તેવણને આપવાં નહીં પડતાં હતાંઃ તેથી, આજનાં જમાનામાં ઘણાં લોકો વીશે સાંભળું છું તેમ, હમે બંધેએ કોઇ દીને પણ એવી બાબદો ઉપર રીકઝીક નથી કરી. એ પણ કદર ખાવા જોગ છે! ગરીબ બાપડી બારબેરા મારા પેહરવાસની સ્તુતીની ઝાઝી દરકાર નહી રાખતી હતી, પણ તે પોશાકો મને બંધબેસતા અને શોભીતા હોય તેની વધુ કાળજી ધરાવતી, અને રાજ-મેહેલ જવા ઘરથી નીકળવાનો વખત થાય ત્યાં લગી, એકજ અછત પીલાંવાલી મરઘીની મીસાલે મારી આગળ વીંટલાયા કરતી.

"ઘણાક વીષયોમાં તે કાળ ગમભરયો હતો. કંટાલો આપનારાં યુધ્ધો વધવાની અફવાની પસરી રહેલી; એક ઘરડી રાણી આંધળા ચીત્તભ્રમ થયલા ઘરડા ભરથાર સાથ ખુણે પડેલી 'એ કેવી હાલતી તે રાજ્યસત્તાનો કાળ અભીશ્રીત સંતોષ સાથ લેખવા લાયકનો નહી હતો. પણ તે સઘળી વાત કરવાની મને અગત નથી. જે કંઇ તમોને જાણવાજોગ છે, છોકરીઓ! તે તમો આજે ઇતીહાસમાં વાંચી શકશો.

હું કઇ વાત કરતી હતી? અલબત! રાજ-મેહેલમાં જવાની બીના કહેતી હતી. તે દીને મેં મારાં એરીંગ પેહેડયાં હતાં. તેને વધુ કીમ્મતી એ માટે લેખતી હતી કે એ પણ બીજી સઘળી ચીજોની પેઠે મારી ધરમ-માતા તરફનાં મલેલાં હતાં. 'આ તમોને આપુંછું તે, મારી વ્હાલી;'–તેવણ ઘરડાં થયાં ત્યારે એરીંગ આપતાં બોલ્યાં હતાં—'કે તમો કઇ પણ ભેટ, તેની પર ખરચાયલા દામ ખાતર નહીં, પણ જે લોક તમોને આપે તે લોકને ખાતર તે ભેટ કીમ્મતી અને પ્યારી ગણોછો. એ બેડોલ છે કરી તમો પેહેડવાનાં તો નથી, પણ મારી એક યાદદાસ્ત તરીકે જાળવજો.'

"મેં તે પેહેડયાં ખરાં. એનેજ માટે મારા કાન વીંધાવ્યા, અને જે દીને પેહેલ વેહેલી રાજ મેહેલમાં ગઇ, તે દીને ઓરવયાં હતાં. જો પીતલમાં કાચનાં કકડા જડેલા હતે, તોપણ હું તેને ફેરબદલ કરાવતે નહીં. આજે પણ તે જેવાંને તેવાંજ સચવાયલાં છે. તે બહુજ ભારી છે. મારાં કાન તોડી નાખે. અને એકજ વાર મેં પેહેડયાં હતાં તે દીને બહુજ દરદ મેં ખમ્યું હતું, અને બાદશાહી હાજરી છોડી તેજ ઘડીએ કાઢી નાખ્યાં." એમ બોલતાં લેડી લીમરટનનાં હાથ પોતાના કાનની કદર ખાતા હોય તેમ વ્હાળથી કાનપર જતા. એ પછી ઉઠીને પેલાં એરીંગ કાઢી છોડીઓને દેખડાવતાં, અને તે માટે વખાણ સાંભળવાની વકી રાખતાં, ને જો ઉમેદ પ્રમાણે વખાણ નહીં થઇ હોય તો મ્હોં ઉતારી દેતાં.

એરીંગો દેખાવમાં ઘણાંજ બીહામણા હતાં. ઝાંખાં સોનામાં મઢેલા ઝબકતા કાચના કકડા સરીખાં હતાં. તે છતાં તેની માલેક તો એમ કેહતાં કે, એની જોડી કદી દીઠામાં આવી નથી.

"જે કોઇ એને મારી પેઠે લેખશે, અને મારે ખાતર જાળવશે, તેને આપી જઇશ; જોકે તેવું કોણ હશે તે હજી હું કહી નથી શકતી. તેવું મારૂં કોઇ પણ હાલમા મારાં કણે નથી."

ઘણા વરસોથી લેડી લીમરટનનાં છાપડાંએ કોઇ તેવણનાં સગાંને આસરો આપ્યો ન હતો, અને તેવણ ઉદાસપણે બોલતાં કે, છેલ્લી ઘડી

આવશે ત્યારે આ ઘરડીની આંખ્યો મીંચવા, કોઈ બેહેન કે છોકરાં, કોઈ પીતરાઈ કે પીતરાઈ નહી મલે. કેવાં સુભાગ્ય કે બારબેરા મારાં કણ છે, અને વળી તે મારાં કરતાં ઉમ્મરે નાની છે! એ ઘરડી દાસી પોતાની શેઠાણીનો અંતકાળ જોશે."

ઉપલી ઉમેદ તો પાર નહીં પડી. બારબેરા તો તેવણની આગમચ મરણ પાંમી, અને લેડી આગમચનાં કરતાં પણ એબલાં પડયાં.

"મને એંસી વરષ પુરાં થઈ ચુકયાં, અને હું આજે પાછળા કાળમાં, અને મારી સોડેથી વીદાય થઈ ગયલાંઓમાં વસુંછું. છેલ્લી અરધી સદીમાં બનેલા બનાવો વીષે મારી સાથે યાદ કરનારૂં કે વાત કરનારૂં કોઈ નથી. બારબેરા અને હું એટલી લાંબી મુદત લગી સાથે વસ્યાં હતાં કે, મને લગતું સરવ કંઈ તે જાણતી હતી. તેણીનાં મોહત કરેલી ખાલી જગ્યા કોઈથી મારે પુરવી જોઈએ, પણ મારે ગમતું તો હવે નથી મલનાર."

બારબેરાનુ કામ કરવાને એ લેડીએ એકાંત અને સગાં વાહલાં વગરની ચુમાલીસ વરષની એક સ્ત્રીને પસંદ કરી રાખી. તે મેહેનતુ, જોઈએ તેવાં મુંગે મહોડેની અને ઘણીજ વીશ્વાસ–પાત્ર હતી.

"એ ગયા કાળની વાત નથી કરી શકતી, પણ મારી જુની કહાંણીઓ એને સાંભળવા ગમે છે. આગળા સુખી દહાડાની વાત કરૂંછું, ત્યારે મુસકેરાટ સાથે એનો ચેહેરો દીપી નીકલેછે, અને દુઃખી કહાંણીઓ કહુંછું ત્યારે એની આંખો ભીંજાય છે. તેણી ધ્યાનથી સઘળું સાંભળે છે, અને તેથી તેણી પર અસર થાય છે. અડોસ પડોસ માટે કોઈ દીને કંઈ લવારો કે બકબકારો નથી કરતી, અને કસ્સી ધાંધલ કે ગડબડ વીનાં માયા–દયાના કામો કરે છે. ખોદાતાલાએ 'બારબેરા ટેરી' ને તેડી લેતાં 'મારથા સ્વેલ' જેવી સ્ત્રી તેની જગ્યાએ નેમી, તે માટે હું તેનાં શુકર ગુજારૂંછું. મારાં એરીંગ હું મારથાને દેખડાવીશ."

ઉપલું લેડી લીમરટન મનમાં ઘોર કરવા લાગ્યાં, અને તેજ ઠરાવ મુજબ એરીંગ મારથાને દેખડાવ્યામાં આવ્યાં.

"એ એરીંગ માટે તમો શું ધારોછો, મારથા?" હાથમાં લેતાં લેડી લીમરટન પુછવા લાગ્યાં.

"જો મારૂં મત તમો પુછો તો બાઈ, હું ધારૂંછું કે, ચાક, સાબુ ને પાણીથી એને ધોયાં હોય તો વધુ સારાં દેખાય."

"મારથા! તારૂં તો સઘળું ધક ધ્યાન સાબુ–પાણીમાંજ સમાયલું દેખાય છે; કદી મારા વખતમાં એ ધોવાયાં નથી, અને કદી ધોવાશે પણ નહી; પણ ઘરેણાં લેખે તને કેવાં લાગે છે?"

"મને તો પેહેરવા નહી ગમે, બાઈ." મારથા બોલી. "પણ તેમ ઘરેણાં ગાંઠાં મારા જેવીને માટે નથી."

"આજનાં જમાનાંમાં તુંજ એમ બોલે, હું ધારૂંછું. વારસામાં એ એરીંગ કોઈને આપી જવા ચાહુંછું; ને જો કદાચ તુંને સોહામણાં લાગ્યાં હતે તો હું તારે માટે મેલી જતે."

"અરે મારાં બાઈ! એવો કંઈ વીચાર કરો તો હું બહુ દલગીર છઉં! તમારાં સગાં વાહલાં કોઈ હશે, જેઓને એ વધુ લાયકનાં થઈ પડે." મારથા બોલી.

"બારબેરા હતે તો એમ નહીં બોલતે."

એ ઉપર શેઠાંણી કચવાયાં અને દાસી દલગીર થઈ. "હું બહું દલગીરછું, બાઇ" દાસીએ કહેવા માંડયું—

"તુંને દલગીર થવાની જરૂર નથી,—તેવણ બોલ્યાં—"તુંને શી ખબર? કયાંથી ખબર હોય? ખરૂં કેહવામાં હું શા માટે તારો વાંક કાઢું? તું બહું થોડું–બોલનારી છે, અને તુંને હીત્ત નહી પડે તેવી વાતો હું કરૂંછું, તે તું ધીરજ રાખી સાંભળે છે."

"અરે બાઈ, તમોને વાત કરવા ગમેછે, તે વેળા મને તમારી વાતો પણ સાંભળવા ગમે છે, અને મને હીત્ત પણ પડે છે."

"ત્યારે તો મારી એક છુપી વાત સાંભળ. તુંને અક્કલ થોડીજ હશે તો પણ, મ્હો સુગ્રુંછે, એટલે એક વાત તારાજ મનમાં રાખવા કહીશ તો તું એમ કરશેજ."

"ખચીત તેમ કરીશ, બાઈ." દાસી બોલી.

"મારાં આ ઘડપણનાં વખતમાં હું એ-ખલી નહી પડતે, પણ મારાજ વાંકે હું એમ થઈ છું." લેડી લીમરટન બોલ્યાં. "સર જાસ્પ-રનાં મરણ પછી તરતજ મારી એક ભત્રીજી મારી સાથે રહેવા આવી. તે અનાથ હતી અને મારા સરવથી નાના ભાઈનું હયાત રહેલી છેલ્લી દીકરી હતી. હયાં આવી તે વેળા તે ૧૯ વરષની હતી. એ સારી, સોહામણી અને બા-પનાં ખવાસની હતી તેનો બાપ એક બાહાદુર 'સોલ્જર' હતો, અને 'સોલ્જર'નાંજ મોહતે મરણ પામ્યો હતો. મારાં પોતાનાં લોહીનું અને ખાનદાનનું બાળક મારી દીકરી તરીકે જગ્યા સાચવશે અને એથી મને બહુ સુખ મલશે, એવી આશાથી એ છોડીને મારે ત્યાં તેડી. મારી પેઠે તેનું નામ પણ સારલોટ હતું. તેનાં હકમાં સારૂંજ કરવાનો મારો વિચાર હતો. એકઠી જગ્યાએ બેનું ગુજરાણ મારે કરવું હતું, તોપણ કંઈ કરકસર કરી એકઠું કરવાનો વિચાર કરયો કે, છેવટે તે કાસ કોડી વિનાંની અનાંથ નહી રેહે.

"માતા તરીકે કોઈ છોડીઓ સાથ મને કાંમ નહી પડયું હતું: તેથી હું ધારૂં છું કે, સારલોટ તરફની મારી વરતણુંકમાં મેં ભુલ કીધી. ચાર વરષ લગી અમે સાથે વસ્યાં, તેની કહાંણી હું નથી કરતી. માત્ર અંતનીજ મારે નસીબે, દુઃખ ભરયું અંત આવ્યું તેની બીના કહું છું.

"મારી ભત્રીજી કાંઇ ઓછી સોહામણી ન હતી કે તેણી માટે માગાંની તુટ નહી પડે. અલબતાં! માગું કબુલ કરવામાં મારા અને તે છોડીનાં મતમાં ફેર પડતો. પઈસા જે સુખાકારી ખરીદ કરી શકે છે, એટલું હું જાણતી હતી. મેં ફીકર-ચીંતા વીનાંની એવી સુખી જીંદગી ગુજારી હતી કે, સારલોટની ગરીબ નીરધન અવસ્થાનો વીચારજ મને હેબતાવતો હતો, અને જેવારે એ છોડીએ અરધી ડજન માગાંમાં સઉમાં ગરીબ ઘરનું માગું માન્ય કરયું, અને બોલી કે, બીજાં સાથે સોનાં રૂપાંની રકાબીએ મીઠાઇ મેવો ખાધા કરતાં એની સાથે સુકી રોટી ખાઈશ, ત્યારે હું ઘણીજ નાઉમેદ થઈ ગઈ.

"મારે વીચાર કરવો જોઈ તો હતો કે, સારલોટનો સ્વભાવ મારા જેવો હોવાથી તેની ઉપર જબરી નહી ચલાવાશે. હેતનાં શબ્દો કદાપી તેને હોબાવતે, પણ મેં જબરી ચલાવી, તેણીને હઠીલી, નીમક હરામ, ઈત્યાદી શબ્દો વાપરી ઠપકો આપ્યો, અને વળી છેવટે ધમકી પણ આપી. તેની આંખ્યોમાં અજબ તરાંહનો નીરાસી ભરયો દેખાવ હતો, જે દેખાવ તે દી-વસથી આજ લગી મારાં મનમાં ભમ્યા કરેછે. જેજે હું બોલતી તે, સારલોટ મુંગે મ્હોડે સાં-ભળયા કરતી, માત્ર તેનો મુખડો વારા ફરતી લાલ અને ઉજલો થતો. તેણીનાં ચુપકીદાંપ-ણાથી મને વધુ રીસ ચઢી; અને હું તે છોક-રીને દુઃખ લાગે તેવા શબ્દો બોલવા મંડી અને બોલી કે એનાંથી મને શરમ લાગે છે, કરારે તેનાં પસંદ કરેલા ભીખારીને ત્યાં જાય.

"તે દીન પછી ઘણી વેળા મેં ખોદાતાલા પાસે દુવા માંગી છે ને ચાહયું છે કે, જે જે નીરદય અને કઠોર શબ્દ તે છોકરી ઉપર ઓચ-રયા તેની માફી બક્ષે!

"એ સઘલું છતાં, મારથા, હું તે છોડીને બહુ પ્રેમથી ચાહતી હતી. ઘરડી બારબેરા વગર મારૂં કોણ બીજું હતું? મારાં નામનું અને મારાં ખાનદાનનું તે છેલ્લુંજ બાળક હતું, અને અનાથ હતું. હું એમ પણ જાણતી હતી કે, જે ગ્રહસ્થનું માગું એણીએ સ્વીકારયું હતું, તે સઘળી પાંતીએ મરદે માણુશ હતો; એટલુંજ કે નીરધન સ્થીતીમાં હતો, જેનો તો વખત જતાં ઈલાજ થતે.

"મને, સારલોટની બાહાદુરી—જે ખરાં હદયનું પરીણામ હતું તે—બહુ ગમતી હતી; અને, મારાં પોતાનાં હદયમાં નજર ફેંકી જોતાં મને લાગતું કે, તેની જગ્યાએ જો હું હતે તો હું પણ એમજ કરતે. પણ હું શા માટે મારી ભત્રીજી સાથ કરોધે ભરાઇ, તે તારે સારી પેઠે સમજવું જોઇએ, મારથા. સારલોટને ધનવાન જોવા હું ઇચ્છતી હતી. મારી પાસે જેટલો દ્રવ્ય હતો, અને હું જેટલું સુખ અને મોજ

મજાહ ભોગવતી હતી, તેનાં કરતાં પણ વધુ એ છોડી ભોગવી શકે એમ હું ઇચ્છતી હતીઃ તેથી એક લેશભાર પણ હું તેની મરજીને શરણ નહીં થઇ.

"હું મારાં મનસે કેહવા લાગી કે, 'એ છોડીનાંજ ભલાં કાજે છે. જ્યારે એ ખેતાબવાળી ઉંચી પદવીના થશે અને દોલતમાં અલોટાશે, ત્યારે મને દુવા દેશે" કેહેવત છે તેમ 'કંગાલીયત બારણેથી ઘરમાં પેસતાંજ પ્રીતી બારીએથી ઉડી જાય છે; પણ જો પ્રીતી ગયલી હોએ છે, તોપણ પઇસો મ્હોટો દેલાસો દેનારૂં છે. પણ એ સઘળું મારૂં અંતઃકરણ નહીં, પણ મારી સંસારી જ્ઞાન દ્રષ્ટી બોલતી હતી.

"ખેર; સારલોટ ખામોશ ઉભી રહી સઘલું સાંભળ્યા કરતી હતી; માત્ર તેનાં ચેહરાનો રંગજ બદલાતો અને તેનાં ધ્રુજતા લબો અને કાકલુદી ભરી ચશ્મોજ જવાબ દેતી. હું પુરૂં કરી રહયા પછી તે મારી સોડે આવીને બોલીઃ-

" 'ફુઇજી! તમો મારી સાથ ઘણાં હેતથી વરતયાં છો. મને લાયક છે તે કરતાં વધુ હેત મારી ઉપર રાખ્યું છે. એ વતરોગે જો બીજી કાંઇ વાત હતે તો—'

" 'નાંદાનો હમેશાં એ વાત સીવાય બીજી બધી વાતે શરણ થાય છે.' હું કકડીને બોલી.

"વ્હાલાં ફુઇજી! એ વાતમાં શરણ થવું, એ આખી જીંદગીને ભોગ આપવા સરીખું છે. એની અસર કાંઇ થોડાજ વખતની નથી હોતી. હું તમોથી છુટી પડવા નથી ચાહતી. તમારો મારી ઉપર ઘણો આભાર છે. માત્ર મને તમો સાથ રેહવા દેવો, અને મ્હોટાં મ્હોટાં ખાનદાનની, પદવીની, ધનવાન માંગાંઓની વાત કોઇ દીને કરો ના. મને તેઓમાંનું કોઇ પસંદ નથી; કાંઇજ નહી પણ, કોઇ કોઇ દહાડે આરથર મેનસેલ સાથ મલવાની, અને હમો પરણી શકીએ તેટલે દરજજે આરથર કમાતો થાય, ત્યાં લગી ઠોબવાની મને રજા આપો. મારે ખાતર, આરથર સ્ખત, અરે સખ્ત, મેહનત લેશે!"

"હું કૃર અને સખત બની. મેં પાછા આગમચનાંજ નીરદય શબ્દો ઓચરયા અને બોલી કેઃ "આરથર મેનસેલ કદી મારાં ઘરનું ઉંબર નહીં ઓલંગે અને બેમાંથી કયું—ભીખારી વરને કે, મને અને મારાં ઘરને—ખોવું, તે સારલોટે નક્કી કરવું પડશે."

"એ ધીક્કાર પાત્ર શબ્દો હતા ખરા. આટલાં વરસ વીત્યાં કેડે એ શબ્દો પાછા સ્મરણ કરતાં, હું પોતાને ધીક્કારૂં છું. તે ઘરબાર વીનાની અનાથ છોડી, જેને આ બોહોળી જગમાં, મારા સીવાએ કે તે પસંદ કરેલા સીવાએ, કોઇ બીજું સગું વ્હાલું નહીં, તેવી છોડીની સ્થીતીનો હું હલકો લાભ લેતી હતી. એક પળ, સ્વપને પણ એવો વીચાર નહી આવ્યો હતો કે, જે સુખ-ચેનની એની જીંદગી મેં રચી હતી, તે સઘલું છોડી જવાની એ હીમ્મત ધરાવશે. મારૂં સઘલું કહેલું છેડા લગી સાંભળવા પછી જ્યારે એ બોલી કે, 'એક વાર મને હેતથી ચુમી લેવો, પ્યારાં ફુઇજી! તમારા કડવા સખુનો ભુલી જવાની મારાથી થઇ શકશે, તેટલી યત્ન કરીશ.' એ શબ્દો સાંભલતાં હું એમ સમજી કે, મેં એની ઉપર ફતેહ મેલવી. અગરચે તેણીનાં માંગવા મુજબ મેં તેણીને ચુમી નહીં કીધી, પણ તેણીને તે લેવા દીધી, અને તેમ કરતાં એક આંસુ મારા મોંહ ઉપર પડયું, જે મારી આંખમાંનું ન હતું.

"ખાણાંની મેજ ઉપર સારલોટની જગ્યા ખાલી હતી, પણ તે વાત મેં કંઇ મનમાં લીધી નહીં; મેં પુછપરછ કરવા પણ કોઇને મોકલ્યું નહીં, પણ મનમાં વીચાર કીધો કે હાલ તો હું તેણીને એખલીજ મેલું. હાલની સઘલી સગવડ તે છોડી જાય, તે આગમચ બે વાર તે વીચાર કરશે. પેહેલ્લું લાગેલું દુઃખ નરમ પડયા પછી, મારી સલાહનું સંગીનપણું તે જોશે, અને તે સલાહ આપવા માટે મારો તે ઉપકાર માનશે.

"હું કંઇ ખરેખર કૃર હદયની નહીં હતી, માત્ર મારો મીજાજ તપેલો હતો, અને મને હુકુમત ચલાવા ગમતી હતી. રાતના વાળુનો વખત થયો, ત્યારે પણ સારલોટ નહીં જણાઇ; ત્યારેજ મેં બારબેરાને પુછયું કે મીસ આર્લેરેનશા હજી પોતાનાં ઓરડામાંજ છે, અને શું ખોરાક તેને માટે લઇ જવામાં આવ્યો?

"'તમો સહવારે વાત કરતાં હતાં, તેની એક કલાક પછી મીસ આલેરૈનશા ઘર છોડી ગયાં, બાઈ. તમોને ખબર હશે એમ હું સમજી—' બારબેરા કેહવા લાગી. 'તેવણુ બોલ્યાં કે, તમોએ ચાલી જવાની તકે, કે, પસંદગી—શું તે મને યાદ નથી—તે આપી. અને તેવણુનાં એકાએક જવાનું કારણુ તમો જાણો છો, અને—'

"હું વધુ સાંભળવા હોભી નહીં. ધસતી કે તે છોકરીનાં ઓરડામાં ગઈ, પણ તે ખાલી દીઠો. તેણી મારી દરએક ભેટ પાછળ મેળી ગઈ હતી, અને માત્ર પોતાનાં લુગડાં અને અસલ પોતનાં ઘરથી સાથે લઈ આવી હતી તે વસ્તુઓ લઈ ગઈ હતી.

"મને તે વેળા કેવું દુઃખ લાગ્યું, તે હું કદી વર્ણી નહીં શકીશ, અને તમો ધીરજથી સાંભળનારાં છો, તે છતાં હું યત્ન નથી કરતી. એટલુંજ કેહવું બસ છે કે, ફરીથી મારી ભત્રીજીને જોઈ નથી. સારલોટ આરથરને મલી પણુ નહીં હતી, કે કંઈ ખોલાસો પણુ નહી કીધો હતો. મારે એટલું જાણવું હતું કે, મારી ક્રૂર વરતણુકનું બાહનું લઈ કોઈ અવીચારી કે અયોગ્ય પગલું ભરે તેવી છોડી સારલોટ નહી હતી; તે ઘણીજ સ્વચ્છ મનની અને નેક હતી. તે છતાં આટલે અવારે પણુ ગાડી જોડાવી હું આરથરને ઘર ગઈ. મેં મને પોતાને નમન પાડી, અને મેં જે છોડીને ઘરમાંથી હાંકી કાઢી હતી, તે છોડીનાં સમાચાર પુછવા લાગી. તે કસ્સું જાણુતો નહી હતો, અને તે તેમ બોલ્યો. તે છતાં પણુ મેં મારી પુછપરછનાં સવાલ જારી રાખ્યા, અને તેનાં ઉત્તરો હું કેવા શક સાથ સાંભળતી હતી તે શક આરથરે મારા મોંહ પરથી વાંચી લીધા. એ બંધે મારી વરતણુકો સારલોટને અપમાન પોંહોંચે તેવી હતી. આરથરનાં વીશાળ ઉદાર દીલે, તે છોડીનાં દીલનું ખરૂં પરીણામ કાઢયું હતું, જેવું મારૂં દીલ ન કાઢી શકે: કાંકે માંરૂં દીલ ઘણુંજ સાંકડું હતું. તે સારી પેઠે પીછાણુતો હતો કે સારલોટ આવી રીતે કદી તેની સોડે નહી આવે. કે જ્યાં લગી પોતે સુરક્ષીત છાંયામાં દાખલ નહી થાય, ત્યાં લગી પોતાનાં રેહેઠાણુથી પણુ આરથરને વાકેફ કરવાથી તેનો જાતી ટેક તેને અટકાવશે.

"'તે છોડી મને તો કાગળ નહી લખશે, પણુ તમોને તો લખશે. તે કયાં છે, તે તમો તો મને કેહશો કેની?' મેં મી૰ માનસેલને પુછયું.

તેણે પોતાનું માથું ધુધનાવ્યું, અને જવાબ દીધો કે સારલોટ બનતાં લગી તેને વધુવાર શકમાં નહી રાખશે, તો પણુ તેણીની સલામતીનાં સમાચાર સીવાય બીજા કોઈ પણુ સમાચાર આપવાનો એને હક નથી હોવાનો.

"એટલુંજ તેણે મને કહયું, અને ત્યાર પછી થોડું એકેજ, તે મારી પડોશ મુંકી ચાલી ગયો, અને તે દહાડા પછી મારી નજરે પડયોજ નથી. હું જાણું છું કે સારલોટ મારા ઘરથી પાધરી તેની માતાની એક જુની સહી ને ત્યાં ઉતરી હતી. તેણીની પાસે કંઈ જુજ નાણું હતાં, જે તેણીએ કોઈ ઓચીંતા પ્રસંગને માટેજ જાળવી રાખ્યાં હતાં, અને જેણે તેણીને આસરો આપ્યો હતો, તેનાં પઉતરાંને એલમ શીખવીને તેમાં ઉમેરો કીધો. વખત જતાં આરથર માનસેલે પોતાનાં ધંધામાં એટલો વધારો કરયો—તે ડોકટર હતો—કે સારલોટને મધ્યમ સ્થીતીનું ઘર આપવાને તે શકતીવાન થયો. એ લોકને એકજ બાળક થયું, એક છોડી, અને તેને જે ફુઈએ ક્રૂર દીલે હાંકી મેલી હતી, તે ફુઈનું નાંમ આપ્યું. તે બાળકને એક ઘડી મારા પાસાંમાં દાખવા માટે જે કંઈ માંગતે તે આપતે. હુંજ ઠપકા પાત્ર હતી, એ હું સારી પેઠે જાણુતી હોવા છતાં તે વેળા મને એટલી મગરૂરી હતી કે, તેમાતાને શોધી કાઢી તેણીની સાથ મેં સલાહ નહીં કીધી. તે મારી સોડે આવીને માફી ચાહે, તેતો મને અસંભવીત લાગ્યું હતું. હું કહી શકું છું કે, જે ફુઈએ તેણીને આવા ક્રૂર કડવા સખુનો ઓચરયા હતા, તે સખુનોની ખોટાઈ માટે તે ફુઈ પાછળથી પશ્ચાતાપ કરેછે—કેવલ બદલાઈ ગઈ છે—તેવો વીચાર તેણીને કદી આવ્યોજ નથી. સારલોટ વીરોની જે જે પાછલી હકીકતો મેં તુંને કહી, તે મેં પરાયાંનાં મ્હોંડેથી સાંભલી હતી."

હયાં લેડી લીમરટન બોલતાં અટકી ગયાં, અને થોડી વાર વીચારમાં ગુંતાએલાં અને શાંત બેઠાં. મારથા સ્વેલ, આવી શાંત અને બીહીકણ દીસતી હોવા છતાં, એક મજબુત દાઝ રાખનારી સ્ત્રી હતી, અને પોતાની એખલી પડેલી ઘરડી શેઠાણીની બહુ દયા ખાતી હતી. છેવટે તેણીએ નીચલો સવાલ પુછી ચુપકીદી ભાંગી.

"શું હજી બી બહુ અસુરૂં થઇ ગયું છે, બાઇ?" મારથાએ પ્રસ્ન કરયો.

"હા, મારથા; અને તેજ અતી નરસ થયું છે તો. ઉલટું કરેલું સુલટું કરવા અને ખુટ ભરી આપવા માટે બહુ અસુરૂં થયું છે. ઉલટું, સુલટું કરવાનું, હું બોલી? કોણ તેમ કરી શકનાર છે? આપણે પ્રસ્ચાતાપની ગમે એવી પીડા કાં નહીં ખમ્યે, અને અવેજ વાલી આપવાને ગમે એવાં કાં નહી તલ્પી રહીએ! હા! અને ખુટ ભરી આપવાની ગમે એવી યતન કાં નહીં કરયે; પણ ઉલટાંનું સુલટું થાયજ નહીં. 'ઘણું અસુરૂં' એ શબ્દો જેવા બીજા કોઇ શબ્દો એવા ભયભીત નથી!"

"આપણી હયાતી છે, ત્યાં લગી આપણાંથી બની શકતું કરવાને કદી પણ અસુરૂં થયલું કેહવાય વારૂં, બાઇ?"

"હું હયાત છું, મારથા! અને એંસી વરષની ઉમ્મરે પુર તંદરૂસ્ત છું. કોઇ કોઇ વાર મને એવો વીચાર આવેછે કે, જે સગીને મેં દુઃખ પોંહચાડયું છે, તે સગીનાં ભલાં માટે કંઇને કંઇ કરૂં, એવા હેતુથી પ્રમેશ્વરે મને આટલી લાંબી જીંદગી બક્ષી છે. પણ હમણા તે કયાં હશે, તેની મને ખબર નથી. તણીનો ભરથાર પોતાની બેટીને ત્રણ વરશની મેલીને મરણ પામ્યો, અને મારી મગરૂરી મારા ખીસામાં ઉતારી; તેની સોડે મારી વરતણુક માટે માંફી માંગી, મારી સાથે આવી રહે કરી કેહવાનું નક્કી કરૂં, તે આગમચ તો તે પોતાનું ઘર છોડી બોદા જાણે કયાં ચાલી ગઇ. એની ભરથારની જગ્યાએ જે આસામી આવ્યો, તેને પોતાનો ન ખપજોગો સરસામાન વેચી સાટી મારી ભત્રીજીએ પોતાને એવી છાની છુપાવી છે, કે તેણીને શોધી કાઢવાની સઘલી મારી યત્નોમાં હું નીષ્ફળ થઇ છું. મારી જે કંઇ જરા રતી પુંજી છે તે તેણીનેજ માટે હોય તેમ હમેશા રાખી મેલું છેઃ કાંકે, તે મારી સાથે રેહતી હતી, તે વેલાથી મેં જરા જરા એકઠું કરવા માંડયું હતું. ત્યારથીજ મારા નહીં પણ તેનાં હક તરીકે લેખતી આવી છું. હું હમેશાં કેહતી આવી છું કે, વારસામાં આપી જવાનું મારાં કણે કાંઇ નથી, અને તે વાત ખરી છે; પણ થોડીક સંઘરેલી પુંજી છે ખરી. એ પુંજી મારી નથી, પણ સારલોટની છે, જો તે હયાત હોય તો તેમ; નહી તો જે છોડી મારૂં નામ-લેણું રાખે છે તેનું છે. જો મારી ભત્રીજી યા તેણીની દીકરીનાં હાથમાં નહીં ગયું તો, પછી કોઇનાં પણ હાથમાં જાય તેની મને દરકાર નથી. જો આ ઘડીએ મારી ભત્રીજી હયાં હોય તો આ એરીંગની જોડી તેનાં હાથમાં આપું, અને આજથી એ તેણીનીજ પાસ રાખી લેવાની માંગણી કરૂં; પછી તેણીને ગમે તો તે વેચી નાખે. અગરચે, મને માફ કીધું કરી સાબેત કરવા એકવાર તે પેહડે તો હું ખુશી થાઉં."

શાંત સ્વભાવની મારથા સ્વેલ પણ, પોતાની શેઠાણીને પેલાં એરીંગ માટે આવું બોલતાં સાંભળી મુસકેરાટ દાબી નહી શકી. અને વીચારવા લાગી કે "અજબ છે, જો કોઇ બાનુ પણ આવાં ઝોલાં ખાતાં બેડોલ એરીંગો લટકાવે, અને મારાં બાઇતો એને ઘણાંજ કીમતી ધારેછે. એ નવાં નીકલ્યાં હશે, તે જમાનાંમાં કદાપી એ વખણાયલાં હશે. મને જો બાઇ એ આપે તો હું તો કદી નહી પેહડું."

લેડી લીમરટનને પોતાની ભત્રીજી બાબે કેવું દુઃખ લાગતું હતું, અને પોતાનો ગમ અને પ્રશ્ચાતાપ શબ્દોમાં બરાબર દરશાવી નહીં શકતાં, તે સઘલું તેણી સારી પેઠે સમજતી હતી. પોતાની બાઇને મદદ કરવાને અને સ્હાય કરવાને તેણીને ઘણીજ જીજ્ઞાસા પેદા થઇ હતી; જો કે તે મ્હોડેથી બોલતી ન હતી. એ મુંગે મ્હોંડેની મારથા માનસેલનું નામ સાંભળવા સરવદા તતપર રેહતી. પોતાની શેઠાંણીની ભત્રીજીની

ઉમ્મર ચાલીસ કે બેંતાલીસની હોવી જોઇએ, એવી ગણતરી કાઢી વારંવાર પોતાનાં મનસે બોલતીઃ—"બીચારાં બુઢાં બાઇની આંખો તેવણુની ભત્રીજીનાં ચેહરાથી હર્ષીત કરૂં તો કેવી આનંદ પામું. મને મારાં બાઇએ પસંદ કીધી તે, સબમાં હું સારી છું કે મેહનતુ છું કરી પસંદ નહીં કરી હતી, પણ જગમાં હું એખલી અને નીરાધાર હતી કરી મને રાખી. એવણ ઘણાંજ માયાલુ દીલનાં છે; જો કે આટલી બેયાસી વરશની ઉમ્મરે પણ ઉતાવળા સ્વભાવનાં અને ઉતાવળી બોલીનાં છે.

"ઘરડી બારબેરાનાં મરણથી તેવણ પણ એખલાં પડયાં, અને હું પણ એખલી છું—હમો બંધે જગમાં એખલાં છીએ, પણ જુદાં જુદાં કારણને લીધે તેમ છે. તેવણ ધનવાન છે તેથી એખલાં છે, અને હું કંગાળ છું તેથી એખલી છું. તેવણે પોતાની સગીને જુલમથી હાંકી મેલી: કાંક પઇસાદાર લોકો એમ સમજે છે કે તે લોક બીજાંઓનાં નમનને માટે ઉભાં કરેલાં એક પ્રકારનાં સોનાનાં પુતલાં છે. અને વારંવાર એવાંઓને બીજાંઓ એખલાં છોડી દીયે છે, અને એ રીતે તેઓને બદલો મલે છે.

"અને મારી બાબમાં, હું કંગાળ સ્થીતીની હતી, તેથી મને મારાં સગાંએ હાંકી મેલી હતી. તેઓ પોતાની દોલતથી પણ બાતેલ રાખતાં; તે સાથે હું મારી પોતાની મેહનતે રોટી પેદા કરૂં, તેપણ તેઓ સાંખી ન શકે હેવાં મગરૂર હતા. જ્યાં પણ હું રહીછું, ત્યાં મને કસ્સાંની ગરજ નથી રહી, અને કસ્સી ઇજામાં નથી સપડી, તેમાં તેઓની કાંઇ મેહેરબાની કે આભાર નથી. કેહવત છે કે,—'ખામોશ જખાં બેજાંને દાનાઇથી ભરેછે,' એ શબ્દો મને ઘણાંજ વાસ્તવીક માલમ પડયા છે. બીજાંઓની જીંદગીની હકીકતો અને બનાવોથી હું વાકેફ છું; પણ મારી કે મારાં કોઇની કથા કાંઇ જાણતું નથી."

ક્રમે કરી, પુછપરછથી, લેડી લીમરટન મારથાની કહાંણીથી જાણીતાં થયાં, અને તેણીની સાથ હમદરદ થયાં. તે ચાલાક ચાકરડી સમજી ગઇ હતી કે, પોતાની શેઠાંણી જ્યારે પોતાની પાછળી જીંદગીનો ભરમ વીશ્વાસથી ખુલ્લો કરેછે, ત્યારે તેવણ એક દાસીની પણ છુપી વાતને એક ગંભીર ભેદ તરીકે લેખશેઃ તેથી તેવણની આગળ પોતાની સઘળી કહાંણી કહી દીધી. અને એ સઘલું બોલવાથી અને તેનાં અવેજમાં પોતાની શેઠાંણીનાં મીષ્ટ દેલાસાભરયા શબ્દો સાંભળવાથી કંઇ ઓછી ખુશી નહીં થઇ.

પ્રકરણ ૩ જું.

નીત્યનાં નીયુસ પેપરોમાંની જાહેર ખબરો, તેમજ જન્મ, લગણ અને મરણની ટીપો, મારથા ખંતીપણાંથી તપાસતી હતીઃ જેથી તેની શેઠાંણીને બહુ રમુજ મલતી. પણ લેડી લીમરટન જાણતાં ન હતાં કે, શા કારણ સર મારથા એમ કરે છે, કે સદા તેની મેહનત ફોકટ જતી હતી.

એક પછી એક વરષ ગબડતું ગયું, અને દરેક વરષ લેડી લીમરટનને આગળનાં કરતાં વધુને વધુ ધનવાન કરતું જતું. તેવણની પુંજી ઘણીજ વધી ગઇઃ કારણકે, 'ટાનટાઇન'નાં વરસાન્યાંઓમાં ૬,૦૦૦ પાઉન્ડની આવક વેંહચી લેવા બેજ જણ, એક એ લેડી, અને બીજો એક તંદરૂસ્ત દરીયાઇ ઓફીસર હતો. એઓમાંથી કોણ છેલ્લું હયાત રહેશે, તેનું ભવીષ્ય વરતવું કંઇ સંભવીત ન હતું: કારણકે ઘરડો ઓફીસર વડાઇ લેતો હતો કે તેને માંદગી કદી વેઠી નથી, અને ઘણીક ભયંકર લડતોમાંથી નુકસાન વીનાં બચી રહેલો છે. પણ પોતા વીશેનું અતી દ્રઢપણું, માણસને ઘણીક વાર હુલ્લડ અને અવીચારી કારયોમાં હોમાવે છે; એ લોક પોતાની જુવાનીનાં અયામમાં જોખમો માથે લીધા હોય અને તેની ઇજાઓથી કેવળ ફારેગ રહેલાં હોય, તેઓ પોતાની જઇફીમાં પાછાં તે જોખમો નીરભયપણે ખેડવાની હામ ભીડે છે, અને તેનાં પરીણાંમથી નભરવસ રેહેછે; તેમજ આ ઘરડાની બાબદમાં પણ બન્યું. તે ઘરડા ઓફીસરને સખત સરદી થઇ, અને તે બોલતો તેમ, તેણે "ડ્રાઇ"માં પડી રેહવાનું

તુચ્છકારી કાઢયું, અને ત્રણ દહાડાને છેડે તે મરણ પામ્યો. હવે અસલનાં એક હજાર વર્ષોન્યાંઓમાં લેડી લીમરટન એકજ રહી ગયાં. એ બાનુંની ધરમ-માતાએ એવણની બાળયવસ્થામાં ૧૦૦ પાઉન્ડ જે રોકયા હતા, તેનાં ૬૦૦૦ પાઉન્ડ એ બાનુંની હેલીમાં બંધાવા લાગ્યા. એમ એક વરષ ચાલ્યું.

પોતાની આવકમાં થયલા એ વધારાથી એ બાનું કોઇ રીતે વડાઈ નહી લેતાં હતાં. જે માત્રો તેવણને મુબારકબાદી આપતાં, તેઓને એવણ કાકલુદીથી અટકાવતાં.

“એ વધારો બીજાંઓનું મોહોત થયલું છે,” તેવણ બોલતાં—“આ મારી લાંબી જીંદગીનાં છેલ્લાં વરષોની મોટી આવક લેવામાં હું લેશભાર પણ હરખાઇ છું, એવી દુષ્ટ મને લેખી ગેરઇનસાફી કરશો ના. પ્રત્યક વધારાએ પાછળા કાળની એકેક વળગણ તોડી નાખી છે. કોઇક ઘરની ખુરશી ખાલી પાડી છે, અને કદાચીત કેટલાંકને પોતાનાં એ એખલાં રહી ગયલાં સગાં કે સગીનાં મરણે તેમનો આધાર તોડયો હશે કે તેમનું સુખ ખોવાડયું હશે. મારૂં સગું કોઇ નથી કે, તેને યાદ કરૂં કે, તેને ખાતર જીવવા માગું. આ પંચ્યાસાની ઉમ્મરે મને એ સઘળી દોલત શા ખપની?”

એક વરષ વીત્યું, અને લેડી લીમરટનને જણાવા લાગ્યું કે તેવણનો અંતઃકાળ પાસે આવતો હતો. ધારેથી, નરમાસથી, પણ નીઃસંશય આવતો જાય છે. હવે તેવણથી પોતાનાં ઓરડામાંથી બાહાર નીકળી નહીં શકાતું હતું; સીવાય, ખુરશી પર બેસાડી, ફેરફાર માટે પાસેનાં ઓરડામાં, તેવણ લઇ જવામાં આવતાં હતાં.

“હું તમો માટે ઘણી દલગીર છું, મારથા!” તેવણ એક દીને બોલ્યાં “હું મરી ગયા પછી તમો એખલાં પડશો, પણ ગરીબ નથી રેહવાના. મારી સોડે ૧૦,૦૦૦ પાઉન્ડની દોલત છે, અને તે ઉપરાંત એરીંગની જોડ અને બીજો માલ છે, તે સઘલું તમારે માટે મુકી જઇશ.”

“નહી, નહી; પ્યારાં બાઇ! મને ના આપી જતાં. મેં મારા પગારનાં નાંણથીંમ કગરસજ ખરચ કરશે છે, અને મને કસ્સાંની ગરજ પડનાર નથી કે તંગી આવનાર નથી. ધંધો-ચાકરી એ મને આશીરવાદ છે ચાકરી કરવાની ગરજ નહી રેહ, એવી સ્થીતી મારે માટે સારી નથી.”

“શુકર પરવરદેગારનાં, મારથા! કે, અગરચે આએ જમાનો નઠારો કેહવાય છે, તોપણ દુન્યા હજી અસ્વારથી અંતઃકરણોથી ખાલી નથી થઇ!” પોતાનો હાથ પોતાની દાસી ઉપર હેતથી મેલતાં બોલ્યાં. મારથાએ તે હાથ ઉંચકી પોતાનાં લબ સાથ દાબ્યો, અને તેની આંખોમાંથી જે ટીપાં વરસતાં હતાં તે ટીપાં લેડી લીમરટનનાં ધ્રુજતા હાથ ઉપર પડયાં. મારથા તે નુંછી નાંખવા જતી હતી, પણ તેની બાઇએ તેણીને તેમ કરતાં અટકાવી.

“એમજ રેહવા દે, મારથા. એ જવાહેર કરતાં પણ કીમ્મતી એ ટીપાં છે. આપણી બચગી કે જુવાનીની વખતનાં લોકો આપણને છોડી ચાલી ગયા પછી આપણાં છેલ્લા વખતમાં દીલાસો દેનારૂં કોઇ ખરૂં મીત્ર સોડે હોવું, એ આશીરવાદ છે. જો સારલોટ મને છોડી ગઇ ન હતે તો!”

“બાઇ મારાં,” મારથા બોલી–“મારી વાત સાંભળો. હું માત્ર દુરબળ અને અજ્ઞાન સ્ત્રી છું, અને વકીલો કે શીખેલા લોકની રીતભાતથી અને રવઇયાથી અંજાણી છું; પણ મારી ગરીબ રીતે, હું તમોને ચાહુંછું: કાંકે, તમોએ મારી જીંદગી સુખવાસી કીધી, અને જાણે હું તમારી પોતાની પદવીની હોઉં તેમ મારી ઉપર તમો ભરૂંસો રાખો છો. એ તમારો વીશ્વાસ, તમારી દોલત કરતાં પણ મને વધુ કીમ્તી અને પ્યારો છે. તેનાં અવેજમાં મારી સઘળી બીનાંથી તમોને વાકેફ કીધાં છે, પણ એકજ, માત્ર એકજ વાત તમારાથી છુપાવીછે. નીયુસોમાં કાંઇ ખબર વાંચવા ઉપર તમો હસતાં હતાં, અને મારી ચુંટણીઓ વીચીત્ર લેખતાં હતાં. તેમ કરવામાં મારી માત્ર એકજ મતલબ હતી, અને તે મતલબ એકે તમારી ભત્રીજીનું નામ યા તેઓને લગતું કંઇ જડી

આવે તે તપાસવાની હતી. વમોને એખલાં છોડી તેવણુની શોધમાં હું નીકલી નહી શકી; નહીં-તર તેવણુની શોધમાં આખી જગ્ત ફરી વલતે. પ્યારાં બાઇ! તમારી દોલત તમારી ભત્રીજી માટે મેલી જાઓ, અને તેવણુને શોધી કાઢવાનું કામ મને સોંપો."

"મેં મારૂં વસીયતનામું ઘણી વાર પાછું ફેરવીને કરયું છે; હું કહી શકુંછું કે, મારા વખતમાં મેં એક ડજન વસીયતનામાં બનાવી ફાડી નાખ્યાં હશે. જો વધુ દહાડા જીવીશ તો વળી બીજું નવું બનાવીશ. મારા હાલનાં વસીયતનામાંની રૂહે તુંજ એખલી મારી વારેસ છે; પણ તારૂં કહયું કરીશ. હું તારે હીસ્સે ૨,૦૦૦ પાઉન્ડ મેલી જઇશ, જેનાં વ્યાજમાંથી કસ્સું પણ કોઇને આપવાનો તારો હક નહીં ચાલશે; પણ તેનું મુદ્દલ જેને ગમે તેને આપવાનું તારી શકતીમાં રેહશે. સઘળો મારો સરસામાન અને મારો જંગમ સરવસ્વ—પેલાં એરીંગો સીવાય—તારો પોતાનો થશે, તું ચાહે તે કરે. પ્રત્યેક મારી છોડી-સહીયોને એકેક મારી તરફની યાદગારી મલે કરી હું ઇચ્છુંછું. આ હું કહું, તે નામો તમે યાદ રાખજો."

લેડી લીમરટને એક ડજન છોડીઓનાં નામ દીધાં અને પછી ઉમેરયું:—"જે અસલી સ્ત્રી, એ લોક આગળ દુન્યાની પુરવકાળની કહાંણી કીસ્સા કરતી હતી, અને તેમને પોણી સદી પાછળ લઇ જતી હતી, તે સ્ત્રીને ભુલી જવાથી તેમને અટકાવશે." તે છોડીઓને યાદ કરતાં તે બાનુંનાં ચેહરા ઉપર મુસ્કેરાટ ફરી વલયો.

"તે લોક મારાં અંતઃકરણને હમેશાં તરૂણ રાખતાં હતાં. પ્રભુ તેઓ સરવનું ભલું કરે! હવે બાકી રહેલી પુંજીની વાત કરયે. તમારો વારસો અને બીજો સઘળો ખરચ બાદ કરવા ઉપરાંત બરોબર ૮,૦૦૦ પાઉન્ડ બાકી રેહેશે. એ સારી જગ્યાએ રોકેલા છે, અને તેમજ તેને રાખજો; પણ તેનું સઘળું વ્યાજ, તમો સારલોટને—જો તેણી હયાત હોય તો—શોધી કાઢવામાં, નહીં તો તેની બેટીને શોધી કાઢવામાં ખરચજો. એ તમારી જીંદગીનો ધંધો છે; જે નેક કામ, તમારી ઘરડી શેઠાણી તરફની તમારી હેતભરી યાદગારી તરીકે કરો એવું હું માંગી લઉંછું. તમોને બીજી કોઇ મેહનત યા ધંધો રોજગાર કરવાની અગત નહીં પડશે, પણ એમાં તમોને પુરતી મેહેનત છે. ગમે એવું હોય તોપણુ તમારી અલ્પ આવકમાંથી એ ઉપર ખરચ કરશો ના તમારી આગળી ચાકરી અને તમારાં હેતની પીછાણુત લેખે તે તમારૂંજ છે. હવે પછીની, એ શોધ પાછળની તમારી મેહનત, તમારી તરફની ભેટ અને હેત દાખલ લેખું છું; તનની તમારી ખાસ મેહનત ઉપરાંત સઘલો ખરચ પેલી મોટી રકમનાં વ્યાજમાંથી ચાલશે."

મારથાનો મુખડો આ સઘલું સાંભલતાં ખુશીથી દીપી નીકલ્યો.

"ઓ મારાં પ્યારાં બાઇ!" તે બોલી. તમારી ખાહેશ પાર પાડવા હું અતી હરખ સાથ મારા બાકીનાં દહાડા અરપણુ કરીશ. તમારે માટે મેહનત કરવી છે અને તમારૂં કામ કરવું છે, એ ખ્યાલ મારા એખલવાસમાં પણ મને સુખી અને ખુશી રાખશે; જોકે આ જગમાંનાં મારાં એકજ મીત્રથી છુટું પડતાં મને કારી ઘા લાગશે." લેડી લીમરટને પોતાનો હાથ ઊંચકી મારથાનો હાથ દાબયો.

"મારાં કરતાં પણુ એક ભલો, ખરો મીત્ર છે." તેવણુ બોલ્યાં, "જે તમોને કદી છોડી જનાર નથી; હું જેમ, આ છેલ્લાં તેડાંની વાટ જોતી તેની ઉપર નજર કરૂં છું, તેમ તમે કરો. અને તમારી સઘળી ફીકરનો બોજો તેની ઉપર મેલો. તે તમારી ફીકર રાખે છે.

"મારે હવે થોડુંજ કેહવાનું રહયું છે. હું તમો પાસ જીવીત-કાળ મેહનત નથી માંગતી. ખોટા ન કરે કે, હું એવો બોજો તમારી ગરદન ઉપર લાધું. આજથી પાંચ વરષ લગીમાં જો, તમોથી બની શકતું સઘલું એ બાબદમાં તમો કરી ચુકો અને તેમાં તમો નીષ્ફળ થાવો, તો તે નાણાં પુરેપુરાં તમારાં છે—પેલા ૮૦૦૦ પાઉન્ડ અને એરીંગ. તેમનું જે ગમે તે કરજો આવતી કાળે મારો વકીલ આવી, એ સઘલું તમો માટે નક્કી કરશે."

"કાલે તો ક્રીસમસ છે, બાઈ! પણ હું ધારૂં છું કે એવા કેસમાં એવે દહાડે પણ વકીલ આવશે."

"આહ! ખરી વાત. તે તો ગામ ગયલો હશે: કાંકે, તેની ડોસી માતા, જે લગભગ મારા ઉમ્મરની છે અને તેણીથી હવાં અવાતું નથી તેથી તે,ની સોડે એ અને એનું કુટુંબ જઈને ક્રીસમસ ગુજારી આવેછે. ત્યારે એ કામમાં ઢીલ પડશે. હું કદાપી નવું વરષ જોઈશ, મારથા! અને જો તેમ નહી તો—"

"તમારૂં નવું વીલ તો જાણે વકીલે ઘડી કાઢયું હોય અને તમો સહી કરી ચુકયાં હોવો, તેમ થઈ ચુકું છે, બાઈ. હું એટલી ખુશી છું કે તમારાં જુનાં વસીયતનામાંથી તમારી ઇચ્છાઓ પાર પાડવાની યત્નોમાં કોઇ મને હરકત પોંહોંચાડી નહી શકશે. હું વચન આપુછું."

"વચનની કંઇ અગત્ય નથી, કંઇ અગત્ય નથી. હું કોઇ કબુલાત લઇશ નહી. તું એક સાચ્ચી સ્ત્રી છે, અને એ બીના જેટલો મને સંતોષ આપેછે, તેટલો સંતોષ મોહડેથી બોલાયલી કોઈ કબુલાત આપી નહીં શકે. હવે મને ભેટો મારથા; મારા હાથ પર ફકત ચુમી નહી. એક મીત્ર બીજા મીત્રને બાઝે તેમ. તમારા હાથ મારી આસપાસ લપેટો, અને મારૂં માથું તમારાં જીગર આગળ ટેકવો. પછી આપણે એક બીજાંને ચુમીએ."

મારથાએ જોરાથી ઉભરી આવેલું દુઃખ જેમ તેમ દાબયું. તોપણ તેણી પોતાનાં આંસુ દાબી નહીં શકી. તેણીએ પોતાની શેઠાણીનું માથું પોતાની છાતી ઉપર ટેકયું, અને તેવણને પોતાનાં મજબુત પણ હેતવંતા પકડમાં ધરયાં; એ વેળા તે શેઠાંણીએ પોતાનો એક હાથ તેણીનાં ગળાં આસપાસ વીંટાલ્યો હતો. લેડી લીમરટન થોડી વાર એમજ પડી રહયાં, પછી બોલ્યાં:—

"જો તારી ભત્રીજી કોઇ દીને તમોને જડે તો, તેને અને તેની દીકરીને મારી વીતી ચુમી લેજો. મારો પ્યાર તે લોકને આપજો અને કેહજો કે, જો મારાથી બની શકતે તો મારાં બીગાડેલાં કામને હું સુધારતે—અને મારાં કામથી હું અતી—શબ્દોમાં દરશાવી નહીં શકાય તેવી—દલગીર થઇ હતી, અને મેં ગમ પકડયો હતો. તમારે માટે એક અઘરૂં કામ પડયું છે, મારથા! પણ યાદ રાખજો કે, ફકત પાંચ વરષ લગીજ. જો તે અરસામાં તમો ફતેહ નહી પામ્યાં તો તમારૂં કામ પુરૂં થયુ એમ તમારે લેખવું, અને તેનાં અવેજમાં તે નાણા તમારાં પોતાનાં કરવાં. હું જાણું છું કે, તમારાથી થઇ શકતું સરવ કંઇ તમો કરશો."

"બેશ્ચીત હું કરીશ, બાઈ; પણ મારી મેહનતનાં બદલામાં મને પઈસા નથી મલનાર, પણ ખોદા ચાહશે તો મારી શોધમાં ફતેહ મલશે"

"તમારાં કામમાં વકીલોની મદદ ના લેતાં. મારી પાસથી તે લોકે પુરતું લીધું છે, અને તેનાં બદલામાં મને કાંઇ ફાયદો નથી થયો. જાહેરખબરનાં દામમાં મેં હજારો રૂપીયા ખરચયા છે. જો ફતેહ મલનાર હશે તો તમો જાતી મેહનતથીજ ફતેહ મેલવશો: કાંકે, એ કામમાં તમારૂં દીલ છે. હું ખુશી છું કે મેં નવું વસીયતનામું બનાવ્યું."

"પણ બાઈ! હજી ખરેખર બનાવ્યું નથી, જોકે બનેલું હોય તેમજ મારાં દીલસે તે છે. તમે એ ચોક્કસ કરાવજો, બાઈ."

"હું હવે થાકી ગઈ છું; મને આરામ જોઇયે છે." તેજ માત્ર જવાબ હતો.

મારથાએ હળવેથી શેઠાંણીને લેટાવ્યાં, અને તેવણનાં સગવડની વસ્તુઓની ચોકસાઈ કરી, પાસે નીઘેહબાની રાખતી બેઠી. પણ કલાકના કલાક નીઠી ગયા, તાએ ઉંઘાએલું માણસ જાગૃત થવાની કસ્સી નીશાણ કે અવાજ સંભળાયો નહી. બીજાં નોકરો આવતાં, પણ આવી નીરાંતથી ઉંઘ ખેંચનારને છંછેરવું ન જોઇએ એમ સમજી ધીમેથી પાછાં જતાં. એ સંભાળ અગતવીનાની હતી. લેડી લીમરટનની ઉંઘ તે પ્રકારની હતી કે, જેને પ્રથવીની કોઈ ગડબડ છંછેરી શકે નહી.

પ્રકરણ ૪ થું.

લેડી લીમરટનનાં વસીયતનામાંએ ઘણાં ટીકાઓ અને અજાયબીઓને ઉસ્કેરી હતી. એ બાનુંનાં થોડાંકજ મીત્રો જાણતાં હતાં કે એ બાનું પાસ પોતાની પાછળ મેળી જવાની મ્હોટી દોલત છે; પણ કોઇ એમ નહીં જાણતું હતું કે તે સઘળી દોલતનો વારસ એખલી મારથાજ થનાર છે. જો એની જગ્યાએ આ વખ્તે 'બારબેરા ટેરી' હયાત હતે તો, તેને એ સઘલી દોલત મલતે તો તેમાં અજબ નહીં થતે. પણ પોતાની પદવીનાં બીજા ઘણાં મીત્રો હોવા છતાં, એ સઘળો પૈસો અને તેની સાથની ભારે કીમતની મીલકત સઘલું એ મરનારની મુંગી દાસીનાં હાથમાં જાય, એ બહુ ખીજવાટ ભરથું લાગતું હતું. અને વળી એવું લખેલું કે એ સ્ત્રી ગમે તેને એ પઇસો આપી જાય ! ગમે તેને વારસ ઠેડવે! ખરેખર! એ કેસ, "શાંત પાણી ઘણાં ઉંડાં વેહ છે." તે કહેવતને ખરી પાડે છે.

"એ વસીયતનામું દઇતરૂપી છે, અને એને ઉધું વાળવું જોઇએ", કરી લોકો બોલવા લાગ્યાં. પરંતુ લેડી લીમરટનનું કોઇ હકદાર સગું નીકલી ન આવ્યું તેથી, અને મારથા સ્વેલની અને વસીયતનામાંની નીંદા કરનારાંઓમાં કોઇ વધુ હક ધરાવનારૂં ન હોવાથી, બબડનારાંઓને પોતાને સુઝતું બોલી બબડી મુગું બેસવું પડયું. તે લોકની બડબડ અને ખટગોઇથી કાંઇ ફાયદો થયલો ન હોવાથી તેઓએ શેવટે મારથાથી હાથ ધોયા, અને તેણીની શેઠાંણીની વાત કરવાની છોડી દીધી. પણ મારથા કંઇ વીસરી નહીં ગઇ કે એ "ડેમ, સારલોટ લીમરટન"નું છેલ્લું વસીયતનામું નહીં હતું. પેલું તો કાયદા મુજબ, કસ્સા પણ વાધા વીનાં તે ઘડી કાઢનાર વકીલે સાબેત કરી આપ્યું, અને વકીલે અચરતી સાથ જોયું કે, મારથા ચપળ બુધ્ધીવાળી હતા એટલુંજ નહીં પણ ચડતી સ્થીતીનાંઓ કરતાં પણ સારી કેળવાયલી સ્ત્રી હતી. મારથા અગત વગરનો વીલંબ સહન નહી કરી શકી, અને આગળ જતાં કોઇ પણ કાયદારૂપી મદદ વગર પોતાનો [illegible] [illegible] બનાવી શકે તેમ સ-ઘણું હાથ કરી લીધું. તેણી જોઇને સંતોષ પામી કે પૈસાની મ્હોટી રકમ સલામતી ભરી જગ્યાએ રોકાયલી હતી, અને શેઠાંણીની મરજી મુજબ તેનાં વ્યાજનાં પૈસા સેહલાઇથી ખેંચી શકાશે. જે જે છોડીઓનાં નામ દીધાં હતાં, તે સઘળાંને ઘરેણાં ઇત્યાદી વસ્તુઓ, યાદગીરીની ભેટ તરીકે, આપવામાં આવી. સરવ કોઇને ખબર હતી કે તેઓનું નામ વીલમાં ન હતું, અને આ દેખઇતી રીતે મારથાએ પોતાનાં દીલથી કરેલાં કામે, કોઇની મેહેરબાની ઝીતી તો બીજાંઓ દોષ દેવા લાગ્યાં. ઉદાર દીલનાંઓ કેહવા લાગ્યાં કે એ સ્ત્રીનાં સાફ અને ખરાં દીલની સાબેતી છે. બીજાંઓએ એવા ટીકા કરયા કે, એણે તો આપણી આંખમાં ધુલ છાંટવા અરથે કરયું છે, ઇત્યાદી. વળી તેણી સાથનાં જે કામ કરનારાં હતાં, તેમને ઉદાર દીલથી સ્મરણ કરવામાં આવ્યાં, અને તેમને સંતોષી કીધાં. મારથાની ચાકરીમાં તે લોક ખુશીથી રેહતે, પણ મારથાએ ખોલાસો કીધો કે, અગરચે તેણીની હાલની સ્થીતી, બે માણશને રખાએ તેવી લોક ગણતાં હોય, પરંતુ વાસ્તવીક રીતે જોતાં તેણીની પુંજી બહુ નાની છે. તેણીની પુજીનો ઘણો ખરો ભાગ એક મ્હોટું કામ પાર પાડવામાં રોકવાનો છે, અને તે કામ ઉપર તરકાળ મંડવાનું છે.

સરસામાનનો ઘણો ખરો જથ્થો હુસ્યારીથી બાંધી કૂધી પેક કરવામાં આવ્યો, અને ઘર ભાડે આપી દીધું. ઓરડાઓમાં છેલ્લી વાર ફરી વળતાં, તેણીને ઘણુંજ એખલાપણું લાગવા માડયું.

જે ઓરડામાં તેણીની શેઠાણીએ છેલ્લો જુમ્મો માથે આપ્યો હતો તે ઓરડામાં તે જરાવાર ઠોભી, અને તે લેડીનાં છેલ્લાં વસીયતનામાનાં શબ્દે શબ્દ પાળવાની બાધા પાછી તાજી કીધી. "કેવું સારૂં કે, મારે માટે મારાં શેઠાંણી મને કામ સોંપી ગયાં છે. તે પાર પાડવા પરવરદેગાર મને દેહની તંદરૂસ્તી બક્ષે, અને મારી મેહનતને ફતેહનું તાજ પેહડાવે!" તે મનસે બોલી.

ઘણાંજ દુઃખ સાથ તેણીએ ઘર છોડયું. "એકવારી બીજી જગ્યાએ મને મુસાફરી કરવી

પડશે," તે મનસે બોલી. "તેથી મારી સાથ થોડોજ સામાન રાખીશ, અને મારૂં કામ પુરૂં થશે ત્યાં લગી હું આજ લગી પેહડતી હતી તેજ હલકાં કપડાંમાં રહીશ. બે ઝભા બસ પડશે. જો હું કંઇ ભપકો કરીશ તો, પ્રત્યેક ખબર મેલવતાં મને બમણો ખરચ પડશે. પેલાં એરીંગ મારાં માંહેનાં ખદગાનમાં સીવી લઇશ. જેમ જેમ મને અગત્ય પડશે, તેમ તેમ પઇસા કાઢતી જઇશ. મારી શેઠાંણીનાં કપડાં સામાન સાથે બાંધી મેલી જઇશ; એક કાલો ઝભો છે તેજ હું સાથે રાખીશ, અને જે દીને મારાં બાઇની ભત્રીજી મને જડશે તે દીને, જાણે તેવણ પણ મારી ખુશીમાં ભાગ લેતાં હોય તેમ સમજી, તે દીને પેહડીશ." મારથા પોતાની નીધાન ફતેહ ઉપર કરસો શક આવવા દેતી ન હતી. તેણીએ બહુ સંભાળ અને ચોકસાઇ સાથે ખબર કાઢવા માંડી. એ કામમાં તેણીએ કરેલી સાડાચાર વરષની ભટકવાસી કહાંણી લખતાં ચોપડા ભરાય. એટલી મુદ્દતની મેહનત ફોકટમાં જવા પછી, તે ઉમેદ મુકતી ગઇ. વળી એ રખડમાં તેણીની દેહ લઠડતી જણાઇ.

"થોડા માસ મારે આરામ લેવો ઘટેછે," મારથા મનસે કહેવા લાગી: "જો હું મારૂં કામ અધુરૂં મેલી જઇશ તો બીજું કોણ તે ઉપાડી લેનાર છે? એ કામ પાર પાડવા હું ખુશીથી જીવું, પણ તેમ કરવા માટે મારી ઘટી ગએલી શકતી પાછી હાથ કરવી જોઇએ."

પ્રકરણ ૫ મું.

૧૮૭૫ નાં ઓગસ્ટ માસમાં મારથા સ્વેલ લીનકેલનશાયરનાં કોસ્ટા ઉપરનાં એક ગામમાં ઉતરી હતી. એક વીધવાની ઝુપડીનાં બે ઓરડા ભાડે રાખ્યા, અને સઘળાં મનમાંથી એક કોરે મેલી આસાયશ લેવાનો ઠરાવ કરયો. જેમ સઘળી વાતમાં ખુલ્લી અને ખરી હતી, તેમજ પોતાની ઓળખ પણ આ ઠેકાણે ખુલ્લી આપી કે, તે એક ઉચા કુળની બાનુંની દાસી હતી, જે, એનાં ગુજરાણ માટે પુરતું મેલી ગઇ છે, અને જેની યાદમાં તે હજી પણ શોકનો લેબાસ પેહડે છે. પુરી સાજી થતાં તે બાઇની ભત્રીજી સોડે જનાર છે.

સારાં ભાયગે મારથા સારા હાથમાં પડી હતી: કાંકે, તે એવી નાંતનદુરૂસ્ત અને નબલી થતી ચાલી, કે જો તે ઘેરવાલી વીધવાની બરદાસ્ત ન હતે તો, તેણી મરણ પામતે. અકટોબર માસ પુરો થતાં ડાકટરનું આવવું જવું બંધ પડયું, અને પેલી વીધવા પોતાની ભાડુતનાં તબીયતનાં સુધારા ઉપર મઘન થવા લાગી.

અંગમાં પાછી શકતી આવતાંજ, મારથા પોતાનાં બેકાર હાથ માટે કંઇ કામની શોધમાં પડી. પોતાની સઘળી રઝડમાં મારથાએ એકજ રેશમી ઝભો પેહડયા કરયો હતો. હવે તે ઝભામાં ચાલતા વખતની રૂઢી મુજબ ફેરફાર કરવાનો વીચાર કરયો. પેહલ્લાં પેટી સીવી ઉંચી મેલી. જ્યારે ચણયો સીવવાનો વખત આવ્યો કે, તેનાં ખીસામાંથી કંઇ મલયું. એ ગવન તેની શેઠાણીનું હતું ખરૂં, પણ કોઇ દીને તેવણને પેહડતાં મારથાએ જોયું ન હતું.

હવે તેણીએ પેલા ખીસામાંથી લેડી લીમરટનને સરનામેનું એક જાડું પેકેટ ખેંચી કાઢયું. તે બેડોલ સીલોથી બીડેલું હતું: જેમાં કેટલાંક કાગલ્યાં હતાં. વરષોથી મોતમાં વીચાઇ ગયલી આંખો માટે ધારેલી વસ્તુ પોતે ઉખેરવા માટે મારથાનાં દીલમાં પેહેલ્લાં તો ઘણી આનાકાની પેદા થઇ, પણ પછી તેણીને વીચાર આવ્યો કે, "કંઇ નહીં! એ મારી શેઠાંણીને સરનામેનું છે, અને જગમાં આજ ને કાલ તો મારા કરતાં કોઇ બીજું તેવણનું નથી." તેથી ધ્રુજતે હાથે લાખ ભાંજી. તેમાંથી કેટલાંક કાગલ્યાં ઉખેડયા વગરનાં મલ્યાં, અને બીજું એક કાગળનો તાવ મલ્યો, જે ખીચોખીચ ખરાબ અક્ષરોથી ભરેલો હતો, જેને મથાલે "બારબેરા ટેરીનું પાપસ્તીકાર" એમ લખેલું હતું. તે આખું કાગળ હેઠલ છે:—

"મારાં બાઇ! પચાસ વરષ લગી તમોએ મારી ઉપર પુરો ભરૂસો રાખ્યો છે, અને એક સીવાય બીજા સઘળા વીષયમાં હું તમો સાથ સાચ્ચી ચાલી છું. તમારાં ભત્રીજી મીસ શારલોટ ઓલેરેનશા આવ્યાં, ત્યારે એવું મને લાગ્યું

તે છોડી મને તમારાથી છુટી પાડશે, જોકે એથી ઉલટીજ વફા રાખવાનો તમોએ એકથી વધુ વાર મને ભરસો આપ્યો હતો. તમો જુવાન હતાં ત્યારથી હું તમો આગળ રેહતી આવી છું, અને સર જાસ્પરનાં કરતાં હું તમો ઉપર વધુ મગરૂર રેહતી હતી. તમારે ખાતર પચીસ વર્ષની ઉમ્મરમાં ઘર અને માબાપ મેં છોડયાં હતાં; મેં કદી તેમને પાછાં દીઠાં નથી. હું ગયા કાળની—ગયા જમાનાની—એવી તમો સાથ વાત કરતી હતી કે, જેવી કોઇ બીજું નહી કરી શકે. મને કોઇનું નહી પણ મારી શેઠાણીનું હેત જોઇતું હતું: હું કોઇને નહીં પણ તમોને ચાહતી હતી. મીસ સારલોટ તમારા ભાઇની બેટી હતી ખરી; પણ તેવણ શું તમારા સાથે મારી પેઠે ગયા કાળની ગાંઠે ગાંઠ, વળગણે વળગણ ચાલી શકે? વયે હું તમો કરતાં પાંચ વરષ નાની છું, બાઇ! પણ આપણે સાથે ઘરડાં થયાં છઇએ.

"તે છોડીએ મારી જીંદગીમાં વીખ ભેળ્યું. તેનો ઝક ઝકતો ખુશનુમા ચેહરો અને હસ્મુખી ખુશ લેહરી રીતભાત તમોને પસંદ પડતી હતી, અને તમારો વખત જે એક વાર મારી સાથ ગુજારતાં હતાં, તે તેની સાથ ગુજારવા લાગ્યાં. તેને લીધે હું એખલી પડી ગઇ: કાંકે, નોકરોમાં ભેલાઇ તેટલી હલકી હું પડી શકું શું? તમો મી૰ માનસેલનાં માગાંની વીરૂધ્ધ ગયાં: તેથી હું બહુ ખુશી થઇ અને હું સારલોટને છુપી રીતે કેહવા લાગી કે, તેણી મજબુત રેહ, અને તમારી ઇચ્છાને શરણ નહી થાય. મેં એમ પણ કહયું કે તમો જાતે સખત કરૂર દીલનાં છો, તોપણ વખત જતે તે છોડીને શરણ થશો. એમ કહી તે છોડીને તમો તરફ મજબુત કીધી; બીજા હાથ ઉપર તમોને કહ્યું કે, તે છોડી હઠીલી અને આપસ્વાર્થી છે. એ રીતે તમો છુટાં પડયાં. એ સરવ માટે મારી સોડે એકજ બ્હાનું છે,—તે તમારી તરફનું મારૂં હેત. તમો અસલની પેઠે મુજ એખલીનેજ આધારે રહો કરી હું ઇચ્છતી હતી.

"મીસ સારલોટે કાગલ લખ્યાં. અરે! એ કાગલો મારા પોતા સીવાય કોઇની આંખોએ નહી પડે કરવા મેં કેવી મેહનત લીધી હતી? મેં એકુ પણ ઉખેડયું નહી; ફકત તેનાં અક્ષર દેખાડી આપતા હતા કે, તેણી હયાત છે. તેણીની ખબર અંતર સાથ મને શું કાંમ? તે છતાં પણ ખચ્ચીત માનજો કે, તમોને દુ:ખી જોતાં મારૂં જીગર ફાટતું હતું: કાંકે, સઘળું છતાં તમો મનમાં મુંઝાતાં હતાં, અને તે છોડી માટે તરસ્યાં થઇ રહ્યાં હતાં. પણ હું શું કરૂં? તમોને તેનાં કાગલ્યાં તો કદી જડનાર નથી: કાંકે, લુગડાંની પેટી તમો કદી ઉઘાડતાં નથી. જો તમારી કજા પર હું હયાત હોઇશ તો, તમારા વકીલને મદદ કરી તમારી ભત્રીજીને શોધાવી કઢાવીશ. જો તમો મારા કરતાં વધુ વખત જીવશો તો, મને તે છોડીની હાજરી કે ગેરહાજરી કંઇ જડનાર નથી. મારી ઉપર ઘણાં સખ્ત વીચારો ના લઇ જતાં, બાઇ; મેં કંઇ લોભ ખાતર આ કરમ કરયું નથી. હું તમારા અંત:કરણમાં માત્ર પેહલ્લી રેહવા ઇચ્છતી હતી. 'મને ક્ષમા કરો.' એમ તો બોલી નથી શકતી; કાંકે, એજ મતલબે હું પાછું એમજ કરૂં. પણ જો હું પેહેલ્લાં મરણ પામુ તો 'બારબેરા ટેરી' જેવી હેત રાખનારી દાસી તમોને મલે એમ ઇચ્છું છું!"

"ખરેખર હેતજ તો!" મારથા ફફડી. "હેત નહી પણ ધીક્કાર ભરયું આપસ્વારથપણું હતું. જે માહીતીથી મારાં બાઇનાં છેલ્લાં વરષ સુખી અને આનંદ ભરયાં થતે, તે માહીતી તમનાંથી છુપી રાખી દુ:ખી કરનાર સારૂં હેત! અને તે માહીતી આટલી લાંબી મુદદતથી મારા કાબુમાં, અને મને ખબર નહીં! મારી શેઠાણી એનો અપરાધ તૃત માફ કરતે, અને પોતાની ભત્રીજીને મલવાની ખુશીમાં વીસરી પણ જતે. ખોદા કરેને તેવણની ખાહેશ પુરી પાડવામાં હું અસુરી નહી હોઉં." પોસ્ટ મારકા ઉપરની તારીખો જોઇ, એક પછી એક કાગલ મારથાએ ઉખેડયું. જે કંઇ હેવાલ લેડી લીમરટનથી સાંભળયો હતો, તેજ ઘણો ખરો હેવાલ હતો. સારલોટનું પેહેલ વેહલ્લું કામ-તેનાં લગન-પોતાનાં બાળકનો જન્મ અને તેને આપેલાં કુઇનાં નામ વીગેની ખબર આપી હતી. પોતાની આ એકજ રહી ગયલી સગી, જેની

માયા હજી વીસરાતી નથી, તેની સાથ સલાહ થવાની તૃષ્ણા ઇત્યાદી સઘળું સમાયલું હતું. એ પછી તે જુવાન વીધવાની રડાકુટ અને વીલાપ, માયા અને હમદરદપણું માટેના તેણીનાં કાકલુદી ભરયા પોકાર અને જારીનાં કાગળો આવેલાં હતાં. જે વાંચતાં મયાલું અંતઃકરણની મારથાની આંખ્યોમાંથી નવધાર આંસુ વરસવા લાગ્યાં.

ત્યાર પછી થોડે અંતરે એકજ છેલ્લું કાગળ આવેલું હતું, જેમાં લખનારે પોતાની કુઇ સાથની પાછી સલાહ ન થવાથી નીરાસ થઇ પોતાનાં ઘરનો સામાન સઘળો વેચી સાટી, જરમનીમાંની એક નીશાળમાં ઇંગલીશ શીક્ષકની જગ્યા કબુલ કીધી: જ્યાં તેનું બાળક પણ દાખલ થનાર હતું, અને પોતાનું ઠર ઠેકાણું તેમાં આપેલું હતું. હજી પણ ઉમેદ હતી ખરી. પેહેલ્લાં તો મારથાએ તરત બાહારગામ ઉપડી જવાનો ઇરાદો કરયો; પાછળથી એવો વીચાર આવ્યો કે છેલ્લું કાગલ લખયાને કેટલાંક વરષ વીતી ગયલાં હોવાથી કદાપી તે જગ્યા તેણીએ છોડી પણ દીધી હોય. સારલોટની ઉમ્મર આ વેળા પચાસથી ઉપરની હોવી જોઇએ, અને તેની છોડી આજે તો પરણી પણ હશે, કે માતા પણ થઇ હશે; એ વીચાર આવતાં પાછી હારી ખાધી.

મારથાએ પેહેલ્લાં તે નીશાળની પ્રમુખને ચીઠી લખવાનો વીચાર કરયો, અને તરત લખી પણ. પણ તે પ્રમુખે કેવળ વખત ખોવા વીનાં તરત જવાબ વાળેલો જોઇ, મારથા અચરત અને મધન થઇ. હકીકત એજ હતી કે એ નીશાળની પ્રમુખ-બાનું અને સારલોટ બધે એકજ વયનાં હતાં, અને તે દહાડા ઉપર તરતની સ્થાપાયલી નીશાળમાં તેઓ બંધેએ બેહનો તરીકે ભેગી મેહનતે ઉંધાડી, અને હવે સારલોટ તે નીશાળમાં ભાગયણ તરીકે છે, અને તેણીની દીકરી સઘળી પાંતીએ કેલવાઇ તેણીનાં બાપનોજ ધંધો ચલાવનાર સાથે પરણી ગઇ, અને હમણાં તેને બારે ચાર વરષની છોડી છે. મીસીસ માનસેલ હમણાં પોતાની દીકરીને ભેટવા ખરેખર ઇગ્લંડમાંજ આવેલી છે કહી લખાઇ આવ્યું, અને તે સાથે તેણીનું ઠેકાણું પણ આપેલું હતું. એક ઘડી લગી, મારથા, જે હજી પુરી તન્દરોસ્ત નહી થઇ હતી, તે, આ કાગળોમાં આવેલા ખુશી ભરયા અખબારનાં ભાર તલે કચડાઇને પાછી માંદી પડવાની હેહસ્તમાં આવી પડી હતી. મીસીસ માનસેલ પોતાનાં જમાઇ ડોકટર નેપીયરને ત્યાં ઉતરેલી હતી; અને તે ઘર મારથાનાં ઉતારાની ઝુંપડીનાં કરતાં ત્રણુજ માઇલ દુર હતું. જે દીને આ કાગલ તેને પુગ્યું તેની થોડેજ કલાકે મારથા, ડોકટર નેપીયરની નીશાણુ પુછતી ગઇ, અને તેની બાઇડીની હાજરીમાં જઇ ઉભી. તેણીએ પોતાનાં માંથાં અને ખભાં આસપાસ રાતા રંગની ઓઢણી વીંટાલેલી હતીઃ કાંકે, તે તૃત બાગમાંથી આવેલી હતી, અને સખીઓની આલબમમાંની એક છબીને ઘણાંક હીતથી નેહાલતી બેઠી હતી. તેણીનું બાલક, એક નાજુક સુંદર છોડી, તેવાંજ હીત્તથી પોતાની જુવાન માતાનું મ્હોડું ટીકતું હતું. તે લોકનો સરસામાન મારથાની આંખે પરદેશનો દીસતો હતો, અને તેમજ ખરેખર, ઘરનો ઘણો ખરો સણગાર, ફરનીચર, મેજ, ઇત્યાદી તેણીનાં લગન ઉપર તેણીનાં જરમન મીત્રોનો ભેટ કરેલો હતો.

આ મા દીકરાંનું ચીત્ર એવું મનહર હતું કે તેને છોડવાને મારથાનું દીલ નહી થતું હતું; પણ આ અચબુમ મુલાકાતે આવનાર ઉપર મીસીસ નેપીયરની નજર પડી, પડતાંજ આવકાર દેવા માટે પોતે ઉઠયાં, અને ઘણો માયા ભરયો આદર સતકાર આપ્યો. બાળકને તેની દાસીની સંભાલ તળે સોંપી મોકલી દેવામાં આવ્યું, અને મારથાનું દીલ તેની સામેનાં મધુર ચેહરાએ તત્કાળ ઝીતી લીધેલું હોવાથી, તેણીએ પોતાનો આખ્ખો કીસ્સો, કસ્સો પણ પરદો રાખયા વીનાં કહી દીધો. એ કીસ્સો સાંભળતાં મીસીસ નેપીયરનો ચેહરો અતી હેત અને ખુશાલીથી ચલકતો હતો, અને હેવાલ પુરો થતાં તેવણની ચશમો ખુશીનાં આંસુથી ભરાઇ ગઇ.

"અરે, મારી વહાલી, વહાલી માતા! આ તમારી સઘળી નવળ વીષે સાંભળતાં તેવણ કેવાં આનંદ પામશે? તેવણનાં કુઇ જે

એક વાર આટલી માયાથી એવણને ચાહતાં હતાં, તેવણે એવણનાં વારંવારનાં કાગલોનો કંઇ ઉત્તર નહીં દીધો, તેનો ગમ એવણે આખી જીંદગી કરવા કીધો છે. જુવો—" મીસીસ નેપીયર પોતાનાં હાથમાંની આલબમ પાછી ઉઘાડી બોલ્યાં:—"જુવો, આ ચેહરો તમે ઓળખો છો?"

"એ મારાં પ્યારાં બાઇનો પોતાનો છે, પણ હું ચાકરીએ રહી તે આગમચનો હોવો જોઇએ: કાંકે એ જુવાંનીનો છે, જો કે તેવણ મરણ પામ્યાં ત્યાં તુલીક પણ તેવણ સોહામણાં હતાં. હું ધારૂં છું કે તમો તેવણની જુવાંનીની મુર્તીજ છો. તેવણની નાની ઉમ્મરની સારા ચીતારાને હાથની ચીતારેલી એક સબી મારી સોડે છે, તે તમારા જેવીજ છે."

"મારાં મા પણ એમજ કહેછે. અને તમો બોલો છો તે સબોની વાત પણ એવણે કીધી હતી." મીસીસ નેપીયર બોલ્યાં "તેવણ હમણા આવશે."

થોડીક મીનીટ વીત્યા કેડે મારથાએ પોતાનાં બાઇની ભત્રીજીને જોઇ, જેણીને તે આટલી લાંબી મુદ્દતથી શોધતી હતી. મારથાને પાછો આખો કીસ્સો કેહવો પડયો, જે આ નવાં સાંભળનારને અત્યંત હરખ ઉપજાવતો હતો, જેમાંની અંતરે આંતરેનાં સવાલ જવાબો અને પુછપરછ તેવણની અભેદતા ખુલ્લી રીતે દરશાવી આપતી હતી.

એ પછી મારથાએ લેડી લીમરટનનાં વસીયતનામાની હકીકત કહી, અને તેની એક નકલ, જે હમેશાં પોતાનાં ખીસામાં રાખતી હતી તે, કાઢી દેખડાવી. જે વસાયતનામામાં મારથાનેજ સઘલું આપી ગયાં હતાં તે હતું. પણ દેખાડતાં બોલી:—"પણ આ કંઇ ખરૂં વીલ નથી. છેલ્લું તો માત્ર મોહડેનાં શબ્દોમાં કરલું હતું." એ ઉપરથી મારથાએ, પોતાની બાઇનાં મરણ વેળાએ ઓચરેલા સઘળા શબ્દો અને તે બાઇનાં કેહવા ઉપર અમલ કરી તેવણની ખાહેશ પાર પાડવા માટે પોતે આપેલી કબુલાત વીગેનું સઘળું કહતું.

"તમો ઉમદા ખવાસનાં અને સાચ્ચાં અંતઃકરણનાં બાનું છો!" મા દીકરી એક અવાજે બોલી ઉઠયાં—"બારબેરા ટેરી સાથની કેવી ઉલટી સરખાવણી!"

પોતાનાં ફુઇની પોતા તરફની લાગણીઓની વાત સાંભળતાં જે હરખ તેણીને ઉપજયો હતો, તેમાં, પેલી બારબેરાની દગલબાજી જાણ્યા પછી કંઇક ઘટાડો થયો હતો. તે દાસીની દગલબાજીએ, પોતાની ફુઇ સાથ સલાહ થવાનાં સુખથી એણીને પરહેજ રાખી, અને એ વાતથી આજ દીન લગી પોતે અજાણી રહી, એ વીચારે તેણીનાં દીલમાં ઘણો ખેદ ઉત્પન્ન કરયો. અને આ મારથા, જેણીની દોલત, કોઇ સરકાર કે કાયદો તેણીની પાસથી નહી છીનવી લઇ શકે, તે દોલત પરાયાંને આપવાનાં હેતુથી તેણીએ પાંચ વરશ લગી ઉઠાવેલી રંજ, ફીકર, કાળજી અને ભટકવાસથી દેખાડી આપેલું પોતાનું એકનીષ્ઠપણાંને માટે જેટલો પણ આભાર માને, જેટલી પણ સ્તુતી કરે, તેટલી થોડી છે: એમ સારલોટ દીલસે વીચારવા લાગી.

મીસીસ માનસેલે પોતાની ફુઇની દોલત સ્વીકારતાં પેહેલ્લાં તો આંચકો ખાધો; પણ મારથા મજબુત થઇ, અને બોલી:—

"મારાં બાઇ જેટલું મને ખરેખર આપી ગયાં છે, તેટલું અને કેટલીક બીજી અમુક વસ્તુઓ મારી હયાતી લગી રાખીશ; ત્યાર પછી એ પણ તમોને અને તમારાંનેજ આપીશ. મારાં બાઇએ મને જે ચીજ હયાતીમાં આપી હતી તે તમે પણ આપો—તમારો પુર્ણ પુરો વીશ્વાસ;—અને પછી વખત જતાં કદાચ તમારૂં હેત જીતીશ. એટલીજ વસ્તુઓ મને ખરેખરી ધનવાન કરશે, અને એટલાંનીજ મને ગરજ પણ છે: કાંકે, હું એક એકળવાઇ નીરાધારં સ્ત્રી છું."

"તમોએ હમારો વીશ્વાસ અને પ્રીતી કયારની મેળવી ચુકયાં છો. જેને વીશ્વાસથી સોંપાયલી ધારણા, જે ધારણા પોતા વીનાં કોઇ જાણતું ન હતું, તે આવી ઉમદાઇથી પાર પાડી, તેવાં માણુસને ઘટતું માન આપવામાં શી રીતે ક્ષીણ થઇએ? હમારૂં હેત પણ તમો ખચ્ચીત જીતશો, કસ્સી ફીકર નહીં; અને અમો અમારાં બાળકોને તમોને ચાહવા અને બાકીની

જીંદગી ઓછી એકળવાઇ કરવા સીખવીશું." મીસીસ માનસેલ બોલ્યાં.

"મારી ઉપર વીશ્વાસ રાખી જે કામ સોંપ્યું હતું: તેથી કોઇ તો નહી પણ પરવરદેગાર વાકેફ હતો." મારથા બોલી. "પણ બીજી એક વસ્તુ પાધરી મારાં બાઇનાં હાથમાંથી તમારા હાથમાં સપુરદ કરવાની બાકી રહી છે. પણ તે મારાં બદયાનમાં સીવી લીધી છે, તે કાઢવામાં મદદ કરશો?" કાતરની મદદે જરા વારમાં એક ઝીણી બીન્દડી કાઢી: જેમાંથી પેલાં વખણાયલાં એરીંગની જોડ કાઢી મારથાએ મીસીસ માનસેલનાં હાથમા મેલ્યાં અને અરજ કીધી કે, એક વાર એમાં કસ્સો પણ ફેરફાર વીનાં તેવણ પેહરે."

તેજ દીને રાત્રે તે પેહરવામાં આવ્યાં, પણ નરમ બ્રશ અને પાણીથી સાફ કીધાં હતાં: એથી તે નંગોનું ખરૂં વીલક્ષણ દ્રષ્ટીએ પાડયું. કંઇ ધારવામાં આવ્યાં તેમ કાચનાં કકડા નહી હતા, પણ મોટી કીમ્મતનાં અને આબદાર પરદેશી જવાહેર હતાં, જે ઘરેણાંએ પેલા વારસાના જથ્થામાં મોહટો વધારો કરયો.

હવે કેહવાનું થોડુંજ રહયું છે એ રીતે તાળેવંત થયલાં મીસીસ માનસેલે જરમન નીશાળમાંનો પોતાનો ભાગ વેચી નાંખ્યો, અને પોતાની બેટીની પડોસમાં વાસો કીધો. તેવણની જરમન નીશાળની ભાગ્યણે પોતાની મીત્રને સુખ સંપાદન થયલું જોઇ હરષ પામી ખરી, પણ તેણીને લાગ્યું કે એકના લાભથી બીજાને ખોટ થાય છે.

સાચ્ચાં દીલની મારથા! જેમ જેમ વરષ ગબડતાં ગયાં, તેમ તેમ પ્રીતી અને મીત્રાચારીમાં તાળેવંત થતી ગઇ, અને મીસીસ નેપીયરસનું કુટુંબ પણ વધતું ગયું; હકદાર વારસને તેમનો વારસો સપુરદ કીધો, તે માટે કોઇ દીને તેણી પસતાઇ નહી. પણ એ લોક સાથનાં પેહેલ્લા મેલાપ પછી મુદદતે, જે સઘળાંએ ખુશી ભરી ક્રીસ્મસ ગુજારી હતી, અને મારથા લેડી લીમરટનનું સેવટનું વસીયતનામું બોલે બોલ ખરૂં પાડવાને શકતીવાન થઇ હતી, તે દીવસ તરફ સરવ કોઇ ખુશીથી પાછળ ફરી જોતાં, અને સ્મરણ કરતાં હતાં.

સમાપ્ત.

નારી જાતી શું કરી શકે.

એક કુટુંબી વાર્તા.

"ગરીબાઇ કેવી ભયંકર હોવી જોઇયે!" એક કુમલી વયની નાજનીન બોલી ઉઠી. એ બોલનાર ભપકાથી સણગારેલા એક પોખાળ દેવાનખાનાંની બારીએ જોતી ઉભી હતી. બાહાર કકડતી શીતળ ટાઢ ધુમ મચાવતી હતી તે નેહાળતી ઉભી હતી. નરમ મખમલી જમખાનાં તેણીનાં નાજુક પગળાંને તાબે હતાં; ભારી મખમલી પરદા મોહટી ઉંડી બારીઓનું રક્ષણ કરતા; મખમલી તકયા જડેલી ખુરસીઓ ખુલ્લા હાથો સાથે થાકેલાંઓ અને આળસુઓને તેડતી ઉભી હતી અને સગડીમાં રોશન આતશ સલગેલો હતો. ટેબલ, સોહામણી બીલોરની, ચીનાઇ અને રૂપેરા ગીલીટની નવાઇઓથી, આંખ્યોને ખુશ કરે એવી રીતે ગોઠવાયલી હતી; અને પેલી ખુબસુરત નાંજનીન પોતાની બારી હેઠલ રસતા ઉપર, ટાઢ અને ભુખમરાનાં વીકાળપણાંને વસ થયલાં ઘણાંકોને દેખતી હતી.—લખ્ખો, જેઓ દીવસે તેમજ રાત્રે ઘર વીનાનાં રખડતાં ધ્રુજતાં ફરતાં તેમની ઉપર દયાની આંખ્યોએ જોતાં બોલી—"ગરીબાઇ કેવી ભયાનક હોવી જોઇએ!"

"ખરેખર તેમજ છે." મીસીસ હરબરટ ધીમે ગંભીર આવાજે બોલ્યાં. આલીસ બારી પરથી પાછળ ફરી પોતાની માતા ભણી આગ્રહથી જોવા લાગી. એ માતાની ચશમો આંસુથી ભરાઇ આવેલી હતી.

"વાહલાં માયજી," તેણીની આગળ જઇ આલીસ બોલી, "હું તો અમસ્થી બોલી; તમો શા માટે આમ રંજીદાં થાવો છો?"

"તું જરાજ જાણેચ, મારાં બચ્ચાં, કે હું ગરીબો માટે કેવી ઉંડી અને ગંભીર લાગણી ધરાઉં છું." મીસીસ હરબરટ પોતાની બેટીને હેતથી ગોદમાં દાબી બોલ્યાં: "કારણ કે તમો ધારો છો તેવી કંગાલયત મેં નથી વેઠી, પરંતુ મારી જીંદગીમાં એકવાર તે કંગાલયતની ભયો અને ત્રાસો સમજી શકું તેટલી પુરતી નજદીકી સુધી હું પોંહોંચી હતી."

"તમે, માતા, તમે!" એમ એક પછી એક છોકરૂં બોલી ઉઠયું અને તમામ છોકરાં તેણીની અતરાફ ઘેરાઈ ઉભાં. પાંચ છોકરાં હતાં—વોલેસ, સારો હીમ્મતવાળો સારા મજબુત બાંધાનો સોહામણાં દેખાવનો ૧૮ વરષની વયનો છોકરો હતો; આલીસ તેનાં કરતાં બે વરષ નાંહની; મેરી, બરથા, અને ફ્રાન્ક, ચઢ ઉતરનાં નાંહનાંઓ હતાં; સહુથી નાંહનાંએ આઠ હુનાળા જોયા હતા.

"એમ કેવારે બન્યું હતું, માતાઓમાંની મારી સરસ માતા?" વોલેસે માતાની સોડે બેસતાં સવાલ કીધો. "હમોએ ખાબમાં પણ એવું નહીં ધારયું હતું; એ ગમગીન કાળની સઘળી બીનાં હમોને કહો." "ધીરજ ધરો, છોકરાં; ફ્રાંકને મારા ખોળા ઉપર બેસવા દેવો; બરથા તું હયાં ઉભી રેહ દીકરી." મીસીસ હરબરટે હેતથી પોતાનાં છોકરાંઓને અતરાફ ગોઠવયાં અને ગરવથી પોતાનાં બાળકોનાં ભેગાં મલેલાં ટોલાં ઉપર એક નીઘા કરી બોલવું જારી કીધું.

"તમો સરવ એવાં આતુર અને કાળજી ભરયાં દીસોછો, મારાં વાહલાં બચ્ચાં, કે હું બીહુંછું કે મારી વાતમાં તમોને તેવો રસ નથી મલનાર અને તમો નીરાસ થશો; પણ—ખોદા ના કરેને—જો મારા જેવીજ વીપતીયો તમારે ભાગે પણ પડે તો મારા પોતાના અનુભવનો હેવાળ તે વેળા તમોને કંઇક લાભકારક થઈ પડશે એવી ધારણાથી હું મારૂં વૃતાંત તમોને કહી સંભળાઉંછું, અને માંગી લઉંછું કે ભર વીપતીની મધ્યમાં પણ જે આપણી સંભાળ લીયે છે અને આપણા ઉપર પોતાની રેહમી નજર ઠીચવી રાખેછે તેનું નામ જબાં ઉપર તાજું રાખી સાંભળજો."

"તમારા બાપ અને હું લગણની વેળા બહુ કુમલી વયનાં હતાં. બહુજ નાંહની ઉમ્મરમાં હમો પરણ્યાં હતાં, જેટલી ઉમ્મરમાં કોઇ મારી દીકરી મારૂં ઘર મુકી જાય એમ હું નહીં ચાહું, પણ જુવાન્માં હમેશાં હોંસીલાં હોય છે, અને હમારાં ભવીષ્યમાં હરકત, વીનાનાં નીરમળ સુખ વગર બીજું કાંઈ હોયજ નહીં એવું હમો તેવેળા માનતાં હતાં. હમારાં ભલાં મમાઈ આપણી તરફેણમાં હતાં; તેવણ પોતાનું સુખ યાદ કરી તે દાખલો લાવતાં અને હમારી તેમજ તેવણની કાકલુદીથી તમારા મમાવા એ આપણાં લગન ઉપર રાજી થયા. અમારાં લગનનાં થોડાક માસ આગમચ તમારા બાપનાં વેપારનાં આકાશ ઉપર એક કાલી વાદલી ઘેરાઇ આવી હતી, અને જેવાં અમે પરણી ઠેકાણે પડયાં કે તે વાદલી ટાલવાની તમારા બાવાની સઘળી પ્રયત્નો છતાં એકાએક અમારાં સર પર ફુટી. એવું બન્યું કે થોડાજ દીન આગમચ જે ઘર સાથ તેમને લાગવટ હતી તેનાં શેઠયાઓએ તમારા બાવાને ભાગ્યા કરયા હતા, અને હજાશેએ કાઢેલાં દેવાલાંથી તે ઘરનાં સરવે પાયમાલ થયા—દબાઇ ગયા. આપણું સુખી ઘર આપી દેવું પડયું, અને હું મારાં એક પુરાં બચ્ચાં વોલેસને લઈ મારાં આગળાં ઘર એટલે મારા બાપને ઘર પાછી આવીઃ જયાં મહને પ્રીતી ભરયો અવકાર મલ્યો. તમારા ગરીબ બાપે કેવળ હીમ્મત હારી નહીં કે ચાલાકી ખોઈ નહીં અને મારા બાપે આપેલી થોડીક પુંજી લઈ પાછા મેહનત પર મંડયા. તમારા બાપનાં સગાં વાહલાં બીજાં ઘણાંકો કરતાં હતાં તે મીસાલે અમારાં ઉતાવલાં લગનની બેવકુફીને વખનવા લાગ્યાં, વખોડવા લાગ્યાં અને તમારા બાપને તેવણની આશ્રમ અને કષ્ટ પર એખલા મુકી છાંડયા. મને મારૂં આગલું સુખ કે આરામ ખોયો હોય તેવું કેવળ લાગ્યું નહીંઃ કારણકે, હું જયાં હતી ત્યાં સેજ સુખાકારીની ગેરહાજરી મને માલમ પડતી નહીં હતી, અને ધીરજ જેવી ને તેવી રહી હતી. ઉંચી કીમ્મતનો પોશાક પેહેરવાનો જે મને આસ્રમ પડયો હતો તે ખુશીથી છોડી દીધો, અને સાદાં લુગડાં પેહેરવા માંડયાં. મને નીસ્ચે છે જે હમો બંઘેમાંનાં એકુએ પણ કોઈ દહાડે ખોવાયલી દોલત ઉપર નીસોસ નથી ખેંચી, કે શ્રાપ નથી દાધો. અમારો વખત રોકવા અને અમારાં જીગરની તાજગી જાળવી રાખવા માટે આપણો નાંહનો દીકરો અમારાં પાસામાં હતો, તે વડે, અતરાફનાંઓની મેહેરબાની અને હેત, અને અમારી નાંહની કમાઈ સાથે, હમોએ જીંદગી પાછી નવે-

સરથી માંડી! અફસોસ! મનુષ્યનાં જીગરો તેમની ઉપર ગભડનારા વાદલાંઓ અને થનારાં તોફાન -વઓડાં વીષે કેટલી જરા આગમચેતી ધરાવી શકેછે! મારા પીતા પણ તે ચાલુ કાળનાં ભોગ થઇ પડયા. બીજાંઓ માટે મ્હોટી મ્હોટી રકમની હુંડીયો સ્વીકારી આપી, અને પોતાની દોલતનો એક ભાગ વેપારમાં રોકયો, જે શેવટે નકામો અને નુકસાનકારક જણાયો. તેની નુકસાની અને વીનાશ ભયંકર ફટકો થઇ પડી. તેને હીમ્મત આપી આગળ વધારવા અરથે જીવાની નહીં હતી—પાછો નવેસરથી ધંધો માંડવાને જોર કે કુવત ન હતું, અને તેવણ પોતાની કમનસીબીમાં હારી ખાઇ મરણ પામ્યા. મારી માતા બહુ નાંજુક તબીયતનાં હતાં—ઘણાં દીવસ આગમચનાં બેમાર હતાં, અને હું ઘણાં દીવસ વીતા આગમચ માબાપવીનાંની અને બીજી વારની કાસ-કોડી વીનાંની થઇ ગઈ. ત્યાર પછી આપણે તમારા બપાવાને આસરે પડયાં, પગાર આપી તેમની સાથે રેહવાનો વીચાર કરયો. મારૂં બચગીનું ઘર છોડી પારકાંઓની મધ્યમાં રેહવા જતાં મને કેવું દુઃખ ઉપજ્યું હતું તે હું કદી પણ ભુલી નહીં જઇશ! સરવ કંઇ છોડી જવું પડયું, અને હું એ વીલાપમાં મરી જતે, પણ આ સઘળાં દુઃખ અને સંતાપની મધ્યમાં મારા પ્યારા ભરથારનાં અચળપણાંએ મુજને નીભાવી લીધી. તેવણે મને પેહેલ વેહલ્લો દીલાસો દીધો અને મને પાછી ખુશીથી મુસકેરાતી કીધી. તેવણે સારા વખતની ઉમેદ દીલે ધરીજ રાખી અને એ વઓડાંમાં રેહવા માટે ઘર શોધવામાં અચલતા અને આવેશ સાથ રોકાયા. એ ઘર ઘણુંજ નાહાનું હતું, મારાં વાહલાં! અને માત્ર ત્રણજ ઓરડા ધરાવનાની વડાઇ લેતું હતું. આપણાંથી બની શકયું તેટલું આપણે સીણગારયું, અને જયાં ખાધાની અને લુગડાંની ફીકર ચીંતા લાગી હતી ત્યાં કોણ આરામ અને સગવડને યાદ કરે?—હમોએ યાદ નહીં કીધી. મારી આલીસ પેદા થઇ તેનાં બે માસ આગમચ આપણે એ ઘરમાં ગોઠવાયાં હતાં. મારા વોલેસનાં જન્મ વખતે મારી માતાએ મને કેવી હેત ભરી સગવડ અને નાજુક ચાકવીનાંની ખબરદારીથી ઘેરી હતી, તે મને આ વેળાએ વારંવાર યાદ આવતું! એ વેળા તો મારી નાંનકડીને પેહરાવવામાં લુગડાં વટીક ન હતાં, અને તેથી મારાં જુનાં લુગડાં કાઢી કાપી કુપી સીવી સાંધી આપણાં બાળક માટે તઇયાર કરયાં. ઘણી સોનાઇ અને સફાઇથી સીવ્યાં હતાં, અને બહુ સોહામણાં છે એમ મારાં દીલને મનાવવાની મેં બહુએ યત્ન કીધી, પણ મ્હારી માતાએ વોલેસને પેહરાવેલાં એકુ બે ભારી કીમ્મતનાં ભરેલાં ઝભલાંની બાજુએ આ સાદાં 'કેલીકો'નાં લુગડાં બહુજ ચીથરે હાલ દેખાતાં હતાં.

"તારી મધુર ચશમોએ પેહેલ વેહલું આ જગતનું અજવાળું જોયું, તે વેળા કકડતી ટાઢ પડતી હતી, મારી આલીસ! અને હું તમોને મારી છાતીસે દાબી આંસુ વરસાવવા લાગી, અને ખોદાતાલા તમોને આવી હાલતની મધ્યમાં જીવાડશે કે તેની ફીકરમાં હતી. મારી ચાકરીમાં પગારદાર દાસીને રાખી, પણ દાસી રાખીને ફરાગતી લેવાનો હમારો વખત નહીં હતો તે હું પુરેપુરૂં જાણતી હતીઃ તેથી કામનાં બોજા તલે દબાઇ નાકુવત નહીં થઇ જાઉં તે માટેની મારા વાહલા ભરથારની ચાલુ કાકલુદીયો અને અરજો છતાં, થોડાજ દહાડામાં તેણીને રજા આપી, અને ઘરનાં સઘળાં કાંમ પાછાં હાથમાં લીધાં. હું બીજાં કામકાજોમાં રોકાયલી રેહતી. તે વેળા મારો નાંહનો વોલેસ બુચીને પારણાંમાં સુવાડીને આતશ જાગૃત રાખતો. તમારા બાવા પોતાને ધંધે જવા આગમચ સવારનાં આખાં દીવસનાં વપરાસ માટેનું પાણી અને કોલસા આપીને જતા. અને ઘરનું ઠીક ઠાક કરી બુચીને લુગડાં બદલાવી, જે વેળા તમો બે જણ સાથે હું બેસતી તે, કેવી સુખી રેહતી તેનો ખ્યાલ પણ તમો કદી બાંધી નહીં શકો. રાત પડતાં જમવાનાં ઓરડામાં રોશન આતશ સળગેલો રેહતો, રાતનું ખાણું મારા થાકેલા ભરથાર માટે ટેબલ ઉપર તઇયાર રેહતું, તેમજ તેવણ સારૂ બદલવાનું બદયાન અને સ્લીપરસ તઇયાર રેહતી. એવણ ઘર આવતાંજ હમો એવી ખુશીથી એક બીજાંને ભેટતાં અને એવા હરખ અને આનંદથી એક બીજાં સાથે વાત કરી

બાળકોને રમાડી વખત ગાળતાં કે, હમો આવી દલીદ્ર હાલતમાં છઇએ એમ કોઇ કલ્પે નહીં—કે માને નહીં; કકલાટ અને દુઃખ પોકારવાની મુરખાઇને, અને કકલવાનું અને અસંતોષપણાંનાં ગુનાંહને ખુબ રવેશે પીછાણુતા હોવાથી જયાં લગી આવતી કાલનાં ગુજરાણ માટે પુરતું આપણી પાસ રૈહતું, ત્યાં લગી આપણ ખુશમીજાજી રૈહતાં. દુન્યામાં આપણો મારગ ધુંડી કાઢવાની અને પાછાં આગલ મુજબની સુખાકારી ભોગવતાં થવાની આશાથી કદી નીરાશ નહીં થતાં—અને તમારા બાવા જયારે વોલેસ માટે કે નાંહની આલીસ માટે નાંહની સરખી ભેટ લાવતા ત્યારે આપણી ખુશાલી જોવી જોઇએ! કોઇ વાર નાંહનું સરખું રમકડું લાવતા કે કોઇ વાર નાંહની પ્યાલી લાવતા, જે એક ખુશ સણુગાર થઇ પડતીઃ જેમાં મારા સોહામણાં નાંહનાં બગીચામાંથી ફુલ તોડી લાવી તેમાં ગોઠવતી. કોઇ વાર બુચી માટે લુગડું લાવતા, જેનું સોહામણું ફુરતું આલીસ માટે વેતરવું જેમ મને તેમજ વોલેસને હીત્ત ભર્યું થઇ પડતું. તેણીને પેહરાવ્યા પછી તે બહુ સોહામણી લાગતી અને તે જોઇ હમો હરખ લેતાં."

"મારાં ફુઇઓ કયાં હતાં માયજી?" આલીસ, જેણીની સોહામણી બલુ ચશમો આ વાત સાંભળતાં આંસુથી ભરાઇ આવી હતી, તેણીએ સવાલ કીધો. વોલેસે ગમથી પોતાનાં હાથો વડે પોતાનો મુખડો ઢાંકી સાંભળતો બેઠો હતો. "તે લોક બાવાને મદદ નહીં કરી શકયાં?"

"તેઓ દુન્યાઇ ઓરતો હતી, મારી દીકરી; અને આપણી હાલતનો ફેરફાર આપણી બેવકુફી ભરી સગાઇ-યાને લગન-નું પરીણામ હતું એમ સમજતાં હોય તેવું દીસતું હતું. તેઓ પ્રસંગ પ્રસંગે હમોને જોવા આવતાં, પણ તે લોકની એ મુલાકાતો અને તેમનાં અપમાન ભરયા સવાલોથી હું બહુ ડરતી હતી; મારાં ગરીબ ઘરની ચોમેર તેઓ પોતાની નજર ફેંકતાં, અને હું આવું આરામ ભરયું સોજું અને સ્વચ્છ ઠીરવેસે રાખવી હોઇશ કરી તાજુબ થતાં હતાં. હમો ગરીબી હાલતમાં હતાં તે તેમને પુરતી ખબર હતી, પણ તે મને જણાવતાં ન હતાં; અગરચે ડોરેરીયાએ એક કે બે વાર વોલેસને અને તમારે માટે નાંહની ભેટો મોકલી હતી, તે હું પાછી વારવા ઘણું ચાહતી હતી, પણ તમારા બાપને ખાતર મારે કબુલ રાખવી પડતી. તેઓ તે લોકમાંનાં હતાં, કે જેમને ગરીબાઇ અપમાન તરીકે લાગતી હતી; અને તે લોક તેવી કેળવણીએ ઉછરેલાં હોવાને લીધે, તેઓ આપણાંથી દુર ને દુર રહયાં, તે માટે હું તેમને ઠપકો આપી નહીં શકતી હતી."

"અરે, માયજી! એમ ના બોલો!" આલીસ પોકારી ઉઠી અને માતા ને ભેટી પડી. "તે લોકે આ ગરીબ હાથોને શી રીતે રગડાવા દીધા હશે, અને તે મેહેનત હલકી પાડવાની માંગણી નહીં કીધી હશે?"

"મારાં જીગર! હમો સ્વતંત્ર હતાં તે ઘણું સારૂં હતું; અને આપણે સ્વદેશથી નીકલી આ શેહેરમાં વાસો કરવા આવ્યાં તે માટે હમો બહુ ખુશી થયાં હતા."

"અને શું તેઓએ છેલ્લી સલામ કીધી કે?" તેજ કરોધાયમાન સવાલીએ સવાલ કીધો. "તમારી સહાયે આગલ પડયા વીનાં તમોને જવા દીધાં શું?"

"હમો તેમને મલ્યાં નહીં, મારાં બચ્ચાં—હમો જઇએ કે રહીજીએ તેની તેઓને દરકાર શાની હોય? આપણી હાલત તપાસ્યાથી તેમનાં મનથી ગોયા તેમનું પાણી ઉતરે—નરસું લાગે; અને જે દીને આપણે આપણી આબાદી તેમજ ગરીબાઇનાં દેખાવને છેલ્લી સલામ કીધી તે દીને તેઓ ભપકાદાર 'બૉલ' આપવાની તઇયારીમાં પડયાં હતાં, જે પેપરોમાં છપાયું. આપણે આપણું વતન મેલ્યું તેમાં તેઓ દલગીર નહીં થયાં અને તેઓએ તેમ બતાવવાનાં ઢોંગ પણ નહીં કીધા. આપણે હસી ખુશીથી અતરે આવી પોહોંતા અને સઘળું દુઃખ અને ગમગીની પાછળ મેલી આવ્યાં. તમારા બાવાએ એક ઘણાં માનવંતાં પણ આપણી મુજબજ પડી ભાગેલાં ખાનદાની કુટુંબમાં આપણને રેહવાનો અને ખાનપાનનો બંદોબસ્ત કીધો હતો. હયાં મને કાંઇજ નહીં પણ મારાં બાળકોની સંભાળ લેવાનીજ અગત પ-

હતી, જે બાળકોની હું અપરીમીત હેતાળુ હતીઃ કારણ કે, જયાં એઓ જતાં, ત્યાં લોકો ઉભાં રેહતાં અને સાનંદાશ્ચર્ય વાહાળથી નેહાલતાં હતાં. એમને શોભાઈતાં લુગડાં પેહરાવાની બહુ જીજ્ઞાસા થવા મંડી. કચકંઇ વાર હું મારાં ફાટાં લુગડાં સીવતી, તેમને રફુ કરતી, હેવી મતલબથી કે, એ લુગડાં મને વધુ દીવસ ચાલે કે જેથી વોલેસ કે આલીસ માટે નવું લુગડું ખરીદ કરવાનું બની આવે. શેવટે એક દાસી રાખવા માટે તમારા બાવા બજીદ થયા, અને ફરી એક વાર હું આગમચ મુજબ મારો કાળ ફરાગતીથી ગુજારતી થઈ. પણ મારાં વાહલાં, તે વખતે મને જે એકજ દરદ હતું તે હું તમોને કેહવસ તો તમો હસી કાધશો. તે દરદનું કારણ તમારા બાવાનું જુનું કોટ હતું, જે કેવળ તારેતાર દીસે એવું ઘસાઈ ગયલું હતું, જેને તમારા બાપે હસતાં હસતાં 'સનડેઈ-સુટ' એવું નામ આપ્યું હતું. કેવી મેહનતથી તે કોટને બે વરષ લગી દર સોમવારે બ્રશ કરી, હુશયારીથી ઘડી વાલી, વાસકુટ સાથે વકોરામાં મેલતી હતી તે હું તમોને કહી નથી શકતી; પણ તે હવે હેવું ચીપરેહાલ થઈ ગયલું અને એવું જુનું દીસતું હતું કે જયારે ઉંચાં મેલું ત્યારે ચોધાર આંશુંએ રડયા વીનાં મુકતી નહીં હતી. ઘણી વાર તેની ઉપરનાં ડાઘ ટીટાડવામાં મારાં આંશુએ મદદ કીધી હતી અને ખરતાં આંસુ સાથે તેમાં પડેલાં આંધરાં શોધી કાઢી ફાટા આગમચ રફુ કરતી હતી. તમો સેહલાઈથી એટલું તો કલ્પી શકશો કે હમો કોઈ ખુશી કે રમત ગમતની જગ્યાઓમાં કદી નહીં જતાં હતાં; પણ જયારે તમારા સોહામણાં લાયક બાપને અઠવાડચે એકવાર, એ લેબાસમાં બાહાર નીકળતાં જોતી ત્યારે બીલકુલ ફોક મુકી રડતી હતી, જે રડવાનું તમારા બાવા જોઈ કે સાંભળી નહીં શકે તેની પુરતી ચોકસાઈ રાખતી હતી. પણ ત્યારબાદ હલવે હલવે સુરયનાં કીરણ એક પછી એક ઝપકવા લાગ્યાં અને આપણે આપણું સર ઉપર ઉઠાવ્યું. જે દીને મેં તમારા બાવાને પાછા અસલ મુજબનાં લેબાસમાં જોયા, ત્યારે મેં લગભગ ખુશીની ચીચયારીજ પાડી હતી; અને જેવારે આગળ મુજબ મેં મારી અતરાફ ઝીણી ઝીણી સુખાકારીઓ સાથે પોતાને ફરીથી ઘેર રાખતાં દીઠી, ત્યારે મેં જીગરથી પાક દાદારનો પાડ માન્યો અને શુક્ર કીધા કે તેણે હમોને આ સઘળી વેદનાં વેઠાવી હમોને જીંદગી કેમ ગુજારવી તે શીખવ્યું.

"મારાં નવાં ઘરમાં મારો નાહનો આલફ્રેડ જન્મયો હતો, અને મેં પોતાને સુખીમાં સુખી માતા ગણી. આપણી દોલતમાં કંઈ વધારો નહીં થયો, પણ તેમ આપણી ગરીબાઈમાં પણ હુમેરો નહી થયો. અને એ દહાડા આપણાં ગુજરેલા દહાડા સાથે સરખાવતાં કેવળ એશો આરામ ભરયા લાગ્યા હતા. તમારા બાવા ભોજણની વેળાએ ઘરમાં આવતા ત્યાં લગી ઘરમાં હું એખલી રેહતીઃ કારણ કે, હમોએ કોઈ સાથ મીત્રાચારી બાંધી નહીં હતી, અને એથી હું બહુ ખુશ હતી. મારૂં કુલ સુખ મારાં વાહલાં જીગરોમાંજ સમાવેશ કરવાનું પસંદ કરતી હતી. હું એ સુખ પર બહુજ નભરવસ રહી હતી, મારાં વાહાલાં! તેટલાં એક વરષની મુદ્દત પછી મેં મારા નાંહનકડા બેટાને—મારા 'હુનાંલાનાં બાળક'ને ખોયું! અફસોસ! ત્યારે મને લાગ્યું કે, ખરૂં દુઃખ મેં એ આગમચ વેઠયું હતુંજ નહી. કોઈ નહીં પણ એક માતાજ, જે પોતાનાં ગોહરથી છુટી પડી હોય, તેજ તે દુઃખનું વરણન કરી શકે—"

મીસીસ હરબરટ હયાં વાત કરતાં અટકયાં અને આંખમાંથી આંસુ ટપકવા લાગ્યાં. હમણાં લગી તેમનાં પેહેલ્લાં દુઃખોની હકીકતમાં સ્થીર હતાં, પણ પોતાનાં બાલકની યાદી જોરાવર મનોવીકાર વીનાં તાજી નહીં કરી શકયાં. આલીસે હેતથી માતાનો હાથ પોતાનાં હાથમાં લઈ દાબયા, અને થોડીવાર પછી મીસીસ હરબરટે પાછું બોલવું જારી કીધું.

"ત્યારબાદ અતરાફનાં સુખ અને ફરાગતીને જીગર ખુશ કરનારી વસ્તુ તરીકે ગણી નહીં; અને એ હાલત સાથે સરખાવતાં ગરીબાઈ આશીરવાદ હતી. એમ કેહવાય છે કે, જયારે દુઃખ પડે છે, ત્યારે એકવચું ઓમેદનું

પડેછે; અને તેનો દાખલો અમે ના થઈ પડ્યાં. તમારા ખાવાની તન્દરૂસ્તી કામ-ધંધાની ભારે ધમાલ તલે બીગડી ગઈ, અને કેટલીક મુદ્દત લગી બેમાર પડ્યા. આપણી પાસ જે હતી તે પુંજી માત્ર એક નાંહની રકમ હતી, જે કોઇએક જરૂરીયાત વખત માટે તમારા બાપે એક કોરે મેલી હતી તેજ હતી, અને દહાડે દહાડે એ રકમને ઘટતી જતી મેં જોઇ. અગ-રચે એ વધુ લાંબો વખત નીભે એવી મતલબથી ઘણી હલાકીયો હું ભોગવતી હતી અને તે હું તમારા બાપથી છુપું રાખતી હતી; અને ઘણી વારંવાર વસંત રૂતુની રાતો દીવા વીનાં ચાંદરણીમાં બેસી કાઢતી હતી. તમારા ખાવા સક્કારે બીછાણે જતા, અને તેમ થતાંજ હું દીવા બુજવી નાંખતી હતી. ચંદ્રમાં મારો દીવો થવાને અવારે આકાશ ઉપર ચઢે તે દહાડાઓ ઉપર દીવા સળગાવી બીજા દીન ઉપર મુલતવી રાખેલું કાંઈ સીવવાનું હોય તે પુરૂં કરતી. તમોને રાતનું વાળુ આપતી વેળા હું સુક્કી રોટીજ ખાતી અને ચાહે નહી પીતી કે ખાંડ તેટલી બચે અને વધુ દહાડા ચાલે. જ્યારે તમો ચાહ ને સુક્કી રોટલીને બદલે કંઈ બીજું ખાવાનું માંગો તે વેળા હું અંદર ને અંદર રડું: કારણ કે તે સીવાય બીજું કાંઈ પણ આપવાની આપણી ગુંજાસ નહીં હતી. અને હું મારાં નાંહનાંઓને એ વેળા માત્ર પાસામાં ચાંપી પ્યાર આપતી હતી: જેથી તે લોક બહુજ રાજી થઈ જતાં હતાં. એ સઘળું તમારા બાપથી છુપાવવાની સોથી મ્હોટી કાળજી અને ફીકર હતી; અને ઘણીવાર બીછાણાં પર બેસી તમોને મીઠી વાર્તાઓ કહી સંભળાવવાની કબુલાત આપી-સમજાવી—દીવા સક્કારે બુજાવી દેતી. કેટલી કળાઓ મારે રચવી પડતી હતી? મારી કલ્પણાંઓ નજદીક ખાલી થઈ ગઈ. મારી પાસની વાર્તાઓ પુરી થઈ. મેં કોઈ પાસ થોડા દહાડા પરીયાંની વાર્તાની ચોપડી માંગી લીધી અને તમારા બાપ ઉંઘાય તેટલાં મારી બુચી મેરીને શાંત રાખતી અને વારવા વાંચી મુકતી. તમારા બાપની જાણ વીનાં મેં મારા નોકરને રજા આપી. એક દીવસે તેવણ ગમગીન દેખાવે મુજ તરફ ફરયા. 'આલીસ, મારી વાહલી',—તેવણ બોલ્યા—'તમારા પઇસા તો અત્યારલગી પુરા થયા હશે; જાનેટ (ચાકરડી) ને મારી પાસ તેડો. મારે કાંઇ નહીં તો અજમાયસ કરવી જોઇયે.' 'શાની અજમાયસી, વાહલા આલફ્રેડ?' મેં પુછયું અને તાણી તોડીને લબો ઉપર મુસકેરાટ લઇ આવી. ખરેખર કહું છું, કે, તમે જાણોછો તેવી કંગાલ હાલતમાં હું નથી; હજી થોડા દહાડા ચાલે તેટલાં નાણાં મારા કણે છે. એ વાતની ફીકર દીલમાંથી કાઢી નાખો, અને જાનેટને તેડવાની વાત મુકી દેવો. તમારો 'ટોસ્ટ' જમો, થંડું પડી જાયછે.'

'આલીસ,' તેવણ મને ટીકીને જોતા બોલ્યા. 'તમો મારાથી ખરી વાત સંતાડવાની યત્ન કરોછો; હું જાણુંછું કે તમો સોડે ઘરમાં પઇસા નથી.'

"હું વકોરા આગળ ગઇ અને જે નાના દાખડાને હું તીજોરી કેહતી હતી તે લાવી તેમાંનાં બચાવી રાખેલાં નાણાં દેખડાવ્યાં."

"'પણ તમારે જાનેટને પગાર આપવો જોઇએ, તે કાંઇ મફત ચાકરી નહીં કરે—અને પગાર આપ્યા પછી શું બચવાનું છે?'"

"'જાનેટને પગાર આપી દીધો છે, આલફ્રેડ; તમે થંડા પડો.' ઉપલું હું ધ્રુજતી બોલી કે રખેને એવણ વધુ ઉસકેરાય અને તબીયત બીગાડે."

"'ત્યારે તમોએ કોણ સોડે લીધા?' તવણ પુછયું. "ના, કસાઇ કે ભઠયારો કે નહીં મીણબતીવાળો, હું કરજદાર છું કરી કહી શકશે." એ નાણાં આપણાં પોતીકાજ છે, અને તમો પાછા જોરમંદ થશો ત્યાં લગી એટલા ચાલશે: તેથી પાછા ખુશ મીજાજી થાવો, મારા ભરથાર, અને મને સારા સગણ કેહનારી લક્ષમી તરીકે મને કબુલ કરો."

"'આલીસ, ત્યારે તો તમોએ અને તમારાં બાળકોએ ભુખે મરીને દહાડા કાઢયાછે!' તેવણ એમ બોલી ડુંઠવો મુકી ઘણી વાર લગી રડયા. એ હું સહન કરી નહીં શકી, મેં પગે પડી શાન્ત પડવાની માંગણી કરી. એવણે ફરી

બીજી વાર જાનેટને હાંક મારયો. 'શું કામ છે તેનું?' મેં પુછ્યું. 'હું પ્રેસ્ટનને નોટ લખવા માહું છું,—તે મને ઉછીનાં નાણાં ધીરશે. તમારી પાસ છે તે નાહની રકમ મને ઘણી વાર ટેકો નહીં આપી શકશે. મને લખવા દેવો, આ-લીસ—મારે એમ કરવુંજ પડશે. મારી ચીઠી લઇ આર્ટાસ જવા માટે તઇયાર થવા જાનેટને આજ્ઞા આપો."

"'પુરા થયા કરી હું તમોને કહું ત્યાં લગી દોબો.' એમ કહી એવી આજેજી ભરયા ચેહરા સાથ તેવણુની સોડે બેઠી કે, તેવણુ બોલ્યા કે એ ચેહરાની માંગણીનું ઉપર વારૂં તેવણુથી થવાતું નથી—એ રીતે હું જીતી. હમો ભુખમરો પાલતાં નથી અને એ નાંણાં હજી થોડા દહાડા ટકી જશે, એની જે મેં પ-તીજ કરી આપી, એ પતીજે તમારા બાવાને ગેયા કુવત આપ્યું. ઓ! મારાં વાહલાં જીગરો, તમારા બાવા બાહાર જવા લાયકના સાજા થયા તે દહાડે તમારા બાપને તમે જોયા હતે—કેવી મગરૂરીથી એવણુ આપણાં આંગણાંમાં ઉતરયા અને જાનેટને હાંક મારી તેડવા લાગ્યા, તે તમે જોતે!

"પણુ કોઇ જાનેટ તો આવી નહીં, તેથી મને તસદી આપવા નહીં ચાહી પોતે શં-ધણી લગી ગયા. તે ઘડીએ મારો છુપો ભેદ તેવણુની આંખ આગળ ખુલ્લો થયો અને વારા ફરતી મને ઠપકો પણુ દેતા અને હસતા પણુ."

આ વાત ચાલુ છે તેટલાં પાછળથી મી૦ હરબરટ ઓરડામાં દાખલ થયા. એ બી નાની મીસીસ હરબરટને ખબર નહીં હતી. તે-વણુ હલવે પગલે ભેગાં મલેલાં ગ્રુપની પાછળ આવી ઉભા અને પોતાની જુવાનીની ઉઠલ પાઠલોની ભાગયણુને હેતથી નેહાલવા લાગ્યા. જયારે ઉપલા શબ્દો બોલી મીસીસ હરબરટ ઠોબી ગયાં, ત્યારે તેવણુ આવી તેણીનો હાથ મમતાથી પોતાનાં હાથમાં લઇ સોડે બેઠા.

"તમારાં માએ તમોને સઘળું નથી કહ્યું, મારાં બચ્ચાં," મી૦ હરબરટ આંસુથી ચલકતી ચશ્મોએ બોલ્યા. "જાનેટને રજા આપ્યા પછી એવણુ વારંવાર મને સમજાવવા માટે,' ચાને બરો ભેદ નહીં હતીમું કરી બારણાં આગળ જતાં અને જાનેટને હાંક મારતાં, અને મને જે કંઇ જોઇતું હોય તે જાનેટનાં હાથમાંથી લેતાં હોય તેવા ઢોંગ કરતાં, તે તમોને નથી કહયું. વળી એવણુ સહવારનાં મોઢયામાં ઉઠતાં અને પોતાનાં વાહલાં છોકરાંની મદદથી કોલ-સાનો અને લાકડાંનો ટોપલો બારણાં બાહાર લાવી મેલતાં અને જયારે જાનેટ માટે તે લા-વવા ઘંટ વજાડું ત્યારે તે અનદીઠ ચાકરડી લાવી હોય તેમ બારણાં બાહારથી લાવતાં, એ સઘળું તમો આગલ નથી કહયું. એટલા લાંબા વખત લગી હું ઠગાયા કીધો એ અચરત સ-રખું છે; પણુ મારી માંદગીએ મને બેભાણુ કરયો હતો, અને હું બીહુંછું કે આલીસની પાંતીએ હું એબલપેટો પણુ થયો હતો."

"ચપો, આલફરેડ, ચપો" મીસીસ હર-બરટ હયાં પોતાનાં ભરથારને ચુપ રાખી બોલી. "તમો કદી એબલપેટા કે આપમતલબી નથી થયા."

"અરે વાહાલી! તમો તો હમેશાં એક કૃપાળુ ન્યાયધીશની જગ્યા બજાવોછો, પણુ તમો પ્રીતથી અંજાઇ ગયલાં હોવાં જોઇએ. એવણુ તમોને હજી નથી કહયું, વોલેસ, કે હમો ઉપલી કંગાલ હાલતમાં હતાં તે વેલા તમારા અને આલીસનાં જોડા ખરીદ કરવા અરથે પોતાનાં અલ્પ ભંડોલમાંથી એક પછી એક વીટી વેચી હતી. તમારાં માયનાં હાથમાં લગન-ગાંઠની વીટી સાથે જે બીજી વીટી તમો જુવોછો તે એવણુ વેચી હતી. જે હું સાજો થયા પછી પેહલ્લી રકમ જે એકઠી કરી શકયો તે વતી એ વીટી મેં પાછી ખરીદ કરી હતી. એમ રડો ના, મારાં વાહલાં બચ્ચાં—મારી નેક નાંહની આલીસ તું રડ નાં! મારી વાહલી! જે દીવસો ઉપર આપણાં વચ્ચેની પ્રીતી આવી રીતે કસાઇ—આપણાં જીગરો આવી રીતે ઝું-દાયાં—તે દહાડા વીસરી નહીં જઇશું. આપણુ આભાર સાથે તે દહાડાઓ ભણી ફરી જોઇએ, એવી ખાતર—જમીયત સાથે કે, આપણાં લ-ગન વેળાનાં કોલનાં શબ્દે શબ્દ પુરણુ કરી આપવાની હમને ખોદાતાલાથી પરવાનગી મલી

હતી, અને તે કસોટીમાં અમો સ્નેહ સાથ પાર ઉતરયાં. તમારી માતાએ વ. શી તે હાલત પછી થોડેક વરષે, મારાં વાહાલાં, વધુ લાભકારક સ્થીતીમાં મને અને તમોને નીમવામાં ફતેહમંદ કીધાં. હું દોલતમંદ થતો ગયો, અને ઘણાંક મીત્રો હાથ કીધા, જેઓ હમને જીયાફત આપતાં અને આપણી મીત્રાચારી શોધતાં; પણ તે સઘળામાં આપણને એક ખરો મીત્ર જડયો જે આપણી સોડે મજબુત અને દ્દઢ થઇ ઉભો હતો. તે હજી પણ આપણો પ્યારો અને માનવંતો મેજબાન છે; દર અઠવાડીએ તમો પણ મારાં વાહલાં! અમારી મીસાલેજ તેના આવવાને મુબારકબાદી આપો છો."

"મી૦ એલડન! મી૦ એલડન!" છોકરાંઓ પોકારી ઉઠયાં. "મી૦ એલ્ડન કેની બાવા?"

"હા, મારાં વાહલાં! આજે પણ એ મારા મીત્ર મારી પેલી બેમારીની વેલાએ હમારાથી દુર હતા—ગામમાં નહીં હતા તે વાત દુઃખ વીનાં યાદ નથી કરતા. તેવણ કોઇ જરૂરનાં કામસર મુસાફરી કરતા હતા, અને મારાં કાગલ તેવણને પુગ્યાંજ નહીં. તે વેળાએ આપણને થોડાજ દીવસ આગમચની ઓળખાણ પડી હતી, તોપણ હમો જાણતાં હતાં કે તેવણ હમારા ખરા આશનાં છે—તેવણનો આભાર માથે લેવાને હમોને કગરસ પણ આંચકી કે શરમ નહીં લાગતી હતી. જે વેળા તેવણ આપણને છોડી મુસાફરીએ નીકળયા તે વેળા હમો મધ્યમ હાલતમાં હતાં, અને થોડાંજ અઠવાડયાંમાં પાછા ફરવાની તેવણ ઉમેદ રાખતા હતા; પણ કામે તેવણને ત્યાંજ રોકી રાખ્યા, અને સરવોત્તમ મીત્ર આપણાં ગરીબ નાહનાં ઘરમાં પાછો ફરે તેટલાં તમારાં માત પીતા બહુ કંગાલ દરીદ્ર હાલતે પોંહોતાં. એ મીત્રનું આવવું, કૃપાદત્તનાં આવવા સરીખું થઇ પડયું. તેવણે હમો સાથે પોતાનો વાસો કરયો અને જ્યાંલગી આપણુ ફરી એક વાર આરામ અને ફરાગતીથી રેહવાને શકતીમાન થયાં અને મારી ફતેહ નીશ્ચીત થઇ, ત્યાં લગી પોતાની જમાવત ભરી બક્ષીશ ચાલુ રાખી અને હમોથી જુદા નહીં પડયા; આપણુ તેવણનાં આભારી છઇયે એમ કહી કેહવા કે માનવા દેતા નહીં, પણ મધુરપણે જીદ લેતા કે પોતાનાં ખોરાક અને રેહવાનું ભાડુંજ તેવણ આપે છે. જ્યારે હમોથી એવણ છુટા પડયા ત્યારે હમોને બહુ ગમ લાગ્યો હતો—તે વેળા હજી આપણ દોલતની પાયડીએ નહીં ચઢયાં હતાં. પણ તેવણનાં બેહન અને ભાણેજ બહુ કંગાળ સ્થીતીમાં હતાં: તેથી તે લોકને પોતા સાથ રેહવા માટે તેડાવ્યાં. અને તેમની પાંતીએ પણ એ મીત્ર, એક સરવોત્તકૃષ્ટ રક્ષક તેમજ ઉત્તમ ભાઇ અને મામા નીવડયા. હું ધારૂંછું, આલીસ, કે એ થકી તમો મી૦ એલડનને ઓછો મેહેરબાન નહીં માનશો—એંહ, દીકરી?"

આલીસે પોતાનો મુખડો માતાનાં ખોલામાં સંતાડયો. મી૦ એલડનનો ભાણેજ એ છોડીને તરાહેત તરીકે ન હતો. એનાં ચીન્હો આલીસના માતપીતાએ એ આગમચનાં જોયાં હતાં, જેની પુરતી સાબેતી આ જોઇ તેઓ એક બીજાંને જોઇ મુસકેરાયાં.

"હું ધારતો હતો, મારી વાહલી માતા, કે હમણાં લગી જેટલો હું તમોને માન આપતો અને ચાહતો હતો તેનાં કરતાં વધુ ચાહી નહીં શકીશ." વોલેસ પ્રેમથી પોતાની માતાને ભેટી બોલ્યો—"પણ આજ પછી મારૂં હેત બમણું થશે અને હમારી જીંદગીની મુખ્ય નેમ એજ રેહેશે કે હમો માટે આટલાં સંકટ વેઠી હેતથી ઉધારનાર માતાને યોગ્યનાં નીવડયે."

"એવા ખરા અને લાયક વીચાર માટે તમુંને માન આપુંછું, મારા ગુણવાન બેટા," મી૦ એલડન એવામાં મીત્રભાવથી ઓરડામાં દાખલ થતા બોલ્યા, અને હસ્તલીંગન કરવા કીજે હાથ લંબાવ્યો "મને નીશ્ચે છે," મી૦ એલડને બોલવું જારી કીધું. "કે, સરવ કોઇ મારા મીત્ર મી૦ હરબરટનાં બાનુ અને ફરઝંદો પર મગરૂર રેહવાં જોઇએ."

"અને અમે, મારા વાહલા સાહેબ, તમારી ભલી મીત્રાચારી પર ગુરૂર છઇયે. વોલેસે પ્રતી ઉતર વાલ્યો.

"છટ! છટ! મારાં વાહલાં!" એલડન વચ્ચે ખુશીભરયા મુસકેરાટ અને ઉપકાર જારી

ચશમો સાથે વોલેસને વધુ બોલતાં અટકાવ્યો. "એ તમારાં માત પીતાનું માનતાં ના! માનતા ના! જેટલી વાર બોલેછે તેટલીવાર લંબાવે છે, અને એ કહાણી ફરાથી બોલવાની હું એમને મનાઈ કરૂં છું."

"આહ! પણ તમો હમોને તમારો આભાર માનતાં અટકાવી નહીં શકશો, મી૦ એલડન," નાંહની મેરી પાસામાં ભરાતી બોલી. "તમો કદી તેમ કરી શકવાનાં નથી, સાહેબ." મી૦ હેલડને હેતથી તેણીનું બોલવાનું બંધ કીધું. તેણીને પોતાનાં ખોળામાં લીધી અને પોતાનાં ગજવામાંથી એક કાગજ ખેંચી કાહડી મી૦ હરબરટનાં હાથમાં મેલ્યું. "હજી તમો બાહાર નીકલ્યા નથી, કરી કાલવરટ બોલતો હતો, હરબટ! તેથી ઓફીસમાંથી આવતી વેળા તમારૂં કાગજ લેતો આવ્યો."

તે કાગલ વાંચતાં મી૦ હરબરટનાં ચેહરા પર દેખાઈતો ફેરફાર પ્રગટયો. જેની પાછળ લાગલો મુસકેરાટ લબો પર ફરી વલ્યો. કાગળ પુરૂં કરતાંજ પોતાની બાનુંનું મોંહ જોઈ પેલું પત્ર તેણીની આગળ મેલ્યું.

"આ પત્ર મ્હોટેથી વાંચો, મારી વાહલી! એ આપણ સરવને લગતું વળગતું છે. માંગણી અનુપમ છે, અને મેહેરબાની લગાર ઉચ્ચારથક છે. એ પત્ર, મારી બેહન મીસીસ બલંટથી આવેલું છે."

દરેક સાંભળનારનાં મોંહમાંથી આશ્ચરયનાં સ્વર નીકલ્યા; પણ મીસીસ હરબરટ હરકત વીનાં વાંચી ગયાં.

"પ્યારા ભાઈ—તમારી છેલ્લી ખબર અંતર શાંભળી લગભગ સાત આઠ વરષ થવાં આવેલાં હોવાં જોઈએ, અને આ પત્ર લખતાં મને એવી દેહસ્ત ઉપજે છે કે, જે રેહઠાણ તમો અતરેનાં કરતાં વધુ પસંદ કરયુ હતું તે કદાપી તમો છોડી ગયા હશો અને આ પત્ર હાથ લાગશે નહીં. તે વેળા તમારી હાલત બહુજ કંગાળ હતી અને હમણાં લગી તો તમો કદા બચ્ચરવાળ પણ થયલા હશોઃ તેથી હું તમોને લખુંછું કે તેમનામાંનું એક બચ્ચું મને મોકલી શકાય—મને છોકરી વધુ પસંદ પડશે—અને હું તેને બોલે લઈશઃ ક. હતી, મને છોકરાં નથી અને મારા ભરથાર મી૦ બલંટની ગંજાવર દોલત તેણીને સારી રવેશે ઉધારવા અને ઠેકાણે પાડવામાં ટેકો આપશે. તેણીને જેમ બને તેમ વેહેલ્લી મોકલી દેજો—તમો તેણીને કપડાં લુગડાં કરવાની તજદી લેવાની અગત્ય નથી, તેટલા તમારા ખરચનો બચાવ કરી શકોશ.

"અગરજો તમારી ધનયાણી હજી હયાત હોય તો તેણીને મારી દુવા. આવી સખત મેહેનત ઉઠાવયા પછી ઘણાં ઘરડાં દેખાતાં હશે. તમોને જો દીકરા હશે તો તેમને આગળ પાડવામાં મી૦ બલંટ કગરસકોર મદદ કરી શકશે—મારા ભરથારને ધંધા સંબંધી લાગવગ પણ ઘણો બોહોળો અને ઉંચો છે. તમારી બીજી બેહનો સારી પેઠે છે, અને લાભકારક ઠેકાણે પરણેલાં છે. હું તરતનાં ઉત્તરની ઉમેદમાં છું.

"તમારી પ્યારી બેહન,

"ઓકટેવીયા બલંટ."

ઉપલું ધીક્કાર સાથે વાંચ્યું, જેની ઉપર સરવને ઉપજેલા કરોધનું વરણન નહીં થઈ શકે. અને ભેગી મલેલી આખ્ખી મંડલીએ એનો ઉત્તર વાળવા માટે આલીસને પસંદ કીધીઃ તેથી બીજે દીને સહવારે તેણીએ જવાબ લખી બાપ આગળ મેલ્યો.

"વાહલાં ફુઈજી,—તમો મારા પીતાને છેલ્લા જોવા બાદ, તેવણ ઉપર સખ્ત બેમારીએ અને અણહદ કંગાળીયતે હુમલો કરયો હતો. જગની નારીમાંની ઉત્તકૃષ્ટ નારની સંભાળ, માહાહેજત અને દાનાઈ ભરી કરકસરથી એ ઉપલી બંધે આફતોમાંથી એવણ મોકલા થયા—જે બાનુ આજે સારી તંદરૂસ્તીમાં છે એટલુંજ નહીં પણ, પચીસ વરષની વયની જુવાનીની હાલતમાં છે. તેવણને ખોદાતાલાની રેહેમથી એક મીત્ર પણ જડયા, જેવણે તેમનાં દુઃખી હાલતની વેળા છેવટ લગી મદદ કીધી અને હજી પણ તેવણ અમોને હેતથી વલગી રહયા છે. હું વડી છોકરી છું; એ પછીની ઉતરતી બે છોડીયો, મેરી અને બરથા છે. મારો ભાઈ વોલેસ મારા કરતાં બે વરષ વડા છે અને બીજો ફ્રાંક નામનો સહુથી નાહનો છે. મુજે સુદની

મી૦ અને મીસીસ બ્લંટ આવતાં તેમને મળેલા આદર સતકાર અને આગતા સવાગતાથી તેઓ બહુ હેરત અને ખુશ થયાં. એ ફરબરટોએ કંઈ તેમની ચાપલુસી ભરી ચાકરી નહીં કીધી—તેમ કરવા માટે તેઓ બહુ સીધ્ધાં લોક હતાં, પણ તેઓએ પેહેલ્લાંથી છેવટની ઘડી લગી બલંટો ભણી નરમી અને સભ્યતા ભરી વરતણુક રાખી હતી. મીસીસ બ્લંટ પોતાનાં ભાઈનાં બાયડી છોકરાંથી બહું મઘન થઈ. અને જયારે બે વરષ પછી આલીસનાં લગન થયાં ત્યારે ફુઈની તરફથી લગનની ભેટ તરીકે તે પરણતી કન્યાને એક સોહામણી રૂપાંની સીરોઈ મલીઃ જેમાં મી૦ બ્લંટે જુવાન મીસીસ એલડનને ઘર માંડવા કાજે બીલોરી થોડો સામાન પોતા તરફથી ઉમેરયો. કારણકે હવે આલીસ મીસીસ એલડન થઈ. ઘરડા એલડનના ભાણેજ જેને પોતાનો બેટો કરી લીધો હતો તેની સાથ તેણી પરણી હતી.

આલીસે પોતાને મળેલી ભપકાદાર ભેટો જોઈ સરદ દમ ખેંચ્યો, અને જે વેળા એમાંની અરધી કીમ્મત જેટલા નાણાં પોતાની ગરીબ માતાને દોલત થઈ પડતે, દરીદ્રતા કપાતે, તે દહાડો યાદ કરવા લાગી! અને પોતાની નમ્ર નાજુક ચસ્મોમાં આંસુ લાવી પોતાની માતાને બાઝી પડી. "વાહલી માતા! જેમને એ દોલતની જરૂર નથી તેને રેલ છેલ મલે છે. આજે મારા કાકાસસરા મી૦ એલડને મારે નામે— મારા એડવરડને આપેછે તે જુદું— વરષ દાહડે ત્રણ હજારનું વરસાણ નેમી આપ્યુંછે. દર વરષે એમાંનું અરધું પરોપકારી કામ માટે ખીસાડી મેલવાનું મેં નક્કી કરયુંછે; અને હમો બંધે સાથે મલી ગરીબો અને અનાથોને ચુંટી કાઢી તેમને મદદ કરીશું. મારી સરવોતકૃષ્ટ માતા! નેકીમાં હું તમારી બરોબર ઉતરી નહીં શકીશ, પણ ખોદાતાલાથી ઉતરેલી બક્ષેશ કમારગે નહીં ખોવાની બનતાં લગી યત્ન કરીશ, અને ખોદાથી જયની આશા બાંધીશ!" "ખોદા આમીન કરે, મારી વાહાલી." માતા બોલી.

સમાપ્ત.

'એમની કોલમ'નો ભેદ.

અગયારમી જુનનાં 'સ્ટેનડરડ' પેપરમાં નીચલી જાહેર ખબર જોતાં મેં પેહેલ્લાં તો કાંઈ દરકાર કીધી નહીં. દર વરષે એવી જાહેર ખબરો હજારો નજરે પડેછેઃ તેથી એ જાહેર ખબર પણ કેવળ બેપરવાઈ સાથે વાંચતે, પણ તેમાં આપેલાં બે નામો જે બંધે કીસચ્યન હતાં, તે મારો એક અસલી અને જીવલગ મીત્ર અને તેની બાયડીનાં હતાં. તેઓ કાંઇ ઘરડાં નહીં હતાં. એઓ બંધે જુવાનીનાં ખીલતા બાહારમાં હતાં, અને તેમજ હું પણ હતો. 'મારક' એ નામ પણ ઇગ્રેજોમાં સાધારણ અને બાયડીનું નામ 'મીની' એ પણ સાધારણ નામ હતું. અને નીયુઝમાં 'મારક' 'મીની'ને ઘર પાછી આવવાની વીનતી કરેછે, એવી કબુલાત સાથે કે, સઘળું માફ કરી ભુલી જવામાં આવશે. ઉપલા શબ્દો વાંચતાં મને કાંઇ અલોકીક જેવું નહી લાગ્યું. મારૂં નામ પણ 'મારકસ' હતું, એ ઉપરથી 'મારક' નામે મારૂં લક્ષ ખેચ્યું હતું.

વળી બીજી વાર પણ એજ જાહેર ખબર મારા વાંચવામાં આવતાંજ હું મનસે મુસકેરાયો. એમાં કાંઈ રમુજ જેવું તો હતુંજ નહીં. પણ હું, એક મારકને અને એક મીનીને પીછાણતો હતો, જે જોડું મારી નજરમાં તો આખાં ઇંગલંડમાં ખરૂં પ્રીતીવાળું જોડું હતું. તેઓ આજ ત્રણ વરષ આગમચનાં પરણેલાં હતાં અને એક માસ આગમચજ એઓ સંગાત બે દહાડા ગુજારી આવ્યો હતો, અને તે વેળા એ જોડું પુર સંપીલાં રાજમાં હતું. હું એ 'ફ્રેનચરચો' (ઉપનામ.) ની વારંવાર મોલાકાત લઈ નહીં શકતો હતો. તેઓ 'રીજનત્સ પારક'ની પડોસમાં રેહતાં હતાં, અને હું, સીટ હામમાં; મારક ફ્રેનચર ટગ ભુમી—ચીત્ર પાડનાર હતો, અને સારી સુખાકારી ભરી અવસ્થામાં હતો. હું તે વેળા 'ઇસ્ટ એન્ડ'નાં દવાનાં કારખાનાંમાં એક મદદનીશ રસાયણશાસ્ત્રીની ચાકરી પર હતો. અમારાં રેહઠાણો વચ્ચેનો તફાવત ફ્રેનચરચોને વારંવાર મલવા ભેટવાથી મને અટકાવતો હતો; ત્રણ માસે એકવાર મલતાં હતાં.

કાગળો લખવા ઉપરના આપણાં બંધેના ધીક્કારને લીધે ટપાલનું આપણાં ઘરમાં વરષમાં ચાર કરતાં વધુ વાર કામ નહીં પડતું હતું. એક માસ આગમચ, એ જોડાં સાથ બે દીન ગુજારી પાછો ફરતાંજ મેં એક પત્ર લખ્યો હતો. તે વેળા મેહ માસ અરધો પુરો થયો હતો, અને આજે જુન માસ અરધો પુરો થયો છે, અને હવે આગસ્ટ માસ અરધો વીતે અથવા પુરો થવા આવે ત્યાં લગી કાગજ ફરીથી લખવાનો સંભવ નહીં હતો. તે લોક કદી 'સ્રીટ હોમ' ભણી આવતાં નહીં હતાં. હુંજ તેમને ઘેર જતો હતો.

'સ્ટેનડરડ'ના 'એગની કોલમ'માં ઉપલી જાહેર ખબર ત્રીજી વારનો દેખાવ દેતાંજ, એ મારા જુના મીત્ર ફ્રેનચરચ સાથે એમ નમ્ર પણ લગરીક ગરીષ્ટ ઉપહાસ કરવો કરી વીચાર કીધો. મારે હયાં કબુલ કરવું જોઇએ કે એથી મારા મીત્ર મારકસના કરતાં તેની પ્રતી પાત્ર ધણીયાણીને રમુજ આપવાનો વીચાર આવ્યો હતો. ફ્રેનચરચ જ્યાર ત્યાર ટોલ મજાક કરવાની મારી યત્નોને સારા ખુશ સ્વભાવના તીરસ્કાર સાથ વરતતા હતા પણ એ મીત્રની બાયડી એ મારી યત્નો ભણી વધુ અપેક્ષવાળા સ્વભાવ સાથ રેહતી, અને આ મારાં કામથી તેણીને રમુજ મલશે એ ખ્યાલ મને ઘણો સંતોષ આપતો. મેં પેલી જાહેર ખબર કાપી કહાડી અને એક નોટ-પેપરની અધવચ્ચે ગુંદરથી વળગાવી. અને એ પછી મેં નીચલા વાકયો લખી કહાડયા.

મારા પ્યારા ફ્રેનચરચ,—આજ સહવારનાં 'સ્ટેનડરડ'માં તમારી તરફથી મીસીસ ફ્રેનચરને લખેલું જાહેરનામું વાંચતા જેવી મને ઓચંબા સાથની નાખુશી પેદા થઇ તેવી કદી મારા જન્મમાં નથી થઇ. મારી પોતાની ચશમોની શાહેદી વીનાં કોઇ બીજી ચીજ મને ખાતરજમા નહીં કરી શકતે કે એવો દુઃખદાયક બનાવ તમારામાં બની શકયો. આ નીચલી લાઇનો પેપરમાંથી કાપી કહાડી તમોને ખોલાસા માટે બીડી છે.—

"એનરબ મીની, જે ગેલ્લા શુક્રરવારને "દીને ઘર છોડી ચાલી ગઇછે, તે એકદમ "પાછી ફરશે તો મારક સઘળું ક્ષમા કરશે."

હું કોઇ પણ તમોને કામ લાગી શકું તેમ છે શું? એ સંતાઇ જનારને શોધી કાઢવાને કોઇ જોઇતું હોય તો તમો મારી સેવા માન્ય કરશો? ગમે એમ હોય પણ એના જવાબમાં મને ચાર લીટી લખજો. જો તમો ચાહશો તો હું આવી તમારી નીરાધારીભરયા એકાંતવાસમાં તમો સાથ તેટલા દહાડા રહીશ.

હું છું,
તમારો સદાનો દુવાગો
'મારકસ ફ્રેલ.'

કાગલ લખી બીડતાં બીજે દીને સહવારે એ મારા મીત્રને નાસતાની ટેબલ ઉપર એ કાગલ પોંહોંચશે, અને પોતે વાંચી અનાદર ખડખડાટ સાથે પોતાની મોજીલી ખુશ મીજાજની મોહરદાર ભણી ફેંકશે, એ ખ્યાલે મને ખુબ હસાવ્યો. મારા તુરંગી કલ્પણામાં તેણીનાં ચેહરા ઉપર બેમેની ફરી વળતી જોતો હતો, અને પેલી છાપેલી કાપલી આવી પોંહોંચશે ત્યાં લગી એ બેચેની રફતે રફતે ભયનાં હદ લગી આવી પોંહોંચશે; એ પછીનો ગુઢતાનો ચેહરો, અને શેવટે, હું જે તેણીની શોધમાં નીકલી, શોધી કાઢી તેણીનાં ત્યાગ કીધેલા ભરથાર અને તજી ગીયેલાં ઘેરે પાછી લાવી આપવાની મેં જે એ કાગલમાં દરખાસ્ત કરી હતી, તે વાંચતાં તેણીનાં ચેહરા ઉપર કેવો મુસકેરાટ ફરી વળશે, એ સઘળું કલ્પી હું રમુજ મેલવવા લાગો.

ફરેનચરચ મારી મસકેરીમાં દીલોજાનથી ભાગ લેશે અને રમુજ પત્ર કે પછી તેઓનું પત્ર ટપાલમાં ખોવાયું હશે હેવા ખ્યાલથી હું પોતાને શાંત કરવા લાગ્યો. પણ મારો અનુભવ એ ખોલાસાની વીરૂધ્ધ હતો. કદી કોઇ પણ દીને મારૂં કોઇ કાગલ આજ લગી ખોવાયું નહીં હતું. વળી બે દીન લગી વધુ વાટ જોતાં મને 'સ્ટરીટ હામ'માં કાગલ નહીં પોંહોંતું, ત્યારે વળી મને એવો વીચાર આવવા લાગો કે, કદાચ એ લોક પોતાને રેહઠાંણે નહીં હશે, કોઇ મીત્રને ત્યાં મઝા કરવા ગયાં હશે કે કદાચ એઓએ કોઇક અપુરવ બનાવથી મારૂં સરનામું કારખાનાનું કીધું હશે. બીજે દીને સહવારે પણ

'સ્ટરીટ હામ'થી કાંઇ ખબર આવી નહીં, કે કારખાનાંમાં પણ કાંઇ કાગલ આવેલું નહીં. એ રવેરો છ દહાડા પસાર થયા, અને ફેનચરચે તો કસ્સી પોતાની નીશાન આપી નહીં. એમ કંઇ બને નહીં. એવા કોઇ બેવકુફી-ભરયા ઓચીંતા બનાવ, કે કંઇ સમજ-ફેરવી વીયોગ થવા દેવા માટે હમો કંઇ આજ કાલના મીતરો નહીં હતાઃ બહુ જુના અને દઢ થયલા હતા. બીજા દીનની સહવાર પણ એવીજ કોરી ગયાથી મને ચટાપટી થવા લાગી. પેલી જાહેર-ખબર તો એક અઠવાડયાંથી ઉપર થયું ન્યુ-સમાં ચાલ્યાજ કરતી હતી. મેં મારૂં કામ છોડી દીધું અને રીજેન્ટ પારક તરફ હું ચાલ્યો. ગાડી તે તરફ હંકારતાં અગરચે જુન માસનો ઘેરાટ વીનાનો પ્રકાશીત દીવસ હતો છતાં મને બેચેની માલમ પડી, અને જેમ જેમ મારી ધારેલી જગ્યાએ આવતો ગયો તેમ તેમ મારી બેચેની વધતી ગઇ. મારાં કાગલનો કસ્સો ઉત્તર નહીં; એ સાથ નીયુસમાં છપાયેલાં નામો મારા મીતરોના નામો સાથનું મલતાવડું, એ હવે દેહસ્ત ભરયું દેખાવા લાગું. કદાચ ફેનચરચો લનડનની ગરમીની રૂતુમાં નહી રહી શકયાથી એકુ અઠવાડયું હવા ફેરફાર માટે કેયે બીજે ઠેકાણે ગયાં હોય. હું છેલ્લી વાર તમને મલ્યો તે વેળા તો તેઓ કેહતાં હતાં જે આગસ્ટ લગી કેયે જવા આવવાનો વીચાર નથી, અને આગસ્ટમાં એક માસ સ્વીટઝરલેન્ડ જઇ આવનાર છે. વળી એ પણ મને નીસ્ચે હતું જે, જો બંઘેમાનું એકુ પણ બેમાર હોય તો મને લખી જણાવ્યા વીના રેહ નહીં.

ઉન્હાલાના સુરજ પ્રકાશમાં મારૂં મન બહુ ઉદાસી થવા લાગ્યું. એઓને અગરચે ઓળખાણ પીછાણતો બોહલી હતી તોપણ એમને બહુ જુજબી મીતરો હતા અને સગાં તો કેવળ નહીં હતાંઃ તેથી એઓ મારાં મનમાં અધીક હીસ્તથી ઘેરાયલાં હતાં. તેઓ બંઘે યારકશાયરથી આવેલાં હતાં અને યોરક ગામથી ચાર માઇલ આઘે યારકવરથનાં ગાંમડામાં એમનો જન્મ થયલો હતો. મારકે મને વારંવાર કહેલું હતું કે એકુ પણ સગાંને ઓળખતો ન હતો, અને એમ પણ હું હમેશાં સાંભળતો આવ્યો છું કે તેવણની ધણીયાણીનાં નજદીકનાં સગામાં માત્ર એક ઘરડી કુઇ હતાં જેવણ યોટવરથમાં વસતાં હતાં. અને મીસીસ ફેનચરચ કદી પણ તે ઘરડાંની વાત મયા કે લાગણીથી નહીં કરતાં હતાં. હું જાણતો હતો કે એ લોક પરણી આવ્યા પછી એઓમાંનું એકુ પણ તે ગામડે નહીં ગયું હતું. મુખ્ય કરીને મારક પોતાની મોહોરદારની કુઇ તરફ બહુ અભાવ રાખતો હતો. હમેશાં જ્યારે પણ તેણીને લગતી જે વાત કરે તે અતી ધીક્કાર સાથ કરતો. તે કુઇ એક નીશાળ ભણાવતી હતી, જેમાં મારકની બાયડી મદદ આપતી હતી. એનાં વીષે વાત કરતાં મારકે એક દીને મને કહયું હતું કે, એ ડોસીએ મારી પ્યારી છોડીને (એટલે તેવણની બાયડીને) બહુ ઇજા દેતી અને ભુખે મારતી હતી. અને મારી બાયડી તરફની તેણીની વરતણુક માટે જો તેણીને ફાંસીએ ચઢાવવામાં આવે તોજ ખુશીથી તેણીને ચેહરો જોઉં. નહીંતર કદી તેનું મોહ જોવા હું રાજી નહીં થાઉં.

એ સઘલાં ઉપરથી મને ખચ્ચીત હતું જે, એઓ તે કુઇને ત્યાં તો નહીંજ ગયલાં. ત્યારે મારા કાગલનો ઉત્તર કેમ નહીં વલ્યો? જો ફેનચરચે ઉત્તાર નહી વાલયો તો તેવણની બાયડીએ શા માટે નહીં વાલ્યો? એવાજ વીચારમાં મારૂં મન ગુંતાયલું હતું. જેવી મારી ગાડી 'શરીયુસ બેરી ટેરેસ'માં વલી કે મે એક લાંબા કદનાં પતલા જુવાન માણશને હલવે હલવે અને ચીંતન કરતો ત્રીજા નંબરનાં ઘરના પગઠીયાં ઉપર ચઢતો દીઠો. એ કોઇજ નહીં પણ મારા આશાનાં ફેનચરચ હતા, જેવણ પોતાનાંજ ઘરની સીહડી ઉપર ચઢતા હતા. જેવી મારી ગાડી ઠોબી અને હું કુદી પડયો તેવુંજ ફેનચરચે પાછળ ફરી જોયું. આટલા વખત લગીમાં તો કોઇ પણ પ્રકારનાં માઠા સમાચાર સાંભળવા પડશે કરી હું તઇયાર તો થઇ રહેલો હતો, પણ મારા મીત્રે આપ્યો તેવો અરીષ્ટ અને સંતાપ ભરયો દેખાવ જોવાની તો કેવળ આશા રાખેલી નહીં હતી. એ અસલથીજ બહુ સારા દેખાવનો, ભુરા વાળનો અને ગોલાબી ચામડીનો સોહામણો પુરૂષ હતો. હમણા જોતાં ગળાઇ ગયલો અને જરદ

મારી ગયલો થયો હતો. બાલ બંધાઈ ગયલા, કોટ ડાઘયાં સાથનો બ્રશ કરયા વીનાનો, બટન નહીં પોયલાં, પાટલુન ડાઘા ડાઘાનું અને તેનાં બુટ પાલીશ નહીં કીધેલાં તો નહીં પણ ધુળથી રંગબેરંગ અને મેલાં થઇ ગયલાં, એવા અવતારમાં મારો મીત્ર હતો.

મને પીછાણતાંજ તે ચમકયો, અને તરત રસ્તા ઉપર આણી ગમ પેલી ગમ જોવા લાગ્યો, જાણે નાહસી જવાની તક મલે તો તે નાહસી જવાને તઈયાર હોય; પણ તેવણ મારાથી બચી શકયા નહીં. પોતાની પાઘડી કપાળ ઉપર તાંણી બારણાં આગલનાં પરસાળનાં થાંબલા ઉપર હાથની કોણી ટેકવી ઉભા રહયા.

હું ઉતાવળે સીહડી ઉપર ચઢયો અને ખામોશીથી તેવણ સાથે મેં હસ્તલીંગન કરયા.

'હું તમોને જોવા—મલવા નહીં ઇચ્છતો હતો, મારકસ. કોઇ પણ માગ ઓળખાણવાળાંઓને જોવા નથી ચાહતો. પણ જ્યારે તમો હયાં લગી આવ્યાછો ત્યારે તો અંદર આવો.'

પોતે તાળુ ઊંઘાડી બારણું ઊંઘાડયું, અને આપણે બંધે હોલમાં દાખલ થયા. એ દીવાનખાનું જે સરવકાળ મનુષ્યના હાથ જેટલું સોજ્જુું રાખી શકે તેટલું સોજ્જું, સફાઈદાર અને શોભાયમાન રેહતું હતું તે આજે ધુલથી ભરાયલું જોવામાં આવ્યું. ટેબલ અને ખુરસી ઉપર ધુલના ઢગલા વરેલા હતા. છતરીઓ અને લાકડીઓ હયાં ત્યાં ખુણે ખંટોલે પડેલી હતી. ન્યુસો અને કાગલ્યાંનાં ઢગલા ભોંય ઉપર વીખરાઈ પડેલા હતા. માછલી પકડવાની જાલ બધી તરફથી તુટી ગયલી મારા પગ તલે ચંપાઇ. એ રવેશે સરવ કંઇ બેડોલ અને વેરવાન પડેલું હતું.

'ચાલો, આપણે સ્ટડીયોમાં જઇએ; હયાં કોઇ નથી.' મારો મીત્ર બોલ્યો અને પાઘડી ઉતારયા વીના મને સાથે લઇને ચાલ્યો.

ખામોશીમાં, પ્રકાર પ્રકારની દેહસ્તોથી કચવાયલો, આગલાં અને પાછલાં બંધે દીવાનખાનાં પસાર કરી, સ્ટડીયો, જે ઘેરથી અલગ મેદાનમાં ઉભેલું હતું તેમાં હું દાખલ થયો. આવી દુઃખદાયક હાલતમાં પડેલી સરવ કાંઇ, બીજો શું ખોલાસો આપી શકે? પણ તેજ કે ખરેખરજ મીસીસ ફેનચરચ પોતાના ભરથાર સાથે રીસાઇ ચાલી ગઇછે અને તેણી કયાં છે તેની મારકને ખબર નથી!

સ્ટડીયો પણ તેવીજ હાલતમાં પડેલું હતું. ફુલદાનીઓમાં ફુલ ગોઠવાયલાંજ હતાં; પણ સઘળાં સુકાઈ ગયલાં હતાં, અને સઘલા ગોટા કરમાઇ ખરી ગયલા હતા, અને પાંદડાં ખરેલાં જેમનાં તેમ પડેલાં હતાં. મારક આવતાંજ એક મ્હોટી ખુરસી ઉપર અફલાઇ પડયો, અને હું તેની સામેનાજ એક કોચ ઉપર બેઠો. મારક કાંઇ પણ બોલવા આગમચ કેટલીક વાર લગી ખાંસી ખંખારીને ગળું મોકળું કરવા લાગ્યો, પછી બીડી પીવાની નલી કાહડી તેમાં તંબાકુ ધ્રુજતે હાથે ભરયો અને સળગાવ્યા વીના લબોમાં પકડી પીવા લાગ્યો. ઘણી વાર લગી જોરથી ખેંચવા પછી, ચમક સાથે પોતાની ભુલ જોઇ, મારા ભણી ફરી પુછયું 'તમારી પાસ સલી છે? તે કયાં હશે અને કયાંથી લાઉં, તે મને સુઝતું નથી. મારી બાયડી મને છોડી જતી રહી અને મેં—નોકરોને કાહડી મેલ્યાં.'

હવે મારી જીભ ઉપડી. 'આ લેવો સલી. તમારાં બાયડી તમોને છોડીને ચાલી ગયાં? મારકો બહુ નરસું થયું. તમે કહોછો તે ખરૂં છેકે તે પુછવાની હું અગત્ય નથી જોતો.'

'નહીં,' તેવણે ઉત્તર વાલ્યો. 'હું ખરેખરૂં કહુંછુ કે નહીં તે પુછવાની અગત નથી. હું મસકરી કરૂં તેવી હાલતમાં નથી દીસતો. ખરૂં કેની?'

હું મનસે અફસોસ કરી કેહવા લાગ્યો કે, મેં પેલાં કાગલમાં કરેલી મસકેરી એ મારા મીત્રને કેવી લાગી હશે!

'નહીં, તમો તેવી હાલતમાં દીસતા નથી!'-હું બોલ્યો.—'પણ મારક? તમો સલી ઉલટી અણીથી ઘસોછો તેથી સળગતી નથી, બાઇ.'

'આહ! તેમ છે ખરૂં. હવે અણુક વસ્તુ ઉલટીજ પકડું છું.' એમ બોલતાં બીડી સલગાવી પાછો અઢલી પડયો અને બીડી પીવા

લાગ્યો. જાણે બીડી પીવાથી કંટાલી ગયો હોય તેમ આંખો ચીમડાતી ગઈ, અને વાત પોતે થઈ નહીં છેડવાનો ઠરાવ કરયો હોય એવું દીસતું.

મેં બ્રાકેટની ઉપર નજર કીધી: જેની ઉપર ઘડયાલ ઉભું હતું. સાત ને દસ મીનીટે બંધ પડેલું હતું. આ જોરાવર માણસના માહ દુઃખી દેખાવ જોઈ હું ભયભીત થયો. મારાં મસકેરીનાં પત્ર વીષે તીવ્ર ખેદમાં ભુંજાતો બેઠો. જો એવું કાગલ લખવાની બેવકુફીભરી લાલચમાં હું નહીં સપડાતે કેવું સારૂં! મને આજે પશ્ચાતાપ થતે નહીં. આ વખતમાં તે કાગલની યાદીથી ઉપજતા સંતાપમાં શું-તાઈ રેહવું, એ જેવું આપસ્વારથી કામ દુ-ન્યામાં બીજું કોઈ ન હશે. મેં જબરીથી એ વીચાર મારા મનમાંથી હાંકી કાહડયો અને આખ્ખું ચીત આ સામે બેઠેલા દુઃખી મા-ણશ ઉપર ગોઠવ્યું. આ ખામોશી બહુ ભારી પડવા લાગી-એ ભાંજવીતો જોઈએ. મને એવી આગમચેતી થતી હતી કે, બોલવું પાછું જારી કરતાં મારો અવાજ બોખરો અને ધ્રુજતો નીકલશે.

'કયારે એમ બન્યું, મારક?' મેં પુછયું. 'આજે બરોબર પંદર દીન થયા, અને એવણ ગયાંછે તે દીનથી તેણી તરફથી એક શબ્દ પણ સાંભલ્યો નથી.' 'એ બાબદ વીષે કોઈ આગળ તમો કંઈ બોલ્યા હતા?' 'નહીં; એકુ પણ જીવજંત પાસે મેં મારો લબ બોલ્યો નથી. શીવાય તમો ઘર લગી આવ્યામાં ત-મોને કહયું.'

'મારક,' હું ગંભીરપણે બોલ્યો—'આ-પણ એક બીજાંને એટલી તો સારી રવેશે પીછાણુયે છઈયે કે, આપણાંમાંનું કોઈમાં પણ સમજ-ફેર પડનાર નથી અને તેમાંથી કુસંપ ઉઠવાનો સંભવ નથી.

તમો મને પીછાણોછો કે હું કેવળ જી-જ્ઞાસુ કે ખનખોદ કરનાર નથી. મારી સાથ ખોલાસેથી વાત કરો. મને સઘળું કહો; તમારૂં દીલ ખુલ્લું કરોઃ કારણ, મારક તમે જાણોછો કે તમારે વાસતે—કે તેણીને વાસતે મારો જીવ હું આપું તેવું મારૂં દીલ તમો બંધે ઉપર છે.'

હું ચુપ બેઠો; તેવણે મોંહમાંથી ચીરૂટ કાઢી ફેંકી દીધી. ત્યાર પછી વાંકા વળી પો-તાનું માથું બંધે હાથ ઉપર ટેકી થોડી વાર ડુલતો બેસી, પછી બોલ્યાઃ—

'અમો વચ્ચે કાંઈ ટંટો—તકરાર ઉઠી. તેવણે કોઈક કામ કરવાનો ઠરાવ કીધો. મેં મના કીધી. તેવણ બોલ્યાં કે, મારી મરજી હો યા ના હોવો પણ તેવણ તો એ કામ કર-વાનાજ. એ ઉપરથી હું બોલ્યો કે, જો તેવણ તેમ કરશે તો આપણ વચ્ચે સ્નેહ નહીં રે-હશે. એટલાં ઉપરથી તેવણ ચાલી ગયાં, અને પાછાં ફરયાં નહી. એટલુંજ.'

ઉપલું બોલી ટટાર થઈ બેઠા અને મારૂં મોંહ ટીકવા લાગ્યા. એ વેળા વીચીત્ર અને બ્રાંતીભરયો મુસકેરાટ તેવણનાં લબો ઉપર ઠરી રહયો હતો.

'તમો જે એમ બોલ્યા કે, ફરીથી આપ-ણામાં સ્નેહ નહીં રેહશે; તે અમસ્યું બોલ્યા હતાની?'

'તે વેળા તો હું ખરાંજ દીલથી બોલ્યો હતો; મેં મારો મીજાજ ખોયો હતો. એક કલા-કમાં મારૂં દીલ ફેરવાઈ ગયું, પણ તેટલાં તો એવણ ચાલી ગયલાં હતાં.'

'કયાં? તેવણ કયાં ગયાં?' 'યાટવરથે; તેવણની કુઈને ત્યાં.' 'તેવણ પાધરાં ત્યાંજ સીધારયાં?'

'તેમજ હું ધારૂં છું—માનું છું.' 'તેવણે શું કરવા કહયું, જે માટે તમો બોલ્યા કે તમો અને તેવણ વચ્ચે બીગાડ થશે?'

'પંદર દહાડા ઉપર એક તાર તેવણને આવ્યો, જેમાં એવી ખબર 'હતી કે તેવણનાં કુઈ બહુ બેમાર છે. એવણે તરત ઉપડવાનું નક્કી કરયું અને મેં ના કહયું. એજ હમો વચ્ચેની ખટપટ.' 'તમોએ એવું કંઈ કહયું હતું કે જો તેવણ જાય તો પાછાં આવે નહીં?'

'નહીં; મેં ફકત આટલુંજ કહયું કે, હમારી વચ્ચેનો સ્નેહ તુટશે.' 'બેશક એ ઉપ-રથી તેવણ એમજ ધારયું કે, પાછાં ઘર આવશે તો તેવણને સ્નેહ પુરવક આવકાર નહીં મલશે.'

'મારા શબ્દો કેવળ અયોગ્ય અને સખત હતા. હું ક્રોધમાં આવી ગયો હતો પણ એવા શબ્દો લોકો વારંવાર વાપરેછે—અઠવાડયે એકવાર કે વરષે એકવાર પણ વાપરે છે; ગોસ્સાનાં ઝોમમાં બોલેછે, પણ તેઓની મતલબ ખરેખર તેવી હોતી નથી. તમો જાણોછો કે તેવણની કુઈ તેવણને કેવી તીરસ્કાર ઉપજાવનારી રીતે વરતતાં હતાં—તેણીને ભુખે મારી, લુટી, મારા અને તેણીની વચ્ચે બનતી ખરાબી કરી ચુકયાં હતાં.'

ઉપલું બોલી મારા મીત્ર પાછા અઢેલી બેઠા અને હાય અફસોસ કરવા માંડી. એના જવાબમાં 'હું જાણુંછું.' એટલુંજ બોલી શકયો.

મને ખુલ્લી સમજ કેવળ નહીં પડતી હતી. મારૂં ધકધ્યાન ગુચવણમાં પડયું હતું. કંઈ સંદેહ નહીં કે, મારી ચટપટી અને મનસંતાપ મારી સમજને નડતલ થઈ પડી હતી, યાને મારા વીચારને ગુંચવી નાંખ્યા હતા. જયારે મારક પોતાની બાયડી કયાં છે તે જાણતો હતો ત્યારે પેપરોમાં જાહેર છપાવયાનાં કરતાં પાધરૂં તેણીને કાગલજ કાંય નહીં લખ્યું? એ વીચાર મારાં મનને ધભરાવવા લાગ્યો.

"હજી તેવણ યાટવરયમાંજ છે, મારક?' મેં પુછયું. 'હા.' મારી ઓલખાણમાંનાં એક સરસ પુરૂષને અને તેવીજ સરસ સદગુણી નારને આવી દુરાગ્રહી મુરખાઈમાં દુઃખી રેહવા દેવાં, એ માત્ર ગુનાહ ભરયું હતું. પેલા ધીક્કાર યોગ્ય કાગલમાં ખુશ મસકેરી તરીકે તે તકસીરવાર ધણયાણીની શોધમાં નીકળવાની મેં માંગણી કરી હતી અને મદદ આપવા તઇયાર થયો હતો. પણ હવે મને લાગ્યું કે જો મારા મીત્રને પોતાની ધણયાણીની સોડે જઈ તેણીને પટાવી પોતાને ઘર પાછી લઇ આવવામાં તેવણના મુરખાઈભરયા ગરૂર વીચારો બાજ રાખતા હોય તો, મને એવી કોઇ ગરૂરી નથી, અને ગમે તે મને એવણ સમજે તોપણ હું બચ્ચીત એ યત્ન કરીશ, અને તેવણને પાછાં ઘર લાવીશ. પણ એમ કરવા આગમચ એ બનાવ સંબંધી કાંઈ વધુ સમજ—વધુ ખોલાસો મેલવવો જોઈએ. એવો ઠરાવ કરી મેં નીચલો સવાલ પુછયો:—

'તેવણ ઘરથી ગયા બાદ તમોએ તેવણને કાંઈ કાગલ પત્ર લખ્યું હતું.' તેવણ જરા બેચેન જેવા થોડી પળ બેસી રહયા. પછી—'જરા ઠોબો;' તેવણ બોલ્યા. 'એ કેસ જેવો મારી સનમુખ છે તેવોજ ખોલાસેવાર તમો સામે મેલું. સઘળું ખુલ્લું કરવાનો ઠરાવ મેં નહીં કરયો હતો, પણ જયારે એકવાર મારા લબ મેં ખોલ્યા ત્યારે તો સઘળું ખુલ્લું કહું તો સારૂં. તેવણ ઘરથી બાહાર નીકલતી વેળા પોતે પાધરાં યાટવરથજ જાય છે કરી ખુલ્લું નહીં બોલ્યાં હતાં, પણ પોતા સાથે પોતાની તરંક પેક કરી લઈ ગયાં. મને ખાતરી હતી કે, તેવણ કુઈને ઘર જાય છે અને અગરચે તેટલા વખતમાં મારો મીજાજ જરા રતી થંડો પડી ગયો હતો, તોપણ હું પાછો ઘેર નહીં આવ્યો, તેથી મેં તેવણને ઉપડતાં દીઠાં નહીં હતાં. મેં વીચારયું કે, એક બે દહાડા પછી કાગલ લખીશ અને કહીશ કે, હું અવીચારી અને ઉતાવલો બન્યો હતો, અને જે મેં કહયું તે ખરાં દીલથી નહીં કહયું હતું.'

'તમોએ તેમ લખ્યું?'

'હા, તેજ દીને મેં એક શાન્તી ભરયો રૂકકો લખ્યોઃ જેમાં મેં કહયું કે, હમારા વચ્ચે ટંટો થયો તેથી હું બહુ દલગીર છું. અને અગરચે હું હજીબી તેવણની દ્રઢતા નાપસંદ કરૂંછું, અને તેવણનું કુઈ આગળ રેહવાનું નાપસંદ કરૂંછું તોપણ હું તેણીને માફ કરવાને અને પાછો મલી જવાને તઇયાર છું.' 'અને તમોને તેનો જવાબ મલ્યો?' 'તે હયાં છે.' મારકે પોતાનાં ખીસામાંથી એક ચીમડાયલો ટેલીગ્રામ કાઢી મને આપ્યો. મેં તે ગોઠવયો અને નીચલા શબ્દો મુશકેલે વાંચયા. 'આજે બનેલા બનાવ પછી પાછી કદી તમોને મલી શકીશ નહીં, કે પાછી લન્ડન પણ આવી શકીશ નહીં.' તે લખનારનું અને જેણે લખ્યું તેનાં નામોનાં પેહેલ્લાજ અક્ષરો હતા—આખ્ખું

નામ નહીં આપ્યું હતું. તે ઉપરથી મેં કહ્યું, 'ફકત નામનાં પેહલ્લા અક્ષરોજ છે, તમે કેમ જાણ્યું કે તેવણેજ એ લખ્યોછે?' 'મેં ફરીથી બીજી વાર લખ્યું; મેં ટેલીગ્રામ પણ બીડયો. મેં પુછયું કે તેવણનુંજ લખેલું છે કે તેવણનાં કુઈ ટેરેસાનું કારસ્તાન છે. હવે એજ ટેલીગ્રામ તમો ફેરવો, તેવણે આપેલો ઉત્તર તમો જોશો! "મેં મસકેરીમાં નથી લખ્યું. એ મારોજ ટેલીગ્રામ છે. મેહેરબાની કરી પાછળ લાગી સતાવણી કરવાનું છોડો." એટલુંજ હતું.

'સતાવણી શું હતી?' મેં પુછયું.—

'માત્ર એટલુંજ કે, ટેલીગ્રામ ના કબુલ કરે. જોયું, કંઇ ઉમેદ જેવું નથીઃ તેથી મેં સઘળા નોકરોને તેજ ઘડી રજા આપી અને તે દહાડાથી એખલો તીનહાર રહુ છું. કદી એવી વીક્રાલ સંગતમાં રહયો નહીં હોઇશ. મારકસ હું ઘેલો થઈ જાઇશ.' એમ બોલતાં ખુરસી ઉપરથી ઉઠયા અને દુઃખ ભરયે ચેહરે ઓરડામાં આમતેમ ફરવા માંડયું.

મને લાગ્યું કે હમણાજ વખત છે. મારાં કાગલની યાદીજ માત્ર ધીક્કાર ઉપજાવનારી હતી; તોપણ જો હું કોઇ પણ રીતે ઉપયોગી થઇ પડવાની આશા બાંધું તો મારે તે કાગજની વાત છેડવી જોઇએ.

'હું જાણું છું, માર—' હું બોલ્યો 'મેં તમોને જે કાગલ લખ્યું તેનાં કરતાં કોઇ બીજું કામ બેઅકલી ભરયું નહીં હશે, પણ હયાં એવું બન્યુંછે, કરી લેશભાર મને સંસય ન હતો. જો મને લેશભાર પણ શક હતે તો આવું અસ્ભય, ધાતકી અને કરૂર કામ કરવાનાં કરતાં મારો હાથ કાપી નાખતે.'

'એ તમો શા વીષે બોલોછો?' મારક પસાળ કરતાં મારી સનમુખ ઠોબી બોલ્યા. 'મેં જે પાંચ-છ-દીવસ ઉપર તમોને કાગલ લખ્યું હતું તેના વીષે બોલુંછું.'

'ઓ! થોડાક દહાડા ઉપર તમોએ લખેલું કાગલ; મેં દીઠું ખરૂં, પણ ઉખેડયું નથી.' એમ બોલી પાછા પસાલ કરવા મંડી ગયા.

'ખોદાના સુક!' હું અનીવારનય આવેશ સાથ પોકારી ઉઠયો. 'નહીં.'—મારા મીત્રે મારા પોકાર ઉપર લક્ષ આપ્યા વીના પોતાનું બોલવું જારી કીધું. 'જે દહાડાથી તેણીએ મને ટેલીગ્રામ પાછો મોકલ્યો તે દહાડાથી મેં કોઇ કાગલ-પત્ર ઉખેડયાં નથી. મેં તમારૂં કાગલ જોયું ખરૂં. તમારૂં કાગલ પણ વાંચી નહીં શકયો. જ્યારે મને ટેલીગ્રામ પાછો આવ્યો ત્યારે હું ધારૂં છું કે, હું ઘેલો થઇ ગયો હતો— એ થોડા કાળ લગી તો હું તેવીજ સ્થીતીમાં હતો. જે વસ્તુ ઉપર મારો હાથ પડતો તે વસ્તુ ફેંકી દેતો. તમારૂં તેમજ બીજાં ડઝનેક કાગલ હોલમાં ભોંય ઉપર પડેલાં છે. કંઇ તેમાં અગત જેવું કંઇ હતું કે મારકસ?'

'નહી;' મેં ઉત્તર વાલ્યો. 'તે કાગલ બેવકુફી ભરયું હતું અને તે હું પાછો લઇશ, અથવા ફાડી નાખીશ. હું દીલોજાનથી ખુશી છું કે, તમોએ તે ઉખેડયું નહીં. તમારા દુઃખના કાલમાં જો તમે તે વાચ્યું હતે તો હું મને પોતાને કદી ક્ષમા નહીં કરી શકતે. તમો મને ફાડી ખાનાર જાનવરોમાંનો અત્તી કૂર અને ધાતકી જાનવર ગણતે.'

'કાંય! એવો દઇતરૂપી વીચાર શાથી મારા મનમાં ઉતરતે?' હું જોઉં છું કે તમો એ વાત કાંઇ મશ્કેરીમાં નથી બોલતા, પણ તમારા શ્બદો અલવકીક દીસે છે. હું હમણા તે કાગલ લાવી જોઉં છું.' એમ બોલી બારણાં ભણી જતાં હતા.

'નહીં—નહીં; તમારે એવું કાંઇ કરવું નહીં. હું હજી ગુંચવણમાં છેઉં. મને સમજ નથી પડતી કે તમો પેહેલ્લેથીજ મીસીસ ફ્રેનચરચ કયાં છે તે જાણતા હોવા છતાં તમોએ 'એગની કોલમમાં' જાહેર ખબર શા માટે છપાવી. એ ખબર સાથ તમોને કસ્સી પણ લાગવટ નથી, એમ ધારી મેં તે કાગલ લખ્યું હતું.'

'એગની કોલમમાં! કીયાં પેપરનાં?' તેવણે પુછયું.

'મેં "સ્ટેનડરડ"માં વાંચ્યું હતું.' મેં ઉત્તર દીધો.

'શું હતું?' 'આ શબ્દો હતાઃ—

"અગરજો મીની, જે ગયા શુક્રવારે

ઘર છોડી ચાલી ગઇ છે તે, જો પાછી ફરશે તો મારક સઘળું ક્ષમા કરશે."

એ સાંભળતાંજ મારા મીત્રે અજાયબી અને ક્રોધ ભરી ચીસ પાડી. પાછા ઉપલા શબ્દો મેં કહી બતલાવ્યા.

'કીયા દોસ્તે એ કરમ કીધું? કીયા નાસ્તીકે મારા દુઃખની કહાણી છપાવી? કીયા દગલબાજે મારા ભીત્તરનો ભેદ વેચ્યો?'

થોડી વાર લગી એક ઘેલા પુરૂષ પેઠે ક્રોધાયમાન થયા, અને આકળ વીકળ કરવા લાગ્યા. તેવણને નરમ પાડવાની મેં કસદ નહીં કીધી. હું પોતેજ ભારી ઉસકેરાટમાં ઘેરાયલો હતો. અગરચે એવણ સ્પષ્ટ શબ્દોમાં બોલ્યાં નહીં, પરંતુ ખુલ્લું જણાઇ આવતું હતું કે એ કામ એવણે કરયું ન હતું.

એવણ શાન્ત પડયા કેડે મેં સમજ પાડી એ છાપેલા વીના હું બીજી કસ્સી રીતે વાકેફ થયો નથી. તેવણે સોગંદ લીધા કે તેવણની ધણયાણી રીસાઇ ચાલી ગયાં તે બાબદ મારા વતરોગે કોઇ સોડે પણ મોંહ ખોલ્યું ન હતું, સીવાય તેણીએ પોતેજ કોઇને કહ્યું હોય. ઇંગલંડ જતાં કોઇ એવું વીશ્વાસુ મલે એવું નહીં હતું. એ ઉપરાંત વળી કદાચ તેવણે તેમ કરયું હોય, તોપણ આ પેપરમાં આમ છપાવવાની શી મતલબ? એઓ વચ્ચેની થયલી તકરારમાંનો એકુ શબ્દ પણ નોકરોનાં સાંભળવામાં નહીં આવ્યો હતો; અને મારકે તેમને સારી ભલાઇથી રજા આપી હતી. મહીનો પુરો નહીં થયો હતો છતાં મુસારો આખ્ખા માસનો ચુકવી આપ્યો હતો; અને તેમને રજા આપવાનું કારણ એવું આપ્યું હતું કે, મીસીસ ફેનચરચનાં કુઇની બેમારીને લીધે તેવણને યારકશાયરમાંજ રેહવાની જરૂર પડીછે, અને પોતાનો પણ લન્ડનથી ચાલી જવાનો વીચાર છે: જેથી પાછું ફરવાનું નક્કી નથી. કીનો તો ખ્યાલેથી આઘે હતો. મારકને નીસ્ચે હતું કે જગમાં તેને કોઇ કોઇ સાથ પણ વીયોગ કે બેદીલી નહીં હતી. અને લુચ્ચામાં લુચ્ચો અને હડહડતો કીનાખોર એવી હલકી અને પાપી રીતે ખરી ગરીબાઇ ઉપર એ રવેશે હુમલો કરી શકે. એ એક માત્ર સમ્મતી હોવી જોઇએ! કંઇજ નહીં પણ તે! એ વીચારની સુચવણી પછી મારો મીત્ર થંડો પડી ગયો.

'શું!' તે આવેશથી બોલવા લાગ્યોઃ— 'શું! એ રવેશે મારી પ્યારી બાયડીનું નામ બદનામ કરૂં! કાંય, જો એવા પાપી કરમ કરનાર હતે તો, મેં જેટલું આટલા દીવસમાં ભોગવ્યું છે તે કરતાં બમણું ભોગવવાને સજાવાર હતે! જેઓએ એ જોયું—વાંચ્યું હશે તેઓએ શું વીચારયું હશે? ડાઇવોરસ-કોરટમાં છુટા છેડા કરવાની નીશાણ છે! ઓ ખોદા! મારી ગરીબડી!'

એ વેળા એકાએક મારાં ભેજાંમાં ચમકાટ સાથે એક વીચાર દાખલ થયો. ખુશીના પોકાર સાથ હું કુદકો મારી ઉઠયો, અને મારકનો હાથ એકદમ આવેશથી ઝાલ્યો. 'મને સમજ પડી! મને સમજ પડી! એ ભરમની કીલી મને પાઇ; એ ભેદની નીશાણ મને મલી!' હું પોકારી ઉઠયો.

'પણ મોંહથી ભસોની, શું? તમારાથી બોલાતું નથી કે?'

'તેણીએ એ દીઠું!' 'કોણ? કોણે? શું જોયું?'

'તમારાં ધણયાણીએ એ ખબર પેપરમાં વાંચી, અને સમજયાંછે કે એ તમોએ છપાવેલી છે.'

જાણે બંદુકની ગોળી વાગી હોય તેમ પછાટ ખાઇ મારક ભીંત ઉપર પડયોઃ 'માનીએ એ ખબર વાંચી અને સમજેછે કે મેં છપાવીછે; મેં એ પેપરમાં દાખલ કરાવયું!

'જુવો, આજથી પંદર દીવસ ઉપર તેવણ ઘરથી ગયા. બીજેજ દીને એ પેપરમાં નોંધાયું. એક અઠવાડયાં કરતાં પણ વધુ દીવસ લગી નીત્ય એ ખબર પેપરમાં છપાયા કીધી. તેવણ વાંચેછે અને તમારૂં તેમજ તેવણનું જન્મ-નામ, પેપરમાં આપેલાં નામો સાથે મલતાં, વળી વાર તારીખ અને તફસીલ સઘળી મલતી હોવાને લીધે શું વીચારે? પણ એમજ કે, તે તમોએ એવણ વીષે છપાવીછે. તમારૂં કાગલ જઇને પોહોંચે તેટલાં તો તેવ-

ણનું જીગર વીંધાઇ ગયેલું, કે તમોએ તેણીને તારીખ નામ સઘળું આપી જાહેરમાં ખુલ્લી પાડી. એ ઉપરથી તેવણે કુદરતીજ સાર કાઢયો જે, તમોને કાંઇ તેવણની ઝાઝી દરકાર નથી. અને તેવણનાં ઓળખીતાંઓનાં વાંચવામાં તે ખબર આવી હશે એમજ જાણી તેવણ લન્ડન પાછાં આવવા ના પાડે છે. તમારા ધીક્કારની આંગળી તેવણ પોતા ભણી તાંકેલી જોય છે, અને દુન્યાનાં લોકને તેમ જોતાં પોતાની કલ્પણાંમાં જુએ છે. હવે તમે ખુલ્લું નહી જોતા?'

એક ઊંડા શોકના અવાજ સાથે મારા મીત્ર ભીંત આગળથી ખીસી જઇ ખુરસી ઉપર બેઠા. 'અરે મારી વાહલી!' નીસોસ મેલી તેવણ બોલ્યા.

'ઘણી સ્ત્રીઓ એવા દુઃખ અને એવા અવમાનથી જીવની ખોવારી કરે.' હું બોલ્યો.

'મુગા રહો મારકસ! ખોદા ખાતર ચપો!' એમ કહી બંધે હાથે પોતાનું માથું પકડયું.

'ઘણી સ્ત્રીઓ અપધાત કરતી!' મારા મીત્રની સુદ્ધ ઠેકાણે લાવવા અરથે બોલવું જારી રાખ્યું. તેવણે પોતાની ડોક ઉંચી કરી તસતસતી ચશમોએ મને જોવા લાગ્યા.

"ના બોલો, ચુપ રહો મારા મીત્ર; અક્કલ ગુમ થાયછે."

"રખે તેવણ મરી પણ ગયાં હોય, મારકસ." રોખસારા ઉજલા પુણી સરીખા થઇ ગયા. હાપ પડી ગયા અને ખેંચાતે આવાજે બોલ્યા.

"કોણ મરી ગયાં હોય કરી કહોછો, મારકસ?" "તમારી મીની. હું ધારૂં છું કે તમારે એકદમ યાટવરથ જવું જોઇએ."

"હું જાઉં છું, હમણાંજ." "ખરાખર છે; પણ તમો જવા આગમચ તમારા ઓરડામાં જઇ લુગડાં બદલશોની?" હું બોલ્યો.

"અરે નહી—" એવણે ઉત્તર દીધો— "હું ઠીકજ છું, મારકસ. એક મેહેરબાની મુજ પર કરશો?"

"ખચ્ચીત." "જ્યાં લગી હું—જ્યાં લગી હમો પાછાં આવ્યે ત્યાં લગી તમે હયાંજ રહજો. માત્ર આ જગ્યાને તેવણને આવતાંજ મુબારકબાદી આપતા એક ચેહરા સાથનુ ઘર કરવા માટે." "હું હયાં રહીશ, મારકસ." મેં જવાબ દીધો.

"અને—અને જો કંઇ તેવણને, નામનાં પત્ર આવે તે હાલની મોટી ટેબલ ઉપર મેલજો—નહીં, અમારા સુવાના ઓરડામાં મુકજો; તમો તે ઓરડો જાણોછોની?" મારૂં હઇયું ભરાઇ આવ્યું અને કસ્સું બોલી શકયો નહીં-"તેવણ આવતાંને વાર માળા ઉપર જશે, અને ત્યાં વાંચશે, અને હું હયાં તમારી સોડે બીડી પીવા આવીશ—હમો બંધે બીડી પીશું. શું રડોછો! હું ચાલ્યો. સાહેબ મેહેરબાન મારકસ."

બીજે દીને સહાંજે અમો બંધે મીત્રો એજ ઓરડામાં તંબાકુ પીવા ભેગા મલ્યા હતા. "તમો મુસાફરીથી થાકી ગયા છો?" મેં પુછયું. "નહી; પણ મીની લગાર થાકીછે એવું ધારૂં છું. જરા વારમાં એવણ હેઠલ આવી હયાં આપણ બંધેને ચાહે પાસે કરી મને કહયું છે. તમો સોડે દીવાસલીની દાબડી છે કે" એટલામાં બારણું ઝડકથી ઉંઘડયું, અને એક નાજુક રૂપાલો હસમુખો ચેહરો હમો વચ્ચે આવ્યો હતો.

ખુન કરનાર કોણ?

પ્રકરણ ૧લું.

એલ્મ-ટ્રી-કોટેજ.

ડીસેમ્બર માસની એક સ્વસ્થ શીતળ રાતના તારાઓ ઝલકાટ સાથ ચમકેછે, અને સરવ ઠેકાણે હીમ ઠીચી ગયલો હોવાથી, ત્યાંનાં ઘરો અને ભીંતોના પાછલા ભાગ ઉપર ઉભેલાં દરખ્તોનાં કાલાં થડો અને ડાંખલાં બહુ સ્પષ્ટ રીતે નજરે પડેછે. શેરીમાં કે રસ્તામાં કસ્સો સાદ કે અવાજ સંભળાતો નથી, શીવાય કે ખુશી અને મઝાની શોધમાં નીકલેલાંઓના અવાજ રાત્રીની ચુપકીદી ભાંજતાં અને પછી ફરશબંદીનાં લીસા પથ્થરાઓ ઉપરથી હળવે એક પછી એક અવાજ મરણ પામતો, અને તે સ્થળ પાછી શાન્ત અને ખામોશી ભરી

કરતો. ઘરોની હાર ને હાર, કબરોની હાર પેઠે ઉભી છેઃ જેમાં, માત્ર મુવેલાંજ વસતાં હોય તેમ બારીઓ ઉપર દીવાઓ પણ નથી દેખાતા. કોઈ કોઈ વાર પવનનો સખત ઝપાટો શેરીને ખુણેથી ફુંકતો આવી દરખ્તોનાં પાંદડાં વીનાનાં શાખા અને ડહાલીઓને ધુજવે છે, અને કઠોર સાદે એકેક સાથે ઘસેછે. વળી કોઈ વાર એકુ રખડતી બીલાડી પાસેનાં આંગણાં કે વાડામાં આશ્રય શોધવા જતી, તેનો કાલો ઓળો સફેદ રસ્તાઓ ઉપરથી ઝડફ સાથ પસાર થતો.

લન્ડનનાં જે ભાગનું આ આપણે વરણન આપ્યે છઈયે, તે 'ઓલ્ડ બ્રૉમપટન'ના અતી મનોહર ભાગ ઉપર આવેલો છે. અરવાચીન કાળનાં સુધારાઓએ આગળી ઘણી ખરી બાંધણીઓ તોડી પાડી નવી ઉભી કરી હતી; છતાં, હજી અસલી ઉંચી ભીંતોથી ઘેરાએલી થોડીક બાંધણીઓ ઉભી હતી, જે ભીંતોની અંદર અસલનાં સંખ્યાબંધ ઝાડો જોવામાં આવતાં હતાં.

ગરમ લુગડાંમાં લપેટાયલો એક જુવાન્યો એ રસ્તે કોઈ નાટકનો રાગ સીપટીમાં કાઢતો ઉતાવળે પગળે આવ્યો, અને શેરીનું ખુણું વળતાં, એક બીજો પુરૂષ, જે ઘણીજ ઉતાવલમાં દીસ્તો હતો તે, સામેથી આવતાં, જોશથી પેહેલ્લા આવનાર સાથે અથડાયો; એવા જોરથી કે, પેહેલ્લાને ટમ્મર ખાતો રસતાની બીજી બાજુએ ફેંકયો. એ અથડનાર પોતે પણ ભીંત સાથ અથડાયો, અને તે આંચકા સાથેજ માંથા ઉપરની પાઘડી ઉડી ફરશબંદી ઉપર પડી, અને એમ થતાં તે આંખવાળો અને સોહામણી આકૃતીવાલ ચેહરાનો જણાયો. જેનો સારો દેખાવ તેનાં કપાળ ઉપર ડાબી બાજુએ પડેલાં ચાઢાંથી લગાર બીગડયો હતો. કંઈ બબડી, વાંકો વલી, પોતાની પાઘડી ઉંચકી પાછી માંથે ગોઠવી, અને માફીનો એકુ શબ્દ પણ ઓચરયા વીના આગળીજ ઝડફે ચાલી ગયો.

"કોઈ અસભ્ય જંગલી! લગભગ મને બીજી શેરીએ ફેંકી દીધો, અને માફીનો એકુ શબ્દ ઓચરવા જેટલી લાયકી તો મલે નહીં! ચેહરો પણ ખરેખર કોઈ બારવટીયાનાંજ સરીખો! જો એમ લોકોને તોડી પાડી ચાલી જવાની એની આદત હોય તો, તેનાં કપાળ ઉપરનાં ઘસાથી હું અજબ નહીં થાઉં; એવા માર પડે અને ઘસા પડે, એમાં નવાઈ કાંઈજ નહીં. ખેર! મારૂં ભાંગી ભુકો થયલું શરીર અને હાંણી પોંહચાડેલી મોહટાઈને પાછી આખ્ખી કરી શાન્ત કરવા માટે મારે એક ચીરૂટ સલગાવવો જોઈએ. પણ આ પવનમાં હું અગ્નીને કેમ સળગાવીશ, તે હું જાણતો નથી. પણ ચાલો! જરા આગલ ચાલ્યે, અને કોઈ ઓથાની જગ્યાની શોધ કરયે, જ્યાં હું પોતાને ચીરૂટની મઝાહને અરપણ કરૂં."

જે ઓથાવાળી જગ્યાની ગરજ હતી, તે જગ્યા મલી આવતાં કંઈ ઝાઝો વીલંબ લાગ્યો નહીં. એક ઉંચી લાંબી ને લાંબી ભીંત સોડેથી એ ચાલતો હતો, જેના શીખર ઉપરથી, અંદરનાં ઉન્નત દરખ્તોની ઉપલી ડાલી ઝોલા ખાતી હતી; એ ભીંતનો દેખાવ ખુલ્લી રીતે દેખડાવી આપતો હતો કે, એ પેલાં અસલી ઘણાંક નાના સરખાં એકાંત સ્થલો, જેમાં દેશની સગવડો સાથ શેહરની ગમતોની મેળવણી હોતી, તેમાંનું એક સ્થળ છે. એકાએક તે પુરૂષની નજર ફરશબંદી ઉપર પડેલી એક ચલકતી વસ્તુ ઉપર પડીઃ વાંકો વલી તે વસ્તુ તેણે ઉપાડી લીધી.

"દેવી તો મારી ઉપર પ્રસન્ન થયલાં છે!" તે મનસે બોલ્યોઃ "કાંકે હયાં તો ચીરૂટ સળગાવવાની સલીની ડાબડી છે. ગીલીટની?" તે વધુ ચોકસાઈથી તપાસ્તો બોલ્યો. "નહીં, સોનાંની; જો એ સોનાંની નહીં હોય તો ચારલસ આરચેસ્ટર મારૂં નામ નહીં. 'મોનો ગ્રામ' પણ છે, અને 'કરેસ્ટ' બી! એ શું હશે વારૂં?—ઓહ! શાહમૃગ, કે શકરો, કે બાજ કે કંઈ એવું છે ખરૂં; 'મોટો' તો Celer et audeux—અને મોનોગ્રામ તો ઉકલાવવું અઘરૂં લાગેછે. જોઈએ, પી૦, છે? નહીં એ અક્ષર તો ન હોય—હા, ખરેખર—પી૦ એલ૦ સી૦ છે. ઠીક છે, મીસ્તર પી૦ એલ૦ સી૦! હું ઉછીકું રાખવાનું માન્ય કરૂં છું. અને, મીસ્તર ચારલસ આરચેસ્ટર; ઠેકાણું 'વેર-આઈસ' ઈત્યાદી, એવે સરનામે કાલે પુછપરછ ચલાવજે

અને મારા કબુથી લેજો; અને મારી મેહનતનાં અવેજમાં મને જરા કંઇ બી૦ એસ૦ આપવાની તજદી લેજોજી ભરેલી પણ છે: અને ક્રુર પવનનાં તોફાન છતાં પણ ચીરૂટ સળગાવી શકું તેવી જગ્યા પણ મલી આવી."

ખરેખર! જોઇતી જગ્યા મલી આવી. જે સ્થળ ઉપરથી ઉપલા પુરૂષે પેલી દાબડી ઉપાડી લીધી હતી, ત્યાંજ થોડાજ ગજ વેગળે, રંગબેરંગ થઇ ગયલી ભીંતમાં ઉંડું દટાયલું બારણું હતું; એક ઉજલી ઝાડી તે બારણાંને લાગેલી હતી, જે ઉપર, ભીંત ઉપરથી ઝુલાતી ડહાલીઓ પોતાનો હાલતો અમાનુસ્ય ઓળો નાખતી હતી.

"એજ જગ્યા," આરચેસ્ટર પગથ્યાં ઉપર ચઢતો ચઢતો બબડયો, અને બનતાં લગી પોતાનું મોહ બારણાંની અડોઅડ લઇ જઇ ચીરૂટ સળગાવવાની તઇયારી કરવા લાગ્યો. જેવું તેણે એ કામ કે શરૂ કીધું કે પવન, જે હળવે હળવે ઉઠતો હતો તે, મોટા ઘુંઘવાટ સાથ ફુંકયો અને જોશ ભરયા સપાટા સાથ આખી શેરીએ ફરી વલ્યો. ફાંણુસના દીવા ઝંપવા લાગ્યા, ઝાડોની ડહાલીઓ તેના જોર તળે નમતાં વીળાપ કરવા અને કણવા લાગી, અને તે સાથેજ પેલાં બારણાંની પછવાડેથી પણ, ઝાડોને અને ઘરની ભીંતોને પણ, એ ઝપાટાનો પુરતો હીસ્સો મલ્યો હોય તેમ ખખડાટ આરચેસ્ટરે સાંભળ્યો. ચારલસ આરચેસ્ટરે પોતાની પાઘડી ધરી લીધી, જે એનાં માંથા ઉપરથી લગભગ ઉડી ગઇ હતી, અને તેનો ડગલો પવનના જોરથી ફડફડ થઇ દીલ સાથ વીંટલાતો હતો. તે સઘળું ઠીકઠાક કરવા જતાં, ફરશબંદી ઉપરથી મલેલી પેલી કાંડી સલગાવવાની પેટી હાથમાંથી સીડી ઉપર પડી ગઇ. ગુસ્સાનાં ઉદ્ગાર સાથે ટોપી પાછી ચાંપીને માથાં ઉપર ગોઠવી,—'કોટ'ને પાછાં બટન દીધાં, અને પડી ગયલી દીવાસળીઓ ઉંચકીને પોતાનો ચીરૂટ સળગાવવાની પાછી યત્ન કરવા તે વાંકો વળ્યો. તેમ કરતાંજ પગથ્યાં આગળની કોઇ એવી વસ્તુ ઉપર તેની નજર પડી કે, તે અજાયબી અને ભયના પોકાર સાથ પાછળ હઠયો. એક નાનું ખબોચ્યું હતું, જેમાં ઝીણું ઝરણુ હળવેથી બારણાંની તલેથી આવતું હતું, જેનો રંગ ખુલ્લી રીતે આરચેસ્ટરને જણાવી આપતો કે તે, લોહી હતું.

પ્રકરણ ૨ જું.

પેલાં બારણાં બાહારનું.

થોડીક પળ લગી આરચેસ્ટર થીજી જઇ ઉભો રહી ગયો, અને શું કરવું તે કેવળ તેને સુઝયું નહીં. તેના પગ આગળનું ખબોચ્યું હળવે હળવે મોટું થતું ચાલ્યું. એ વેળા પવન બંધ થઇ ગયો હતો, અને આરચેસ્ટરની ઉસ્કેરાયલી કલ્પણામાં, તે બારણાંની પાછળથી કોઇનો નબલો ડુચકાં ખાતો સાદ સંભળાયો, જે બારણાંની પાછળ તે વીચાર કરવા લાગ્યો કે, તેનું મન કદી નીરૂપણ નહીં કરી શકે એવો કોઇ ભેદી ભય છુપાયલો છે

હવે કેમ કરવું તેનાં ઘચુપચુ ખ્યાલમાં હતો, તેટલાં કેથે નજદીકીમાંજ કોઇ બારણું બંધ થવાનો તીણો આવાજ સંભળાયો, અને તે સાથેજ પેલો ભારી ચરર—રરનો સાદ સંભલાયો, જે, જાણે કુદરતે પોલીસની આવી પુગવાની ઇશારત, લુટફાટ કરનારાઓનાં બચાવ ખાતર સુચવ્યો હોય તેવું દીસે છે. એ સાહાદ સાંભળતાંજ, ચારલસ તીરની પેઠે ઝડફથી બારણાં આગળથી ચાલી જઇ કોનસ્ટેબલની સામે જઇ ઉભો, અને ઉસ્કેરાયલા હાયની ઇશારતથી અને ઘભરાટ ભરયા સ્વરોમાં, પોતે કીધેલી ભયંકર શોધ તેને કહી.

કોનસ્ટેબલ, એક ઢોર પેઠે કાંઇ પણ બોલ્યા વીનાં તેની સાથ પેલાં સ્થળ ઉપર ગયો. અને પેલું ખબોચ્યું દેખાડવામાં આવતાં, તે ભયંકર થંડાઇ સાથ વાંકો વલી, તે ખબોચ્યાંમાં ખરેખર લોહીજ હતું શું, તે તપાસવા માટે તેણે આંગલી બોલી જોઇ.

"આ ઘરમાં કોણ વસે છે તે તમે જાણો છો?" તેણે પ્રશ્ન કરયો. "મેં તમોને પહેલ્લાંથીજ કહયુંની કે, હું અંજાણો છું!" આરચેસ્ટરે ઉત્તર વાળયો.

"હા, હું ધારૂં છું કે, તમો એવું કંઇ બોલ્યા હતા." પોલીસમેન વેહેમની નજર આરચેસ્ટર ઉપર ફેંકતાં બોલ્યો. "ગમે તેમ હોતો, પણ આ ઘંટ વગાડવું ઠીક છે." ઉપલું બોલતાં બારણાંની એક બાજુએ ઝુલાતો હતો તે પીત્તળનો ગુંડો તાણ્યો. પવન, જેવો આગળ એકાએક ઉડયો હતો તેવોજ, એકાએક બંધ પણ પડી ગયલો હતો; હવામાં બરફ પડવાની ઇધાણી આપતી શીતળ થંડી પ્રસરી રહી હતી, અને ચંદ્રમા ઉપર વાદલાં પણ સમેટાંતાં હતાં.

રાતની સ્થીર હવામાં ઘંટ સાફ ખુલ્લે અવાજે વાગ્યા કીધો, પણ તેનો કસ્સો ઉત્તર મલે નહીં. એ સ્તબંધ મુગાં ઘરનાં કોઇ રેહવાસીને જાગૃત કરવાની પોલીસે ફરીથી ને ફરીથી યત્ન કીધી, પણ કોઈ સાદે તેને ઉત્તર નહીં આપ્યો, કે, ના એ તેડાંનાં જવાબમાં કોઇનાં પગળાં પણ સંભળાયાં. "હું સ્ટેશન ઉપર દોડતો જાઉં?" આરચેસ્ટરે પુછયું. "કઇ દીશા તરફ જવાનું, તે તમો બતલાવી આપશો તો હું સેહેલાઇથી જઇ શકીશ."

"નહીં, તમારે મારી સાથેજ રેહવાનું છે." કોન્સટેબલે પોતાનો હાથ આરચેસ્ટરનાં ખભાં ઉપર મેલી કરડાઇથી ઉત્તર વાલ્યો. "મને મદદ તરત મલશે." એમ કેહતાં ઝીણી સીપટી વગાડી, જેનો ઉત્તર તરત બીજાઓથી મલ્યો. અને પાંચ મીનીટ વીતા કેડે તે બારણાં આગળ બીજા બે કોન્સટેબલો કયો મારગ અખત્યાર કરવો ઠીક થઇ પડશે, તેનો મનસુબો કરતા ઉભા. આ વેળા બરફ પડવા માંડયો હતો અને એ લોકની ટોપીયો અને ખભાં ઉજલાં કરતો જતો હતો, પણ કુદરતી રીતે તેનાં સ્વચ્છ હીમકણો પેલાં લાલ સ્થળથી આઘે રેહતાં દીસ્તાં હતાં: જે સ્થળ વાસ્તવીક રીતે જોતાં બારણાંનાં ઓતરગનાં છાંયડામાં હતું. ઘંટ પાછો ને પાછો વગાડવામાં આવ્યો, પણ ફોકટમાં. હવે એ દરવાજો ભાંજી માંહે પેસવાનો કોન્સટેબલો વીચાર કરતા હતા, તેટલાં કોઇનો ધીમે પગલે આવવાનો સાદ પાછળથી સંભળાયો, અને બીજીજ પળે એક સ્ત્રી તેમનાં ભણી આવતી જણાઇ. અમલદારોની ટોપીયો ઉપર નજર પડતાંજ તે હેભતથી પોકારી ઉઠી, પણ નાસી જવાની કસ્સી યત્ન તેણીએ નહીં કીધી.

"તમો હયાં રહો છો, છોડી?" એક કોન્સટેબલે તેણીને સવાલ કીધો. "હા, અલબતાં! હયાંજ રહું છું; હું માસીસ ડાલીંગટનની ચાકરડી છું—શું હયાં કંઇ થયું છે?"

"હમે જાણતા નથી," કોનસટેબલે ઉત્તર વાલ્યો અને પેલા ખબોચ્યાંને આડો થઇ ઉભો રહયો. "આ ઘરમાં કોઇ નથી એવું દીસે છે: કાંકે અમે ઘણી વારથી ઘંટ વગાડયે છીએ."

"અરે, પણ ખચ્ચીત મારાં બાઇ ઘરમાં છે." પેલી સ્ત્રીએ ઉત્તર વાળયો. "તવણે આજે ભોજણ પછી મને અને બબરચણને બાહાર જવાની રજા આપી, અને તવણ કેહતાં હતાં કે પોતે આજે ઘરમાંજ રેહનાર છે. હું ધારૂં છું કે, કોઇની આવવાની વક્કી રાખતાં હતાં." ઉપલા છેલ્લા શબ્દો, તે સ્ત્રીએ લગાર મુસ્કેરાટ સાથ ઉમેરયા હતા.

"આ તમારા હાથમાં, આ બારણાંની કુંચી છે કે?" પેહેલ્લો આવેલો કોન્સટેબલ ઝડપથી તેણીના હાથમાંથી કુંચી લેતાં બોલ્યો.

"એ બેઅદબીનો અરથ શો? મારી કુંચી એકદમ મને પાછી આપી દેવો!" પેલી સ્ત્રીએ ગુસ્સાથી બુમ પાડી.

"હવે તમે નકામી ધાંધળ ના કરો, બાઇ." ત્રીજો બોલ્યો "હમે જરા આ બારણું ઉઘાડી માંહે જઇએ છીએ. અંદર સઘળું ઠીક હોય તેવું લાગતું નથી: તેથી તમો ડાહયાં થઇ એક કોરે ઉભાં રહો, અને હરકત નહીં કરશો."

"ડાહી થઇનેજતો!" પેલી સ્ત્રી નસકોરૂં ચઢાવી બોલી. "જો તમે મને પેહેલ્લેથીજ કેહતે તો હું તમોને માંહે જવા દેતે! પણ કાંઇ નહીં. સારી પેઠે અંદર કુંચી ભેરવો." તેણીના કેહવા મુજબ તે પુરૂષે કીધું; પેલી કુંચી માંહે ફરી, અને કળ ઉઘડવાનો સાદ તે લોકે સાંભળયો; પણ ગમે એવું બારણું ઢકેલતાં પણ, જાણે માંહેથી કોઇનું બળ બાર-

ણાંને ઉઘડતાં અટકાવતું હોય તેમ, ઉઘડ્યુંજ નહીં.

"પછવાડેથી અંદર જવાનો કોઇ મારગ નથી?" તેઓમાંના એકે પ્રશ્ન કરયો.

"હા, છે." પેલી સ્ત્રી બોલી. "એજ કુંચીથી પાછળનું બારણું પણ ઉઘડે છે. પણ શું છે તે ખોદા ખાતર મને કહો તો ખરા.—કોઇ અસાધારણ બનાવ માંહે બન્યો છે, એવું કંઇ તમે ધારો છો?"

"તમે ધાંધલ ના કરો પણ માત્ર પછવાડેનું બારણું હમોને દેખડાવો. હયાંથી તે ઘણે વેગળે છે શું?"

"હયાંથી જરાજ આઘે 'લેટન-સ્ટ્રીટ'માં છે" પેલી સ્ત્રીએ ઉત્તર વાલ્યો, જે હવે ઘણી બીધેલી દીસ્તી હતી. "પણ બીચારાં મારાં બાઇ—તેવણને તો કાંઇ નથી થયુંની? ઓ, ખોદા ખાતર મને એટલું કહો!"

"કાંઇ ફીકર ના કરો; વખત ખોવા વગર તરત તમે હમારી સાથે આવો. સારી હુસ્યારી રાખજો." તે પોતાનાં સાથીઓ ભણી નજર કરી, બોલ્યો. "ઘણો વીલંબ લાગનાર નથી." અને એ લોક થોડીજ પળમાં લેટન સ્ટ્રીટ ઉપર ઉતરી પડયાં, જે મોહોલ્લો ડાબી બાજુથી થોડાક ગજ વેગળે હતો. પેલા પાછળ રહી ગયલા ત્રણ પુરૂષો પેલાનું કામ જાણી પેલા ભેદ ભરયા બારણાં ઉપર ટીકતા ઉભા. હવે તો બરફ એકદમ સાંપડવા લાગ્યો, અને રસ્તો તેમજ સામેનાં ઘરનાં કટેરા ઉજલા કરવા માંડયા. કુદરતી રીતે આરચેસ્ટરે બારણું ઢકેલી જોયું. "એમ ના કરો!" પેલા બેમાંથી એક તોછડાઇથી તેનો હાથ ધરી તાંણતાં બોલ્યો.

"શું નહીં કરે?" આરચેસ્ટર ઝડપથી પોતાનો હાથ છીનવી લેતાં બોલ્યો. "તમારી મતલબ શી?"

"એ એમ કહે છે." બીજો બોલ્યો. "કે પેલું મુંદડું બારણાંને માંહેથી ટેકાયલું છે, અને તે હાલતમાંથી તેને ખસેડવા હમો ચાહતાં નથી." આરચેસ્ટર હેભતથી ચમકી પાછળ હઠયો, અને તેટલામાં લોકોનો એ તરફ આવવાનો સાદ અને બારણાં ઉઘડવાનો અવાજ સંભલાયો.

પ્રકરણ ૩ જું.

બાગમાં શું પડેલું હતું?.

એટલામાં એક સ્ત્રીની ચીસ્યારી સંભલાઇ, અને કોઇ મુશ્કેલ્યતે શ્વાસ લેતું બારણાં સાથે અથડાઇ પડયું.

"એ ઠીક નહી. તે જરાએ હીલવી નહીં જોઇએ; તમે જઇને પેલા ગ્રહસ્થને સાથે લઇ આવો. 'લેટન સ્ટ્રીટ'ને મારગે લઇ આવજો, અને તમારાંમાંનું એક જણ જઇ 'લેટન સ્ટ્રીટ'ના ત્રીજા નમ્બરનાં ઘરમાં ડોકટર ડોનાલસ્ડેન રેહે છે, તેને તેડી લાવો. હયાં ખુન થયું છે."

સઘળાંઓ તેને તાબે થયા, અને થોડીજ મીનીટમાં આરચેસ્ટર પાછળે બારણે ઘરમાં દાખલ થયો, જે રસ્તે નોકરોનાં વપરાસની જગ્યા ઉપર અવાતું હતું. એ ઘર 'એલ્મ-ટ્રી-કાટેજ'ને નામે ઓળખાતું હતું. રાંધણી બહુજ નાની હતી. એમાં સગવડ અને સુખની પ્રત્યેક વસ્તુ ગોઠવાએલી હતી, અને દીવો હજી બળતો હતો. એ સઘળાં ઉપરથી આ સઘળા નવા આવનારા એટલું જોવા શકતીવાન થયા કે, રેહનાર સઘળી પાંતીએ સુખવાસી હતું. એક બારણાં ઉપર 'બેઇજ'નો લાલ લુગડાંનો પરદો નાખેલો હતો. એ બારણેથી દીવાનખાંને જવાતું હતું. કેટલાંક બારણાં જમણી અને ડાબી બાજુ પર ઉઘડતાં હતાં, જયાંથી જમવાના ઓરડામાં અને મુલાકાતો લેવાના ઓરડાઓમાં જવાતું હતું. અને હોલની અતરાફ ઝરૂખો ઘેરી લીધો હતો, જે ઝરૂખા ઉપરથી સુવાના ઓરડા ઉઘડતા હતા, પણ માલાપર જવાનો દાદર કેયે દીસ્તો નહીં હતો. એ સુખવાસી રેહઠાંણ ઉપર ચોતરફ નજર ફેંકી પેલા ત્રણ જણા આગલા દરવાજા ભણી ગયા. પણ આગલા દરવાજા અને નાના બાગનાં દરવાજાની વચ્ચે એક ભયંકર દેખાવ તેમની નજરે પડયો. બારણાંને પગ અઢેલીને ચતું પાટ પડેલું ખુબસુરત ત્રીશ વરષની વયની એક નારીનું શરીર હતું. તેના હાથ અવાચકપણે બંધે બાજુએ પડેલા હતા, અને જાણે છેલ્લી ઘડીએ પણ તેણીએ ચીસ્યારી પાડવાની યત્ન

કીધી હોય તેમ મોંહ અરધું ઉંઘાડું હતું. તેણીની ઉંઘાડી આંખોમાં ભયાનક દેખાવ ઠીચી રહયો હતો, જે દેખાવ કોઇ અચાનક ધક્કાથી ઉત્પન્ન થયલો હતો. તેણીનાં આંગમાં ભારી લાલ કુમાસનો ઝભો પેહડેલો હતો. તેણીના સોહામણા વાલનો જથ્થો પાછળ એકઠા સમેટી ગાંઠ વારેલો હતો, અને એક ભારી સોનાનો સુઇયો ખોસેલો હતો. પોષાક ઘણોજ ભપકાદાર હતો, પણ ઘરેણાંની બીજી કોઇ નીશાણી નહીં હતી.

તેણીને પાછલથી માર પડયો હતો, એ ખુલ્લું હતું: કાંકે ખરડા હેઠલની ભોંય લોહીથી ભીંજાયલી હતી, અને જમીન લગાર ઢેલાવદાર હોવાથી, ત્યાંથી પેલું લોહી બારણાંમાંથી બાહાર ગયું હતું, જેનાં ખબોચ્યાં ઉપર આરચેસ્ટરની નજર પેહેલ્લી પડી હતી, જેમાંથી આ સઘળું નીકળ્યું હતું. પેલી ચાકરડી એક ઝાડને અઢેલી ઉભી હતી અને પોતાનો ચેહરો તેણીએ પોતાનાં હાથમાં છુપાવ્યો હતો. એ વેલા કોન્સટેબલ પેલાં શરીર આગલ ગુડણ મરડોએ પડયો હતો, અને તે પોતાના રેમાલે હલવેથી સાફ કરતો હતો.

“ગરીબ બાપડી!” પેલા બે જણા પાછા ફરતાં પેલો ડોકટર બોલ્યો. “તમે ડોકટરને લઇ આવ્યા કે?” તે ઉપસાહરનાં સ્થળ ઉપર આવી લાગેલા વઇદના દેખાવેજ ઉપલો પ્રશ્ન વાલ્યો. એ ડોકટર ખરો સ્કોચ્ચ હતો, અને અધુરી નીંદ્રવાસમાંથી જાગૃત કરેલો હોવાથી લગાર ગભરાયલા જેવો હતો. પણ તેની સામે પડેલાં શરીર ઉપર નજર પડતાંજ તે હુસ્યારીમાં આવ્યો.

“ગરીબ બાપડી!” ઘણી સંભાળ સાથે પરીક્ષા કરયા પછી બોલ્યો “એણીને તરત અંદર લઇ જવી જોઇએ છે. ઠાબજો!” આગલ ઉભેલાંઓ તેની આજ્ઞા બજાવવા જતાં હતાં તેને અટકાવી બોલ્યો. “હું ધારૂં છું કે હયાતીની કાંઇક નજીવી નીશાણી હજી શરીરમાં છે. એનું માથું ઉંચકો તો; બસ, રેહવા દો.”

તેણીનું માથું ડોકટરે પોતાના ખોલા ઉપર ટેકવ્યું. થોડીક પળ લગી તે ફક્સી હીલચાલ વીના સ્થીર પડી રહી! એ પછી તેણીના મીણ સરીખા ઉજલા ચેહરા ઉપર કગરસ રતાસ ફરતો દેખાયો, આંખો ઉંઘડી અને ઉતાવલે પાછી બંધ થઇ, હોઠ ધુજયા, પછી ઘણોજ ઝીણુ પણ ખુલ્લે સાદે બબડીઃ—“પોલ, પોલ, તેં **મને ભીત્તરમાં ઘા મારયો છે.**” એ પછી તરતજ આખ્ખા અંગમાં ધુજરી છુટી, મુશ્કેલે એક શ્વાસ તેણીની છાતીમાંથી નીકળ્યો અને તરતજ તેણીનો ચેહરો આગળનાં જેવોજ ઉજલો થઇ ગયોઃ જે રંગ તરતજ ઠીચી ગયો. “ચાલો, બધું આ વેલા થઇ ચુકયું.” પોતાનો હાથ ઉંચકી લઇ બોલ્યો. “ગરીબ બાપડી! હવે આ જગમાં દુઃખ વેઠનાર નથી. કોઇ ચાકરડી હયાં છે?”

કોન્સટેબલે પેલી સ્ત્રીને દેખાડી, જે પેલાં શરીર આગલ આવી સખ્ત અને ઠીચેલી નજરે દેખતી ઉભી હતી. ડોકટરે તેણીનાં ખભાં ઉપર હલવેથી ટકોરો મારયો—“તમારૂં નામ શું?” તે સ્ત્રી પેહેલ્લાં ચોંકી, પછી કુરનસ બજાવી ઉત્તર દીધો. “મારગ્રેટ ફરબ્લાંક.”

“તમારી શેઠાણીને કયાં મેલવાં તે કોન્સટેબલોને દેખડાવો; અલબતાં! સરકારી ચોકસી એ ઉપર ચાલશેઃ તેથી બેહતર છે કે તમો હેઠલનો કોઇ ઓરડો પસંદ કરો. બીચારીને હલવેથી ઉચકી અંદર લાવો.” કોન્સટેબલો તેને તાબે થયા અને સંભાલથી તે લાસને ઉંચકી મારગ્રેટ ફરબલાંકની પુઠે ચાલ્યા. તેણીએ દીવાનખાનાંની ડાભી ગમનું બારણું ખોલ્યું. “હું ધારૂં છું,” તેણી બોલી. “કે એવણને આ ઓરડામાં મેલ્યે તો શારૂં. અરે, હવે હું શું કરીશ? હવે મારૂં શું થશે?” એમ કહી પાછો ઠુંઠવો મુકી રડી પડી. ગમમાં જાણે તેણીની રગેરગ ધુજતી હોય એમ દીસતું હતું. જે ઓરડામાં એ લાસ મેલી હતી તે ખાનગી ઓરડો હતો, અને ઘણોજ ઉત્તમ હતો. ગ્યાસનો દીવો લેમ્પમાં બલતો હતો, અને તેનું ખુશનુમાં અજવાલું, કાલી અને કીરમજી સાટીનનાં બનાવેલા ટાંગેલા પરદાઓ ઉપર, સઘલાં ભાત ભાતનાં ફરનીચરો ઉપર, અને હજારો ઝીણી ઝીણી શોભાઓ, જે પઇસા ખરીદી શકે

તે.માં મઝા મેલવે, તેવી એક સ્ત્રીની નીતયની હાજરી બતાવી આપનાર હજારો સુક્ષમ શોભા દેનારી વસ્તુઓ ઉપર પંથરાયલું હતું. મોઘાં સુગંધી ફુલોના તોરા ગોઠવાએલા હતા. ધાતુનાં સોહામણાં વાસણો હતાં, જેમાં સુગંધી વસ્તુઓ હજી પણ બલતી હતી અને હવાને ખુશ અને મીષ્ટ સુગંધ લાધી દીધી હતી; નોવેલો અને નીયુસો પડેલાં, જુનાં ચીનીનાં કોન્સટેન્ટીનોપલની નવાઈ નવસો; ટીરોલનાં લાકડાંના કોતરકામો; રોમનાં જડત કામો; જીનોઆનાં રૂપાંનાં નાજુક કામ ગોઠવેલાં હતાં; જે વેલા બાજુની એક ટેબલ ઉપર કથરોટમાં રાતનાં વાલું વંધ્યું સંધ્યું પડેલું હતું; જેમાં એક સોહામણી ડીકાનડરમાં બ્રાન્ડી હતો.

"ત્યાં સોફા ઉપર લેટાડો; બસ" ડોકટર બોલ્યો "અને કોરોનરને ચોક્કસ ખબર આપજો. હવે તો હું અધમુવો સરીખો થઈ ગયોછું; કાલે સખ્ત કામમાં રોકાવું પડશે." ઉપલું ડોકટર બોલતો હતો, તેટલાં બીજી એક સ્ત્રીનો આકાર તે ઓરડાના ઉંબર ઉપર ઉભેલો દીઠામાં આવ્યો. ઠીંગણી, જાડી, સામલી ચામડીની અને ઉદાસ ચીઢયા ચેહરાવાલી સ્ત્રી હતી. પોલીસ ઉપર નજર પડતાંજ એક મ્હોટી ચીચયારી પાડી ઝડપબંધ નાસી ગઈ. કોન્સટેબલમાંનો એક તેણીની પાછલ દોડયો અને તેણીને આગલાં બારણાં આગલથી પકડી પાડી. તે પોતાની ચીસોથી કાનનાં બેહેર ફાડતી હતી.

"ઓ માય! ઓ માય રે!" તે પોકારી ઉઠી. "હું જાણતી હતી કે, પકડાઈ આવશે, પણ મેં નથી કીધું. મેહેરબાની કરીને મને જવા દેવો!"

"શું નથી કીધું?" કોન્સટેબલે સવાલ કીધો. પણ પેલી તો દીવાનખાનાંનાં એક ખુણામાં બેસી ગઈ, અને હાથ અફાળી ડચકાં ખાવા લાગી, અને નહીં સમજ પડે એવા શબ્દો ઓચરવા લાગી.

"આ કોણ?" ડોકટરે મારગ્રેટને સવાલ કીધો.

"પકવાન પકાવનારી આન રકસટન છે." મારગ્રેટે ઉત્તર વાલ્યો.

"એ કોઈ કોઈ વાર વીચીત્ર મીજાજમાં આવી જાય છે, પણ મારાં બાઈ કેહતાં હતાં કે, એ એવી સારી રાંધનારી છે કે, નજીવી ચીજને ખાતર તેને કાઢી મુકવી વાજબી નથી." આ સાંભલી કોન્સટેબલો એકેકનું મોંહ ટીકવા લાગ્યા. ઉપલું ચાલતું હતું તેટલાં ચારલસ આરચેસ્ટર અગની આગલ જઈ ઉભો હતો; તેવામાં તેની નજર ભોંય ઉપર પડેલી ચીરૂટ પીવાની નલીની ઘેલી ઉપર પડી. ચારલસ સાધારણ રીતે ઉચકી તપાસવા લાગ્યોઃ તેની ઉપર પણ તેજ રૂપાંની નીશાણ—(બાજનું ચીત્ર) અને તેજ મોનોગ્રામ હતું, અને કારીગરીથી પી૦ એલ૦ સી૦ ગુંચવેલું હતું. જેબમાંથી પેલી રસ્તામાં પાયેલી કાંઠીની ઢાબડી કાઢી તે સાથ સરખાવી જોઈ; બંધે બરાબર હતાં; લેશ ભાર ફરક નહીં જણાતો હતો. અજાયબીથી એ બંધે ઉપર ટીકતો હતો, તેટલાં પેહેલા કોન્સટેબલે આવી ખભાં ઉપર ટકોરો મારયો.

"હું ધારૂં છું કે, તમારી જબાની આપવા પોલીસ-સ્ટેશન ઉપર આવવા સામે તમો કંઈ હરકત નહીં લેશો" આ કોન્સટેબલ અને પેલી સ્ત્રી (મારગ્રેટ તરફ આંગળી દેખાડતાં બોલ્યો) "પેલી સ્ત્રી આ ઘરની સંભાળ રાખશે."

"અને પેલી બીજી સ્ત્રીનું શું કરવું?"

"અરે! તે તો આપણી સાથે આવશે." ઉત્તર મલ્યો. "પણ હું પુછતાં વીસરી ગયો; તમારૂં નામ પોલ છે કરી તમો બોલ્યા હતાની?"

"પોલ—નહીં." ચારલસે ઉત્તર દીધો. "ઓ! તમો શું ઠોકી બેસાડવા માંગો છો તે હું સમજયો પણ નહીં; આ વેલા તમો ખોટે મારગે પગલાં ભરો છો."

"કદાચ તેમ હોય કે નહીં પણ હોય!" કોન્સટેબલે પ્રતી ઉત્તર દીધો અને થોડીજ પલમાં તે ઘરમાં કોઈજ નહીં પણ એક પોલીસમેન અને મારગ્રેટ ફરબ્લાંક રહી ગયાં. પોલીસમેન રાંધણમાં ગોઠવાયો, અને પેલી સ્ત્રી વીચીત્ર કાળજી ભરયા ચેહરા સાથ પેલી મરણ પામેલી સ્ત્રીની લાસ ઉપર ચોકસી રાખતી બેઠી

પ્રકરણ ૪ થું.

એ કરમ કરનાર હાથ કોણનો?

થોડી મીનીટમાં એ આખ્ખી ટોલકી પોલીસ-સ્ટેશન ઉપર આવી પોંહોંચી. ઇન્સપેકટરે રેકસટન સાથ સવાલ જવાબ કીધા, પણ તેનાં મોંહથી કસતું પડાવી શકયો નહીં. તેણી માત્ર સમજાય નહીં એવા ભાગા તુટા શબ્દોમાં દયા માગતી, અને વચમાં વચમાં પોતાની નીરદોષતાની પ્રતીજ્ઞાઓ આપતી હતી. તે તપાસ લેનારાઓએ ઘણીજ ધીરજ સાથ પોતાની સઘલી કળા કામે લગાડી, પણ એ તેમની સામટી ધીરજ અને કળા એટલું તેણીનાં મોંહથી પડાવી નહીં શકી કે એ કઇ વેળા પોતાની શેઠાણીનાં ઘરથી બાહાર નીકળી હતી, અથવા, એ માંઠા બનાવ ઉપર કંઇ અજવાલું નાખવાની એણી શકતીમાં છે કે નહીં તે ચોકસ માલમ પડયું નહીં. ફોકટની યત્નોમાં લાંબો કાળ ગુમાવ્યા પછી તેણીને બાજુએ ઉભી રેહવાનો હોકમ થયો, અને ચારલસ આરચેસ્ટરને પોતાની હકીકત વરણવાની આજ્ઞા અપાઇ.

આ નાટકના તખ્તા ઉપર જે ભાગ ભજવાનો એ બાપડાને ભાગે આવી પડયો: તેથી એ લગાર ઘભરાયો હતો. તેને જે કંઇ ખબર હતી તેનું વરણન ટુંકમાં આપ્યું. પોતાનું નામ-ઠાંમ અને સ્થીતી કહી. જે મીત્ર સાથ તેણે રાતનું ખાણું લીધું હતું તે મીત્રનું નામ-ઠામ કહયું; ચીરૂટ સળગાવવાની તેની યત્ન, અને તેમ કરવા જતાં બારણાંની સીહડી આગળ તેની નજરે પડેલું લોહીનું ખબોચ્યું, અને પેહેલા કોન્સટેબલને તેને કીધેલી ખબર ઇત્યાદી સઘળું કહયું.

સઘળું ખરૂં અને ખુલ્લું દીસ્તું હતું અને તેમજ માનવામાં આવ્યું. પણ તેટલાં પેહેલા કોન્સટેબલે પોતા તરફની એક અગત્યની ખબર કેહવાની રજા માંગી જે રજા મલતાંજ તે બોલ્યો:—

"ચીરૂત મુંકવાની રૂપેરી બનાવટની આમડાની આ થેલી હું રજુ કરૂં છું—જેની ઉપર રૂપાની નીશાણુ અને મોનોગ્રામ છે; એ 'એલ્મ-ટ્રી-કાટેજ' નામથી ઓળખાતા ઘરનાં ગોખલા ઉપરથી હું લઇ આવ્યો છું. એ મેં ઉંચકી તે આગમચ મેં જોયું હતું કે, જે ગ્રહસ્થે હમણાંજ પોતાની જુબાની આપી, તેની નજર એ ઉપર પડતાંજ તે જબરો ચમકયો અને કોઇક ચલકતી વસ્તુ પોતાનાં જેબમાંથી કાઢી તેની સાથે એ ઘણી વાર લગી સરખાવતો ઉભો હતો. પુરી તપાસ લઇ રેહવા કેડે આ થેલી પાછી તેણે ગોખલામાં મેલી, અને જેબમાં કાઢેલી વસ્તુ પાછી જેબમાં ઉતારી."

"એ વાત શું ખરી, સાહેબ?" ઇનસ્પેકટરે પ્રસ્ન કરયો.

"ખચ્ચીત સાહેબ! એ વીષે મારે પેહેલેજ કેહવું જોઇતું હતું. પણ આ ભયંકર બનાવે મને ચીત ભ્રમ કરી મેલ્યો છે. હું એમ કેહતાં વીસરી ગયો કે, જે સ્થળ ઉપરથી મેં આ દાબડી ઉંચકી હતી તે શેરીમાં, આ ખુન થયું તે તરફથી એક પુરૂષ આવતાં મારી સાથ અથડયો; તે જબરો ઉતાવળમાં હોય તેવું લાગતું હતું."

"તમો તેને ફરીથી પીછાણી શકશો?"

"હા, સાહેબ! કાંકે, એ અથડા અથડીમાં તેનાં માંથા ઉપરથી ટોપી ઉડી ગઇ હતી; તે ગ્રહસ્થ ઉંચો, સારા દેખાવનો, ફીક્કા ચેહરાનો, કાળી મુચ્છનો——"

"એ તો કંઇ દમ વગરનું વરણન આપો છો. કંઇ ચોક્કસ ઇધાણી આપી નહીં શકો?" સવાલ કરવામાં આવ્યો.

"હાજી, ઠોબો; હવે મને સ્મરણ થાય છે કે, તેનાં કપાળ ઉપર ડાબી બાજુથી એક મ્હોટું ચાઠું હતું; હા! તેને પાછો ઓળખી શકીશ અને તેની ઉપર સોગંદ પણ લઇ શકીશ."

"હાં! એ જરા ઠીક બોલ્યા." ઇન્સપેકટર બોલ્યો. "અને તમે એમ ધારો છો કે એ ડબ્બી તેનાં કણેથી પડી ગયલી છે?"

"હું ચોક્કસ કહી નથી શકતો."

"અલબત! તમો જુરીની તપાસ વેળાએ હાજર રેહશો?" "અલબત! તેમ કરવામાં મારી ફરજ સમજું છું."

"એમાં હાલ કાંઇ કરવાનું રહેલું હોય તેવું હું કંઇ દેખતો નથી. તમોને બરાબર વેળાસર ખબર આપવામાં આવશે; પણ હવે તમોને વધુ વાર રોકી રાખતો નથી. સાહેબ મેહેરબાન."

પેલો લાયક કોન્સટેબલ જેને પેહેલ્લી ખબર આરચેસ્ટરે પોહોંચાડી હતી, તેની મ્હોટી નાસીપાસીની મધ્યમાં આરચેસ્ટરને છોડી દેવામાં આવ્યો, અને તેને પોતાનાં ઘર ભણીનો મારગ લીધો.

ચારલસ આરચેસ્ટર અગરચે થાકી ગયો હતો, તોપણ નીંદ્રાદેવીએ તે ઉપર પેહેલ્લાંતો પ્રસ્નન થવા ના પાડી; પેલી સોહામણી સ્ત્રી, આવા દબદબા અને મોભ્ભાથી ઘેરાયલી, તેની મધ્યમાં આવી રીત એક ખુનીનો ભોગ થઇ પડેલી, તેનું ચીત્ર જાણેક તેની નજર સામે આવ્યા કરતું. ઘણી વાર લગી બેચેનીથી પથારી ઉપર ઉથલપાથલ થયા કીધો, અને છેક પોહોર ફાટવા તુલીકનો વખત થયો, ત્યારેજ બેચેન અને ભયંકર ખાબોથી છછેરાતી ઉંઘમાં પડયો: જેમાં ચાઠાંવાળા કેટલાક આસામીઓ જાણે એની પુઠે લાગ્યા હતા, અને તેઓથી બચવાને અરથે લોહીની નદીઓમાં ચારલસને નીંદ્રામાં ચાલવું પડયું હતું. કસ્સી તાજગી પામ્યા વીના બીછાંનાં ઉપરથી ઉઠયો, નાસ્તો લેવાની ફોકટની યત્ન લીધા પછી પોતાની ઓફીસે ગયો, અને અલબત ત્યાં, પેપરમાં પેહલ્લી નજર, આગળી રાતના 'એલ્મ-ટ્રી-કાટેજ' માં બનેલા કૃણારસ બનાવના હેવાલ ઉપર પડી.

દીવસ ઘણો બેચેની ભરયો ખેંચી કાઢયો; પોતાની નજરે દીઠેલા ચમતકારીક બનાવનો હેવાલ પોતાનાં જીવલગ મીત્રોમાંના એકુ બે આગળ તેણે કહયો. તે લોકે ઉલટ પાલટ ચરચા ચલાવી, પણ કોઇ સીધ્ધાંત ઉપર આવી નહીં શકયા; માત્ર મશ્કેરીથી કેહવા લાગ્યા કે, પેલો ચાઠાંવાળો પુરૂષ નીકળી આવે તો શારૂં, નહીં તો આરચેસ્ટર ઘણીજ ગુંચવણભરી જાલમાં સપડાયો છે; કોણ જાણે કેમ થશે! વળી બીજે દીને જુરીની તપાસ વેળાએ હાજર થવાનો હુકમ આવ્યો, અને આરચેસ્ટર, જેની રગે રગો ઉસ્કેરાયલી હાલતમાં હતી તે, રાત્રે પથારીએ ગયો તે માત્ર આગળી રાત સરીખીજ બેચેની ભરી, અને બીહ્કાળ દેખાવો સાથની નીંદ્રા ખેંચવાજ ગયો હતો.

પ્રકરણ ૫ મું.

જુરીની તપાસ.

કારોનરે ચલાવેલી તપાસે કંઇ ઘણો કાળ રોકયો નહીં. ડોકટર ડોનાલ્ડસને જબાની આપી કે, તેને 'એલ્મ-ટ્રી-કોટેજ'માં લઇ ગયા હતા; ત્યાં જવાથી તે ઘરધણીયાણીને, ખરડામાં છરીનાં કાપથી ઘાયલ થએલી પડેલી દીઠી ગયો તે વેળા તે હયાત હતી, અને તે-પછી થોડીજ વારમાં તે મરણ પાંમી. એ ઘા કોઇ હથ્યાર વતી કરેલો હતો; ઘણું કરીને ત્રીકોણ કાપલાની ખંજરથી કરેલો હોવો જોઇએ. તે માર ઘણાં જોરથી મારેલો હતો. કોરોનરે પુછેલા પ્રશ્નો:—

"મરનાર કાંઇ બોલી હતી?" "હા! તેણી થોડીક પળ સુધ્ધીમાં આવી હતી, અને પોકારી ઉઠી હતી કે, તેણીને જીગરમાં ઘા મારયો છે." "કોઇનું નામ તેણીએ દીધું હતું?"

"હું ધારૂંછું કે તેણીએ દીધું હતું ખરૂં—તે નામ 'પોલ' હતું." એ પછી મારગ્રેટ ફરબલાંકની તપાસ ચલાવવામાં આવી. તેણીએ પોતાની જુબાનીમાં જણાવ્યું કે:—

"મરનારનું નામ એસ્થર ડેલીંગટન હતું. પ્રારંભે તેણી હીલારીટી થીએટરમાં ચાકરીએ હતી; પણ તેણીનો ભાઇ, જે આસ્ત્રેલીયામાં મરણ પામ્યો તેનાથી, એણીને વારસો મલ્યો હતો: જેથી મરનારે બે વરષ આગમચનું નાટક સ્થળ છોડી દીધું હતું. હું ગયા પાંચ વરષથી મરનારની ચાકરીમાં હતી; મરનાર ઘણી ભલી શેઠાંણી નીવડી હતી, અગરચે કોઇ કોઇ વાર આકળા સ્વભાવની હતી."

ઉપલું બોલતાં શાક્ષીને પાછું દુઃખ ઉભરી આવ્યું. થોડી મીનીટ બેસી જઇ શાન્ત થવાની તેણીને આજ્ઞા આપવામાં આવી.

તપાસ પાછી શુરૂ કરતાં, તે બોલી કે, જે દીને રાત્રે પેલો માઠો બનાવ બન્યો, તે દીને તેણીને અને આન રાકસ્ટનને તેણીની શેઠાંણીએ ભોજનુ લીધા પછી ઘરથી બાહાર જવાની રજા આપી. આસરે સાડા નવ વાગે બંધે જણાં સાથે ઘરથી નીકલ્યાં હતાં, પણ તેઓ જુદે જુદે મારગે જનાર હોવાનાં કારણે 'કવીન્સ એહ્મ' આગલથી છુટાં પડયાં હતાં. ત્યાર પછી શું બન્યું તેની કસ્સી ખબર નહીં હતીઃ જયાં લગી કે, રાતના પાછી ફરતાં પોલીસને અને એક ગ્રહસ્થને બારણાં આગળ ઉભેલા દીઠા, અને માંહે દાખલ થવા માટે તમને તેણીએ કુંચી આપી.

જુરીના પુછવા ઉપરથી તેણીએ જણાવ્યું:—

"આન રાકસ્ટનના ઘભરાટનું અને ભાગું તુટું બોલવાનું કારણ હું સમજી સકતી નથી. પણ કોઇ કોઇ વેળા તેણીનો મીજાજ વીચીત્ર રેહે છે, તે હું જાણું છું."

કારોનરના પુછવા ઉપરથી સાક્ષીએ કહયું:—

"હાજી! એ 'સીગાર-કેસ' મેં પણ ઓળખ્યો. એ મારાં બાઇના એક જીવલગ મીત્ર મી૦ પોલ કાલવરટનો છે. હું નહીં ધારતી કે, એ ખુનની રાતના તે પુરૂષ ત્યાં હોય; ઘરથી હું નીકલી ત્યારે તો ખચીત ત્યા નહીં હતા." કારોનરઃ—"કોઇ બે જણાંએ વાળુ લીધું હોય તેવાં ત્યાં ચીન્હ છે. મેજ તમે નહીં પાંથરી હતી શું?"

"નહીંજી; હું ગયા પછી મારાં બાઇએ પોતેજ પાંથરેલી હોવી જોઇએ."

"કોઇની જાણુ વીના મી૦ કાલવરટ ઘરમાં દાખલ થઇ શકે?" "ખચીત નહીં, સાહેબ."

"ત્યારે શું મી૦ કાલવરટને તમારાં બાઇ સાથે ઘણીજ મીત્રાચારી હતી?"

"હા, સાહેબ;"

"તમારાં બાઇ અને મી૦ કાલવરટ વચ્ચે કોઇ વેળા બોલાચાલી કે તુટફાટ થઇ જતી હતી?"

"હાજી! કોઇ કોઇ વાર એ લોક તકરાર ઉપર આવતા હતાં."

"હમણા કંઇ તાજી લઢાઇ થઇ હતી?"

શાક્ષી જરા હમઠમતી દેખાઇ, પણ સેવટે કબુલ કરયું કેઃ "ઘણો ગંભીર મતફેર પડયો હતો."

"તેનું કારણ તમે જાણો છો?" હું ધારૂં છું કે, નાણા સંબંધી તકરાર હતી. અને કોઇ જુવાન સ્ત્રી, જેની સાથ મી૦ કાલવરટનાં લગન થનાર હતા તે પણ બીનાં મારા સાંભળવામાં આવી હતી." "એ બાબેની કંઇ તકરાર હતી?"

"હું નહીં જાણતી, સાહેબ." "તમે કેહો છો કે, તમારી શેઠાંણી અને મી૦ કાલવરટ વચ્ચે ઘણી ઘાડી મીત્રાચારી હતી. એ પુરૂષ તમારા બાઇ સાથ અદરાએલો હતો.?"

"ખચ્ચીત નહીં, સાહેબ. માત્ર એક મીત્રઃ કદાપી કોઇ સગાં હશે."

એ પછી ચારલસ આરમેસ્ટરે અને પોલીસનાં લોકોએ પોતપોતાની જુબાની, જે અલબતાં! આગલી રાતે આપેલી, તેજ હતી.

એ પછી આન રાકસ્ટનને સામે લાવી ઉભી કરવામાં આવી. તેણીએ જણાવ્યું કે જયારે પોલીસ-સ્ટેશન આગલ તપાસ લીધી તે વેળા તેણી હીસ્ટેરીક ઘભરાટમાં હતી, તે ઘભરાટ હવે ખલાસ થયો હતો; અને જાહેર કીધું કે એ ઘરમાં દાખલ થઇ તે વેલા તેણીની બાઇ મરણ પામી હતી કરી પોતે જાણતી પણ નહીં હતી, પણ પોલીસને જોતાંજ હેબતી ગઇ હતી. કારોનરઃ—"તમો હેબતી કાંય ગયાં?"

"એ લોક મને પકડવા આવ્યાં છે, એવો મને વીચાર આવ્યો."

"તમોને પકડે! કાં, તમોને કાં પકડે?"

"મીસીસ ડાલીંગટનનું રૂપાનું 'જગ' ખોવાયું હતું, અને તેવણ બોલ્યાં હતાં કે, જો તે નહીં જડશે તો, પોલીસને તેડવામાં આવશે."

"તે ચોરવાનો આરોપ તેવણે તમારી ઉપર મુકયો હતો." "હાજી."

"તમોએ તે લીધું હતું?"

ઘણી સમજાએશી કીધા પછી, અને સવાલ-જવાબ કીધા પછી અને ડુસકાં ખાધા પછી તેણીએ કબુલ કીધું કે, તેણીએ તે વાસણ લીધું હતું. અને તે ઘરનાં માલા પરની તેણીની પેટીમાં હતું. "ત્યારે તમોએ એ ઉપરથી બુમ પાડી કે, 'હું જાણતી હતી કે પકડાશે?'"

"હાજી."

મારગ્રેટને પાછી તેડવામાં આવી. "મી૦ કાલવરટ અને મી૦ પોલ સીવાયનું બીજું

કોઇ નાંમ તમારા સાંભળવામાં આવ્યું છે?"

"નહીંજી; મી૰ પોલ સીવાય બીજું કોઇ નામ મેં સાંભળ્યું નથી."

"જેવા જખમથી તમારાં બાઇ મરણ પામ્યાં, તેવો જખમ કરે તેવું કોઇ હથીયાર ઘરમાં છે?"

પેહલ્લાં તો શાક્ષીએ મજબુતાઇથી નાં પાડી, પણ પછી યાદ આવ્યું કે, મી૰ કાલવરટે એક દીને તેણીની શેઠાણીને એક વાર ત્રીકોણ કાપલાનું હથ્યાર વાપરવા આપ્યું હતું, પણ તે પાછું તે લઇ ગયો હતો. મીસીસ ડાલીંગટન 'ફેન્સી-બોલ'માં ગયાં હતાં, તે વેલાનાં પેહેરવાસ સાથે એ પણ અવશ્યનું હોવાથી આપ્યું હતું.

"જુવો! તમે ફરીથી તે જુવો તો પારખી શકો?"

"હાજી! તેનો હાથો હાથી દાંતનો હતો, અને લીલાં ચામડાંની કોથલીમાં ઉતારેલું હતું, જેને છેડે રૂપાંની ટોચ હતી."

"તમોએ શી રીતે જાણ્યું હતું કે, તે હથીયારનો કાપલો ત્રણ ખુણાંનો હતો?"

"કાંકે, મી૰ કાલવરટ લાવ્યા તે દીને હું તે ઓરડામાં હાજર હતી. એ ખરેખરૂં વેહતું હથીયાર છે કે નહીં, તે મારાં બાઇએ તેવણને પુછ્યું હતું. એ ઉપરથી તેવણ મ્યાનમાંથી બાહાર કાઢી બોલ્યા કેઃ 'જરા કોઇની ગરદન અને ખભાં વચ્ચે ભોંકી જુવો, તો તરત જણાશે કે એ કેવું છે."

એ ઉપરથી ડોકટર રેનાલડસનને યાદ આવ્યું કે, મરનારંને જખમ ગરદન અને ખભાંની વચ્ચેજ થયલો હતો.

ઇનસપેકટરે સામે આવી તે વાત કોરોનર આગળ રજુ કીધી, અને કોરોનરે મારગ્રેટને સવાલ કરયો કેઃ "મી૰ કાલવરટ કેવો હતો તેનું વરણન તમો આપી શકશો?"

"સામળા સોહામણા ફીક્કા ચેહેરાવાલા છે, અને કપાળ ઉપર ડાબી બાજુથી ચાઠું છે."

"તમારાં બાઇ સોડે ઘરેણાં ઘણાં હતાં?"

"હાઃ તેવણ સોડે હતાં." "તે હાલ કયાં છે, તે તમે જાણો છો?"

"હા! ભીંતમાં જડેલી લોઢાંની તીજોરીમાં છે."

"કોઇ ઘરેણાં ઘરમાંથી મલ્યાં નહીં, તે વાત તમે જાણોછો?"

"નહીંજી!" એ શાક્ષીની તપાસ પુરી થવા કેડે સઘળું બંધ પડયું; લેશબાર આનાકાંની વીનાં જુરીએ પોલ કાલવરટ ને બારણે જાણી બુજી ખુન કરવાનો અપરાધ મેલ્યો, અને તે ગ્રહસ્થના નાંમનું 'વોરન્ટ' નીકળ્યું. પણ પોલીસની સઘલી યત્ન ફોકટમાં ગઇ. પેલાં ચાઠાંવાલો ગ્રહસ્થ પોલ કાલવરટ કેહે મલે નહીં! એસ્થર ડાલીંગટનને લુમીદા કરવામાં આવી, અને તેણીનું જે કંઇ હતું તે, કોઇ એ મરનારંનાં ગરીબ સગાં નીકલી આવ્યાં તેમને આપ્યું. 'એલ્મ-ટ્રી-કાટેજ'નું ઘર બંધ કરી ધુંસ અને બીલાડાંઓને સપુરદ કરવામાં આવ્યું.

પ્રકરણ છઠું.

કલંક.

એક મ્હોટાં સ્ટેશન ઉપર રાતનો વખત છે; એ સ્થળ ઉપર હાલ કાંઇ ગડબડ કે ઘોંઘાટ જણાતો નથી; કેટલાક પોરટરો આમતેમ આગસાઇથી ભટકતા ફરેછે. કસટમનાં એકાદ બે ઓફીસરો પણ દીસે છે, અને થોડાંક લોક આમથી તેમ પસાર થાય છે; એઓ, અલબતાં, ખુલ્લી રીતે ટરેન આવવાની વાટ જુવે છે.

હમણાં ડોવરની 'એકસ પ્રેસ' આવવાનો વખત છે. પેલાં આમતેમ જણારાંઓમાં ચાલરસ આરચેસ્ટર દીસેછે. તે પોતાનાં મીત્ર ફ્રાંક ટેમપલટનને આવકાર દેવા આવેલો છે, જે થોડાક દીનથી ડોવર ખાતે ગયો હતોઃ જ્યાંથી આજે અંતરે આવી પોહોંચવાની વકી છે.

'એલ્મ-ટ્રી-કાટેજ'માં બનેલો ભયભીત બનાવ, જે હાલ લોકોનાં મનથી ભુલાઇ ગયો છે, તે ચારલસ આરચેસ્ટરનાં મનમાં હજી તાજોછે; હજી એ પુરૂષનું મન સ્વસ્થ નથી થયુંઃ બરફનું વરસવું, પવનનો ઘોંઘાટ અને વેરાન બાગમાં મરણ પામી પડેલી સ્ત્રી, એ ચીત્ર તેનાં હૃદયમાં સરવદા હાજર હતું. તે એમજ માનતો હતો કે, તે દીને રાત્રે તેને કુદરતે કોઇ વીશેષ

હેતુથીજ તે સ્થળ ઉપર લાવી ઉભો નરયો હતો, પણ તે હેતુ શો હતો, તે એ કહી નહી શકતો હતો. ખુની હજી પણ મોકલોજ ફરતો હતો, અને તેમજ હમેશ લગી રેહેવાનો સંભવ હતો. આરચેસ્ટર પોતાની આફીસનાં કામ પછી નો બાકી રહેલો સઘલો કાળ, પેલા ચાઠાંવાલા પુરૂષની શોધમાં, બાગો અને બીજી જાહેર રમત-ગમતનાં સ્થળોમાં ભટકવામાં ગાલતો હતો. પણ હજુ લગી તેનાં પ્રયત્નોને કસ્સો જય મલ્યો ન હતો. તેનું એ વીષય ઉપરનું 'ગાંડાપણું' ઓફીસમાંનાં તેનાં સોબતીઓથી છુપુ ન હતું, અને એ બાબે ઘણી ખુશ મશ્કેરીઓ ચાલતી હતી. પણ કોઇ ચીજ આરલસ ઉપર અસર નહીં કરતી કે, તેની ધારણાથી તેને ફેરવી નહીં શકતી હતી. નાટકશાળાઓ, કોનસરટો વગેરે સઘળાં સ્થળોમાં એ વારંવાર ફરી આવ્યો હતો. પણ પેલા ચાઠાંવાલો પુરૂષને તો જાણે પૃથવી ફાટી જઇ, તેને ગળી ગઇ હોય તેમ, સદંતર ગુમ થઇ ગયો હતો.

આ ઘડીએ પણ તે પોતાનાં માનીતા વીચારોમાંજ ગુંતાએલો હતોઃ તેટલાં સીપટીનો અવાજ થયો. એ અવાજ તો આપણે જાણ્યે છીએ કે હમેશાં આળસુ પોરટરોને વીજલીક અસરથી સજીવન કરેછે ત્યાર પછી ડોવર—એકસ્પ્રેસ હળવેથી ગબડતી અને હાંફતી સ્ટેશન ઉપર આવી ઉભી રહી. પેહેલ્લાં તો એ ગાડીઓમાંથી રેડાતા ઉતારૂઓની ભીડમાં આરચેસ્ટરે પોતાનાં મીત્રને દીઠો નહીં; અને પ્લેટ ફોરમ ઉપરથી હળવેથી આરચેસ્ટર ચાલી જતો હતોઃ તેટલાં કોઇએ પાછળથી તેનાં ખભાં ઉપર હાથ મેલ્યો, અને જે ગોપાળ કીધી.

"કેમ સાહેબ! તમારી અક્કલ અને ધ્યાન શેકબલ્લી વીચારોમાં ગુંતાએલી હતી કે શું? મને સ્ટેશન ઉપર લેવા આવ્યા હતા કે? એજ ઢંગ કે તમારા? જો ચોકસાઇથી પ્લૅટ ફોરમ ઉપર ચોતરફ નજર નહીં કરતે તો હું તમોને મલતેજ નહીં."

"અરે, ફ્રાંક!" આરચેસ્ટરે પ્રતીઉત્તર દીધો. "ખરેખર હું ઘણો શરમીંદો છું; પણ હું કોઇ બીજાજ વીચારમાં હતો, અને—"

"અરે હા, હા! હું જાણુછું!" ફ્રાંક હસી પડી બોલ્યો. "તમારૂં મન મોટા 'ડીટેકટીવ' કાબલ શોધમાં રોકાયલું હતું. તેમજ કેની?"

"હું ના નથી કેહતો." આરલસ લગાર શરમાઇ બોલ્યો. "પણુ ચાલો! તમારો કોથલો લેવો! આપણે જઇને કલબમાં ભોજણુ લઇજીએ."

"એટલું જલદી નહીં; મારા દોસ્ત." ફ્રાંક બોલ્યો. "હું એકલો નથી આવ્યો; મારી સાથ એક જુવાન બાનું છે, જેની સાથ તમોને ઓળખાણ કરાવવી છે."

"કોઇ જુવાન બાનું! વળી કોણ છે?"

"મારી એક બેહન હતી તે તમોને યાદ નથી? હું હતી, કરી એ ઉપરથી કહુંછું કે, તેવણ પરણી ગયા પછી, આજ ચાર માસથી મેં તેવણને દીઠાં નહીં હતાં; તેવણનાં ભરથાર સાથે 'હની મુન'ની સફરે નીકળી પડયાં હતા, ત્યારથી એ લોક ગુમ થયલાં તે એકાએક ડોવરમાં એ લોકમાં હું જઇ પડયો. સઘળી જાતનાં પરદેશીઓમાં વાસો કીધા પછી આખરે પોતાને વતન પાછો ફરવાનો વીચાર કરી, એ લોક તરતનાં ડોવરમાં ઉતરયા હતાંઃ તેટલાં એકાએક હું જઇ લાગ્યો."

"હા; મને હવે યાદ આવ્યું." આરચેસ્ટર બોલ્યો. "તમે એકાએક તેઓમાં જઇ લાગ્યા તેથી તે લોક ઘણાંજ અચરત થયાં હશે."

"હા! મારાં બેન બંધેવી બન્ને અચરત થયાં. મેં તેનો ખરડો પાછળથી ઠોકયો તે, જાણે હું બેલીફ હોઉં અને સરકાર ઘસડી જવાની હોય, તેમ, એક ગજ ઉપર ઉછળયો. પણ ચાલો! તમે મારી સાથે આવો. હું ધારૂંછું કે, સર સામાનની તેવણ દેખરેખ લીય છે, અને લુસી, પેટીઓ, તરંગો અને બીજી સઘળો સર સામાન પુષ્ક કળ લાધી લાવી છે. હું ધારૂંછું કે, 'વેટીંગ-રૂમ'માં હશે, ચાલો જઇએ."

"તમો પેહેલ્લાં આવીને એક ગલાસ નહીં પીશો?" ચારલસે પ્રશ્ન કરયો.

"નહીં, નહીં! પછી ઘણો વખત મલશે. મારી સાથ ચાલો."

થોડાંજ પગળાં ભરવા કેડે તે લોક 'વેટીંગ-રૂમ'માં આવી લાગ્યા, જ્યાં ફ્રાંકની બેન, પેટીઓ, લાકડીની પુળીઓ અને છત્રીયો, ઇત્યાદીની મધ્યમાં બેઠી હતી.

"લુસી," ફ્રાંક બોલ્યો. "મારા મીત્ર મીઠ આરચેસ્ટરને તમો સાથ ઓળખાણ કરાવવા લઇ આવ્યો છું. એવણ છેક જરમન શીટથી સ્ટેશન લગી મને લેવા ખાતર આવ્યા, જે મીત્રાચારી ભરયા કામ માટે જેટલી શાબાશી આપીયે, તેટલી થોડી છે. ચારલ-મારી બેહન મીસીસ કલાકસ્ટન."

"મેં ઘણી વાર મારા ભાઇથી તમારૂં નામ સાંભળ્યું હતું, મીઠ આરચેસ્ટર!," મીસીસ કલાકસ્ટન બોલ્યાં. "તે છતાં હમોને એક

બીજાં સાથ એ આગમચનોજ મેલાપ નહીં થયો, એ લગાર અજબ દીસેછે. પણ ખરૂં જોતાં હું ઘણી વાર ગામમાં રેહતી હતી, અને શેહેરમાં આવું ત્યારે--"

"ત્યારે એવી વાતમાં રોકાએલાં રેહતાં કે, કોઇ બીજા પુરૂષની તરફ એક નજર વટીક ફેંકવાનો અવકાશ નહીં મલતો હતો. હું ખાતરીથી કહુંછું, ચારલ કે—"

"બસ! બસ! બનતો લગી ઉદ્દત નાં બનો, ફ્રાંક!" મીસીસ કલાકસ્ટન ઉતાવળે વચ્ચે પુરાયાં. "ભાઇઓ તો ઘણીજ પીડા જેવા થઇ પડેછે, બા! તમોને એવું નથી લાગતું, મી૦ આરચેસ્ટર?"

"ગવરન્મેન્ટ ઓફીસમાં રાત દાહડો હું રગડાઉંછું, તેનું નીરદોષ કારણ મારો વડો ભાઇ છેઃ તેથી હું તમારી વાતને ટેકો આપું છુંજી."

"હા, ખરેખર! રગડાએચજજો!" ફ્રાંક નસકોરૂં ચઢાવી બોલ્યો. "દસથી તે ત્રણ લગી, તેમાંથી બે કલાક નાસતામાં અને પેપરમાં ગુમાવવાનાં બાદ કરવાનાં બ્રીટીશ ટેક્ષ રાખનારાઓ એવા આળશુઓ માટે કેવો વીચાર રાખે છે? તમો શું ધારો છો?"

"ચુપ!" મીસીસ કલાકસ્ટન પોકારી ઉઠયાં. "તમારી અસલી વીચારોની પતરાજી મારી સાંમે હાંકી કે, વળી? તમો ગાંમમાં રેહતા હતા, ત્યારે એ કરતાં ઓછી આળસાઇ નહીં રાખતા હતા."

"હા! તે વેળા તો હું પાંખ વીનાંનો ગરૂડનું બચ્ચું હતો, પણ હવે મને પાંખ ઉગી છે, એટલે ખુલ્લી કરી—"

"ઘુવડ પેઠે ઉડો છો." બેહન વચ્ચે બોલી ઉઠી. "હયાં ઉભા રહી ગાંડી વાતો કરયા કરવાનાં કરતાં હું ઇચ્છુંછું કે, તમો જઇને જુવો કે, પોલ કયાં છે,-શું થયું?"

પોલનું નાંમ સાંભળતાંજ ચારલસ આરચેસ્ટરને ધ્રુજરી છુટી.

"પોલ!" તેણે પુછયું.

"હાજી;" મીસીસ કલાકસ્ટને ઉત્તર વાલ્યો. "મારા ભરથાર મી૦ કલાકસ્ટન. તમોને શું ખબર નહીં હતી કે, તેવણનું જન્મ નામ પોલ છે?"

"પેલા સઘળા મુસાફરો વચ્ચે તેવણને શોધવા જવાની અગત્ય નથીઃ કાંકે તેવણજ અહીં આવેછે."

ચારલસ આરચેસ્ટર ચમક સાથે મોંહ વકાસી ઉઠી ઉભો થયોઃ કાંકે પોતાની સામે બારણામાં, પેલો ચાઠાંવાળો પુરૂષ ઉભો હતો!

પ્રકરણ ૭ મું.

લગનની આગળી રાત.

"મી૦ આરચેસ્ટર,—આ મારા ભરથાર, પોલ કલાકસ્ટન." મીસીસ કલાકસ્ટને ઓળખાણ આપી.

સ્વભાવીકપણે આરચેસ્ટરે ડોક નમાવી. અને જે પુરૂષ ખુની છે કરી માનવા માટે તેની સોડે ચોક્કસ કારણ હતું, તે પુરૂષને હસ્તાલીંગનમાં પોતાનાં હાથ સમાગમમાં આવતા જોઇ થરથરવા લાગ્યો.

"સામાન સઘળો બરાબર છે, પોલ?" મીસીસ કલાકસ્ટને પુછયું. પોલે 'હા'નો ઉત્તર વાલ્યો. પછી એ લોક બંધે ઘર તરફ જવા નીકળ્યાં.

"હવે યાદ રાખજો, મી૦ આરચેસ્ટર." મીસીસ કલાકસ્ટન જતાં જતાં પાછું ફરી જોતાં બોલ્યાં. હવે અમોએ અત્રેજ ઘર માંડી ઠરી ઠામ વાસો નાંખ્યો છે. તમોએ આવીને હમોને મલવું પડશે. ફ્રાંક તમોને હમારૂં ઠેકાણું આપશે."

આ વક્કી રાખ્યા વગરનાં મેલાપે જે એને બેભાણીમાં નાંખ્યો હતો, તેમાંથી એનાં મીત્રનાં સાદે જાગ્રત કીધો.

"અને હવે, મારા દોસ્ત! એ લોકથી તો છુટા; ચાલો હવે આપણું જરા ગળું ભીંજવીયે."

ચારલસ યંત્ર પેઠે ઉઠી પોતાનાં મીત્રની પાછળ ભોજણ લેવાનાં ઓરડામાં ગયો. એને લાગ્યું કે પોલનાં અચબુચ મેલાપે તેનું મન છંછેરયું છેઃ તેથી કોઇ પણ કેફની વસ્તુ લેવાની અગત્ય છે.

"હું કેહુંછું," ફ્રાંક ટેમપલટણ ફીકરથી પોતાનાં મીત્રનો ચેહરો નેહાળતાં બોલ્યો. "કે, શારૂં થયું સ્ટીપલ્સ અને લેકસ આ અ-

રકમાં કેફની વસ્તુ ઘણી કસર સાથ નાંખેછે: કાંકે હું જોઉંછું કે, તમારા ગલાસમાં પાણી નાખ્યા વગર તમો એ પીધું."

"મારી તબીયત સારી નથી." આરચેસ્ટર તોતરાયો.

"સારી નથી!" ફ્રાંક ફીકરથી ચેહરો તપાસતો બોલ્યો. "હવે તમારો ચેહરો જોતાં મને લાગે છે કે તમારો ચેહરો ઉજલો થઇ ગયો છે, અથવા કંઇ ભુત-પ્રેત દીઠો હોય તેવા ફીક્કા મારી ગયા છે. કોઇ બીજી જાતનો મધ્યમ દારૂ પી જુવોની."

ચારલસે પોતાનાં મીત્રની સલાહ માન્ય કીધી અને તે આતશી અરકની અસરથી તે અરધો શાંત થયો. તેને વીચાર આવ્યો કે, જે પુરૂષની શોધમાં તે આટલી લાંબી મુદદતથી હતો, અને જેને અકસ્માતે ઓચીંતો તેનાં હાથમાં આપ્યો છે, તેનાં વીષેનું બનતું જાણવાની આ માહભારત તક હાથ લાગી છે, પરંતુ જે ખબર મેલવ્યાથી તેનાં મીત્રનાં કુટુંબનાં મીત્રમાં પાયમાલી અને ખરાબી લાવે તેવી ખબર, મીત્રાચારીનાં બુરખામાં રહી સંપાદન કરવાનાં કાંમ,થી તેનું દીલ અચકી ખાઇ પાછળ હઠતું હતું. પણ તે છતાં ફરજ એજ મારગ લેવાનું ખુલ્લી રીતે દેખાડતી નથી શું? તે કલાકસ્ટન, કે કાલવરટ, જો નીરદોષ હોય તો તેને પોતાને એ દોષથી મોકળો કરવાનો એનાં કરતાં સેહલો બીજો કયો વખત જડશે?" અને જો અપરાધીજ હોય તો, તેવા એક દોષી તને તેને ઘટતા ઇનસાફે પોંહોંચાડવાની એની ફરજમાં મીત્રાચારીનું કોઇ બંધન નડવા દેવાએ કે? પોતાના મીત્ર સાથે કલબ તરફનો રસ્તો લેતાં આ ઉપલા એકેકથી વીરૂધ્ધ વીચારો આરકેસ્ટરનું મન વ્યાકુળ કરવા લાગ્યા. વાટમાં કાંઇ ઝાઝી વાત નહી કીધી હતી, અને તેની તબીયત વીષેનાં તેનાં મીત્રની વારંવારની પુછ પરછ નો જવળે ઉત્તર વાળતો હતો. પણ કલબનાં ઉંબર ઉપર પગ મેલતાંજ તે એકદમ મજબુત ઠરાવ ઉપર આવ્યો. કે, બનતી ખબર અને બાતમી પોતાનાં મીત્રથી મેલવવી ઘટેછે. કોણ જાણે કદાપી તેને મલશે તે ખબર મીસીસ કલાકસ્ટના કંથને તેની ઉપર મેલાયલા દોષથી મુકત કરશે. અને જો તેમ નહીં થયું તો પરવા નહીં. એ પછીનો કયો મારગ અખત્યાર કરવો ઘટેછે તેનો વીચાર કરવા વખત પુરતો છે.

થોડીજ મીનીટમાં એ કલબનાં ભોજણ લેવાનાં ઓરડામાં એક સારી સગવડ ભરી જગ્યા ઉપર તેઓ ગોઠવાયા. "ઠીક, તમોને શેવટે હુસ્યાર થયલાં જોઇને હું ખુશ છું." ફ્રાંક બોલ્યો.

"માદાં માણશો સાથે ભોજણ લેવાનું હું ધીક્કારૂં છું. એવી વેળાએ પેલાં ઇજીપશીયનલોકો ખાણી પીણી અને મેજબાનીનાં દીવસો ઉપર હાડ પીંજર રાખવાનો જે રવઇયો પાલે છે તે મને યાદ આવેછે. ઘણોજ નઠારો રવયો. જ્યારે પણ હું કોઇ માદાં માણશ સંગે ખાવા બેસું, ત્યારે ઘર જઇ 'રૂબબની ગોળીયો' ગળવાની મારી મરજી થાય છે."

આરચેસ્ટર લગાર મુસ્કેરાયો. "તમારો બંધેવી શારૂં માણશ દીસેછે." આરચેસ્ટર બોલ્યો, અને પોતાનાં વેષધારીપણાં ઉપર અંદરખાનેથી કમકમવા લાગ્યો.

"અરે, હા! પોલ સઘલી પાંતીએ ભલો માણશ છે." ફ્રાંકે પ્રતીઉત્તર વાલ્યો. "લુસી ભાગ્યવાન છે. પોલ પાસે પુષ્કળ પઇસો છે; એ પઇસો તેનાં કાકા લેનરડ તરફથી એને મલેલો; જે એનો ધરમ-પીતા પણ થાય. પોલને તેવણનુંજ નાંમ અપાયલું છે. પોલ-લેનરડ-કલાકસ્ટન."

"એવણનો ચેહરો પણ અસાધારણ છે." ચારલસ આગળ વધ્યો. "મેં એવણને શેહેરમાં ઘણી વાર જોયા હોય તેવું સ્મરણ થતું નથી."

"કદાચ નહીં દીઠા હશે. પોલે 'હેડલબરગ'માં કેલવણી લીધી હતી, અને ત્યાં હતો ત્યારે ઘણો નાદાન અને જાહેલ હતો. એની આંખ ઉપર ઘસો છે તે તમે દીઠો. એ ઘસો એક હુસ્યાર તાલીમબાજ સાથે તલવાર બાજીમાં પડેલો છે. પણ લોકો કેહતાં હતાં કે એ તેનોં જોડયો હતે, એ ઘા લાગ્યો તો ખરો, પણ તેને પેહેલ્લેથી પકડી પાડયો હતો. અને ત્યાંથી આવ્યા પછી, એનો વ્યહવાર, હમારા કરતાં જુદાંજ કુંડાલામાં ચાલતો હતો."

'હું કંઇ એવું જોતો નથી." ચારલસ ભગાર ચીઢથી બોલ્યો "હું ધારૂં છું કે તે જતો આવતો હતો, તેવાંજ સારાં મંડળમાં હું પણ જતો-આવતો હતો."

"આ મટોડાંનાં વાસણને પીત્તળનાં વાસણની અદેખાઇ કરતાં સાંભળો તો!" ફ્રાંક ખડખડ હસી પડી બોલ્યો.

"પણ તમો સમજ્યા તેવી મતલબથી હું નથી બોલતો. કલાકસ્ટન સરકારમાં ઉંચા 'ફીનાન્સ'નાં કુટાલામાં ફરતો હતો. તેણે તો ધન-લક્ષમીનાં દેવળમાં પણ સેવા બજાવી હતી, અને તે દેવતાઓનો માનીતો પુંજારી થયલો હતો. એનો કાકો લેનરડ શેર-દલાલના મંડળનું બળ-જોર હતો, તે તમો નહીં જાણતાં શું? અને પોલ, એક તાબેદાર ભત્રીજા લેખે કેટલીક મુદ્દત લગી કાકાને પગલે ચાલ્યા કરતો હતો."

"નહીં! મને એવી ખબર નહીં હતી." આરચેસ્ટર કંઇક તીરસ્કારથી બોલ્યો. "શેર-દલાલના મંડળનાં લોકો વીષેની મને કંઇ ઝાઝી ખબર નથી."

"લેવો! આ સરકારી શેવક મગરૂરી કરેછે તે સાંભળો; પોતાનાં પવીત્ર વાડની બાહારનાં જે કોઇ હોય તેને ધીક્કારેછે! પણ પોલ અગરચે સરકારનો નોકર નથી, તોપણ ઘણો શારો માણશ છે; અગરચે આગમચ કંઇક હુલ્લડ હતો ખરો. હવે આપણે જમીતો રહયા, પણ જો એક ચીરૂટ આપો તો એ પુરૂષની એક વીચીત્ર કહાણી કહું, જે આજ લગી મેં એકુ પણ જીવડા આગળ કહી નથી. ખરૂં પુછો તો મારા પોતાનાં મનસેજ હજી ખુલાસો થયો નથી."

ચારલસ ઉપલા શબ્દો સાંભળતાં જવળે પોતાની અધીરાઇ દાબી શકયો. ચીરૂટ પીવાના ઓરડામાં લઇ જઈ તેને ચીરૂટ આપી ગોઠવ્યો.

ત્યાં લગી પોતા ઉપર મજબુત દબાણ રાખી ખામોશ રહ્યો. ગોઠવાયા પછી ફ્રાંકે પોતાનું બોલવું પાછું જારી કીધું.

"મારાં બેહનનાં લગ્નની આગળી રાતે એ બનાવ બન્યો હતો." પેલાએ માંડયું. "સમજાય નહીં એવાં કોઇ કારણે, જે કારણકે, એવી વેળાએ એક સ્ત્રીનાંજ ભેજાંમાં પ્રવેશ કરેછે, તેવાં કારણે મારી બેહેનને એવુંજ કંઇ ભેજાંમાં લીધું કે, તેણીએ પોલને માટે એક વીટી જડાવી હતી તે વીટી પોલે લગનની ક્રીયાનીજ વેળાએ પેહડવી જોઇએ. હવે પેલા જંગલી ઝવેરીએ તે વીટી તે દીને રાતનાં છેક નવ વાગ્તા લગી મોકલી નહીં. એટલી રાત વીતા પછી એ વીટી પોલને શી રીતે પોંહોંચાડવી તેનાં ફાંફાંમાં મારી બેહન પડી; હવે એક વ્હાલા ભાઇ મીસાલે હું સામે આવ્યો, અને તે વીટી હાથો હાથ પોંહોંચાડવાની મેં કબુલાત આપી. તે ઉતાવળેની મુસાફરી હું કદી ભુલનાંર નથી. ઘણીજ શીતળ રાત હતી અને હું પોલનાં ઘર ભણી જવા નીકળ્યો. પોણાં દશે હું ત્યાં જઇ પુગ્યો. પણ નહીં, તે ત્યા મલે નહીં, અને તેનો માણશ, જેણે બારણું ઉંઘાડયું, તેને મને લુટારૂ ટોળકીમાંનો એક તેનાં શેઠને લુટવા આવેલો મને લેખ્યો, હશે. તેણે મને ખબર આપી કે, મી॰ કલાકસ્ટન ઘણું કરી તેવણનાં કલ્બમાં ગયલા છે, ત્યાંથી પાછો નીકળ્યો, પણ ખબર તો એવી મલી કે તે દીને એ કલ્બોમાં ગયોજ નથી. અને એ વારંવાર જતો હતો તેવે કંઇ છએક ઠેકાણે જઇને શોધ્યો, પણ કેથે પોલનો પત્તે જડયો નહીં. શેવટે ટાઢથી તેમજ ભુખથી થાકેલો અને અધમુવો થઇ ગયલો સાડાઅગ્યાર વાગ્તે પાછો પોલને ઘર આલબેનીએ પોંહતો.

"'હું તમારા શેઠની વાટ જોતો હયાંજ ટોણ્યું છું." 'મેં પોલનાં માણશને કહયું.'

'તમે-એમ નહીં કરશો તો શારૂં, સાહેબ.' તેણે મને ઉત્તર દીધો. 'કાંકે મી॰ કલાકસ્ટનને કોઇ એવું કરેછે તે ગમતું નથી. 'હું પોતે હમણાં પથારીએ જાઉં છું.'

"'મારે આજે રાતે તેવણને મલવું છે; હું જો હયાંજ સુઇ જાઉં તોપણ કાંઇ પરવા નહીં!' મેં ઉત્તર વાળ્યો. 'વાસ્તે જરા સઘડી રોશન કરો અને એક ગલાસ દારૂ આપો.'"

તેણે કાંઇ વધુ અડચણ લેવાનું મન કીધું પણ પાછો વળી જઇ મને જોઇતી સરવ વસ્તુ આપી, સભ્યતાથી સલામ કરી ચાલી ગયો.

"હું ધારૂં છું કે હું ઉંઘાઇ ગયો હોઇશઃ કાંકે બારણું ઉંઘડવાનાં અવાજથી હું જાગી ઉઠયો તે વેળા સઘડીનો આતશ બહુજ થંડો પડી ગયલો હતો. બારણું ઉંઘાડી મારો બંધેવી અંદર ઉતાવળે ધસી આવ્યો. મેં કદી કોઇને એવા ઘભરાટમાં દીઠો નથી. મુરદાં જેવો ફીકકો તે મારી ગયલો હતો.

"'તમો તમારી કુમારી જીંદગીને છેલ્લી સલામ કરવામાં રોકાયા હતા, હું ધારૂં છું.' હું બોલ્યો. હું બેકેરેટનો છેલ્લો દાવ રમતો હતો, અને તેમ કરતાં મેં ગોળો પીંડાલો વાળી નાંખ્યો.'

"'તમો કયાં રમતા હતા?' મેં પુછયું."

'અરે મારી કલ્બમાં.' તેણે જવાબ દીધો. "'બારીંગટન'ની કલ્બ બી નહીં અને 'જુનીયર મેટરો પોલીટન'બી નહીંઃ કાંકે હું તે બંધે સ્થળો ઉપર જઇ આવ્યો."

"'નહીં,' તે બોલ્યો. 'તે એક પ્રકારની ખાનગી કલ્બ છે, પણ હું ત્યાં ફરીથી જનાર નથી.'"

'હું ધારૂં છું કે તેમ કરો તો શારૂંઃ કાંકે તે તમોને લાયક હોય તેમ લાગતું નથી.— પણ લુસીએ તમોને એક પારસલ અને ચીઠઠી મોકલી છે; જુવો! કાંઇ ઉત્તર વાળવાનો છે.'

"મેં જોયું કે, તેનાં હાથ એટલા ધ્રુજતા હતા કે પેલી બીંદરી મુસ્કેલે ઉખેડી શકતો હતો. કેમએ કરીને શેવટે તે ઉખેડયું, અને ચીઠઠી પણ વાંચીઃ જેથી તે લગાર નીરાંત પકડી થયલો દીસ્યો.

"'ચીરૂટ જોઇયે, ફ્રાંક?' તેણે પુછયું.

"'હા, આપો તો ઘણું શારૂં; ઘર તરફનો મારગ લેહેલ્લો કપાશે.'"

"તેણે પોતાનાં જેબમાં તપાસ કરી, તો 'સીગાર-કેસ' નહીં મલે, અને હાથ ઝડકથી ગજવામાંથી બાહાર કાઢવા જતાં, કંઇ અવાજ સાથ ભોંય ઉપર પડયું. તરત તે ઝડપી લીધું, પણ મેં જોયું કે, તે કંઇ ફુટ એરી દેખાતું નાનું ખંજર હતું."

ચારલસ ચમક સાથે ઉછળયોઃ "કેમ શું છે?" ફ્રાંકે સવાલ કીધો. "તમો હમણાં મારૂં મોતનું જેવું બોલતા હતા!"

"નહી, કંઇ હાથ પગમાં ખેંચતાણ જેવું થયું." ચારલસ બોલ્યો, અને ફ્રાંકે પાછી પોતાની વાત માંડી.

"તમારી કલ્બનાં સઘળા મેમબરો, આ નીરપરાધી જેવી નાની દાંત કોતરણીઓ સાથે લઇ ફરેછે કે?" મેં પોલને પુછયું.

"અરે, નહીંઃ" તેણે લગાર ઉતાવળે કહયું. "હું બાહાર ગામ જવાનો હોવાથી એક દોસ્તે એ હથીયાર મને આપ્યું હતું."

"'મને જરા જોવા દેવો તો!'" એમ કહી મેં હાથ લાંબો કીધો.

"'નહીં, નહીં;' એમ કહી કબાટનાં એક વકોરામાં નાંખી વકોરાને કળ દીધી."

"'મને હમણાં કેવળ વખત નથીઃ કાંકે, મારે સારી ઉંઘ ખેંચવી જોઇએ છેઃ તેથી તમારો હવે ચાલી જવું જોઇએ.'

"એ પછી હું ઘર ગયો; એટલુંજ." ફ્રાંક દારૂનું ગલાસ ઓટી જતાં બોલ્યો. "પણ માસ્ટર પોલને ઘટતા માન સાથે એટલું તો કેહવું પડેછે કે, તે દીને રાતે અજબ તરાહનો બેકેરેટનો દાવ એવણે રમ્યો હતો."

"ફ્રાંક," રાચેસ્ટરે તરત પ્રસ્ન કરયો. "તમોને ન્યુસ પેપરો વાંચવાની તબેહ છે?"

"ઘણુંજ કવચીત, અને વાંચું તો માત્ર સરત વીષેની કંઇ ખબર અંતર હોય તેજ વાંચું છું." ફ્રાંકે લગાર અજબ થઇ ઉતર વાલ્યો.

"પોલ કલાકસ્ટનને તમોએ તે દીને જોયો, તેને બીજે દીને કંઇ ન્યુસપેપરો વાંચ્યાં હતાં?"

"શું, ઘરમાં બેહનનાં લગન, અને પેપરો વાંચે! હું નહીં બા!"

"વારૂ તેને ત્રીજે દહાડે?" "ત્રીજ દીને તો હું રાથવેલ સાથે મેડીટરેનીયન બાતે ઉપડયો હતો; અને હું નહીં ધારતો કે, પંદર અઠવાડયાં લગી મેં કોઇ ન્યુસપેપર વાંચ્યું હોય."

"તમારા બેહન કે દહાડે પરણ્યાં તે તારીખ તમોને યાદ છે?"

"અલબતા! ગયાં વરસની ૧૩ મી ડીસેમબર હતી."

'એલ્મ-ટ્રી-કાટેજ'માં ખુન થયું હતું, તે બારમી ડીસેમબરની રાતનાં થયું હતું.'

પ્રકરણ ૮ મું.

નીશાણુ ઉપર.

ચારલસને ક્રાંક સાથે જે ઉપલી ગુફતેગો થઇ, તે ગુફતેગોએ, પોલ કલાકસ્ટનને, તેની ઉપર મેલાયલા દોષથી મુકત કરવાને બદલે ઉલટો તે અપરાધ તેની ઉપર ચોંટાડયો હોય તેવું દીસ્તું હતું. ખુન થયું તે દીન રાતની તેની ગેરહાજરી, એ ગેરહાજરીનો કાળ શી રીતે રોકાયો હતો તે પરની પુછપરછ ચાલતાં તે આસામીનો ધભરાટ ભરયો અને ઉડાવનારો ઉત્તર, તેનો 'સીગાર–કેસ' ખોવાયો તે, તેની સોડેનાં ખંજરની શોધ, એ સઘળું પોલને એસ્થર ડાલીંગટનનાં ખુની લેખે દેખાડી આપતું દીસ્તું હતું; હજી પણ ચારલસ આરચેસ્ટર દગદગતો હતો. બાહારનાં દેખઇતા પુરાવા ઘણાં મજબુત હોવા છતાં, એક આસામીને એકદમ દોષીત ઠેરવવા ગમતું ન હતું. કદાચ, એ સઘળું છતાં, તે આસામી આ અજબ રીતે એક તાકડે બનેલી સાંકળમાં માત્ર એદ ભોગ થયો હોય, અને તેની આખખી જીંદગીને એવાં એક તોહોમતથી હમેશ લગીનો કલંક લાગે. પરંતુ જયારે ચારલસ એ કેસની બીનાંઓ મનસે સ્મરણ કરતો, અને પુરાવાનાં પત્યક કકડા સાથે જોડતો ત્યારે, પોલ કલાકસ્ટન નહીં પણ બીજા કોઇએ ખુન કરયું હશે એવા સીદ્ધાંત ઉપર આવવું લગભગ અસંભવીત દીસ્તું હતું. જો તે ખરેખર અપરાધી હોયો તો, એક સ્ત્રીને તેનાં લોહીમાં આલોટતી મેલી થોડાજ કલાક વીતા કેડે બીજી નારી સાથે પોતે લગનની કીયામાં દાખલ થઇ શકે, અને પોતાનાં ભક્ષની લાસ ને હજી ભુમીદા નથી કીધી તેટલાં રોહેર મેલી જતો રેહ, એવો વીચાર ઘણો ભયંક દીસ્તો હતો.

"મને તો એથી પણ કાંઇ વધુ સાબેતી જોઇએ" આરચેસ્ટર મનમાં વીચાર કરવા લાગ્યો. "જો એ ભેદનો એક રસ્તે યા બીજે રસ્તે ખુલાસો નહીં થયો તો હું ઘેલો થઇ જઇશ. એ સાબેતી કયાંથી મેલવું? શું કરવું?"

કેટલાક દીવસ લગી, જોઇતી ખબર મેલવવાની ઇચ્છા જાયુક તેનાં મનમાં તાજી રહી હતી, અને શેવટે એવું નક્કી કરયું કે, જે ઇન્સપેકટરને એણુ તે ખુનની રાતે પેહેલ્લી જબાની આપી હતી તેને મલવું. પણ સ્ટેશન ઉપર આવી ખબર કાઢી તો નાં ઉમેદ થયોઃ કાંકે, પુછપરછ કરતાં એવું માલમ પડયું કે, તે ઇન્સપેકટરે પોતાની સરકારી ચાકરી છોડી દીધી હતી, અને એક ખાંનગી તપાસની આફીસ ઉભી કરી હતી. પણ કયાં? તે કોઇ કહી નહીં શકયું. પણ તે લોકે એવી સલાહ આપી કે સ્કોટલંન્ડ યારડમાં જઇ તજવીજ કરતાં જોઇતી ખબર મલશે. તેમજ બીજે દીને ચારલસ ત્યાં ગયો, અને તેની મેહનતનો સારો અવેજ મલ્યો. એવી ખબર મલી કે, ઇન્સપેકટર ટાઇલરે પોતાની ખાનગી આફીસ 'વોટરલુ' રોડ પરનાં એક ચોક્કસ મોહોલ્લામાં ઉઘાડી છે.

આરચેસ્ટરે તે આસામીને થોડાક શબ્દમાં અરજ કીધી કે તેને બીજે દીને મલવા આવેઃ અને કણુલાત મુજબ વેલાસર સાંજનાં પાંચ વાગતે મી૦ ટાઇલર આરચેસ્ટરનાં ઘરમાં દાખલ થયો.

"સાહેબ મેહેરબાન, સાહેબ!" પોતાની પાઘડી ઉતારી બાજુએ મેલતાં તે બોલ્યો. "તમો મને સારી પેઠે ઓળખો છો; બ્રામપટન માંની નાટક કરનારી સ્ત્રીનું ખુન થયું હતું તે વેળા મેં તમોને જોયા હતા. હમારા માણુશોમાંનાં એકે એવો ખ્યાલ ભેજાંમાં લીધો હતો કે, એ કામ તમોએ કીધું હતું, અને તે દીને રાત્રે મેં તમોને છોડી મુકયા હતા કરી કેવળ ગુસ્સામાં તે આવી ગયો હતો; પણ ખોદાનાં હુકમથી મારાં દીલને નેહ હતી કે, તે કામમાં તમારો હાથ નહીં હતો, જોકે જરા રતી ઘભરાયલા તમો દીસતા હતા. પણ જેને તે કામ કીધું તે પક્કા માણુશે કીધું હતુંઃ કારણકે, તમે જાણો છો કે, તે કેવળ પકડાયો નહીં."

"તેજ વીષય માટે હું તમો સાથ વાત કરવા ઇચ્છુંછું." આરચેસ્ટરે ઉતાવળે ઉત્તર વાળ્યો.

"એ! એ શું તમે બોલ્યા, મી૦ આરચેસ્ટર?" મી૦ ટાઇલર ઉત્સુકપણે બોલ્યો. "તમોને તે આસામીની નીશાણુ મલી છે, એવું માલમ પડેછે શું?"

"મને મી૦ પોલ કાલવરટ મલ્યો છે" આરચેસ્ટરે ઉત્તર વાળ્યો.

"કેમ એ કરીને તેનું વરણન જે આપ્યું હતું તેને પુરો મલતા આવતો દેખાવનો માણસ મલ્યો છે, અને ખુન થયું તે રાતે મારી સાથ અથડયો તેજ માણસ એ છે."

"તમોને નીસ્ચે છે?" પેલો ડીટેકટીવ પોતાનાં હાથ ઘસતાં બોલ્યો.—

"તમારા જેવા ધંધાદારીઓ તો વારંવાર એમ સમજો છો કે, અજબ જેવી શોધ તમોએ કીધી, અને શેવટે તેમાંનું કાંઇજ નહીં!"

"જો તમે થોડી પળ શાંતીથી મારૂં કેહેલું સાંભળો તો—" આરચેસ્ટર થંડાઇથી બોલ્યો. "એ વીષય વીશેનું જે જે મેં એકઠું કરયુ છે, તે તમોને કહું" અને તે પુરૂષ જુદાંજ નામથી ઓળખાતો શી રીતે સ્ટેશન ઉપર મલ્યો, અને પછીની પોતાનાં અને ફ્રાંક ટેમપલટન વચ્ચે ચાલેલી સઘળી હકીકત કહી.

"ત્યારે મી૦ પોલ કાલવરટને ગળે ફાંસી ઓળવનાર તેનો સાલોજ હતો, અહં?" સઘળું સાંભળી રેહતાં મી૦ ટાઇલર બોલ્યો. "એ ઘણું નરસ થયું; ઠીક! પણ એ વીચાર કરવાનું આપણનું કાંમ નથી. હું ધારૂં છું કે એ ખુનીને પકડવા માટે સરકારે ૧૦૦) પાઉન્ડનું ઇનામ કાઢેલું બંધ નથી પડયું. પણ અલબતાં! આપણે બંધે સરખે ભાગે વેહેંચી લઇશું."

"તમો એમ ધારો છો કે તે લોહીનાં પઇસાને હું આંગલી પણ લગાડીશ?" ચારલસે જરે તીરસ્કાર ભરયા સ્વરે સવાલ કરયો.

"માફ કરો, સાહેબ! તમોને ખાતરી પુરવક કહુંછું કે, તમોને માઠું લગાડવા મેં કહયું નથી. તમારા જેવા સરકારી ચાકરીવાલાઓને એવી પચાસ પાઉન્ડની નોટ સુગમ થઇ પડેછે."

"એ ભયંક કાંમમાંથી તમે ગમે એટલું કમાવો. મને કંઇ જોઇએ નહીં."

"ઠીક, સાહેબ!" મી૦ ટાઇલર બોલ્યો. "એ લોકનું નામ-ઠામ આપો અને તરત હમો એ કાંમ પાછળ મંડીશું."

"મને કંઇ નવી સાબેતી જોઇયે છે." ચારલસ બોલી ઉઠયો, અને ઓરડામાં આમ તેમ ફરવા મંડી ગયો. "મેં ખરેજ પતો મેલવ્યો છે. હું ખરેજ મારગે ચાલુંછું, એવી ખાતરી મને થવા વીનાં એમાં હું વધુ હાથ ખરડી શકતો નથી."

"હું નહીં જાણતો કે, તમો હમણા બોલી ગયા, તે કરતાં બીજી કેવી સાબેતી તમોને જોઇએ છે." ડીટેકટીવ ચીરડાઇ બોલ્યો. એટલામાં આરચેસ્ટરનાં ભેજાંમાં નવો વીચાર ચમકયો.

"ખુન થયું તે દીને રાત્રે મેં વાટમાંથી ઉંચકી લીધી હતી તે દાબડી મને મલી શકશે કરી તમો ધારો છો?"

"ખચીત! તે વસ્તુ પોલીસનાંજ તાબામાં હોવી જોઇએ." ટેલરે પ્રતી ઉત્તર દીધો.

"મને તે મંગાવી આપશો?"

"હવે સાંભળો, સાહેબ." ડીટેકટીવ સમજાવી બોલ્યો. બેહતર છે કે, એ સઘળું મને ખોલાસેવાર કહી દેવો, અને કાંઇ ગડબડ નહીં કરો."

"હમણાં લગીનાં મારાં કાંમમાં મેં કંઇ ગડબડ કીધાં છે કે, કાંઇ ડોહોળ્યુ છે?" ચારલસે પ્રશ્ન કરયો.

"ઠીક, 'તમોએ કાંઇ કીધું તો નથી; પણ તમારા આજ લગીનાં કામમાં નસીબે ટેકો મલતો રહયો છે."

"તમો, પેલી દાબડી મારા હાથમાં આવે તેમ કરો, અને જો મને એકુ પણ મારગે સંતોષ નહીં મલશે તો, કસ્સું પણ છુપાવ્યા વીના એ કેસ તમારા હાથમાં મેલીશ."

"એ ચોક્કસ શરત આપણાં વચ્ચે છે, સાહેબ;" ડીટેકટીવ બોલ્યો. "કાલે સહવારે તે દાબડી તમારા હાથમાં આવશે. હયાં મોકલું કે, તમારી ઓફીસમાં મોકલું?"

"મારી ઓફીસમાં મોકલજો." એનેજ લગતી કાંઇ વધુ ગુફતગો ચાલ્યા કેડે એ લોક છુટા પડયા.

"હું વાજબી કરતો હોઇશકે?" ચારલસ એકલો પડયા પછી મનસે સવાલ કરવા લાગ્યો. "એ રીતે એક આસામીને પુઠે લાગવાનું ભયંક દીસેછે; પણ તે છતાં જો તે કરમ તેણે કીધુંજ હશે તો, તેને દયાની આશા રાખવી કેવળ ઘટે નહીં. મારી પોતાની મરજીનાં ચલણ કે ઇચ્છા-શકતી વગર જાણે હું નસીબ-ચક્કરનાં હાથમાં હોઉં તેવું દીસેછે, અને મારે હીસ્સે નેમાએલાં કામમાં મારે આગળ વધવું જોઇએ."

* * * * * * * *

બીજે દીને સહવારે ઓફીસમાં એક મુનીમે એક નાનું સરખું પારસલ લાવી ચારલસનાં હાથમાં મેલ્યું, જેની ઉપર—"મી૦ ચારલસ આરચેસ્ટરને." એવું સરનામું કરેલું હતું. ત્યાંજ ઉઘેડીને જોતાં અંદરથી પેલી દાબડી

મલી. ત્યાંજ બેસીને ચારલસે એક ચીઠ્ઠી લખી, અને તેને સરનામાં પ્રમાણે ઠેકાણે પોંહોંચાડી આવવાની પેલા મુનીમને અરજ કીધી. તે ચીઠ્ઠી ઉપર નીચલું સરનામું લખેલું હતું.

"ફ્રાનસીસ ટેમપલટન એસ્કવાયર.
૨૩ ગારડન—કોરટ. ઘી. ટેમપલ.
ઈ૦ સી૦"

પ્રકરણ ૯ મું.

સાંકળ જોડી આખ્ખી કરનારી જરૂરની કડી.

આસરે અઢી વાગતે ફ્રાંક ટેમપલટન, આરચેસ્ટરની ઓફીસે આવ્યો.

"જુવો હવે," તે બોલ્યો. મંગળ-દેવલનાં થાંભલાં, જે હું બરાબર વખતે આવી પોંહોતો. એક પળ પણ અસૂરું નથી થયું. 'થેમીસ'નાં પુસ્તક એક કોરે મેલ્યાં, અને સંસારની દેવીને પુજને અરપણ કરવા તઈયાર બની આવ્યો છું. વધુ ખુલાસાથી કહું તો તમોને મારાં બેહનની મુલાકાતે લઈ જવા તઈયાર છું."

ફ્રાંકે, હસ્તાલીંગનમાં લંબાવેલો હાથ ઝાલતાં ચારલસનાં હૃદયમાં શરમની લાગણી પસરી રહી, કે, કેવો અયોગ્ય, નીરલજ ભાગ તે ભજતો હતો. પણ પોતે એટલા લગી આગળ વધી ગયો હતો કે, એ કામ ઉપરથી પોતે હવે હાથ ઉઠાવી નહીં શકે: તેથી પાઘડી માથે મેલી પોતાનાં મીત્ર સાથે 'સાઉથ-કેન્સીંગટન' જવા તઈયાર થયો: કાંકે પેલાં નવાં પરણેલાં જોડાંનું ઘર તે તરફ આવેલું હતું.

"ચાલો! આપણે ગાડી કરયે; મને રેલવેથી જવા નથી ગમતું."

"જેમ ગમે તેમ;" ફ્રાંકે પ્રતી ઉત્તર દીધો. "તમારા જેવાને એક શીલીંગ (અરધો રૂપ્યો) વધુ ખરચાય તેની ઝાઝી દરકાર નહીં હોય; એતો લક્ષાપતીજ કરકસર જાળવી શકે."

"હું ધારૂં છું કે, આ, મી૦ કલાકસ્ટનનું હશે." ગાડીમાં બેસી ચાલવા મંડયા પછી ચારલસ ઉપલું બોલ્યો, અને તે સાથેજ જેબમાંથી પેલી દાબડી બાહાર કાઢી.

"તેવણુનીજ હશે. હા! હા!, હું ધારૂં છું કે તેવણુનીજ છે." ફ્રાંક સારી પેઠે તપાસ કરતાં બોલ્યો. "આ રહયું તેવણનું 'કરેસ્ટ' અને 'મોનોગ્રામ'; પારખવા માટે એજ બસ છે. હું કહું, માસ્ટર ચારલસ! એ શી રીતે તમારે હાથ લાગી; હું આશા રાખું છું કે પ્રમાણીકપણેજ હશે. પણ બાહારનો દેખાવ તમારી વીરૂધ છે: માટે સંભાળ લ્યો. બેહતર છે કે, સાચ્ચે સાચ્ચું બોલી દેવો અને કોરટની દયા માંગો."

ઉપલા ખુશ મીજાજમાં અને કેવળ નીરદોષપણે બોલાયલા શબ્દો આરચેસ્ટરનું જીગર ભયાનકપણે કરડવા લાગ્યા. તેને વખત જતે સ્પષ્ટ રીતે જણાતું ગયું કે, એક સુખી ઘરમાં એક સરપ પેઠે એ ઘુસે છે. પણ તે સઘળું છતાં, તેણે મનસે ઠરાવ કીધો કે, તેણે માથે ઉઠાવેલાં કામ ઉપર ખંતી રેહવું.

"હા; એ પોલની દાબડી છે; તમોને કયાંથી મલી?" ફ્રાંકે પાછું પુછ્યું.

"અરે! રસ્તામાં પડેલી મેં ઉચકી લીધી." ચારલસે ઉડાઉ ઉત્તર દીધો.

"મારો બંધેવી એક બે ફીકરો ભીખારી છે; તેને આ જગની ખબેસ લાયક નથી. પણ ઘર આવી લાગ્યું; હું એ તેવણને આપું?"

"નહીં! નહીં! હુંજ તેવણને આપીશ." ચારલસે પોતાનાં દોસ્તનાં હાથમાંથી દાબડી લઈ લેતાં ઉત્તર વાળ્યો.

"શું, એનાં નફામાં કોઈ ભાગ પડે તે તમોને નહીં ગમતું કે? આ દુન્યાંની મીત્રાચારીનું કેવું સ્વરૂપ? પણ કાંઇ નહીં; હું તમોને માફ કરૂં છું. અરે ગાડીવાન કયાં હાંકી લઈ જાય છે? ઘર તો પાછળ મેલી આવ્યો. ચાલો, ઉતરી પડો, ચારલી! અને ભાડું ચુકવી આપો; ખરેખર એક મુસાફરીજ આપણે કીધી છે."

દુ:ખથી દબાયલાં દીલે, ચારલસ ગાડીમાંથી ઉતરયો. તેની છેલ્લી ઉમેદ ગુમ થઈ જતી દીસ્તી હતી, પણ એતો તેનાં છેકનાં છેડા લગી કામ ચાલતું રાખવું પડશે.

મીસીસ કલાકસ્ટને તેમને ઉલટ ભેર આવકાર આપ્યો, અને તેણીનાં ભાઈને સાથે લઈ આવવા માટે ચારલસનો આભાર માન્યો. તેણીએ આજ કેટલા દીવસથી પોતાનાં ભાઈને દીઠો ન હતો. મી૦ કલાકસ્ટન કોઈ સાથે વાતે વળગેલો હતો, પણ જરીક વારમાં આવી મલશે કરી ખબર કીધી. તેટલાં તો તે આવી લાગ્યો. પોલ, જેને માટે પોતે છુપી રીતે કાવતરૂં રચતો હતો અને છટકયું માંડવાની તઈયારીમાં હતો, તેની સાથ હસ્તાલીંગન કરતાં પાછું ચારલસનું દીલ દરદ કરવા માંડયું, અને જે નીચ ભાગ તે ભજતો હતો તે ઉપર ફ્રાંકીયતથી થથરવા લાગ્યો. "ચારલીને તમારી કાંઇ ચીજ રસ્તામાંથી પાઈ છે." ફ્રાંક બોલ્યો.

"ખરેખર!" કલાકસ્ટને બેધીકરાઈથી

ઉત્તર દીધો, "કોઈ પણ મારી ચીજ ખોવાએલી મને ખબર નથી"

"બે ટીકરો પીરસો!" ફ્રાંકે ઉત્તર વાળ્યો. "સોનાંની કાંડી સલગાવવાની દાબડી તમારી નજરમાં કંઇ નહીં?" પોલ કલાકસ્ટનનો હમેશનો ઉજળો ચેહરો લાલ થઇ ગયો. ચારલસ, જે તેને એક ચીત્તપણે દેખતો હતો, તેણે જોયું કે, જે ખુરસી આગળ પોલ ઉભો હતો, તે ખુરસીને તેણે જાણે પડી જવાથી પોતાનો બચાવતો હોય તેમ પકડી લીધી હતી.

"દાબડી! મેં કોઇ દાબડી ખોઇ નથી.' તે બોખરે સાદે બોલ્યો.

"ઓ! તમે નથી ખોવાવી! આવો, ચારલી, મને આપો; લુસી એ દાબડીને અચ્છી રીતે ઓળખેછે—" એમ બોલતાં ફ્રાંકે આરચેસ્ટરનાં હાથમાંથી દાબડી લઇને તેણીને આપી.

"હા, પોલ! આ તમારીજ છે. મને એ અચ્છી રીતે યાદ છે, અને તમે એવું શું કીધું હશે કરી હું ઘણી વાર મનમાં અજબ થતી હતી. વળી, એ ઉપર તમારૂં 'કરેસ્ટ' અને 'મોનોગ્રામ' પણ છે."

"નહીં, નહીં, એ સઘળી ભુલ છે," કલાકસ્ટન બોલ્યો. પોલનાં હોઠ કાલા થતા જતા હતા.

"પણ તમે જુવો તો ખરા," ફ્રાંક પેલી દાબડી તેનાં નારાજ હાથમાં આપતાં બોલ્યો. "ખોવાઇ ગયાનાં શરમનાં મારયા તમારો માલ તમે હાથે કરીને ખોઇ ના દેવો."

"આ પેલી દાબડી!" કલાકસ્ટન જબરદસ્ત આયાસથી પોતાની ઉપરનો કાબુ હાથ કરતાં બોલ્યો.

"હા, તે મારી હતી ખરી; પણ ઘણાં દીવસની વાત ઉપર કોઇને આપી દીધી."

"હું તો ધારૂં છું કે, આપણાં લગ્નની થોડુંક આગમચ મેં તમારા કણે જોઇ હતી, પોલ." તેની બયરી નબરવસપણે બોલી. પોલે તરત કાકલુદી ભરી નજર તેણી તરફ ફેંકી. "હશે; કદાચ હું ભુલતી હોઇશ. એવી બાબદોમાં હું ઘણીજ બેદરકાર રેહુંછું."

"શું તમે પોતાળે કોઇને આપી દીધી!" ફ્રાંક બોલ્યો. "ઠીક! બીજી વેળા કંઇ સખાવત કરી દેવાનાં મીજાજમાં હોવો ત્યારે જરા મને તેડજો. તમારા ઉદારપણાંનાં કીમ્યાઇ આપટાંનો હું પણ લગાર ઉપયોગ કરૂં. પણ તમોએ કોણુંને આપી?"

"અરે, મને યાદ નથી. રેમીંગટનને આપી હતી એવું યાદ છે." પોલ કંઇ ઘભરાટ સાથે બોલ્યો.

"તમો તો અજબ દયાળુ છેવો. તમોને રેમીંગટનેજ પેલાં બીલ બાબે સપડાવ્યા હતા કેની?" ફ્રાંકે પ્રશ્નન કરયો.

"અરે! એક નજીવી દાબડી ખાતર મને બેજાર નાં કરો!" પોલ કંઇ ચીડાઇ બોલ્યો.

"વ્હાલી લુસી! જરા ચાહ આપશો?"

"બહુ સારૂં; એની ઉપર કોઇજ નહીં દાવો કરતું તો એ મારી છે." ચારલસે પોલનાં હાથમાંથી લીધી. લેતાં તેને જણાયું કે તેનો હાથ ઘભરાટનાં પરસેવાથી ભીંજાયલો હતો.

આ બનાવે એ લોકની મુલાકાત ઉપર એક પ્રકારનું ઝાંખું વાદળું ગોયા પાંથરયું. અને ઘણાંજ ટુંક વખતમાં ચારલસ સલામ-અલેકામ કરી નીકળ્યો; ફ્રાંકે તેની સાથ આવવા માંગ્યું પણ તે માંગણી ના પાડી, એવે બાહાને કે, પાડોસમાં બીજી ઘણી ભેટો લેવાની હતી. દાદર ઉપરથી હેઠલ ઉતરતાં ચારલસે જોયું કે, પોલ કંઇ વીચીત્ર ચલકાટ ભરી આંખો, જાણે કોઇ પુરૂષને કે કોઇ વસ્તુને આગમચ અચાનક દીઠી હોય, અને તેને સ્મરણ કરવાની યત્ન કરતો હોય તેમ, તેની ઉપર ઠીચવી રાખી હતી.

પ્રકરણ ૧૦મું.

"તે કામ મારૂં એકલાનુંજ કાં હોય!"

પાછો ચારલસ સંકલ્પ વીકલ્પની વેદનાંઓમાં પીલાવા લાગ્યો. "કદાપી એ સઘળું છતાં પોલ કલાકસ્ટને એ દાબડી કોઇને આપી દીધેલીજ હોય તો? પણ આટલી વાત ભુલાતી નથી કે ખુન થયું તે દીને રાત્રે એ આસામી 'એલ્મ-ટ્રી-કોટેજ'નાં પાડોસમાંજ હતો.

"હું એનાં દેખાવ ઉપર સોગંદ લઇશકું" ચારલસ મનસે વમાસણ કરવા લાગ્યો. "અને હું હમણાં હેઠલ ઉતરતાં એણે મારી ઉપર પોતાની જે નજર ઠીંચવી રાખી હતી તે નજરની ઢબ ઉપરથી હું કલ્પું છું કે, તેણે મને પણ ઓળખ્યો. હું શું કરૂં? જે બાબદ સાથ મને કસ્સી લાગણી ન હોય તેમાં કાંય મારે ખોસાવું જોઇએ? નહીં, એ ધીક્કાર ભરયાં કામ સાથે જે સાંકળે મને બાંધ્યો છે,

તે હું તોડી નાંખું છું, અને એ સામટું મારાં મનમાંથી કાઢી નાંખું છું. જો મરનારનાં ખુનનું વેર લેવું હોયતો, મારો નહીં પણ કોઇ બીજાનો હાથ લીયે."

એ ઉપર કંઇ વધુ દગદગો રહયો નહીં. શેવટે તેનાં આગળા વેહેમ રદ ગયા અને પોતાને ઇશ્વરી ઇનસાફનું હથીયાર છે કરી સમજવામાં પોતે કેવો ઘેલો હતો તે તેને હવે લાગવા માંડયું.

પોતાની ખુરસી ટેબલ સોડે ઘસડી, મી૦ ચારલસે થોડીક લીટી લખી કાઢીઃ જેની મતલબ એટલીજ હતી, કે, ચોક્કસ બનાવો બન્યાનાં સબબે, ગઇ કાલે સાંજે જે બાબદ ઉપર ગુફતગો કીધી હતી, તે ઉપરથી હાથ ઉઠાવી લેવાની ફરજ પડી છે.

"મને ખબર નથી," તેણે લખ્યું. "કે મારા વેહેમ ખરા છે કે ખોટા; પણ આટલું તો મેં નક્કી કીધું છું કે, એ કામને લગતું એક પગલું પણ આગળ વધવું નહીં." પેલી દાબડી કાગલમાં લપેટી પેલી ચીઠી સાથે તે ડીટેકટીવની આફીસમાં પોહોંચતી કીધી.

બીજે દીને આફીસે જવા નીકળતાં, ચારલસનાં મનસે સુર્ય વધુ રોશન પ્રકાશતો અને હવા વધુ તાજગી આપતી લાગી. જે ભયનું વાદળ એની ઝીંદગી કચરડી નાંખતું અને કડવી કરતું હતું તે વાદળ જાણે એને કાઢી ફેંકી દીધું હોય તેવું એનાં મનસે લાગતું.

"હવે હું મોકળો છું." તે મનસેં બોલવા લાગ્યો "ગઇ ગુજરી ત્યાંજ દટાઇ જવા દેવી; મારા 'કરી ઝોટીક' ખ્યાલો મન માંહેથી હાંકી કાઢવાને માત્ર જબરદસ્ત આયાસનીજ અગત્ય હતી, અને હું પાછો એમાથી છુટો."

ઉપલું બોલતો હતો તેટલાંજ એક કાલી વાદલીએ સુરય-પ્રકાશ ઢાંકી દીધો, વરસાદનાં થોડાં ભારી ટીપાં પડયાં, અને દુરથી ભારી વીજલીનો ગગડાટ સંભળાયો.

એક પળવાર ચારલસ આરચેસ્ટર સ્થીર ઉભો રહી ગયો- કાંઇ બેચેન લાગણી ઉસ્કેરાવા માંડી. "શું હજી એ પુરૂં થયું ન હશે,', તે વીચાર કરવા લાગ્યો, "ગઇ ગુજરી પાછી પોતાનાં શેવકને માંગશે કે, શું? અને મારે પાછળ ફરી છેક નાં છેડા લગી—જયાં એસ્થર ડેલીંગટનનો ખુની ઉભો છે, ત્યાં લગી જવું પડશે કે શું? પણ તે કામ મારૂં એકલાનુંજ કાં હોય? શું કોઇ બીજો નહી બજાવે?"

એ વીચાર ચારલસને દુઃખ ઉપજાવનારો હતો. માંહેથી થથરતો તે પોતાની ઓફીસમાં દાખલ થયો અને નીત્યનાં કામ ઉપર પોતાનું મન ગોઠવવાની તેણે યત્ન કીધી.

પ્રકરણ ૧૧ મું.

"તે માણસ તુંજ છે!"

'સાઉથ કેનસીંગટન' નાં 'ટીટરન—ગારડન્સ' માં ગાડી ઓની હાર ને હાર લંબાયલી છે. એ વાડી દીવાની રોશની થી ઝગઝગેછે. દીવાનખાનું તેમજ દાદરો ખુશનુમા સુગંધી ફુલોથી ભરી નાંખ્યાં છે, જે ત્યાંનો વાયુ સુગંધી કરે છે. બીજા ઓરડાઓમાં બેન્ડનાં ખુશ સરોદ સાથ ડેન્સ ચાલે છે. મી૦ અને મીસીસ કલાકસ્ટને પોતાનાં લગ્ન પછી આ પેહેલ્લીજ વાર પોતાનાં મીત્રો હુજુર પોતાનું ઘર કોશાદા કીધું છે, અને એઓનાં નોતરાંને લગભગ પ્રત્યક મીત્રે જવાબ આપ્યો છે.

મીસીસ કલાકસ્ટન પોતાનાં સુશોભીત લેબાસમાં દરેક આવનારને મધુર આવકાર આપતાં ઉભાં છેઃ એકુ પણ એવું નથી આવતું, જેને મીષ્ટ શબ્દો અને મધુર મુસકેરાટ સાથનો અવકાર નહીં મલતો હોય. પણ યજમાન—ઘર ધણી, કયાં છે?

વધુ ભીડ ભરી સ્થળો તજી દઇને છેક છેડેની એક નાની ઓરડીમાં એકાંત બેઠો છે, અને થોડાકો ભીડની ગરમીથી કંટાળીને એ ઓરડામાં આવકાશ લીધો છે, તેમની વાતચીતમાં શામેલ થવાની પ્રયત્ન કરે છે, પણ બહુજ થોડી ફતેહ સાથે. તેનાં ચેહેરા ઉપર ખીજવાટનો છાપ પડેલો છે.

તે ગમગીન અને બેચેન દીસ્તો હતો અને કોઇ નામુબારક નડતલને આવેલો જોવાની વક્કી રાખતો હોય તેમ તેની નજર વારંવાર બારણા તરફ જતી. ચારલસ આરચેસ્ટર, જેને નોતરાંનો કારડ મોકલ્યો હતો તે, એલોકનાં ઘરમાં દાખલ થયો તેવેળા લગભગ અગ્યાર વાગેલા હતા. એ નોતરૂં માન્ય કરવું કે નહીં તેનો ઠરાવ કરતાં તેને બહુ વીલંબ લાગ્યો હતો.

"હું કાં એલોકમાં ભેલાઉં? મારી ઝીંદગીને એલોક સાથે કસ્સી લાગવટ નથી, અને જયાં લગી હું એલોકને વારે વારે મલ્યા કરીશ, ત્યાંલગી પેલાં ભયાનક કામની યાદ મારાં હૃદયમાંથી બાતલ નહીં કરી શકીશ. પણ આજે તો કોઇ માંહુની લાગણી મને ઉસકેરે છે. દીવાની ઝાલ પતંગીયાને પોતા તરફ ખેંચી લઇ જાય છે, તેવીજ કંઇ ખેંચાણ મને થાય છે. નાટક પુરો થતો હોય તેવું કંઇ લાગે છે. ગમે તેમ હોવો; જો હું એમાં ભાગ નથી લેતો તોપણ એક સાધારણ તમાશગીર તરીકે જાણે એનો અંત હું જોઉં છું."

એ લાગણીની ઉસ્કેરણીમાં લુગડાં પેહેરયાં અને 'ટીનટરન ગારડન્સ' માં તે આવી લાગ્યો. ઘરધણીયાણીની ભેટ લીધા પછી બેપરવાઇથી એક ઓરડેથી બીજે ઓરડે રઝળવા લાગ્યો. પોતાનાં ઓળખાઇતાંઓમાંનાં એકુને પણ તે મેલાવડામાં દીઠો નહીં. સઘળા સરકારી ઓહ્દેદારો દીસ્યા. પાના રમાતા હતા તે ઓરડામાં દાખલ થતાં તેનાં ખભાં ઉપર કોઇનો હાથ ટેકાતો જણાયો; ઉતાવળે પાછું ફરી જોતાં પોતે પાલ કલાકસ્ટનને મોહડે મોહડું થયો હતો.

"મી૰ આરચેસ્ટર, મારે તમારી સાથ કોઇ ખાનગી વાત કરવી છે, તમે આવશો?" ચારલસે ડોક નમાવી અને પોતાનાં યજમાનની પાછળ મુગે મ્હોડે ચાલ્યો. બાજુ એ આવેલું એક બારણું ઉઘાડી, પડત પડેલા એક પરસાલમાં તે તેને લઇ ગયો; ત્યાં ઇશારતથી ચારલસને દાદર ઉપરથી ઉતરી જવા કહી પોતે પાછળ ઉતરયો, અને હેઠલ આવેલા એક ઓરડામાં લઇ ગયો. માંહે જઇ બારણું ઢાંકયું, એટલે મઝા કરનારાંઓની ખુશીભરી વાતચીત નો ઘોંઘાટ સંભળાતો બંધ પડયો.

પાલ લેશભાર આનાકાણી વગર પોતાની મુળ મતલબ ઉપર આગયો. "મી૰ આરચેસ્ટર," તે બોલ્યો. "આપણે આગળ એક બીજાને દીઠેલા છે."

"હા, ખરૂં છે." ચારલસે ઉત્તર દીધો.

"બારમી ડીસેમ્બરની રાતનાં કેની?"

"એસ્થર ડાલીંગટનનું ખુન થયું તે રાતે" ચારલસે ઉતર વાલ્યો. તીવ્ર દુઃખની ખેંચ-તાણ પોલના ચેહરાની આકૃતીઓ ઉપર જણાઇ.

"તમો મને અપરાધી ધારો છો?" પોલે પ્રશ્ન કરયો.

"જાણી બુજીને કરેલાં ખુનનો ચુકાદો પોલ કાલવરટને કોરટથી અપાયો હતો, અને પોલ કાલવરટ હમણાં મારી સન્મુખ ઉભેલો છે."

"સરકારી તપાસમાં ભુલ થયલી અને એક નીરદોષ ઉપર ખોટું મેલાયલું તોહોમત મેલાએલું તમોએ કોઇ દાને સાંભળ્યું નથી?"

"ખચીત! એવી બીનાંઓ મારા સાંભળવામાં આવી છે ખરી," ચારલસ મુસકેરાઇ બોલ્યો.

"ત્યારે ખુલ્લે ખુલ્લું તમો મને અપરાધી લેખો છો?"

"હું કોઇનો ઇનસાફ નથી કરતો." ચારલસે ઉડાઉ ઉત્તર દીધો.

"આપણે આપણો દાવ ખુલ્લે ખુલ્લો રમીયે. કયો મારગ લેવાનો તમો ઇરાદો રાખો છો?"

"મી૰ કલાકસ્ટન," ચારલસે ઉત્તર દીધો. "મેં એ વીષય ઉપર લાંબો અને ઉંડો વીચાર કીધો છે ઘણાં લાંબા વખત લગી એવોજ ખ્યાલ મારાં ભેજાંમાં ભમી રહયો હતો કે, એસ્થર ડાલીંગટનનાં ખુનીને પકડવા માટે ખોદાતાલાએ મને નેમ્યો છે. પણ મને પોતાને એનો કીનો લેનાર તરીકે દાવો કરવામાં મારી કેટલા દરજાલગીની મુરખાઇ હતી તે, પાછળા શાન્ત વીચારોએ મારી આંખ આગલ ખુલ્લી કીધી, અને એ કામ પરથી કેવળ હાથઉઠાવવાનો મેં વીચાર કરયો છે. હું કબુલ કરૂં છું કે, આજ રાતનાં હયાં આવવાને કંઇ અજબ પ્રકારની લાગણીએ મને ઉસ્કેરયો છેઃ કાંકે મને એવુંજ કાંઇ લાગવા માંડયું કે, એ વીષયનો કોઇ પણ પ્રકારનો ખુલાસો થશે. હોબો!" પોલ કાંઇ બોલવા જતો હતો તેને હોબાવ્યો અને બોલ્યો. "હું કાંઇ ખુલાસો સાંભળવા ઇચ્છતો નથી. હું એટલુંજ કહું છું, મી૰ પોલ કલાકસ્ટન, કે મને જેમ મલી તેમ કોઇને તમારા નીશાણ મલશે,

અને મારા મુજબ દયા નહીં દેખાડશેઃ માટે દુર અંદેશી વાપરો. તમારા દેખાવનું આબેહુબ વરણન આપેલું, અને તમોને પકડવા માટે ૧૦૦) પાઉન્ડનાં ઈનામની ખબર, પ્રત્યેક સ્ટેશનની ભીંતો ઉપર ચોંટાડેલી તમો જાણતા છતાં, ઈંગલંડ પાછા આવવાની શી રીતે તમારી હામ ચાલી? એ ઘેળાંપણું શી રીતે આવ્યું તે હું સમજી શકતો નથી. વેળાસર ચેતો; કોઈ આઘેનાં દેશમાં આશ્રય લેવો, અને જો તમારાથી બની શકે તો પશ્ચાતાપ કરો!"

"મી૦ આરચેસ્ટર," પોલ બોલ્યો; તેની ઉપર ઉપલા શબ્દોની અસર દેખાઈતી થઈ હતી. "તમો મારા ઉપર ખોટા વીચારો બાંધો છો; જે કંઈ મેં કીધું તે મારી ધણીયાણી ખાતર મેં કીધું.'

"એક શબ્દ નહીં." ચારલસ કરડાઈથી બોલ્યો. જરા "ચુપ રહો, હું કાંઈ સાંભળવા ઈચ્છતો નથી; નહીં તર મધ્યસ્થ મારગ લેવાનો જે મેં ઠરાવ કીધો છે તે લઈ નહી શકીશ. મી૦ કલાકસ્ટન, જો તમો ફરીથી મને જોશો તો તમારો પોતાનો વાંક સમજજો. ફરી એક વાર તમોને કહુંછું—પશ્ચાતાપ કરો!"

"જરા ઠોબો." ચારલસ ચાલી જવાનું કરતો હતો તેને અટકાવી બોલ્યો. "એ રીતે તમો મને છોડી નથી જનાર."

"શું તમારા મારગમાંથી બીજી એક નડતલ ખીસેડી નાંખવા ઈચ્છો છે કે. શું?" ચારલસ કડવાસથી મુસ્કેરાઈ બોલ્યો. "આ એલ્મ-ટ્રી-કોટેજ જેવું સ્થળ નથી પસંદ કીધું તો; હયાં તો બહુ લોક છે. તમો જેબમાં ખોળ કરો છો તે પેલી ત્રીકોણુ ખંજરની શોધ કરો છો કે? હુસ્યાર રહો; પાછળથી મારીને પાડવા માટે આ વેળા કોઈ આં નથી, પણ તમે પુરૂષની રૂબરૂ છેવો."

"તમે ઠગાવો છો, મી૦ આરચેસ્ટર." પોલે થંડાઈથી ઉત્તર વાળ્યો.

"મારા કણે પોકેટ-બુક વગર બીજું કોઈ જીવલેણ હથીયાર નથી. એવું મને લાગેછે કે, આજે રાત્રે વાત અણી ઉપર આવી છે, અને તમો એ કામમાં અજબ રીતે મોશ્ર થયલા છેવો: તેથી તમો એવા એકજ છો જેનાં ઉપર હું કાંઈ પણ ભરોસો લાવી કામ સોંપી શકું. 'ચેરીંગ કરોસ સ્ટેશન' ઉપર મારી કાગળ્યાંની પેટી છે તેની રીસીટ તમારા કણે રાખો, અને આ કુંચી—" પોતાના ઘડયાલની સાંકળીમાંથી એક સોનાંની કુંચી ખેંચી કાઢી આપી, "અને અગરજો કાંઈ આફત એકાએક આવી પડી તો, મારી પાછળ હું જે મુકી જાઉં તે વાંચજો; હું ધારૂંછું કે, તેમ કરવાથી એ બનાવ ઉપર જુદુંજ અજવાળું પડશે."

આરચેસ્ટર કાંઈ પણ ઉત્તર વાળે તો આગમચ બાહારથી ભારી પગળાંનો અવાજ એ લોકને કાને પડયો, અને જોરથી બારણું ઠોકાયું.

"એ કોણુ છે?" પોલે પોકારયું.

"તરત બારણું ઉઘાડો નહીં તો હમો બારણું ભાંજીને માંહે આવીશું." કોઈએ ધાડે સાદે ઉત્તર વાળ્યો. પોલે તરત બારણું ઉઘાડું મેલ્યું. અને ઉંબરની બાહાર પોલીસનો એક મોટો અમલદાર અને બે કોન્સટેબલો ઉભેલા દેખાયા: જેની પાછળ મી૦ ટાઈસરનો આતુર ચેહરો દીસ્યો.

"તમારૂં હયાં શું કાંમ છે!" પોલે દમામથી પુછયું.

"તમારૂં નામ પોલ કલાકસ્ટન છે શું?" પેલા અમલદારે પ્રસ્ન કરયો.

"હા" પોલે ઉત્તર વાળ્યો.

"ત્યારે તો 'એલમ-ટ્રી કોટેજ'માં કાપેલા એસ્થર ડાલીંગટનનાં ખુન માટે હું તમોને પકડું છું, અને હયાં હું ચેતવણી આપુંછું કે, જે કંઈ તમો બોલશો તે તમારી વીરૂધ્ધ વપડાશે."

"આયુ!" પોલ શાંતીથી બોલ્યો. "મી૦ આરચેસ્ટર! તમારી કબુલાત યાદ રાખજો; અને હવે, પ્રમાણીક અને સીધ્ધા માણસ લેખે હું તમોને આગ્રહથી તાકીદ કરૂંછું કે, એસ્થર ડાલીંગટનનાં ખુનીને શોધી કાઢી તેને ઈનસાફે પોંહોંચાડવાની તમારી સઘલી પ્રયત્નો કામે લગાડજો. અને આ બીનાં હળવેથી મારી ધણીયાણીને કેહજો."

"તમારી સઘલી ખાહેશ પુરી પાડીશ." આરચેસ્ટરે ઉત્તર વાળ્યો, અને સમજાએ નહીં એવો આવેશ એકાએક તેનામાં પ્રસરવાથી તે સામે જઈ પોલનો હાથ લઈ પોતાનાં હાથમાં દાબ્યો.

"મેહેરબાની." પોલ તેવાજ આવેશે ઉત્તર વાળતાં બોલ્યો. "હવે મને છોડી દેવો, અને મારી બઈરી કણે જાવો."

પણ અસુરૂં થઇ ગયું હતું; એ અશુભ ખબર માલાપરનાં ઓરડાઓમાં પંથરાઈ હતી, અને મીસીસ કલાકસ્ટન ધસીને ઓરડામાં આવી. આવતાંજ પોતાનાં ભરથારનાં હાથ ઉપર બેડી દોકાતી જોઈ અને ઝીણી સરખી ચીસ સાથે ભોંય ઉપર બેહોશ થઈ પછડાઈ.

"હવે હમે ચાલી જઈએ તો ઠીક." પોલીસ-અમલદાર પેલાં બેભાણ પડેલા આકાર ભણી માયાની નજર ફેંકતાં બોલ્યો. "ગાડી આગલજ છે."

પોલ એકુ પણ શબ્દ ઓચરયા વગર તેમની પાછળ ચાલ્યો; બારણાંમાંથી પસાર થતાં, વરણાએ નહીં એવી, નીરાસા ભરી નજર તેણે પોતાની પત્ની ઉપર ફેંકી અને ઝીમ્મ ફરી નાંખતા સ્વરે-(જે સ્વર ચારલસ આરચેસ્ટર જન્મ લગી ભુલ્યો નહીં હતો-) એક શબ્દ બોલ્યો. "યાદ રાખજો!"

પ્રકરણ ૧૨ મું.

સઘળી પાંતીએ કેલવાએલો પુરૂષ.

મીસીસ કલાકસ્ટનને નોકરોની સંભાળમાં મેલીને ચારલસ આરચેસ્ટર, જે ઘર કંઈ દુષ્ટ જાદુઈમાં સપડેલું લાગતું હતું, તે ઘર છોડી જવાની ઉતાવળમાં પડયો.

મેજબાનો બીપેલા દેખાવ અને ફીક્કા ચેહરા સાથે ટોળાં વલી ઉભાં હતાં, અને પોતાની ગાડીઓ આવી પોહોંચવાની આતુરતાથી વાટ જોતાં હતાં. બેદીલ નોકરો, જે લોક એવી વેળાએ, પોતાનાં વડાઓ ઉપર આફત આવી પડે તેવી વેળાએ ખુશી થાએછે, તે ખુશી તેઓનાં મુખડાઓ ઉપર પંથરાએલી હતી અને તે ખુશી છુપાવવાનાં ઢોંગ કરતા આમતેમ ફરતા હતા. થોડાક જુવાન્યા મશાળચીઓની મશાળમાંથી ચીરૂટો સળગાવી લઈ બબડતા બબડતા ચાલ્યા કે, "પુરૂષ! હમેશાં વીચીત્ર સ્વભાવનો પુરૂષ છે; પણ ખુનનું કરમ તો હદથી વધુ ચાલ્યું." કલપાય નહીં એટલા ટુંક વખતમાં 'ટીનટરન-ગારડન્સે' પોતાનો મામુલનો શાન્ત દેખાવ ધારણ કીધો. એવા કે, રસ્તે જતું કોઈ જાણી શકે નહીં કે, એક સંસારી કૃણરસ નાટકનો પેહેલો ભાગ હમણાંજ એ ઘરમા ભજાયો હતો.

"ચારલસ આરચેસ્ટર ચાલતો નીકલી પડયો. તેનું મન એ વેળા હજારો ઉથલપાથલ અને સામાસામા વીચારોથી ભરપુર હતું. "કલાકસ્ટન અપરાધી છે શું? ખરેખર! એ અપરાધી ન હોય તેવો વીચાર એના મનમાં ઉભો કીધો હતો ખરો. પણ બીજા હાથ ઉપર તેને એ અપરાધ ખુલ્લી રીતે ના પાડયો નહીં હતો. પરંતુ જે પેટી તણે એને હવાલે કીધી હતી, તેમાં એ ભેદનો ખુલાસો કદાપી મલશે. સાંત શેરીઓમાંથી ઉપલા વીચારો કરતો ચાલતો જતો હતો, તેટલાં ચારલસને રસ્તાની બીજી બારદુ ઉપર કોઈનો આકાર નજરે પડયો, જે એનાં ઓળખીતા કોઈ પુરૂષનો હોય તેમ એને લાગ્યું. તેટલાંમાં તે આકારની નજર ચારલસ ઉપર પડી અને તરત પોતે સામો આવી એને ઉભો રાખ્યો.

"સાહેબ સલામ,' મી૦ આરચેસ્ટર! હું ધારૂંછું કે આજે રાતનાં મેં તમોને લગાર અચરત કીધા.'

"મી૦ ટાઇલર છેવો!" ચારલસ બોલ્યો. એ મેલાપથી તે કેવળ રાજી નહીં હતો.

"હા, સાહેબ; હું કહી શકુંછું કે, આજે રાતે અમારા મીત્રને શી રીતે શોધી કાઢયા કરી તમો અજબ થતા હશો."

"હું કબુલ કરૂંછું કે, તમોએ મને જરા અચરત કીધો ખરો." એ માણસની ટપથી ઉપજતો કંટાળો દબાવતાં ચારલસે ઉત્તર વાળયો "તમોએ એ કામ શી રીતે બજાવયું?"

"અરે, ઘણી સેહલાઈથી, શાહેબ! તમોને કેહવામાં મને કસ્સી અડચણ નથી. ત-

મોએ મને પોતેની હકીકત કહી તે વેળા એ લોકનાં નામ છુપાવ્યાં હતાં. અને તમારી વાતની ઢબ ઉપરથી હું ચેતી ગયો કે, તમારૂ મન એ કામમાં ડામડોલ હતું: તેથી મેં જરા છુટાપણું લઇ મારાં માણસને સરકારી મુનીમનો વેષ આપી તેને હાથે તમારે ત્યાં પેલી દાબડી મોકલી. તેનો વેષ કેવો પુરો હતો? જરાબી પરખાયો નહીં! ત્યાર પછી મીૹ ટેમપલટનને જે ચીઠ્ઠી લખી અને તેને સરનામે પોહોંચાડી આવવા કહ્યું, તે હમોએ ઉઘેડી વાંચી; એ પછી તમારી પુઠે પુઠે રેહવાનું સેહેલું હતું. વળી એ પછી, મીૹ કલાકસ્ટન, પોલ કાન-વરટને મલતા છે કે, તે પીછાણનાં કેટલી વાર?"

"મારી ચીઠ્ઠી આમ ઉઘેડવાની તમારી શી સત્તા?" ચારલસે કરોધાયમાન બની પુછયું.

"સાહેબ! અમસ્થા કરોધે ના ભરાવો. જુવોની તો; વીદયા અભયાસનાં ધંધાદારાઓ, દુન્યાની સઘળી ઉથલ પાથલોથી વાકેફ નથી હોતા; પણ જુવોની, સાહેબ! હું આજે એવણને નહીં પકડતે, તોપણ થોડા દહાડામાં બીજું કોઇ એવણને પીછાણી પકડતે! પોતાનાં કપાળ ઉપરની ઠેલી નીશાણ, જે કોઇ પણ પકડી કાઢતે, તે સાથે ઇંગ્લન્ડ આવવાને એ ઘેલો હોવો જોઇએ" આવું જોઇ ચારલસ ચીડાએલો હતો, પરંતુ એનાં છેલ્લા શબ્દો ખરા લાગ્યા.

"જુવોની, સાહેબ!" ટાઇલરે જારી કીધું. "તે સો પાઉન્ડ કોઇ લીયે તેનાં કરતાં હું જ લઉં તો શારૂં કેની? તેથી કેહવત છે તેમ, પગ તલે ઘાંસ ઉગે તેટલાં હુ હોભ્યો નહીં."

"પણ જો મીૹ કલાકસ્ટન નીરપરાધી હોય તો?" ચારલસે સુચવ્યું.

"ઠીક, સાહેબ; જો તેમ હોય તો, તમોએ તે ગ્રહસ્થની સામે જબરદસ્ત કેસ ઉભો કીધો છે, અને તપાસની વેળાએ તમારીજ શાક્ષી તેને ગળે ફાંસી ઓળવશે."

"પણ હું ફરીથી કહુંછું કે, તે નીરપરાધી હોય તો?"

"સાંભળો, મીૹ આરચેસ્ટર! મને મીૹ કલાકસ્ટન સામે કાંઇ દુશમની કે દેશ નથી; મને જોઇએ છે તે માત્ર, એસ્થર ડાર્લીંગટનનાં ખુનીને પકડી આપવાનું ઇનાંમ જોઇએ છે."

"પણ, હું ધારૂં છું કે, તમારાથી બને તો તે નીરદોષપણું સાબેત કરવામાં બનતી મેહનત લેશો?"

"કોણે ખુન કીધું છે તે મને દેખાડાવો, અને હું તરત મીૹ કલાકસ્ટનને છોડવવામાં મારાથી બની શકતું કરીશ; પણ ત્યાં લગી હું તેવણને અને મારા ૧૦૦) પાઉન્ડનાં ઇનામને વળગી રહીશ."

"વારૂ, મીૹ ટાઇલર." એ માણશની રીતભાતથી ડંખાઇ ચારલસ બોલ્યો. "હુ તમોને કેહુંછું કે, એ બાબદની મારી લાગણી અને મારા વીચાર તદન ફેરવાઇ ગીયા છે, અને મીૹ કલાકસ્ટન ઉપર મેહલાએલા અપરાધ ઉપર શક ઉત્પન્ન થયા છે."

"ત્યારે તો તમે બહુ ઝડફથી બદલાઇ ગીયા છો, સાહેબ." ટાઇલરે ટકોર કીધી.

"તેમ હશે!" ચારલસે ઉત્તર વાલ્યો. "પણ આટલું હું તમોને કહુંછું કે, ખરેખરી બીના શોધી કાઢવામાં એક કાકરી પણ ઉઠલાવયા વગર જવા દેવાનો નથી. અને જો મીૹ કલાકસ્ટન નીરદોષ હોયો તો એ બાબદની પુરી તલાશ કરવામાં આવશે."

"તમે તમારા પોતાની જુબાની અને શાક્ષી આપેલી વીસરી જાવો છો. અને જો કલાકસ્ટને એ ખુન નથી કીધું તો, તમે કીધું કે પેલી છોડીઓએ કીધું?"

"એ ઉપર હવે વધુવાર તકરાર કરવી ફોકટ છે." ચારલસ બોલ્યો. "જે મારગ મને ઉત્તમ લાગશે તે મારગ હું ધરીશ, અને કદાચ, મીૹ ટાઇલર! થોડા દીવસમાં તમોને અચરત કરીશ."!

"તમારા જેવા એલમીઓ જે કંઇ કરે તેમાં હું લેશ ભાર અચરત થાઉં નહીં: પણ તમારાજ શબ્દોમાં એ ઉપર લડવું ફોકટ છે."

"હું તમોને ખાતરીથી કહું છું કે, તમારી સાથ લડવાની મારી લેશભાર ધારણા નથી," ચારલસ કરોધે ભરાઇ બોલ્યો. "અને હવે હું તમોને જેગોપાળ કરૂંછું."

"સાહેબ મેહેરબાન, સાહેબ." ડીટેકટીવે જવાબ દીધો.

"ખુદ અભીમાની ગધેડો." ચારલસ ચાલી ગયા પછી ડીટેકટીવ મનસે બબડયો. "પણ મારે એને ગાળ દેવી ન જોઇએ. એણેજ મને ખરી નીશાણ ઉપર લાવી મેહ્લ્યો; પણ જો પોલ કલાકસ્ટન ખુની નહીં હોય તો—અરે બાપ—બીજી વેળા હું દેવળમાં જઇશ, ત્યારે ગરીબોની રકાબીમાં એક શીલીંગ મેલી આવીશ."

છેલ્લા પાંચ વરષ થયાં એવી બક્ષેસ નથી કીધી, અને કોણ જાણે હવે પછી શું બનવાનું હશેઃ માટે મારે જરૂર સખાવત કરવી જોઇએ."

~~~~~~~

પ્રકરણ ૧૩ મું.

"એક અપરાધની કહાણી."

ચારલસ આરચેસ્ટરે પેહેલ્લું કામ તો એ કીધું કે, ચેરીંગ કરોસનાં સ્ટેશન ઉપર જઇ, ત્યાંથી પોલનાં કાગલ્યાંની પેટી હાથ કીધી.

કોઇ પોતાનાં કામમાંથી છંછેરે નહીં કરી નોકરોને તાકીદ આપી પેલી પેટી પોસે આપેલી કુંચીથી ઉંઘાડી, અને હસ્ત લેખનું એક કાગલ બાહાર કાઢી વાંચવા મંડયો. તેનું મથાલું નીચે મુજબનું હતું:—

"એક અપરાધની કહાણી."

"ગઇ કાલે સહવારે, હું પોતાને જગમાં સ્રેષ્ઠ સુખી માનતો હતો. ભવીષ્યની ઝીંદગી મારી ચસ્મો સામે અતી મનોહર અને ચકચકતી હતી. મને દોલત, જુવાની, અને તંદરૂસ્તી હતી, અને તે સાથે હું બીજેજ દીને એક નાજનીન સાથ પરણનાર હતો, જે નાંજનીન ઉપર મેં એકનીષ્ઠ હેત બાંધ્યું હતું. હવે આટલા થોડાજ કાળમાં સરવ કંઇ બદલાઇ ગયું, અને એવા બનાવો બન્યા છે કે, જે મને અપરાધીનાં પાંજરામાં ઉભો કરે; અને પાલકના લાકડાં ઉપરનું શરમ ભરયું મોહોતં મારે કપાલે ચોંહોટવાનો સઘળો સંભવ છે. એક પછી એક બનતા બનાવો કેવી મજબુત સાંકળ ગુથી શકે છે તે હું અચ્છી રીતે જાણું છું, અને હું એવી એક જાળમાં વીંટલાએલો છું કે, તેમાંથી છુટવાનો કસ્સો ઇલાજ કે મારગ મને સુઝતો નથી............અને હું કાલે પરણનાર છું.

"મારા ઓરડામાં એખલો બેસતાં હું છેલ્લા થોડાક કલાકનાં બનાવો કાગલ ઉપર ટપકાવી લેઉં છું. હું જાણતો નથી કે શા માટે? મને શરીરમાં ઉસ્કેરણી થાય છે, જે ઉસ્કેરણી મેં કોઇ વખત જાણી અને ફરજ પાડેછેઃ જોકે એવી લાગણી ઉસ્કેરાવાનું કારણ હું સમજી શકતો નથી. પણ જે સ્થીતીમાં હું હાલ આવી પડયો છું, તે સ્થીતી ઉપર લાવનાર થોડાક આગળા બનાવો સ્મરણ કરી મારે ટપકાવા જોઇએ.

"મારે વડો ભાઇ જ્યાફ્રી કલાકસ્ટન, જે બે વરષ ઉપર સ્વરગવાસી થયો, તે ભાઇને એક નાટકશાળામાં ડાર્લીંગટન એસ્થર સાથે ઓળખાણ પડી; એ વેળા એ સ્ત્રી 'હીલારીટી નાટકશાળા'માં નાટકકાર હતી. મારો ભાઇ તેણીની ઉપર ઘણોજ મોહીત થયો, અને તે હીંગામમાં કાલવરટનાં નામે તેણી સાથ પરણ્યો. એ પછી તેને પોતાને ઘણીજ દુઃખ ભરી ગુંચવણમાં પડેલો દીઠોઃ કાંકે અમારા કાકા લેનેરડે અમો બંધેને, સારાં ખાનદાની લગ્નોમાં ગંઠાયલા જેવા ઉપર પોતાનું દીલ મજબુત ચોંટાડયું હતું, અને આ મારા ભાઇનાં લગ્નની બીનાં તેવણ જો જાણતે તો મારા ભાઇને ઘરથી બાતેલ કરતે. હુંજ એક મારા ભાઇનો વીશ્વાસુ હતો, અને એસ્થર જો નાટક તખતા ઉપર રેહતે તો એ વાત ખુલ્લી પડયા વીનાં રેહતે નહીંઃ તેથી તેણીને સમજાવી એ ચાકરી છોડાવી દાધી. મને કેહવાની અગત નથી કે એ લગ્ન શુભ નહી ઠરયાં: પોતાને હાથે ગુંથેલી અને પોતાને બાંધેલી શાંકળથી તે કંટાળી ગયો. એસ્થરનો સ્વભાવ અતીસ્ય જુલમી અને આકળો હતો. તેણી મારા ભાઇ ઉપર ભયંકર રીતે વેહમી થઇ હતી, અને અદેખાઇ કરતી હતી. પોતાને સામરાં કુટુંબમાં દાખલ કરે કરી મારા ભાઇને જાયુક કંટાળો આપતી હતી, જે વેળા મારો ભાઇ કાકા લેનરડથી પોતાનાં લગ્ન છુપાં રાખવાની ફીકરમાં જુરતો હતો.

"એસ્થરનાં વેહમી અને અદેખાઇનાં ઉછાળાઓ દીન પ્રતીદીની બહુજ ઘાતકી થતા ગયા, અને શેવટે તેવો બંધેમા સમજુતી કરવા માટે, અથવા જે વાત ઉપર એ લોક અથડયાં હોય તેનો ચુકાદો કરવા અરથે લગભગ નીત્ય મને ઘસડાવું પડતું હતું. થોડીજ મુદદતમાં મારો ભાઇ ગુજારતો હતો તે ઝીંદગી તેનાથી ન ખમાય એવી થઇ પડી, અને એક શબ્દ પણ બોલ્યા વીના મારો ભાઇ બાહારગામ
~~~~~~~

ચાલી ગયો. પોતા પાછળ મારે માટે એક કાગલ મેલી ગયો, જેમાં મને આજીજી કીધી હતી કે પોતાની ચાલી જવાની બીનાથી એસ્થરને જાણીતી કરે; અને તેણીને માટે જે જે ગોઠવણુ કરી ગયો હતો તે હકીકત પણ લખી હતી. ઘણુંજ અઘરૂં અને કડવાસ ભરયું કામ મારે માથે આવી પડયું હતું. મારો ભાઇ બાહાર ગામ ગયો તે ખબર કેહતાંજ એસ્થરે એવું તોફાન મચાવ્યું કે તેવું તોફાન હું કદી પાછું જોઉં નહીં, એવી ઉમેદ રાખું છું. અને તેણીને શાંત પાડતાં મને બહુ વીલંબ લાગ્યો હતો. મારા ભાઇએ એસ્થરનાં જીવનગાળા માટે નાણાની મોટી રકમ બેન્કમા રોકી હતી, અને એસ્થરની મરજી મુજબજ તેણીને માટે મેં 'એલ્મ-ટ્રી-કાટેજ' લીધું, અને ત્યાં તેણી ઠર પડી. એ પછી જ્યાફ્રીનાં મોહોતનાં શોકાતુર સમાચાર હમોને મલ્યા; એ ભાઇએ પોતાની કુમનસીબ હાલતને લીધે ઝેરથી પોતાની જીંદગાનો છેડો આણ્યો, એમ માનવાને મારા સોડે ઘણાં કારણો છે; પણ એ વાતનો ખુલ્લો ખુલાસો હમોને મલ્યોજ નહીં.

"હવે મારૂં પોતાનું સંકટ શુરૂ થયું. એસ્થર કાંઇ ને કાંઇ બાહાને મને જાસુક તેડું મોકલ્યા કરતી હતી, અને જો હું તેણીનાં તેડાંને તાબે નહીં થયો તો પોતે મારા ઓરડામાં ચાલી આવતી, અને અનેક પ્રકારનો તમાશો કરી મેલતી હતી. મારા કાકા લેનરડ જે થોડાજ દીવસ ઉપર સ્વરગવાસી થયા, તેવણે મરણનાં બીછાણાં ઉપર, લાયક ઠેકાણે પરણવાની ઘણીજ આગ્રહ મને કીધી હતી; પણ એ આગમચનોજ હું એક નાંજનીનને ઘણાંજ વ્હાળથી ચાહતો હતો: જેણી આવતી કાલે મારી પત્ની થનાંર છે—લુસી ટેમપલ્ટન. હવે કોઇ દુરભાગ્ય અકસમાતે, મારી ભોંજાઇ આગળ મારાં કારજની વાત કેહવાઇ ગઇ, અને તરતજ લગ્ન ઉપર હાજર રેહવાની હઠ લીધી. મને કેહવું જરૂર નથી કે, જોકે ડાર્લીંગટન સાથે મારો ભાઇ એસ્થર પરણ્યો હતો, અને તેથી તેણી મારી સગી હતી, તોપણ, તેણીનું ખાનદાન કે તેણીની રીતભાત મારી પત્ની સાથે ઓળખાણુ કરાવવા માંરૂં દીલ કરે તેવી નહીં હતી: તેથી તેણીની મરજી મુજબ ચાલવા મેં કેવળ ના પાડયું મારાં લગ્નની એકજ દીન આગમચ, મને પાછું તેડું મોકલ્યું, અને મને ખુલ્લે ખુલ્લું જણાવ્યું કે, જો તેણીની માંગણી હું સ્વીકારીશ નહીં તો તે મારી પાછળ કેવળમાં આવશે, અને પોતાનો કેસ, મારી ધણ્યાણી અને તેણીનાં સગાંઓ હુજુર ખુલ્લો મેલશે; તે છતાં, તેણીની માગણી સ્વીકારવાને દુરાગ્રહીથી મેં ના પાડયું, અને મેં ખુલાસેવાર તેણીને કહ્યુ કે, તેણીની પાછળી જીંદગી મારી પત્ની સાથે ઓળખાણુ કરાવી શકાએ તેવી નથી. એ સાંભળતાંજ તે લથડતી ભીંત ઉપર પડી, અને પોતાનું મોહડું પોતાના હાથ વતી ઢાંકી ડુસકાં ખાતી બોલવા લાગી કે, "પોલ, પોલ, તેં મને જીગરમાં ઘા મારયો!" એ પછી તરત તેણીનો મીજાજ બદલાઇ ગયો, અને તેણીએ સોગંદ લીધા કે, તેણી પોતાનું ધારેલું કરશેજ કરશે. તેણી પોતાનાં ક્રોધનાં ઉછાળામાં સોફા ઉપર પડી, અને મેં મારી પાઘડી ટેબલ ઉપરથી ઉપાડી લઇ મારાં ઘર તરફ જવાનો વીચાર કીધો. હું બારણાં લગી પોહોતો તેટલાં મારી પાછળ એસ્થર ધસીને આવી. તેણીના ઝભાનો ખખડાટ મને સંભળાયો: તેથી હું જમણી બાજુએ બાગ તરફ ફાટો અને એક ઝાડનાં થળ પાછળ સંતાયો. હું ધારૂં છું કે, હું ચાલી ગયો કરી એણી સમજી હશે: કાંકે, તે ધસતી બારણાં આગલ ગઇ અને બારણાંનું કડું ધરયું. જેવો તેણીએ હાથ કડાં ઉપર મેલ્યો કે, ઘરની અંદરથી કોઇ કાલો આકાર વીજલી પેઠે આવ્યો. ઉપર ઉંચકેલો હાથ અને પોલાદનો ચમકાટ મેં જોયો, અને તરતજ જબરદસ્ત ફટકાનો કમકમાટ ભરયો સાદ સંભળાયો કગરસ પણ અવાજ વગર એસ્થર ભોંય ઉપર પછડાઇ પડી; પેલો આકાર એક પળ વાર એસ્થર ઉપર વાંકો વળયો, અને પછી પાછો ઘરમાં ગુમ થઇ ગયો. એ પછી બોલાય નહીં એવી હેબત મને પડી, અને મારી બાયીક હાલતની મને સુધ્ધ આવી. એસ્થર પડી હતી તે જગ્યા ઉપર હુસ્યારીથી હું ગયો;

તે હથીઆર હજી તેણીનાં શરીરમાંજ ભોંકાયલું હતું, અને મીયાન બાજુએ પડેલી હતી. તે હથીઆર તો મેં તરત પારખ્યું કે, મેં 'ફેન્સી-ભેળ' માટે થોડા દીન ઉપર એસ્થરને આપ્યું હતું, તે હતું; મેં તે હથીઆર અને મ્યાન લઈ જેબમાં મેલ્યું. એસ્થર મરણ પામેલી હતી. હું કાંઈ કરી શકનાર નહીં હતો. જે ખુનીનો આકાર પાછો ઘરમાં ધુસી ગયો, તેની પાછળ જવાની મારી હીમ્મત નહીં ચાલી. હું હળવેથી આગલે બારણે ગયો, તે વેળા મને એવું લાગ્યું કે માલાપરનાં કોઈનાં પગળા મેં સંભળાયાં. એસ્થરે પોતાનાં બન્ને નોકરોને રજા આપી હતી, અને હું આવનાર હતો તે એ લોકને ખબર નહીં હતીઃ તેથી મારી હાલતનો વીચાર કરી 'હયાંથી નીકળી જાઉં તો બેહતર,' એમ ધારી હું હળવેથી બારણું ઉઘાડવા લાગ્યો. પણ તે મરનારનાં બન્ને પગો બારણાંને એવા મજબુત ટેકાએલા હતા કે, બારણું ઉઘડયું નહીંઃ તેથી પાછો બાગમાં જઈ એક ઝાડ ઉપર ચઢીને ત્યાંથી દેવાલ ઉપર આવ્યો અને ચોતરફ નજર ફેંકી; પણ કોઈ ન દેખાવાથી રસ્તા ઉપર ઉતરી પડયો અને જીવ લઈ નાસવા લાગ્યો. જેવું મેં એમ કરવા માંડયું કે, સામેથી આવતા કોઈ માણસ સાથ હું અથડયો. હું બીહું છું કે, તેણે મારો ચેહરો ખુલ્લી રીતે દીઠો છેઃ કાંકે એ અથડા અથડીમાં મારી પાઘડી ઉડી ગઈ હતી. ખેર! હું દોડતો મારે ઘર, આલબેનીમાં આવ્યો, જ્યાં લુસીથી સંદેશો લઈને ફ્રાંક મારી વાટ જોતો બેઠેલો મને મલ્યો. તેણે પણ મારામાં ધભરાટ અને ઉતાવળ દીઠી, પણ એખસો પડવા માટે હું ઘેલો બની ગયો હતો. હું જેમ તેમ તેનાથી છુટો પડયો. મેં પેલું ખંજર મારા રૂમાલથી નુછયું અને તે રૂમાલ મેં બાળી નાંખ્યો.

"હું આવતી કાલે પરણનાર છું. જો તેની આત્મમય કેદ નહીં પકડાયા તો પછી લાંબી મુદત લગી ખંડ ઉપર જઈ રેહવાંની હમો લોકે ગોઠવણ કરી રાખી છે; પણ કોઈને કોઈ દહાડે મારે પાછું ઈંગલંડ આવવું પડશે. મારાં માથાં ઉપરે ટીંગાઈ રેહલી તળવાર કોઈ પણ વખતે મારા ઉપર પડે એવો સંભવ છે.

"મારી આબરૂનાં અને સ્વરગની મારી ઉમેદોનાં સોગંદ લઈને કહુંછું કે તા૦ ૧૩-૧૮ મી ડીસેમ્બર ૧૮—ની રાતે 'એલ્મ-ટ્રી-કાટેજ' માં બનેલા બનાંવનો આ ખરેખરો હેવાલ છે."

લા૦ પોલ કલાકસ્ટન.

ચારલસ આરચેસ્ટરે એ હકીકત છેડા લગી વાંચી.

"ઘણુંજ થોડું અજવાળું એ વીષય ઉપર, એ લખાણ નાખેછે;" તે મનસે બોલ્યો. "પણ એ ઉપર સત્યતાનો છાપ છે. આજે રાતે તો હું એ ઉપર નીંદ્રા ખેંચીશ, અને કાલે ત્રણ અઠવાડયાંની રજા લઈ, એ ભેદ ખુલ્લો કરવામા મારાથી બનતી સઘળી પ્રયત્નો કામે લગાડીશ. પોલ કલાકસ્ટન નીરદોષ છતાં તેને આ હાલતમાં મેં નાંખ્યો છે, અને એમાંથી તેને છુટો કરવામાં કસ્સી મેહનત બકાત નહીં રાખવી મને ઘટેછે."

પ્રકરણ ૧૪ મું.

"તે છતાં તમોનેજ તેવણ આજીજી કરેછે!"

બીજે દીને સહવારે આરચેસ્ટર પોતાનો નાસ્તો લેતો બેઠો હતો, તેટલાં બારાનું કાંઇક જોરથી ઉઘડયું અને ફ્રાંક ટેમપલટણ ધસી આવ્યો. આરચેસ્ટરે ઉઠી હાથ લંબાવ્યા.

"હું અજબ છું કે, એ હાથ પાછો કોઈ દીને પણ મીત્રાચારીમાં ઝાલીશ કરી તમે ધારો છો!" ટેમપલટન બોલ્યો. "જે પુરૂષ, એક ઘરમાં, માત્ર તેમાં વસનારાંઓને ઉંઘાઃ પાડવા ખાતર ધુસે, તેવો માણસ લુચ્ચો છે, જેની સાથે કંઈ વધુ વ્યહવાર રાખવા હું ઇચ્છતો નથી."

"લુચ્ચો?" ચારલસ બોલ્યો.

"હા, સાહેબ!" ફ્રાંક બોલ્યો. "પોલ કલાકસ્ટનને તમારૂં શું બીગાડયું કે, તમો તેને પાયમાલ કરવા અરથે આવાં કાવતરાં રચ્યાં?"

"ખુલ્લું દેખાઇ આવેછે કે, તમોને એ કેસની ચોક્કસ ખબર નથી."

"મને એ કેસ સાથે કસ્સી દરકાર નથી; તમારા જેવા કામ કરનાર માણશને માટે મારૂં કેહવું મત છે તે માત્ર તમોને જણાવવા ચાહુંછું.

તમારાં દગલબાજી ભરયા કાંમમાં અજાણપણે મેં કેવી મદદ આપી છે, તે સ્મરણ કરતાં મારી જીભ ખેંચી કાઢું, એવું મને થાય છે."

"તમો મારો ખોલાસો સાંભળશો?" ચારલસ બોલ્યો. એનાં હૃદયમાં તો બેચેન લાગણી શુરૂ થઇ હતી ખરી કે, ફ્રાંક ટેમપલટનનાં મેલાતા ઠપકા કેવલ પાયા વીનાંના નથી.

"નહીં! હું તમારો કંઇ ખુલાસો સાંભલનાંર નથી." બીજાએ પ્રતીઉત્તર દીધો. "ગુલદુત તમોને સાબેત કીધા પછી, ભવીષયમાં કોઇ પણ આબરૂદાર ગ્રહસ્થ સાથ વાતચીત કરવાનો તમો હક્ક નથી ધરાવતા."

ચારલસ આરચેસ્ટરનો મીજાજ હવે તપવા લાગ્યો.

"જુવો, મી૦ ટેમપલટન! તમારા બંધેવી ઉપર આવા કમકમાટ ભરયા અપરાધનું તોહોમત મેલાવા માટેની તમારી લાગણીઓ માટે હું ચોક્કસ હદ લગીની માફી આપી શકું છું; પણ મારી સહન શકતીને પણ હદ હોય છે. જો તમે થંડા પડી ખરી બીનાં લક્ષ દઇ સાંભળો, તો તમોને માલમ પડે કે, તમારા બંધેવી કેદ પાડવાની ધારણાથી હું એટલો વેગળો હતો કે, એ કામ ઉપરથી મેં કેવળ હાથ ઉઠાવી દીધો હતો."

"ટાઇલરે મને કહયું કે, તમોએજ તેને ખરી ઇધાણી આપી હતી, અને તમોએજ સઘળી ખબર પણ તેને આપી." ફ્રાંકે ચીરડાઇ ઉત્તર દીધો.

"ત્યારે તો ટાઇલર જુઠું બોલ્યો; મેં પોલ કલાકસ્ટનનું નામ ઠામ કેવળ આપ્યું નથી. તમારી ઉપર મેં લખેલી ચીઠ્ઠી એણે ઉખેડી વાંચી, આપણી પાછળ 'ટીનટર-ગારડન્સ' લગી આવ્યો, અને એ રીતે એણે ખબર મેલવી છે. હું માન્ય કરૂં છું કે, એ કામમાં મને પોતાને ઠપકો દેવા યોગ્યનું પણ છે, પરંતુ એ કામ મેં નથી કીધું; અને આ હું કેવા ખરા ભાવથી બોલું છું તેની સાબેતીમાં કહું છું કે, તમારા બંધેવીને તેની આજની દુઃખ ભરી હાલતમાંથી છોડવવાને મારાથી બની શકતું કરવાને મેં મનસે સોગંદ લીધા છે."

"તમારૂં ખરૂં માનું?" ફ્રાંક ટેમપલટન બોલ્યો, જેને હજી અરધીજ ખાતરી થઇ હતી.

"માનો કે ન માનો; જેમ તમારી મરજી તમારૂં માનવું યા ન માનવું, પોલ કલાકસ્ટનને મોકળો કરવાની મારી પ્રયત્નોમાં કસ્સો ફરક નથી કરનાર."

ટેમપલટન હજી અદ્દઠ ઉભો હતો, અને કાંઇ પણ ઉત્તર વાળે તે આગમચ ઘરનાં માણશે બારણું ઉઘાડયું અને મીસીસ કલાકસ્ટનની આવવાની ખબર આપી.

ગરીબ બાપડી લુસી! તેણી ખુશાલી સાથે જે દીને સાંજે પોતાનાં નવાં ઘરમાં પોતાનાં સગાં અને મીત્રોને આવકાર દેતી હતી, અને જે વેળા સરકારી કાયદાએ તેણીનાં સુખી ઘરમાં પગ પેસારો કરીને તેને રોતું અને દુઃખ ખમતું કીધું, તે દીનમાં અને આજનાં દેખાવમાં કેટલો તફાવત!

"મીસીસ કલાકસ્ટન!" આરચેસ્ટર તેણીને આવકાર આપતાં સામે ગયો.

"નહીં, મી૦ આરચેસ્ટર! હું તમોને ઠપકો દેવા આવી છું એમ ના સમજશો. પોલે મને તમો આગળ મોકલી છેઃ શા કારણથી, તે હું કહી નથી શકતી, પણ તમોજ તેવણને બચાવી શકશો એમ તેવણ ધારતા હોએ તેમ દીસેછે. તેવણે મને આ લખી મોકલ્યું છે તે જુવો." હયાં મીસીસ કલાકસ્ટને એક કાગલની કાપલી દેખડાવી, "તેવણ એમ કહેછે કે, તમોને સરકારમાં તેડે ત્યારે તમો જે કંઇ જાણતા હોવો તે સઘળું કેહવું. તેવણને માંહેની લાગણી એવું સુચવે છે કે, તમો અને તમોજ એવણને બચાવી શકશો."

"પણ મીસીસ કલાકસ્ટન," ચારલસ તે બાનુંને ખુરસી આપી બેસાડતો બોલ્યો. "પોલને ખબર હોવી જોઇએ કે, હું જે કંઇ કહીશ, તેમાં ઉલટો એવણનો મુકદમો વધુ બીગડશે."

"અને તે છતાં—વારૂં, પેલી કાપલી વાંચો; એવણ શું લખેછે તે જુવો." ચારલસે પેલી કાપલી લઇ વાંચી, જેમાં નીચે પ્રમાણે હતું:—

"તરત આરચેસ્ટર સોડે જાવો, તે મને મોકળો કરશે; શી રીતે એમ બનશે તે હું કહી શકતો નથી; પણ તેવણુથી એ કાંમ બનશે. તેવણુની શાક્ષીએ મને આજે દોષવાન ઠેરવયો છે, અને તેવણુનીજ શાક્ષી મને શેવટે નીરદોષીત પણ કરશે. ખરૂં માનજો કે હું કેવળ નીરદોષ છુ, અને શારાંનીજ આશા રાખજો."

"તમો એવણુને બચાવશો કેની?" લુસી પોતાના હાથ જોડી કાલાવાલા કરતી બોલી. "એવું ભયંકર કામ કરે એવો પોલ નથી; તે ઘણુાજ દયાળુ અને ભલો છે; અને તમારી ઉપર કેવો ભરૂસો રાખેછે, તે જુવો.—તમારે તેને બચાવવો જોઇએ"

"મારાથી બનતી સઘળી મેહનત લઇશું, પણ હું અંધારામાં છું; પરંતુ નીસ્ચે માનજો કે, હું કગરસ પણ આયાસ બાકી નહીં રાખીશ. તમારા ભરથાર કેદ પડયા તે દીને જે હકીકત મને કહી, તે ઉપરથી તેવણુની નીરદોષતાની મને પુરી ખાતરી થઇ છે; પણ બાહારનાં દેખાવો તેમનાં વીરૂધ્ધ છે, અને આપણુ બહુ હુશયાર રેહવા જોઇએ. હું એ વીષય ઉપર તમારા ભાઇ સાથ વાત કરીશ, અને આપણુનું કાંમ એકદમ શુરૂ કરીશું. તમારી ગાડી ઠોબી છે શું?"

"હું તો ભાડેની ગાડીમાં આવી" લુસી હુચકાં ખાતી બોલી. "અને મેં ગાડી ઠોબાવી છે."

"ફ્રાંક, જાવો તમારાં બેહનને ઘર પોંહોંચાડી તરત પાછા આવજો."

"નહીં, નહીં!" લુસી હીમ્મત કરી બોલી. "મારાં લીધે એ કામમાં કસ્સી ઢીલ કરશો ના; હું એખલી જઇશ." એ પછી એ લોક એ કામમાં જે જે ગોઠવણુા કરે તેથી તણુીને જાણુીતી રાખવાની વીનતી કરી લુસી ચાલી ગઇ. પોલ કેદ પકડાયો તે દીને રાત્રે ચારલસને જે જે કહ્યું હતું તે સઘળું એને ફ્રાંકને કહ્યું. અને પોલનો હસ્ત લેખ પણ તેની આગળ વાંચી ગયો.

ફ્રાંકે એ સઘળું લક્ષ દઇ સાંભલયા પછી કહ્યું: "પોલ એમ કહેછે કે, એને તે સ્ત્રીને ઘણુાંક કીમતી ઘરેણુાં ભેટ કીધાં હતાં. અને એ કમનસીબ બનાવ પછીનાં ન્યુસ પેપરો મેં ઘણુાં ધ્યાનથી વાંચ્યાં, તેમાં તો એમ કેહેછે કે, ઘરેણુાં તદન હાથ લાગ્યાં નથી. ખોવાઇ ગયાં."

"હા! તે વાત મને યાદ છે. પણ તે વાતને અને પોલને શું લાગવટ; તમો એમ તો નથી ધારતા કે, તે ઘરેણુાં પોલે લીધાં છે?"

"નહીં! પણ એ અપરાધ કરવા માટેનું કારણ જણાય છે. આપણુ જાણુીએ છીએ કે, પેલી સ્ત્રીઓમાંની એક ચોર હતી; શા માટે તે ખુની પણ નહીં હોય!"

"કમનસીબે પોલ એમ બોલેછે કે, તેવણુ મલવા ગયા તે દીને રાત્રે બંધે સ્ત્રીઓ ગેરહાજર હતી."

"તે શી રીતે સાબેત કરાય? તે લોક ઘરમાં છુપાઇ રહયાં હોય તો?"

"એ વાત સાબેત કરવી અસંભવીત દીસેછે." ચારલસે પ્રતીઉત્તર દીધો. "અને ખરેખર! મારો રસ્તો મને સુઝતો નથી."

"ચાલો આપણુ 'સ્કોટલંડ-યારડે' જઇ તજવીજ કરયે કે, એ ખોવાઇ ગયલાં ઘરેણુાની શોધ સરકારે કીધી હતી કે નહીં. "તેઓ પાઘડી માંથા ઉપર મેલી સપાટા બંધ બાહાર નીકળ્યાં. પણ ખબર કાઢતાં તેઓને જણાયું કે, એ ખોવાયલાં ઘરેણુાંનું વરણુન કોઇ આપનારૂં ન હોવાથી તે તજવીજ ચલાવી નહી હતી. મારગ્રેટ ફરબ્લાંક, જે ખરી ખબર આપી શકે તે, પેહેલ્લી તપાસ પછી તરતજ કોઇ નાટકકાર-સ્ત્રીની દાસી થઇ બાહાર ગામ ચાલી ગઇ. પેલો અધીકારી ઉપલી ખબર આપતાં બોલ્યોઃ "પણુ તણુીને ટેલીગ્રાફ કીધેલો છેઃ કાંકે પોલને ઓળખવા માટે તણુીની હાજરીની અગત છે." ત્યાર પછી બન્ને જણુા પાછા બાહેર ગયા.

"અલબતાં! પોલ તો ઘરેણુાંને લગતું સરવ કંઇ આપણુને કેહશે; કયાંથી તણુે તે ખરીદ કીધાં હતાં તે પણુ કેહશે; પણુ એ શોધ તેની નીરદોષતા શી રીતે સાબેત કરશે તે મને સુઝતું નથી." આરચેસ્ટર બોલ્યો.

"જેની પાસ એ ઘરેણાં હશે—પછી પુરૂષ હોય કે સ્ત્રી હોય—તેની સોડે તે કેમ આવ્યાં, તેનો ખોલાસો આપવો પડશે; અને તે કામ ઘણું અઘરૂં છે." ફ્રાંકે ઉત્તર વાળ્યો.

"મને એવી દેહસ્ત પેદા થઇ છે કે, પોલને એ લોક 'કમીટ' કરશે." ચારલસ બોલ્યો.

"તેમજ થશે. અને તેટલી હદ લગી જવા દેવું પડશે; એમ હું ધારૂં છું." ફ્રાંક નીસાસો ખેંચી બોલ્યો.

તેઓની બીક ખરી પડી. પોલ કલાકસ્ટનને માજીસટરેટ સામે ઉભો કરવામાં આવ્યો, તે વેળા મારગ્રેટે સોગંદ લીધા કે, જે સખસને પોલ કાલવરટને નામે તણી ઓળખતી હતી તે એજ પુરૂષ હતો; વળી એ તોહોમતદારની કબાટનાં એક વકોરામાં, એક નાનું હાથી દાંતનાં હાથા સાથનું ખંજર લીલા રંગનાં મીયાનમાં ભેરવી મુકેલું મલી આવ્યું હતું, તેપણ તેણીએ ઓળખયું; ડોકટર ડોનાલડસને જુબાની આપી કે, એસ્થર ડાલીંગટનને ઘા કરેલો હતો તે એવાંજ કોઇ ખંજરથી કાપેલો હતો.

ચારલસે બેદીલીથી કબુલ કીધું કે, 'એલ્મ-ટ્રી-કાટેજ' તરફથી આવતો અથડેલો એજ પુરૂષ હતો; અને તોહોમતદારે પોતા તરફનો કસ્સો બચાવ નહીં કીધાથી, મેજીસટરેટે દગદગા વગર સેસન્સ કોરટનાં ચુકાદાને સોંપ્યો.

કોરટથી નીકળવા પછી ફ્રાંક મારગ્રેટ ફર બ્લાંકને મલ્યો, અને તેણીને ઘરેણાં બાબેની પુછપરછ કીધી. તેણીએ ઘણાંજ ખુલ્લાં દીલે કહયું કે, તેણીને ઘરેણાં પુરાં સ્મરણ છે અને પોતાની યાદ-શકતીનાં પ્રમાણ મુજબ, લખેલું વરણન આપી શકશે. "પણ" તેણીએ ઉમેરયું "મારાં ગરીબ બાઇ ઘણાંજ ખરચાલું હતાં, અને તેવણનાં મરણની શુમાર બે માસ આગમચથીજ મને તેવણનાં કોઇ ઘરેણાં ઉપર નજર નથી પડી હતી; તે કદાચ વ્યાજે મેલ્યાં હશે."

એ ઉપરથી એ લોકે તે ઘરેણાંઓનું વરણન લખાવી લીધું, અને સઘળા નાણાં ધીરનારાઓને ચેટવણી આપવામાં આવી; પણ કોઇ તેવાં ઘરેણાં તેમની પાસ આવ્યાં નથી, કરી તે લોકે જણાવ્યું.

પ્રકરણ ૧૫ મું.

કળાનાં બે શોખીન ડીટેકટીવો.

"ખુન થવા પછી તમો તે ઘરમાં કોઇ દાને ગયા હતા?" ફ્રાંકે બીજે દાને ચારલસને પુછયું. "નહીં!" ચારલસ કાંપતો બોલ્યો "મને તે સ્થળ બહુ ભયભરયું લાગેછે."

"તોપણ તે સ્થળ મને જોવા ગમેછે." ફ્રાંક વીચાર કરતાં બોલ્યો:—"તે ભાડે આપ્યું હશે શું?"

"જો તમોને ખાહેશ હોય તો આપણે તે જઇ જોઇ આવ્યે." આરચેસ્ટરે ઉત્તર વાલ્યો. તેઓ ત્યારપછી ગાડી ભાડે કરી તે ઘરને બારણે જઇ લાગ્યા.

"પણ તે સ્થળ ગમે એવું મનોહર હતું તોપણ, તેની ચાર દેવાલોની અંદર બનેલા ભયાનક કરૂણરસ બનાવે, તે સ્થળ માટે લોકોનાં મનમાં ભુલ ભરયા વીચારો ઉભા કીધા હતા, અને તે હજી ખાલી પડયું હતું; પણ એ "રેહઠાણ ભાડે આપવાનું છે," કરી એક મોટું પાટયું બારણાં ઉપર મારયું હતું, અને કંઇ "વધુ ખબર પડોસમાંજ વસનાર ઘરનાં એજન્ટને મલ્યાથી મલશે.' ફ્રાંક એ પાટયું વાંચવા કેડે બોલ્યો:—

"મને માંહે જઇ એ ઘર જોવા ગમેછે; આપણે જઇને કુંચી માંગી લાવ્યે."

"શું વીકારી વીચાર તમોને સુઝેછે. એ ખુનનું સ્થળ જોઇ વલવાથી પોલને શું ફાયદો થનાર હશે તેની મને સમજ પડતી નથી." ચારલસ બોલ્યો. "પણ તમારી સમજ મુજબ કરો."

"હા; પણ આપણો નામો એજન્ટને જણાવવાં નહીં જોઇએ; માત્ર એક એકાંત ઘરની શોધમાં આવ્યા છઇયે, એમ કહીશું."

"ઠીક છે." ચારલસ કબુલ થયો; અને એ લોક એજન્ટને ત્યાં ગયા. એજન્ટ તો ઘરમાં નહીં મલ્યો. પણ, તેનો કલારક—બાર વરસની વયનો એક છોકરો બની શકતી ખબર આપવા તઇયાર હતો. જુદી જુદી વીગતે ઉપર

વાત કરવા કેડે આરચેસ્ટરે પ્રશ્ન કરયોઃ—"થોડાક માસની વાત ઉપર એ સ્થળ પર કંઈ ખુન કે કંઈ એવુંજ થયું હતું ની?"

"હાજી;" પેલા છોકરાએ લગાર આનાકાનીથી પ્રતીઉત્તર દીધો. "પણ તમો સાહેબો એ લીધે કંઈ હરકત નહીં લેશોની? તમો લોક, ભુત-પ્રેતથી બીહનારા હોવો તેવું નથી લાગતું."

"ઓહો! ત્યારે એ ઘરમાં ભુત છે ખરો?" કાંકે રમુજ મેલવવા અરથે મુસકેરાઈ પુછયું. તે છોકરો જરા ડગડગ્યો, અને પોતાનાં શબ્દો પાછા ખેંચી લેવા જેવું કીધું; પણ એ લોકે ફરજ પાડવાથી શેવટે તેણે કબુલ કીધું કે, પડોસનાં મુરખ લોકો કંઈ એવું બકેછે કે, રાતનો વખત તે ઘરમાં કાંઇ ગડબડ સંભળાએછે; અને એકજ દીન આગમચજ ગાંધીનો છોકરો બોલ્યો હતો કે, તે રાત્રે બારીએ દીવો દેખાયો હતો, અને ઓળા સરીખો સ્ત્રીનો આકાર દેખાયો હતો. પેલા બે મીત્રોએ એકેકનું મોંહ જોયું.

"ઠીક છે." આરચેસ્ટર બોલ્યો. "હું નહીં ધારતો કે હમો ભુત-પ્રેતની કંઇ દરકાર કરીએ, પણ અલબતાં! એ કારણે એ ઘરનું ભાડું તો ઓછું હોવું જોઈએ. તમો હમોને કુંચી આપો; અમો અંદર જઇ જોઈ આવ્યે અને આવતી કાલે નક્કી જવાબ કેહવાડીશું તો કેમ?" તે છોકરાએ કાંઈ અડચણ નહીં લીધી અને કુંચી લઇ એ લોક ચાલ્યા. થોડેક વેગળે ગયા કેડે આરચેસ્ટર પોતાનાં સોબતી તરફ ઉત્સુકપણે ફરયો. "તમો એ વીશે શું ધારોછો?" ઉસ્કેરાયલા અવાજે સવાલ કીધો.

"અરે! ભુતની કહાણી બાબે? કંઈ નવું તમારા મનસે ઉઠ્યું તો નથી થતું? કેવો ભાગ્યશાળી વીચાર તમારો, કે મને સમજાવી ઘર જોવાનું નક્કી કીધું!" ટેમપલટન તો પોતાનાં સોબતીને અચરતીથી ટીકવા લાગો. "ભુતની કહાણી એ વાત તો કોઇ આળસુ વેહમીઓએ રચેલા મુજબ ઉભી કીધી છે, બીજું શું? એમાં અલબતી તો મને એટલીજ લાગેછે કે, એ વાત ઉભી થતાં આટલી લાંબી મુદદત કેમ લાગીઃ કાંકે, એવાં સ્થળોમાં તો ભુતથી ભમાએલું ઘર જોવા આખી આલમ આવે."

"પણ હું તો તે ભુતને જોવા ઇચ્છું છું." આરચેસ્ટર શાંતીથી બોલ્યો.

"ઓ; ખચ્ચીત! જો તમે તેની સાથ કંઈ ગુફતગો કરવા ઇચ્છતા હોવો તો બેશક તેમ કરો. આપણે ગાંધીનાં પોરયાને પુછયે કે કઇ વેળા તે સ્ત્રી પોતાનો દેખાવ આપેછે."

"નહીં; કોઇનો વેહેમ ઉસ્કેરાય તેવી કોઇ પુછપરછ કરવી નહીં જોઇએ. એ ઉપરાંત તમો સારી પેઠે જાણોછો કે એ વરગનાં લોકો કોઇ ચોક્કસ બીનાંને વળગી નથી રેહતા. અલબતા હું, ભુત-પ્રેત વીગેરેની બેવકુફ વાત માનતો નથી; પણ એટલું તો સ્પષ્ટ છે કે, કોઇ છુપી રીતે એ ઘરમાં આવેછે, અને તેમ કરવામાં તે કંઇ મતલબ છે. નીસ્ચે માનજો કે, એ ખુનનું સ્થળ પાછું જોવાની તમારી ભાગ્યશાળી સુચનાંએ આપણને તે ખુનીની નીશાણ ઉપર લાવી મેલ્યા છે. પણ ચાલો! ઘર આવ્યું, અંદર જઇયે. બાહારનું બારણું ઉઘાડયું અને જે પગડયાં ઉપર ચારલસે લોહીનું ખબોચ્યું દીઠું હતું, તે ઉપર પગળું મેલવા વીનાં મોટી ફલાંગ મારી તે માંહે પેઠો. એજ કુચીથી અંદરનું આગળું બારણું પણ ઉઘાડયું અને આરચેસ્ટર આ બીજી વાર તે દીવાનખાનાંની ફરશબંદી ઉપર ઉભો રહયો, જે દીવાનખાનાંમાંથી આગળ એ સ્થર ડાર્લીંગટનની લાસ માંહે લઇ જવામાં આવી હતી. તે આખ્ખો દેખાવ સપાટાબંધ ચારલસની યાદીમાં તાજો થયોઃ પ્રકાશતો ફીકકો ચંદ્રમા, સઘળી બાહારની વસ્તુઓને મુંગે મ્હોડે ઉજલો કરતો બરફ, તે લાસને હળવેથી પોલીસે અંદર લાવવું, ડોકટરની દયા ભરી નજર, અને મારગ્રેટ ફરબ્લાંકનો ફીકકો બીપેલો ચેહરો, એ સઘળું તેને આબેહુબ દેખાવા લાગ્યું. જબરદસ્ત પ્રયત્ને એ દેખાવને ચારલસે મનમાંથી ઝટકી કાઢયો, અને સઘળાં બારણાં ખુલ્લાં હોવાથી એક પછી એક ઓરડો ફરી વળી તેઓ દેખવા લાગ્યા. બધા ખાલી હતા; કોઇ પણ પ્રકારની વસ્તુ નહીં હતીઃ સાવાએ થોડાક દોરડાંનાં કકડા અને સામાન પેક કરયો હશે તેથી થયલો કચરો હતો.

"હવે માલા પરનાં ઓરડા જોઇએ." ફ્રાંક બોલ્યો. "પણ દાદર કયાં હશે?" પણ તેજ વેળા દીવાનખાનાંનાં ખુણામાં આવેલું એક બારણું ઉઘાડતાં માલા પર જવાનો મારગ તેમની નજરે પડયો.

"કેવો અંધારો દાદર!" આરચેસ્ટરે કહ્યું. "હું ધારૂં છું કે દીવાનખાનાંનો દેખાવ બેડોલ નહીં કરે તે માટે બંધ રાખ્યો હશે."

"અને દાદર ઉભો પણ છે! અને જુવો! ત્યાં મથાલે મેસથી કાળો થઇ ગયલો ગોખલો છે; હું ધારૂં છું કે, ત્યાંજ દીવો સળગાવીને રાખતાં હશે."

માલા ઉપરનાં ઓરડાઓ પણ એકાંતવાસ અને બેદરકારીનો દેખાવ દેતા હતા. એકજ ઓરડો જે કંઇ આવાસ દેખાડતો હતો તે નાંહવાનો ઓરડો હતો: એમાં એક સંગેમરમરનું નાંહવાનું વાસણ પડેલું હતું, અને મુખ જોવાની આરસીનો એક કકડો ભીંતમાં જડી લીધેલો હતો. અલબતાં! તે તો ઘર ધણીનો માલ હશે.

"આ ઓરડો તે ગરીબ સ્ત્રીનો સુવાનો ઓરડો હતો કે શું?" તેઓ એક આગલા મોહટા ઓરડામાં જતાં ફ્રાંક બોલ્યો.

"હું નથી જાણતો; અરે! આ પાટયાં કેવાં અવાજ કરેછે. એ અવાજથી હું હમણાં બીધો હતો." ચારલસ બોલ્યો.

"ઢીલું હોય તેવું લાગેછે," ફ્રાંક તપાસતાં બોલ્યો. "આખું ઘર સમરાવવાને લાયકનું થઇ રહયું છે." ઘરની ચોક્કસ તપાસ લઇ રેહવા છતાં કંઇ ખુલાસો તો હાથ લાગ્યો નહીં: તેથી તેઓ આગળું બારાનું બંધ કરી રાંધણીને રસ્તે પાછળે બારણે 'લેટન-સ્ટ્રીટ'માં ઉતરી પડયા.

"ઘરમાંથી આ બારણે નીકળી જવું સેહલું પડે." ફ્રાંક બોલ્યો "અને કુંચી હોય તો એજ મારગે સેહલાઇથી અંદર પણ જવાય!"

"એ શી મતલબે તમે બોલો છો?" ફ્રાંકે પ્રશ્ન કરયો. "પણ જલદી નીકળી પડયે તો સારૂં. એ સ્થળ જોવાનું મારૂં મન નહીં થતે તો સારૂં હતું. હયાંનો ડરામણો દેખાવ મને કંપાવી છોડવેછે. હું કબુલ કરૂં છું કે, રાત પડવા પછી મને હયાં આવવા નહીં ગમે."

"ત્યારે તો હું બહુ દલગીર છું: કાંકે, તેવું હશે તો મારે એખલાએજ ભુતને પકડવો પડશે."

"શું!" ફ્રાંક બોલ્યો—"તમે શું—?"

"હું માત્ર પેલા ભુતને થોડાક સવાલ પુછનાર છું, અને હું ધારૂં છું કે તેને આવકાર આપવા માટે મારે હયાં હાજર રેહેવું જોઇએ."

"ત્યારે શું તમારી ધારણાં—"

"મારી એવી ધારણાં છે કે, રાતનાં દશ વાગ્તે હયાં આવવું, અને તે ભુતનાં આવવાની વાટ જોવી; અને જો આજે રાતે તે નહીં દેખાશે તો, આવતી કાલે હું એ ઘર ભાડે લઇશ, અને નીત્ય રાતનાં વાટ જોતો હયાં ઠોબીશ. જો એ ભેદ વેહેલ્લો નહીં થયો તો તમારા બંધેવીને બચાવવાનું અસુરૂં થશે."

"એમ નાં બોલો. લુસી સાંભળશે તો હુભતીને મરી જશે. કેમે કરીને આજે રાતે તો તમારી સંગે રહીશ; પણ હવે આપણે શું કરીયે?"

"મારે ઘર ચાલો; ભોજણ લઈએ; ત્યાં આપણે હવે પછી કરવાનાં કામની ગોઠવણ કરીશું."

તેઓએ ભોજણ ઉતાવળે લઈ લીધું; અને એક ચોર-ફાણુસ અને દીવાસલીની ડબ્બી લઇને એ લોક સાડા નવ વાગ્તે પોતાની ધારેલી સફરે નીકળ્યા, અને અગતજોગી સંભાળ લઇ ઘરમાં દાખલ થયા. જો એ વેળા પેલા ગાંધીનાં છોકરાએ એ લોકને જોયા હતે તો તે એમજ કેહતે કે, 'એલ્મ-ટ્રી-કોટેજ'માં આજે તે સ્ત્રી-ભુત સાથે બે પુરૂષ-ભુતો પણ આવેલા તેણે દીઠા હતા!

પ્રકરણ ૧૮ મું.

ભુતની છેલ્લી ભેટ.

"હવે આપણે કયાંથી નીહાલ રાખતાં બેસીશું?" હળવેથી આગલું બારણું ઢાંકતાં ફ્રાંક બોલ્યો.

"માલ પરથી." બીજાએ પ્રતીઉત્તર દીધો.

"જે કોઇ દીવાનખાનેથી આવશે, તેને આપણે ઝરૂખા ઉપરથી જોઇ શકીશું, અને આપણે અંધારામાં છુપાં રહીશું."

"જો ચંદ્રમા હમણાનાં જેવો પ્રકાશતો રહયો તો આપણને અંધારૂં કયાંથી મલશે." એ વેળા ચંદ્રમા વાદલું ફાડી બાહાર નીકળ્યો હતો. આખાં દીવાનખાનાંમાં ચાંદરણી પંથરાયલી હતી.

"આપણે નાહવાનાં ઓરડામાં ભરાઇ રહીશું. ખરેખર જોતાં એજ એક સ્થળમાં આપણને બેસવા માટે કંઇ મલી આવશે, નહીં તો ભોંય ઉપર ફસડાઇ બેસવું પડે" ચારલસે ઉત્તર વાળ્યો. "અને બારણું ઉઘાડું રાખીશું તો જે કંઇ અવાજ થશે તે સાંભળી શકીશું."

"હું ધારૂછું કે, મારાથી હયાં બીડી નહીં પીવાશે!" ફ્રાંક દલગીરી સાથ બોલ્યો. "બીડી પીવી! નહીં, નહીં!" ચારલસે ધીમે સાદે ઉત્તર વાળ્યો. "અંધારાં ખાલી ઘરમાં તાજા તંબાકુનો વાસ પસરી રેહલો જાણતાં તે ભુત શું સમજશે?" પણ હવે ફાણસ સળગાવી ઓથો કરો અને બનતી ચુપકીદીથી આપણે બેસીએ."

એ પેહરો બહુ લાંબા વખતનો અને ઉદાસી ભરયો નીવડયો; તેઓએ અગ્યાર વાગતા સાંભળયા; એ પછી પવન બદલાઇ ગયો અને જબરો વરસાદ પડવા માંડયો, તે સાથેજ ભારી પવન ફુંકતો હોવાથી વરસાદનાં ઝાપટાંને દીવાનખાનાંની કાચની બારીઓ સાથ અથડાવતાં ભયભીત અવાજ કરતો હતો.

"ભુતના હકમાં ઘણીજ ખરાબ રાત છે." ફ્રાંક હળુસે બોલ્યો.

"ભુતને મનસે નહીં." ચારલસ બોલ્યો. "એવી રાત તો તેને મન ભાવતી થઇ પડે" પાછા એ લોક કંટાળા ભરયો પેહરો ભરવા લાગ્યા. સઘળાં ખાલી ઘરોમાં રાતનાં તેવાજ તરેહવાર અવાજો ઘરમાં થવા માંડયા; લક્કડ કોંમ ચરરરર—રર કરવા લાગ્યું; બારીનાં ફડકાં ખખડવા લાગ્યાં; અને બારણાંનાં કડાં, જાણે તેમને અનદીઠ હાથ ફેરવતાં હોય તેવું લાગતું હતું. એકથી વધુ વાર કોઇનો દાદર ઉપર ચઢવા જેવો સાદ સંભળાતો અને એ લોક ચોંકતા. એમ કરતાં વરસાદ અને પવન બધે એકદમ બંધ થયો, અને બારના ટકોરા ખુલ્લી રીતે સંભળાવા લાગ્યા.

"સાંભળો!" ફ્રાંક હળવેથી બોલ્યો. "ચપો! રાંધણીનું બારણું ઉઘડેછે."

"ચાલો આપણે હલવેથી ઝરૂખા ઉપર જઇએ." ઘણી સંભાળ સાથે અને ખામોશી સાથે એ લોક પોતાની બુટ કાઢી નાખીને ઝરૂખા ઉપર ગયા. વાદલાંની અંદરથી ચંદ્રમા મુશ્કેલે બાહાર નીકળતો હતો ઝાંખું અજવાલું દીવાનખાનાંમાં પંથરાયું હતું. રાંધણીમાં પેસવાનું બારણું હળવેથી ઉઘડયું, અને એક ઓરતનો દેખાવ ઉંબર ઉપર દીસ્યો. એ આકારે પોતાનાં ચેહરા ઉપર એક જાડો બુરખો નાંખેલો હતો; પણ તે ઘરનાં ખુણે ખુણાંથી તે આકાર જાણીતો હોય તેમ દીસ્તું હતુઃ કાંકે ચંદ્રમાનાં ઝાંખાં અજવાળાંની મદદે ધીમાં અને સાહુચેતી ભરયાં પગલે તેણે દીવાનખાનું પસાર કીધું અને દેખઇતી રીતે માલ પર ચઢવાના દાદરવાલા ઓરડામાં જતો હતો. ભીનાં કપડાંનો ભોંય ઉપર ઘસડાતો અવાજ ખુલ્લી રીતે સાંભલનારને જણાવી આપતો હતો કે તે કયાં જતો હતો. તે આકારે હાથમાં ધરેલું ધાતુનું હથીયાર ચંદ્રમાંનાં અજવાળાંથી ચલકતું હતું. પેલા બે પોહરો ભરનારાઓ ઉતાવલેથી પાછા નાહવાનાં ઓરડામાં ભરાયા. આટલી મોડી રાતનાં ઘરની ભેટ લેવા આવનાંર આકાર દગદગ્યા વગર માર પર ચઢી ગયો; અને જે ઓરડા માટે પેલા બે જણે, મરનારનો સુવાનો ઓરડો હશે કરી અનુમાન કીધું હતું તે ઓરડામાં ગયો. એટલામાં ફ્રાંકે પુછયુંઃ—"શું છે?"

પણ ચારલસે તેનો ઉત્તર શબ્દોમાં નહીં દીધો, અને મુગો રેહવાની ઇશારત કીધી. બન્ને કાન ઉંચા કરી સાંભળવા લાગ્યા. પાટયાંનો ચરરર—રર અવાજ આવ્યો, અને જરીવારમાં પેલો આકાર નાહવાનાં ઓરડા આગળથી પસાર થયો, અને એક પળવાર દાદરના મથાલાં આગળ ઠોબ્યો.

"આપણે એની પાછળ જઇએ." ચારલસ બડબડયો.

"નજર ચુકીને ખોઇ દઇશું, તે કરતાં બેહતર છે કે હમણાંજ હીમ્મત કરી નીવેડો કરયે." ફ્રાંકે પ્રતીઉત્તર દીધો. અને એ શબ્દો બોલવા સાથેજ દીવો ઓસકયો અને ભમ્મર અજવાળું તે શુદ્ધ આકાર ઉપર પડયો. તે પારવામાં આવેલા ભુતે એક ચીસ પાડી અને દાદર ઉપરથી ધસારો કીધો. એક પલમાં સઘલું ઉથલ પાથલ થઇ ગયું; પેલો આકાર સાડીનું એકાદ ફાંડયું ચુકી ગીયો યા તો તેનો પગ ઝભામાં ભરાઇ ગયો, પણ તે એકદમ ઉપરથી એઠલ લગી ગબડતો કમકમાટ છુટે એવા અવાજ સાથ પડયો; તેના હાથમાં ધરેલો એક દાબડો દાદર દાદરે અફલાતો ઝોંખાતો ખુલી જઇ હેઠલ પડયો. અને તે લાંબા છટ આકાર ઉપર, ચલકતા હીરા મોતીનાં ઝવાહેર વીખરાઇને પડયા; જે, પેલા બે ચીત્તભ્રમ થઇ ગયલા ટીકનારાઓનો હાથમાંનાં ફાણુશને અજવાલે ઘણાંજ તેજ મારતાં હતાં. તેજ ઘડીએ બંન્ને જણા હેઠે ઉતરી પડયા, અને ચારલસે પેલા લાંબા થઇને પડેલા આકારને ઉચકવાની યતન કરી. તેમ કરવા જતાં પેહેલ્લીજ વાર તે આકારના ચેહરા ઉપર નજર પડી. "ઓ ખોદા!" તેણે પોકારયું; "આતો "રકસ્ટન' નથી, પેલી બીજી બઇરી છે!"

ઉપલા શબ્દોનો ભરમ ફ્રાંક પુછે તે આગમચ તે ઇજા પામેલી સ્ત્રી લગાર હુસ્યાર થઇ, અને ચારલસને ઓળખતાં બોલી.

"મારૂં થઇ ચુકું, મી૦ આરચેસ્ટર; મને વાજબી ઇનસાફ મલ્યો છે; કોઇને તેડી લાવો, મારે મી૦ કલાકસ્ટનને તેવણની ઉપર મુકાએલા દોષથી મોકલા કરવા છે."

"તમોને ઘણું વાગ્યું છે?" ટેમપલટને સવાલ કીધો.

"નહીં! મને કંઇ દરદ થતું નથી; પણ એમાં ખોદાનો હાથ છે." મારગ્રેટે ઉત્તર દીધો.

"દોડતા જઇને ડોકટર ડોનાલડસનને તેડી લાવો." ચારલસ ઉતાવળે બોલ્યો. "તેવણ 'સેટન-સ્ટ્રીટ'માનાં ૩૮ નમબરવાલા ઘરમાં રેહ છે."

પાછો બીજીવાર તે ડોકટરને ઉંઘમાંથી ઉઠવું પડયું અને 'એલ્મ-ટ્રી-કોટેજ'માંનાં કરૂણરસ બનાવનાં બીજા હકુતામાં પોતાને મદદ આપવી પડી.

"તમોને કેયે દરદ થતું જણાતું નથી?" ડોકટરે પુછયું. "નહીં!" પેલી સ્ત્રીએ ઉત્તર વાલયો. "કમ્મરથી એઠલ લગી સુન મારી ગયલું લાગે છે."

એ સાંભળતાંજ ડોકટર ફીકરમંદ થયો. "હયાં એનાંથી પડી નહીં રેહવાશે" ડોકટર બોલ્યો, અને પોતા સાથે રસ્તામાંથી તેડી લાવેલા કોન્સટેબલે માંદા માણસને ઉચકી લઇ જવાની ઝોલી મંગાવી, પાસેની હોસપીટલમાં ઉંચકી લઇ ગયા. ફ્રાંક અને ચારલસ સ્ટેશન ઉપર જઇ પોલીસ અમલદારને મલ્યા, હકીકત કહી, પોતાના નાંમ-ઠામ કહી ઘર ગયા.

મારગ્રેટ ફર બ્લેંક થોડાજ દીન હયાત રહી. પણ તેણીનાં મરણ આગમચ તેણીએ એવી હકીકત સરકારને કહી કે, જે હકીકતે પોલ કલાકસ્ટનને કેવળ નીરદોષ ઠેડવયો. તે બોલી:—

"એ સઘલું પેલાં ઘરેણાંએ કીધું હતું. મેં એ ઘરેણાં જે દીને પેહેલ્લાં દીઠાં તે દીનથી હું એ પાછલ વખવખતી થઇ, અને તે હાથ કરવાની ગાંડી ઇચ્છા મારામાં પેદા થઇ. મારે ગમે એમ કરીને એ લેવાંજ, એવો ઠરાવ મનસે કરયો. મારાં બાઇએ છેલ્લે દીને હમોને રજા આપી તે દીને મારી સાથની દાસી 'એન' ને 'કવીન્સ-એલ્મ આગલ છોડી દઇ હું પાછી એ ઘરતરફ ગઇ, અને પાછલે રસ્તે માંહે પેઠી. મારાં બાઇની અને મી૦ કલાકસ્ટન વચ્ચેની તકરાર મેં સાંભલી હતી, અને એ પછી બારણું ઉંઘડવાનો અવાજ મેં સાંભલયો, અને મેં એમ ધારયું કે મી૦ કલાકસ્ટન ગયા. એની ઘણું આગમચથી પેલું [illegible] હથીયાર, જે મેં તે દીને કોરટમાં પારખ્યું અને મી૦ કલાકસ્ટનનું છે [illegible] કહ્યું કે, મારી સોડે લઇને ફરતી હતી. મેં [illegible]માંથી [illegible]

ઉપરે પેહડવાનો જાડો ઝુરખો બાહાર કાઢયો, મારા ચેહરા ઉપર પેહડયો અને મારા બાઇની પાછલ દરવાજા ઉપર ગઇ અને, જેમ મી૦ કલાકસ્ટને એક દીને મશ્કેરીમાં મારાં બાઇને કહયું હતું તેમજ એક ફટકો જોરથી મારયો. તેવણ તરત પછડાઇ પડયાં, અને મરણ પામ્યાં કે નહીં તે નીશ્ચે કરવા માટે એક પળ તેવણ ઉપર હું વાકી વલી દેખવા લાગી. પછી મારી લુટ લેવા માટે હું માલા પર દોડી ગઇ. બારી ઉપરથી જોતાં, મી૦ કલાકસ્ટનને ભીંત ઉપર ચઢતાં, અને રસ્તા ઉપર ઉતરતાં જોઇ હું હેબતી ગઇ. મને એવુંજ સુઝયું કે, તેવણ મને લોકોમાં ખુલ્લી પાડવા ગયા હસે. મેં ઓરડામાં પાંચરેવું જમખાનું ઉંચકયું, હું જાણતી હતી કે પાટયાં અલગાં હતાં: તેથી ચીમટા વતી મેં તે પાટયું ઉપાડયું, ઘરેણાંની પેટી તે ખાડામાં નાંખી, પાટયું પગ ઠોકીને બરાબર બેસાડયું. પેલી મુવેલી પડેલી બાઇ પાસે ફરીથી જવાની મારી હીમ્મત નહીં ચાલી, પણ પાછલે બારણે બાહાર નીકલી પડી. મારી ઉતાવલમાં પેલું બારણું ઢાંકતું અફલાયું હતું. મેં હેબતીને આસપાસ જોયું, પણ એ સાદ કોઇએ સાંભલયો હોય એવું નહીં લાગ્યું; પછી હું ચકરાવો ખાઇ પેલા ભીંતમાંનાં બાંરણાં બણી આવી, જયાં 'પોલીસ'ન જોઇ હું બીધીઃ કાંકે અપરાધ એટલો વેહેલ્લો પકડાઇ આવશે કરી મને ખ્યાલ આવ્યો ન હતો. તે રાતની તપાસમાંથી સલામત બાહાર નીકલવાને, મારી સઘલી હીમ્મત એકઠી કરી તે કામમાં લેવાની અગત્ય પડી હતી; પણ ઘરેણાંનાં વીચારે મને હીમ્મત આપી હતી--તેનો ટેકો બારી હતો. મેં જરામાં જોઇ લીધું કે બાંહારનાં સંજોગોએ એ અપરાધ મી૦ કલાકસ્ટનની ઉપર ગોઠવયો, અને મારાં મનમાં લાગ્યું કે, મારા જીવને બદલે એ પુરૂષનો જીવ જોખમમાં પડયો છે. એવણ બીજે દીને પર-[illegible] હતા અને ઇંગલન્ડ છોડી જનાર [illegible] એનો બોજો હલ-[illegible] મદદ આપી. [illegible] મારી હામ નહીં આપ્યાથી તે વાત ભવીષ્ય ઉપર રાખી, બાહાર-આમની ચાકરી શોધી કાઢી તેમાં જેમાઇ. મી૦ કલાકસ્ટન કેદ પકડાયા એટલે વલી પાછી મને બચી ગયલી મેં દીઠી. 'એલ્મ-ટ્રી-કોટેજ'ની શેરીમાં આવી, તો તે હજી ખાલી બંધ પડેલું જોયું, અને તેમ જોઇ હું બહુજ હરખ પામી. એ બારણાંની કુંચી મારા કબજે હમેશાં રેહતી હતીઃ જેથી કોઇ પણ વેળા હું માંહે જઇ શકું. પેહેલ્લી વાર ગઇ ત્યારેજ હું ઘરેણાં કાઢી લાવતે, પણ પાટયું તે દીને ઉંચકી નહીં શકીઃ તેથી બીજી વેળા સુથારની ફરશી લેતી આવી. મી૦ આરચેસ્ટરને ઘરેણાંની જે મેં ટીપ આપી હતી તે અલબતાં ખોટી આપી હતી. આ બનાવમાં કુદરતની આંગલી હું ખુલ્લી રીતે જોઇ શકું છું; અને મારાં ઘોર કરમ માટેની મને સારી શીક્ષા થઇ છે.'

એ પછી મારગ્રેટ ફરબ્લેંક બેજ દીન વધુ જીવી. પોલ કલાકસ્ટનને તેનાં કેદખાનાંમાંથી છુટો કરવામાં આવ્યો. પણ એટલા દીવસમાં તેની તંનદરૂસ્તી ભાગી પડી હતીઃ તેથી 'ટીનટરન-ગારડન્સ' બંધ કરી પરદેશ જવાનું નક્કી કરયું. એકજ માણસ આ ઉથલ પાથલથી નારાજ થયું હતું; તે મી૦ ટેઇલર હતો. ૧૦૦ પાઉન્ડનું ઇનામ મેલવવાનું બાજુએ રેહવા દેતાં, વીધ્યા-કલાવાળા ગ્રહસ્થોમાંનાં એકે એવણને હરાવ્યા, તે ઘણું નરસ લાગ્યું; પણ પોતાની નાખુશી, ચારલસ આરચેસ્ટરે મોકલેલા ૧૦) પાઉન્ડની નોટ સાથે જેબમાં ઉતારવી પડી.

કલાકસ્ટનનાં લોકો શેહેર છોડવા આગમચ, મી૦ આરચેસ્ટરને, મીસીસ કલાકસ્ટન તરફથી એક પત્ર અને એક પારસલ મલ્યું. પત્રમાં પોતાના ભરથારની આવી જોખમ-વેળાએ આરચેસ્ટરે જે સેવા બજાવી તેને માટે દીલોજાનથી આભાર માન્યો હતો; અને પારસલમાં પેલી સોનાની દાબડી જે આરચેસ્ટરે રસતામાંથી ઉંચકી હતી, તે ભેટ મોકલી હતી.

ચારલસ આરચેસ્ટર એ દાબડી હમેશાં પોતાની સાથેજ રાખેછે, પણ કોઇ કોઇ વેલા એ ડબ્બી પેલી શીતળ શીયાળાની રાતે બનેલા ભયંકર બનાવો યાદ દેવડાવેછે, ત્યારે એ ગ્રહસ્થને કંપારી છુટ્યા વીનાં રેહતી નથી.

અનુષંગીક યાને બહારનો દેખઈતો પુરાવો.

બ્રીકસમ હોલ ઈંગલંડની પશ્ચીમમાં આવેલી જુની ફેશનની એક બાંધણી છે, જેમાં એક વાર સર હેનરી મેનારડ નામનો એક ગ્રહસ્થ રહેતો હતો. એ પુરૂષ એનીજ પડોસમાં મોટી જાગીરોનો પણ માલેક હતો. એ બેરોનેટે ઘણાં વરષ લગી હીંદુસ્તાનમાં પોતાનાં વતનની સેવા બજાવ્યા પછી તે પાછો ઈંગલન્ડ ફરયો હતો. એ ગ્રહસ્થ કુંવારો હતો ખરો, પંરતુ એને જેટલી બાળકોની ગડબડ અને તોફાન ગમતું હતું તેટલું થોડાજ બચરવાળોને ગમતું હશે. સર હેનરી લન્ડન પાછો ફરીને એક માસ નહીં વીતો હશે, તેટલાં એ ગ્રહસ્થનાં એક પુરા ભાઈનાં અને તેની પત્નીનાં અકાળ મરણની ખબર સંભળાઈ. તે લોક જ્યારે કેપથી પાછાં ફરતાં હતાં, ત્યારે સખ્ત વઓડું થવાથી વ્હાણ ડુબી ગયું. પણ સારાં નસીબે એ લોક પોતાનાં બે બેટાઓને પાછળ મેલી આવ્યાં હતાં: એથી સર હેનરીએ તે બે ભત્રીજાઓનો હવાલો પોતાને માથે લીધો, અને તે દીનથી જ્યોરજ અને આરથર મેનરડનો વાસો તેમનાં કાકા સાથે બ્રોકસમ હોલમાં થયો. એ પછી બે વરષે, સર હેનરીની એક પુરી બેન—વીધવા,—એક પુરી છોડીને કોડી વીનાંની નીરાધાર મેલી મરણ પામી. પાછા સર હેનરી આ વેળા મદદે પોંહોંચ્યા અને પોતાની ભાણેજને પોતાની નજર આગળ હેતથી ઉછેરી; અને આપણી વારતા મંડાએ છે તે વેળાએ પુરાતન હોલમાં વસનારાંઓ તેવણ, તેવણની ભાણેજ નેલી હુડ, અને તેવણનાં બે ભત્રીજાઓ હતાં.

આ વૃદ્ધ ગ્રહસ્થ થોડા દીવસથી તબીએતથી હલાક હતા, અને આજે તેવણનું મુખ્ય સુખ તેવણની નાંજુક નેક ભાણેજની હાજરીમાં સમાએલું હતું, જેણે પોતાનાં વાંચણથી અને કાકાનાં પ્યારા ગીત ગાયણો ગાઈને તેનાં જઈફ દીવસ આનંદદાયક કરતી હતી. નેલી, સોનેરી કેસવાળી ૧૭ વરષની વયની ગોયા પરીજાદી હતી. તે પોતાનાં જઈફ મામાને, પોતાનાં પીતરાઈ ભાઈઓને, ઘરની કારભારણ મીસીસ મારકને, ટુંકમાં જેની સાથે કામ પડે તેમને તે ચાહતી હતી, અને તેનાં અવેજમાં સઘળાંને તે ઈઝ્ઝમતી અને વ્હાળી હતી.

સર હેનરીનાં બે ભાણેજોમાં જ્યોરજ મેનારડ વડો હતો. એ વીશ વરષની વયનો હતો, જે વેળા તેનો ભાઈ આરથર, માત્ર અઢારજ વરષનો હતો. જ્યોરજ ઓક્ષફરડમાં દાખલ થયો હતો, અને નાંણાંનો ઝરો સદાનો વેહતો હોવાથી અને સારો ખુશ મીજાજી હોવાથી એલમમાં બીજાઓનાં કરતાં ઘણાં આગળ પગળાં ભરતો હતો. એ પુરૂષને બહુજ અજબ રીતની બુદ્ધીકળા બક્ષાયલી હોવાથી, તેનાં મીત્રોમાંનાં કોઈ પણ જે વીદ્યા એક અઠવાડયાંની સખ્ત આશ્રમે હાંસલ કરી શકે તેટલું, જ્યોરજ, સેહલાઈથી એક દીવસમાં હાંસલ કરી શકતો હતો. એ ઉપર પાળ બાંધી, તે અભ્યાસમાં ઘણો કાળ ગુજારતો નહીં હતો. એ છોકરો કોલેજમાં માંઠો ઉદાહરણ આપેછે કરી શીક્ષકોને જણાયાથી એ બાબેની રીકઝીક ચાલી. જ્યોરજ ઓક્ષફરડ છોડી પોતાના મામા કને આવ્યો, અને પોતાની તકસીર માન્ય કરી પોતાથી બનેલાં કામ માટે દીલગીરી જણાવા લાગ્યો.

સર હેનરી પોતાનાં ભત્રીજાને ઘણાં હેતથી ચાહતા હોવાથી તે તકસીર તરત માંફ થઈ, અને કંઈ નવી ગોઠવણ કરવાનાં વીચારમાં એના કાકા હતા: તેથી થોડાક માસ થયાં જ્યોરજ ઘરમાંજ રહેલો હતો.

આરથર, પોતાનાં વડા ભાઈ જેવોજ દયાળુ અને ખુશ પ્રકૃતીનો, પણ વધુ શાંત સ્વભાવનો હતો. આ આપણી વારતાનું મંડાણ થાય છે તે દીને ઓગસ્ટ માસની રળીયામણી સહવાર હતી અને તુરતનોજ નાસતો લઈ પરવારેલાં હતાં. તે વેળા ઘરડા સર હેનરીએ પ્રશ્ન કરયો:—

"કેમ છોકરાઓ; આજે શું કરવાનો વીચાર રાખોછો?"

"હું મારો ગળ લઈ જઈ કાંઈ માછલાં પકડી ઘર લાવવાની યત્ન કરીશ, કાકાજી," જ્યોરજ બોલ્યો. "અને મારે માટે પુછો તો,

આજે સહવારે હેઠલ ઉતરતાં લન્ડનથી આવેલા પુસ્તકોનાં જે પેટારા ઉપેર મારી નજર પડી, તે ઉખેડી નવી કીતાબો તપાસવામાં રમુજ મેલવીશ, કાકાજી." આરથર બોલ્યો. નેલી ભણી મોંહ ફેરવી તે જઈને સવાલ કરયોઃ—"અને તમે, નેલી?"

"હું, મામાજી; હું વળી તમારી સોડે ઘરમાં રહીશ!"

"આવી ગરમીની રૂતુમાં તમોને ઘરમાં ગોંધી રાખવા એ નીરદયતા દીસેછે. મારાં બચ્ચાં! પણ હું એટલું તો કહી શકું છું કે ઘણો લાંબો વખત એ રીતે કાઢવો—" નીસોસ મુકી ઉપલું બોલ્યા, પણ નેલીએ પુરૂં કરવા નહીં દીધું. તરત પોતાનાં નાંજુક હાથ પોતાનાં મામાનાં ગળાં અતસફ તેણીએ વીંટાળયા, અને બોલીઃ "મામાજી! તમારી આગળ ને આગળ રહેવામાં જેટલો મને સંતોષ ઉપજે છે તેવો કસ્સામાં મને નથી મલતો, એમ તમે જાણ્યા છતાં એવું બોલવું કેવું નીરદય છે! વળી તમારી તનદરોસ્તી પણ હાલ ઘણી સારી છે, અને તમારે એવો વીચાર વટીક કરવો નહીં ઘટે!"

સર હેનરી અને નેલી લખવાનાં ઓરડામાં ગયાં; આરથર પુસ્તકોનો પેટારો ઉખેડી ચોપડીઓ તપાસવામાં રોકાયો; અને જયોરજ પોતાનો ગળ લઈ પાસેનો એક નાનો ઝરો, જે પોતાની કાકાની જાગીરની અંદર વહેતો હતો ત્યાં, આગળ માછલાં પકડવાની યતનમાં રોકાયો. બે ત્રણ વાર ગળ ખાલી નીકળવાથી, એ કામથી કંટાલી જઈ, ગળ ફેંકી દઈને અતરાફ નજર ફેંકી, અને તેમ કરતાં એક માણુસને નદીનાં મુખ આગળ એક ઝાડને અઢેલી ઉભો રહી પાણીમાં ટીકતો દીઠો. એ પ્રવેશ પરાથી કોણ હશે તે ચોક્કસ કરવા માટે જયોરજ હળવેથી પાછળ ગયો. તેનાં લુગડાં ઉપરથી એટલું તો સીધ થયું કે, એ કોઈ મૂગ [illegible] તો ન હતો કારણકે, એકે તેનાં કપડાં [illegible] હતાં પરંતુ ઉંચી પ્રકારનાં હતાં, અને [illegible] રીતે પેહેરેલાં હતાં.

"એ ત્યાં શું કરોછો; ભલાં માણશ?" જયોરજ બોલ્યો. "હું ધારૂં છું કે તમો કોઈ પરદેશી છો, અને જાણતા હશો કે તમો એક ગ્રહસ્થની ખાનગી મીલકતમાં ઘુસ્યા છો?"

પેલો અજાણ્યો મોંહ ફેરવ્યા વીનાં ઉપલું સાંભળી તેણે શાંતીથી ઉત્તર દીધોઃ—"હું શું કરૂં છું? એવો વીચાર કરતો હતો કે, પેલી ગમ જે ખાડો છે તે એક માણશને ડુબાડે એટલો ઉંડો હશે કે નહીં, અને જો તેમ નહીં હોય તો જીવ બદનમાંથી નીકળી જાય ત્યાં લગી માથું પાણીની અંદર ગખી મેલવા જેટલી મારામાં હીમ્મત હશે કે નહીં."

"હું આશા રાખું છું કે, તમો અપઘાત જેવું અત્તી નામરદ અને ધીક્કારવા જોગું કામ કરવાનો તો વીચાર નહીં કરતા હોવો? એ ઘણોજ—"

"વચ્ચે બોલવા માટે માફ કરજો. પણ ત્યાંજ તમો અને બીજાઓ મોટી ભુલ કરોછો. હું કબુલ કરૂં છું કે કોઈ જાનવર કે કોઈ અજ્ઞાન માણશ, જે જાનવર જેવુંજ હોય છે તે, પોતાનાં જીવને હાણી પોંહોંચાડે તો તે નામર્દી ભરયું અને ગુનાંહ ભરયું કાંમ કરયું કેહવાય; પણ એલમ વાળો માણુસ, જેને હવે પછીની જીંદગીમાં ઈમાન હોય, અને પોતાની સમજણમાં હોય, તેવો માણશ જો એવું કરમ કરે તો તે હીમ્મતવાળું કહેવાય. તમો એમાં મારી સાથ એક મત્ત નથી થતા?" આ છેલ્લા શબ્દો બોલતાં, પોતાનું મોંહ જે હજી લગી નદી તરફજ હતું તે તેણે જ્યોરજ ભણી ફેરવયું. જયોરજ તેનો ચેહરો જોતાંજ ચમકયો.

"શું! આલજરનન-ડ-કુરસી અને આંવી હાલતમાં!" જયોરજ અચરતી ગ્રસ્ત થઈ પોકારી ઉઠયો.

"હા; જયોરજ મેનરડ; તમારો જુનો સોબતી આલજેરનન-ડ-કુરસી, અને આ હાલતે પોંહોંચેલો! હવે, જેમ બાકીનાં લોકોએ કીધું તેમ તમે પણ કરો; તમારી મીલકત ઉપર હોકમ વીનાં આવ્યો, તે અપરાધ માટે મને ચારજમાં આપો!"

"બોહો ના કરો!" જયોરજે ઉત્તર વાળ્યો. "પણ એનું કારણ શું? તમો શી રીતે આવી

હાલતે પુગ્યા?—અને છેલ્લે, તમોને હું શી અતે મદદ પોંહચાડું?"

સઉથી અગત્યનાં સવાલનો પેહલ્લો ઉત્તર વાળું છું. મને ખાવાનું આપો: કાંકે હું ભુખે મરયો જાઉં છું. આજ સાત દીનથી ખાટાં સેવ વીનાં બીજું કસ્સું મોંહ પર મેલ્યું નથી."

"આવી જાવો, આલજી." જયોરજ બોલ્યો. "સારાં ભાયગે આપણે ઘરથી ઘણાં આઘા નથી: જેથી તરત તમારી ઇચ્છા પાર પડશે" ઉતાવળે જયોરજે રસ્તા ઉપરનો મારગ લીધો, જેની પાછળ આલજી ખોડંગતો ચાલવા લાગ્યો. તેનાં પગમાંનાં જોડા એવા ચીંઠડે હાલ થઇ ગયા હતા કે, ઘણી મેહનતે પગમાં તે રાખી સકતો હતો. થોડીજ પળમાં બ્રીકસમ-હૉલ તેમની દ્રષ્ટીએ પડયું. "મને આગલે બારણે લઇ જવું ઠીક લાગેછે, જયોરજ?" આલજીએ સુચવ્યું. "કાંકે આ લેબાસમાં મને કોઇ જોય કરી હું નથી ચાહતો; મને કાંઇ ખાવાનું મલે તો બસ; પછી તબેલામાં ખાઉં કે મેહેલમાં; તેની મને પરવા નથી."

"ખચીત મારા મીત્ર! આ તમે બોલો છો ત્યારે ધ્યાન આવેછે. ચાલો! હું તમોને આપણાં ગાડીવાનની ઝુંપડીએ લઇ જાઉં, અને ત્યાં તમોએ લુગડાં બદલ્યા પછી અને કાંઇ ખોરાક લીધા પછી, તમોને મારા કાકા સોડે લઇ જઇ તેવણ સાથે ઓળખાણ કરાવીશ." જયોરજ બોલ્યો.

"જેમ તમોને રૂચે તેમ."

થોડીક પળમાં એ લોક ગાડીવાનનાં નાનાં ઝુંપડાંમાં આવી લાગ્યા, જે પાછળા મેદાનમાં તબેલાની સોડેજ હતી. "બેનસન! આ ગ્રહસ્થ, મારા જુનાં મીત્ર છે, જેવણને કંઇ અકસ્માત થયલો છે; જો તમો સોડે ખાનાંની વસ્તુ હોય તે મેજ ઉપર ગોઠવી દેવો તો."

"બચીત, સાહેબ." બેનસને ઉત્તર વાળી તરત મેજ ઉપર "ટેબલ કલોથ" પાંથરયો, અને રોટલી, માખણ, પનીર, અચાર ઇત્યાદી ગોઠવી દીધું. જયોરજ અરધા કલાક કરતાં વધુ વખત પોતાનાં મીત્રને ખાતાં ટીકતો બેઠો. તેણે જે જથ્થો ખોરાકનો સફાઇ કીધો તેનાં પ્રમાણ મુજબ પોતાનો મીત્ર કેવો ભુખ્યો હતો તેનો અડસટો જયોરજ સેહલાઇથી બાંધી શકયો. ખોરાકથી ધરાઇ, એક મોટું પ્યાલું બરી, "સાઇડર" ઓટી જઇ, સંતોષનો દમ તેણે ખેંચ્યો અને ખુરસીને અઢેલી બેઠો. "હવે મારી હાલની સુખાકારી સંપુરણ કરવા માટે એકજ ચીજની ખુટ છે, જયોરજ-તમારી સોડે બીડી પીવાનો તંબાકુ મલશે?" આલજી બોલ્યો અને જેબમાંથી બીડી પીવાની નળી તેણે ખેંચી કાઢી. તેનાં કણે પઇસા ન હતા; લુગડાં પાધરાં નહીં હતાં; પણ નળી સાચવી રાખી હતી. તંબાકુ પણ તેણે આપ્યો અને જરીજવારમાં તે ધુમાડાંનાં વાદલાં ફુંકતો બેઠો. થોડીક વારની ચુપકીદી પછી, આલજી બોલ્યો:—

"ત્યાં નદી આગળ કુદરતની ખુબસુરતી નેહાળતો ઉભો રહેવાનું કારણ હવે કહું. પેહેલ્લાં તો મારે તમોને જણાવવું જોઇયે જે, તમો ઓક્ષફરડ છોડવા પછી, તમારા જેવો એક સોબતી ખોયો તે માટે મને ઘણું દુઃખ લાગ્યું અને તમારા જવા પછી હું વધુ બાહાવરો બન્યો; જેમ બનવાની કસ્સી અગત્ય નહીં હતી કરી તમો હમણાં કેહશો. માસ્તરો બબડવા અને ચેતવણી આપવા લાગ્યા, અને હું ધારૂં છું કે, જો કંઇ નવો બનાવ નહીં બનતે તો હું પણ તમારીજ નસીબતે પોંહોંચતે. પણ તેટલાં એમ થયું કે, એક માત્રે મારી ઉપર એક અયોગ્ય અને અસભ્ય કામ કરવાનો આરોપ જાહેરમાં મેલ્યો, જેવાં કાંમનો કે હું કદી અપરાધી નહીં થઇ શકું—હકીકત એકે, ચોરીનું બોહોતાણું મારી ઉપર મેલાયું. પોતાને નીરદોષ સાબેત કરવા માટે ના મને તક મલી કે ના મારા કણે પુંજી મલે. અને મને અપમાન સાથે ઓક્ષફરડથી કાઢી મેલ્યો. મારા મીત્રોએ મને મોંહ નહીં દીધું: તેથી હું લન્ડન ગયો, અને થોડા દીવસ એક છાપખાનાંમાં ચાકરીએ રહયો. પેહેલ્લાં તો ન્યુસોમાં મારા મોહોતની ખબર છપાવી; એ કામ મારા કુટુંબના લાભ માટે કરયું. મારી ચાકરી કંઇ વધુ દાહાડા ટકી શકી નહીં: ત્યાંથી રવડતો રઝલતો હાં લગી આવ્યો. હું એમ સમજતો હતો કે, આતરાફ મારૂં

ઓળખીતું કોઇ મલનાર નથી. હવે એ વાતનો શો અંત આવ્યો છે, તે તમે જાણો છો."

"વારૂં, કંઇ નહીં, મારા દોસ્ત તમો ઉપર ઘણું વીત્યું છે. અને તમો સાથે મારો મેલાપ થયો: માટે હું ઘણો ખુશ છું. હવે એટલોજ વીચાર કરવાનો રહયો છે, તે એકે, તમોએ શો વીચાર રાખ્યો છે? કોઇ ચાકરીએ ગોઠવાવાનો વીચાર છે?" જયોરજ બોલ્યો.

"કંઇજ વીચાર રાખ્યો નથી; હું મુવા દાખલ છું."

"ત્યારે થોડા દીન મૃગ-વાનની જગ્યાએ રહેવાનું કબુલ રાખશો. જો તમોને એ જગ્યા નહી ભાવતી હોય તો કંઇ રહેવાની અગત્ય નહીં. એટલુંજ કે તમો તીર બંદુકનાં બહુ શોકીન છો, અને તીરંદાજીમાં પણ તમો કુશળ છો તે વાત હું જાણું છું." જયોરજે સુચવ્યું.

"ઘણી મેહેરબાની થઇ; મારા પ્યારા જયોરજ. એ મને ખરેખર બંધ બેસ્તું થઇ પડશે."

"ત્યારે તો એ વાત નક્કી થઇ; હવે હું ઘર જઇ તમારે માટે કંઇ લુગડાં વગેરે લઇ આવું."

"તેમ કરો, જયોરજ. લુગડાં બદલવાથી મને સંતોષ થશે. આ લુગડાં મારાં જુનાં મીત્રના છે ખરાં, પણ હવે ઘણાં દીવશ થયા."

જયોરજ પોતાનાં મીત્રને ત્યાંજ મેલી ઘર આવ્યો. પોતાનાં લુગડાંનું કબાટ ખોલી, કપડાં કાઢવા માટે સઘળાં લુગડાં ખેંચી કાઢયાં.

"અરે! આરથર પાસે એક જુનું મખમલનું 'કોટ' છે, તે આલજીને ઠીક પડશે." જયોરજ મનસે બબડયો, અને તરત પોતાનાં ભાઇની શોધમાં નીકળ્યો; આરથર એક ઝાડનાં છાંયડા તળે પુસ્તક વાંચવામાં રોકાએલો હતો. જયોરજની માંગણી તેણે એક બોલે માન્ય કીધી અને પાછો પોતાના કામમાં તે રોકાયો. જયોરજ એક જોડ કપડાં ઇત્યાદી લઇને પાછો ફરયો. આલજીને જે ઓરડામાં મેલી ગયો હતો તે ઓરડામાં દાખલ થયો, ત્યાં જયોરજે ભારે ગમ સાથે જોયું કે, તેની ગેરહાજરીમાં આલજીએ દારૂની સીસી ઉપર જબર તરાપ મારી હતી. "કેમ પીરયા, લુગડાં લાવ્યો?" આલજી તોતરાતો પુછવા લાગ્યો. "ઠી—કા—ઠી—કા! એક--એક--વા—ર એ-એ-ને-ફીનો—બ-બદલો-વા-વા--લીશ-તમે-ધા- ધારો-ધારો-તેક-ર-તાં-તાં-ટુંક-ટું-કજ વખતમાં!—પ-પણ-મોં-મોંહ બંધ! બંધ!" પોતાનાં દોસ્તની આ હાલત જોઇ જયોરજને ઘણું દુઃખ લાગ્યું. એ ટેવ નવી પડેલી જોઇ. કેમ એ પણ, આલજી પાસેનાં ઓરડામાં જઇ લુગડાં બદલીને આવ્યો, અને થોડાજ વખતમાં કેવળ બદલાએલોજ દેખાવ આપ્યો.

"હું કેહું—કેહું—જયોરજ" આલજી લપેડા ખાતો બોલ્યો. "મને ઘણીજ થાક લાગે છે; ઘણાં દીવસ થયાં ચેનથી ઉંઘ નથી ખેંચી; અને જો તમોને કંઇ અડચણ નહીં હોય તો, હું ધારૂં છું કે, આજે બપોરે હું તમારે ઘેર નહીં આવું. કાલ લગી ઠોબો, અંહ!" ઉપલું સાંભળી જયોરજ લગાર ખુશ થયો અને તેને એક 'આરમ-ચેઅર' ઉપર લેટેલો મેલી, જયોરજ પાછો પોતાને ઘર આવ્યો.

ભોજણની વેળાએ સર હેનરી કંઇ અસાધારણ રીતે વીચારવંત અને ખામોશ હતા, અને ભોજણ પુરૂં થતાંજ તેવણ બોલ્યા:—

"છોકરાંઓ! મારે તમો સાથે થોડીક વાત કરવી છે. મારી સાથે મારા ખાનગી લખવાનાં ઓરડામાં આવશો તો હું ખુશ થઇશ."

એ કોણ જાણે શાની પુરવ-નીશાણ હશે, કરી અજબ થતા સરવ પીત્રાઇ ભાઇ બેહન તે જઇફની પાછળ તેવણનાં ખાનગી ઓરડામાં ગયાં. એ લોક જેવાં ગોઠવાઇ બેઠાં કે, બેરોનેટે બોલવા માંડયું:—

"મને કાંઇ લાગણી થાય છે, મારાં પ્યારાં છોકરાંઓ, કે પછી, આગમચેતી કહો તોબી ચાલે કે, હું આ સૃષ્ટી ઉપર લાંબો વખત કાઢનાર નથી, અને હું જવા આગમચ મારી કરેલી ગોઠવણીઓ તેમજ મારી ઇચ્છાઓ જણાવા ચાહું છું. નહીં, મને બોલતો અટકાવો નાં. મનુષ્યને પૃથવી ઉપર તેનો કાળ કરમના ધોરણ પર નેમલો હોય છે, અને મારો કાળ પુરો થતાં ત્યાંથી કુચ કરવાને હું દીલગીર નહીં થઇશ.

"જયોરજ, અલબતાં, મારા પછી મારો ખીતાબ તમોને ઉતરશે, અને મને નીશ્ચે છે કે, તમો તેને નરસ નહીં લગાડશો કે ડુબાડશો નહીં. મારૂં વસીયતનામું જે આ વકેરામાં છે—" એમ બોલતાં પોતાની પાસેની ટેબલ ઉપર હાથ મેલ્યો—"તેમાં તમોને જણાશે કે આ હોલ અને ફ્રીકસીમની મીલકત તમારા નામ ઉપર કીધી છે, તે સાથે મારી દોલતનાં બે હીસ્સા તમારા નામ ઉપર છે; તે કોઇ ચોક્કસ શરત ઉપર કરી છે, જે શરત હું, આગળ જતાં કહીશ.

"તમોને, આરથર, ડોરટમાઉથની સઘળી મીલકત અને તે સાથે દોલતનો બાકી રહેલો ત્રીજો હીસ્સો, વ્યાજુ નોટો, ઇત્યાદી મલશે," એ વેળા, માથું ઉચકતાં જયોરજને એવો કાંઇ ખ્યાલ આવ્યો, કે બારીની બાહારથી કોઇ ઉભુ રહી સાંભલતું હતું; પણ તે એવું વીજલી પેઠે ગુમ થઇ ગયું કે જયોરજનો વીચાર બદલાયો કે પોતે વેહમાયો હતો.

"અને હવે, મારી નાનકડી પરી! તમારી બાબદમાં—" એમ બોલતાં જઇફ મામાએ નેલીને પોતાનાં પાસામાં ખેંચી.

"હું એક ઘરડો પુરૂષ છું, પણ દુન્યાનો રવઇયો પીછાણી નહીં શકું એટલો આંધળો હું હજી બન્યો નથી. હું ધારૂં છું કે, તમારી અને તમારા પીત્રાઇ જયારજ વચ્ચે કાંઈ ચોક્કસ મેં લાગણી જોઈ છે; અને જો તે લાગણી ખરી હોય અને તમે બંવે જોડાવો તો, મારા પ્યારામાં પ્યારી ઉમેદ બર આવ્યા દાખલ થશે. હું એજ શરત કરનાર હતો; જયોરજ, તમો કબુલ કરો કોની?"

"ઘણીજ ખુશી સાથે, કાકાજી. હું ઘણાં દીવસ આગમચનો બોલવાનો હતો, પણ—"

"ત્યારે તો એ વાત નક્કી થઇ ચુકી, અને—"

"પુરી નક્કી નથી થઇ, સાહેબ." આરથર દુઃખાયલા સાદે વચ્ચે બોલ્યો "તમોએ મારા નામ પર કાઢેલો હીસ્સો હું નાકબુલ કરૂં છુંજી."

"એ શું બોલો છો? ખોલાસાથી બોલો!"

"તમોએ મીસ નેલીનો હાથ આવી જખશીથી મીસ ભાઇને આપવામાં તમો વાજબી કરતા હોવો, એમ હું નથી ધારતો, સાહેબ. મારો ભાઇ તો (તીરસ્કારથી) સાધારણ રીતે કબુલ કરે છે. અને મીસ નેલી તમારી તરફનાં આભારમાં કબુલ કરે છે. તમો આપઅખત્યારીથી એવું નહીં કરતે તો એવણુનો હાથ મેલવવાની કોઇ બીજાને ચાન્સ મલતે!"

"જો એ કામમાં મેં કાંઇ ખોટું કરયું હોય—કંઇ ભુલ કરી હોય તો ખોદા મને માફ કરે!" તે વૃધ્ધ પુરૂષ પોકારી ઉઠયો "નેલી, મેં કંઇ ભુલ કીધી છે? ટુંકમાં, મારી વ્હાલી, મેં જો ખોટું કીધું હોય તો અસુરૂં થવા આગમચ બોલી દો!" ઉપલા સવાલો સર હેનરી કરતા હતા તે અરસામાં જયોરજ હળવે હળવે આ લોકની સોડે આવતો ગયો હતો.

"નહીં, મામાજી! તમોએ ભુલ નથી કીધી." નેલીએ હળવેથી ઉત્તર વાલ્યો. મામાએ, બંધેનાં હાથ મેલવી નેક આશીરવાદ દીધા. આરથર એક શબ્દ પણ ઓચરયા વગર ઓરડામાંથી ચાલી ગયો.

"હવે, જયોરજ, આ ચોપાન્યાં મી૦ હોલને (એક પાડોસી) પોહોંચાડી આવો; મેં કબુલાત આપી તેને ઘણાં દીવસ થયા. તેટલાં નેલી મારી આગલ વાંચશે."

જયોરજ ચોપડીઓ લઇ કાકાનો હુકમ બજાવવા નીકલી પડયો મી૦ હોલનું ઘર અઢી માઇલ છેટે હતું. વાતચીત અને વાંચણમાં વખત વીતી ગયો, અને અંધારૂં થવા આવ્યું. એ વેળાએ સર હેનરી બોલ્યાઃ—"નેલી!

જરા મારી ઓસડની સીસી લાવશો? મને એવો ખ્યાલ છે કે, મેં જમવાનાં ઓરડામાં તે કેયે મેલી છે." ઓસડની શોધમાં નેલી ઓરડામાંથી જતી રહી. અને તે શોધી, લઇને પાછી ફરતાં જેવું ઓરડાનું બારણું ઉઘાડયું કે, એવો કમકમાટ ભરેલો દેખાવ તેની નજરે પડયો કે, પેહેલ્લાંતો તેણી એમજ સમજી કે પોતાનું મગજ ખસી ગયું છે.

તેનો વૃદ્ધ મામો મોટા હાથાની 'આરમ-ચેર' ઉપર અવાચક થઇ પડ્યો હતો, અને એક કાનથી બીજા કાન લગી તેવણનું ગલું કોઇએ કાપ્યું હતું. પાસેની ટેબલ, પગ તલેનું જમખાનું, બધું લોહીથી ખરડાએલું હતું; બલકે અનેક વસ્તુ, એક પલવાર, જાણે લોહીથી ખરડાએલી હોય તેવો દેખાવ આપતી હતી. કંઇક સેહેજ હીલચાલે તેણીનાં ચકભ્રમ થઇ ગએલી હોશને પાછી ઠેકાણે લાવી. પાછું ફરી જોતાં, નેલીએ કોઇને બારી વાટે નાસી જતાં દીઠો. મદદની મ્હોટી ચીસ પાડી દોડતી બારી ભણી ગઇ. તે નાસી જનારનાં અંગમાંનાં કોટનો છેડોજ તેણીનાં હાથમાં આવી ગયો; તે ગજવાંની આગલનું એક ફડકું હતું. એ કોટ જુનું હતું—ટાંકા કોહી ગયા હતા. પેલો ખુની આંચકો મારી છોડવી નાસી ગયો, અને નેલીનાં હાથમાં ફકત લાલ મખમલનો એક કડો રહી ગયો.

એવી વેળાએ રવાઇયા મુજબ મદદ ઘણી અસુરે આવી લાગી. સર હેનરી મરણ પામ્યા હતા, અને જે વકોરામાં વીલ છે કરી તેવણે કહ્યું હતું તે વકોરો ભાંજીને ઉઘાડ્યો હતો, અને વીલ કાઢી લીધું હતું.

જે માણશને નાસી જતાં નેલીએ દીઠો હતો, તેની શોધમાં કેટલાક માણુશો નીકલ્યા હતાં, અને એક નોકર ઘોડા ઉપર સવાર થઇ, નજદીકનાં શેહેરમાં પોલીસને ખબર આપવા ગયો.

થોડીજ વારમાં કેટલાક કોન્સટેબલોએ ભયાનક બનાવ બનેલા સ્થલ ઉપર આવી લાગ્યા. બારી વાટે નાસી ગએલા ખુનીની નીશાણુ થોડેક વેગલે લગી મલી આવી. ઘરથી થોડાજ ગજ દુર એક અસ્તરો તેમને જડ્યો, જેનાં હાથા ઉપર G. અને M. નાં અક્ષરો કોતરેલા હતા; અને ત્યાથી સોએક વાર વેગલે રાતું મખમલનું કોટ જડયું, જેનું ગજવાં આગલનું ફડકું નહીં હતું.

પોલીસ અમલદારે ઘરમાં દાખલ થઇ પ્રશ્ન કરવા માંડ્યા. એટલું તો સાબેત થયું કે, 'કોટ' આરથરનું હતું, અને અસ્તરો મી૰ જ્યોરજનો હતો. એ પછી તે અમલદાર નેલી કણે જઇ હમદરદીપણે તેણીને પુછ પરછ કરવા માંડી. સ્વભાવીક રીતે એ છોડી ખુલ્લાં દીલની અને ચાતુર હોવાથી, તે દીને એ લોકનાં મંડલમાં શીશી વાત ચાલી હતી તે સઘલું કહ્યું; માત્ર પોતાને લગતી ખાનગી બીનાં પાછલ રાખી.

“એ ભાઇઓ નજદીકનાં સગા!” ડીટેકટીવ બબડવા લાગ્યોઃ—“જઇકે કહ્યું કે, તે પોતાની દોલત એ બે ભાઇઓને વેહેંચી આપી છે; અને તેમનામાંનું એક—બલકે બંધે—કોઇ કલ્પીત ગેરઇનસાફ માટે રીસે ચઢયા. વસીયતનામું ગુમ થઇ ગીયું; એક કોટ અને એક અસ્તરો પડેલો પાયો. જેમી, જા! વેહેલ્સો ઘોડો દપટાવતો જઇ આગલનાં મેજીસ્ટ્રેટ મી૰ ડારલીને તેડી લાવ. ખુનનો કેસ—મારી સલામ કેહજે; વેહેલ્સો જા.”

મેજીસ્તરેટ મી. ડારલી આવી પોંહોંતાની થોડીજ મીનીટ પાછળ પેલા બંધે ભાઇઓ ઘર આવ્યા. જ્યોરજનો મુખડો અને ગળપટો લોહીથી ખરડાએલો હતો, અને તેમજ આરથરનો પણ હતો. એ લોકે ખોલાસો આપ્યો કે કોઇએક ચોક્કસ ગળી ઉપર, એ લોક કાંઇ ખાનગી બાબત ઉપર એકેકની સામે થયા હતા. કડવા શબ્દો ઉપરથી મારફાડ ઉપર વાત આવી ગઇ હતી. ઉપલો ખોલાસો આપવા છતાં, એ કેસ ચોક્કસ એ લોકની વીરૂધ્ધ છે, એક મેજીસટરેટના ધારવામાં આવ્યું, અને અમને 'કમીટ' કીધા. બીજા દીવસની બપોર પડવા આગમચ એ બંધે જુદી જુદી કોઠડીમાં કેદ પડયા.

* * * * * * * * *

તપાસ ચલાવવામાં આવી, અને પુરી થઇ. જ્યોરજે પણ પોતા તરફનો ખોલાસો આપ્યો, તેમજ આરથરે પણ આપ્યો. તેઓના વકીલ બેરીસ્તરો ઘણા આવેશથી તેમના તરફથી કાકલુદી કીધી. પણ સઘળું ફોકટમાં. અનુષંગીક પુરાવા એ લોકની વીરૂધ્ધ ઘણા જબરા હતા.

“એ ઉપરાંત, મારા લોરડ!” ફરયાદીનો બેરીસ્તર બોલ્યો. “એ ઉપરાંત, મારા લોરડ, અને જુરીનાં ગ્રહસ્થો! તમો સામે જે પુરાવા

મેં મેળ્યા છે, તે કેવળ રદ્દ પડાય એવા નથી; પણ એક બીજા વીષય ઉપર પણ તમારૂં લક્ષ ખેંચું છું. આવા પ્રકારનું નામરદી ભરયું અને ભયાનક ખુન થાય છે, અને આપણે રાસ્તી અને ઇન્સાફ પાછળ મંડયે છઇએ, ત્યારે કુદરતી એક સવાલ મનસે ઉઠેછે કે, એ મોહોતમાં કોણનો લાભ સમાએલો છે. હવે જુવો કે મરનાર સર હેનરી મેનરડને જગમાં એકુ પણ બુરૂં ઇચ્છનાર કે શત્રુ ન હતું; અને એ પુરૂષનાં મોહતથી આ બે કેદીઓ વીના બીજા કોઈનો લાભ નહીં હતો."

બેઠક છોડવા વીના, જુરીએ "અપરાધી" નો ચુકાદો આપ્યો.

કાલી ટોપી જડજને માથે મેલાઇ—કેદીઓને બેડીઓ ઠોકવાનો હોકમ પાસ થયો. પેલા અભાગ્યા કેદીઓ તેમની કેદની કોટડીમાં બેઠા હતા તેટલાં બારાણું ઉઘડયું, અને એક પાદરી દાખલ થયો: જેની પાછળ એક જુવાન કન્યા દાખલ થઇ. તેણીને જ્યોરજે તરત નેલી તરીકે ઓળખી.

"હું આ કામ વાજબી કરૂં છું કે, ગેરવાજબી કરૂં છું, તે હું સમજી શકતો નથી; પણ આ ચાર દેવાલીમાં કવચીતજ બન્યું હશે તેવું કામ માંથે લેવા મીસ નેલી હુડ, મને વીનવી લઇ આવ્યાં છે."

"આપરા માનવંતા મામાજીની એ છેલ્લી મોરાદ હતી, જ્યોરજ! અને તમારી નીરદોષતામાં કેટલું મને ઇમાન છે તે, જગતને દેખાડવા ઇંતેઝાર છું. તમે મારી છેલ્લી માગણી નામંજુર નહીં કરશો, જ્યોરજ!" નેલી આખમાં આંસુ લાવી કરગરી બોલી.

જ્યોરજે થોડીક હરકત લીધી, પણ તે સઘળી, નેલીનાં આંસુએ રદ્દ કીધી, દસેક મીનીટમાં બંન્ને લગ્નમાં ગંઠાયાં.

પાદરીનાં મોંહથી ક્રીયાનાં શબ્દો જવળે પુરા થયા ન હશે, તેટલાં તે અંધકાર ડરામણી બાંધણીની બહાર કંઇ શ્હેર બકોર અને ગડબડ સંભલાઇ, જેની સાથે, 'હુરરે!'નાં પોકાર મીશ્ર થએલા હતા.

લોઢાંનાં સળીયાંનું બારણું ઉઘડયું, અને મરનાર સર હેનરીનો વૃધ્ધ કારભારી ધસતો કે આવ્યો, જેની પાછલ એ કુટુંબનાં ત્રણ જુનાં ખીદમતગારો અને એક બબરચી હતો.

"સઘલું ચોક્કસ થયું, સર જ્યોરજ!" તે વૃધ્ધ કારભારી બોલ્યો. "તમો મોકળા થયા! મોકળા થયા! પાછો પોકાર મારો, પોરયાઓ! હુરરે! હુરરે!"

ખોલાસો પુછવાનો કાળ ન હતો. કેદખાનાનાં બારણાં આગળ ગાડી ઉભેલી હતી, તેમાં જ્યોરજ પોતાની પત્ની અને ભાઇ સાથે બેસી ચાલ્યો. ઘોડા છોડી નાંખ્યા, અને એક ડજન ખુશીથી ઉછળતા હૃદયનાં માણસોએ ખુશીનાં પોકાર સાથે તે ગાડી ખેંચી, પાસેનાં હોટેલમાં તેમણે ઉતારયાં.

ત્યાં જ્યોરજને—અરે સર જ્યોરજને ખોલાસો મલ્યો. ત્રણ દીવસ આગમચ આલજરનન-ડ-કુરસી, મરણ પામતી અવસ્થામાં રસ્તામાં પડેલો જડયો. તેણે પોતાનું મોહોત નજદીક આવેલું જોતાં કબુલ કરયું કે, તે ભયાનક કર્મ તેણે પોતે કરયું હતું. તે વેળા તે પીધેલો હતો, તે બોલ્યો, અને ખુન કીધું તે દીને ખાનગી ઓરડામાં વાત ચાલુ હતી તે એણે સાંભળી હતી, અને બુઢા સર હેનરીનાં મરણથી પોતાનાં મીત્ર જ્યોરજનું કલ્યાણ થશે એમ માની, તે અસ્તરો લઇ આવ્યો અને તક મલતાં ખુણ કીધું હતું.

આ રીતે, ઉપકાર માનવાની, અથવા ઉપકારનો બદલો વાળવાની ભુલ ભરી સમજથી તે પુરૂષે, અનુષંગીક, યાને બહારના પુરાવાની મારફતે પોતાનાં મીત્રનું લગભગ મોહોત આણી મેળ્યું હતું.

સમાપ્ત.

રંગેલો ઓરડો.

"શું બરફ પડતો કદી બંધજ નહીં પડશે?" કેટી બ્લાઇથ 'ચવેલસ્ટન હોલ'ની બારી વાટે બાહાર જોતાં કંટાળો ખાતી બોલી. "જો એમજ ઘણો લાંબો વખત ચાલ્યા કરશે તો, હું ધારૂં છું કે, કેવળ ગડાઈ જઇશું."

"ખરેખર! બહુજ પુછવા જેવું, જ-

[illegible]ના પીત્રાઇ ચારલી રાવલસ્ટને [illegible]કાંકે, અલબત, હાલની મીજ[illegible]ર્યાં સાથેજ ૩ટાસે. જરા વીચાર કરી [illegible], આપણી કેવી ખુશ મંડલી બનેઃ જ[illegible] કે 'બાલ'માં જવાની, કે લોકોની ભેટ [illegible]ા જવાની કસ્સી ખટપટજ નહીં. પેહેલ્લાં તો આવી થંડીમાં સહવારમાં એટલું સક્કારે ઉઠવાની ફરજ નહીં પડે"

"હવે, ચારલી, બેવકુફ ના બનો!" તેની બેહન સોફી બોલી. "આપણી પીત્રાઇ બેહનને કંઇ રમુજ મલે તેવું કંઇ શોધી કાઢો, અને અક્કલ વગરનું ગાંડું સુચવવાનું એક કોરે મેલો.

"મેહેરબાની થઇ," ચારલીએ ઉત્તર વાળયો. "એક માણશને ખરે રસ્તે ચલાવનાર માત્ર એક મધુર બેનજ હોય છે; પણ ખરેખર જોતાં શું સુચવવું, તે તમને સુઝતું નથી. હવે, ચીરૂટ પીવા—"

"ચારલી!" બંધે છોડીઓ ગુસ્સાથી પોકારી ઉઠી.

"ચીરૂટ પીવાનું, હું હમણાં કેહતો હતો જે, બઇરાંઓનું કામ નથી," ચારલીએ બોલવું જારી રાખ્યું. "આપણે બીલયરડની રમતથી તો થાકી ગયાં છઇયે. નહીં તો ચાલો આપણે હેઠલ ઘર-કારભારણ મીસીસ ગીબસન કણે જઇએ, અને જયાં લગી ખાવાનો વખત થાય, ત્યાં લગી મુરબ્બો ખાવામાં રોકાઇએ."

"ખાવાનું! કેવા નીચા છે!" કાટી બોલી. "અબઘડી તો આપણે નાસતા પરથી ઉઠયાં; તમે એમ ધારોછે કે બીજા ત્રણ કલાક જવા વગર હું કસ્સાંને અડકીશ?"

"ઠીક, ત્યારે તો બીજું શું સુચવવું તેની મને ખબર નથીઃ કાંકે, ખચ્ચીત મારી કલ્પના શક્તીનો છેડો આવ્યો!"

"કોઇ એવો વીચાર તમે સુચવ્યોજ નથી," તેની બેહેન વચ્ચે બોલી ઉઠી. "એ તમારા [illegible]. વાહલી કાટી, ચાલો આપણે ચીત્ર-કળાવાળા ઓરડામાં જઇયે." "[illegible]" તેઓની પીત્રાઇએ ઉત્તર વાળ્યો. [illegible] ચારલી." "શું ત્યાં જઇયે! અને પેલા બધા ગુજરી ગએલા રાવેલસ્ટનોને ટીકીયે; ઘરડા સર કુલ્કની સબીથી લઇને, (જે સબી મને નીશ્ચે છે કે, રસ્તામાં પડેલી કોઇએ ઉચકી લાવી ટાંગી છે.) આપણા ઘરડા બપાવા, પેલા દરયાઇ સેનાધીપતી, તેવણની સોડેની ટેબલ ઉપરનાં ખડયા સાથે, અને પછવાડેનો લીલો પરડો, જબરી દરયાઇ લડાઇનો દેખાવ દેખાય તેટલો બાજુએ ખેંચેલો પાડયો છે, તે સઘળો દેખાવ જોવા જઇયે!"

"ચારલી, એ રીતે આપણા વડવાઓનાં નાંમ સાથે વરતતાં સાભળવું અતી ધીક્કાર ભરયું લાગેછે." સોફી ગુસ્સાનો ઢોગ કરતી બોલી.

"કંઇ નહીં, કાટી; ચાલો આપણે ચાલી જઇયે. એવણ એખલા પડશે એટલે કંટાલી જઇ આપણી પાછળ આવશે." પશ્ચાતાપ કરતો ચારલી કાઇ બોલવાની યત્ન કરે તે આગમચ બન્ને છોડીઓ પરસાળ ઉપર દોડી ગઇ, જયાથી ચીત્ર-કળાવાળા ઓરડામા દાખલ થયા. એ ઓરડો ઘણો ઉંચો અને લાંબો હતો અને રાવેલસ્ટનનાં ખાનદાનના વડવાઓની મોટી છબીઓ ભીંતો ઉપર ટાંગેલી હતી, જેને ગાળે ગાળે રણભુમી આદીઓ ટાંગેલી હતી. એ ઓરડાની મધ્યમાં બરાબર અંતરે રાતી મખમલનાં કવરની બેઠકો ગોઠવેલી હતી. આકાશ-બારીઓમાથી ઓરડામાં સઘળે ઉજાસ ફરી વળેલો હતો. એ ગેલેરી પરથી બીજા ઓરડાઓમાં જવાતું હતુ, જે વપરાસથી કાઢી નાંખેલા હતા, અને જેને 'નોરથ-વીંગ' કેહતાં હતાં. લાલ જાડાં ઉનનાં લુગડાંનાં પરદાવાળા બારણાંની પેલી તરફ એ ઓરડાઓમાં જવા આવવાની ધુળથી ભરેલી ચાલની ફંજ હતી. એ ઓરડાઓનાં બારણાં તેનાં મીજાગરા ઉપર એવાં ઢીલાં હતાં કે, શીયાળાનાં પવનનો ઝપાટો બારીઓનાં ભાંગેલા કાચમાંથી અંદર આવતો, ત્યારે વારંવાર એ બારણાંઓને એવો અફાળતો કે, ચોમેર ધોધાટ કરી મેલતો અને ઉંદરો તેનાં અંધારાં તળીયામાં નાહસી જતા. એ 'નોરથ-વીંગ'ની નીચે મેહેરાબદાર પરસાલ હારેદોર આવેલી હતી. એ સ્થળ નોકરોનાં મનસે બીહીક ભરયો હતો; એ લોક એવી અફવા

ઉરાડતાં હતાં કે, 'એ ઉજ્જડ ઓરડાઓની બારીએ અજબ પ્રકારનું દીવાનું અજવાળું દીસતું, અને ભુત-પ્રેતની ગાડીઓ, અવાજ વગર ચોક આગળનાં બંધ રાખેલાં મોટાં બારણાં આગળ આવી ઉભી રેહતી, અને અનદીઠ લોકો માલાપર ચડતાં સંભળાતાં હતાં; જેમનાં રેશમી પોશાકનો ખખડાટ અને ઉંચી એડીનાં બુટનાં અવાજ ઘણા વાર સાંભળવામાં આવેછે.'

પણ આજે આ બે છોડીઓને મનસે તે તે ઓરડો કસ્ની ભય વીનાનો દીસતો હતો; બરફ પડતો હતો છતાં સુર્ય થોડે થોડે વખતે અજવાળું નાંખતો હતો, અને લગભગ વસ્તી વાળો દેખાવ દેતો હતો, અને લોઢાંની જાળીવાળી બારીઓ વાટે અંદર આવતાં કીરણો, ભુત-પ્રેતનાં વાસાનો એક પળવાર પણ ખ્યાલ નહીં આવતાં હતાં.

જાણે સોફીની બાંધેલી તરફ ખોટી પાડવા ઈચ્છતી હોય તેમ ચારલીએ ચીત્ર-કળાવાળા ઓરડામાં પોતાનો દેખાવ નહી દીધો; અને પેલી બન્ને છોડીઓ એકથી બીજાં ચીત્ર આગળ જતાંનો ઉપરનાં ચીત્રેલાં ચીત્રો ઉપર પુરા મીજાજી ટાહુકા પુરતી ફરતી હતી.

"પેલા ઘરડા એમક દેખાવનાં કોણ હશે?" કાટીએ એક ઉમ્મરવાળા દેખાવના માણસ તરફ હાથ કરી પુછ્યું.

"એ જસટીસ સીમન રાવેલસ્ટન છે. બીજા જેમ્સનાં જમાનાંનો એ પુરૂષ હતો. એના વીષે એવું કેહેવાય છે કે સરકારી ગુકાદાની સખતાઈમાં જડજ જેફ્રીજનો બરોબરયો એ હતો. એમ કેહેછે કે, સેજમોરની લડત પછી તેણે વીરા કેદીઓની તપાસ કીધી અને તેમને મોતની શીક્ષા કીધી, પણ એટલાંથી તે સંતોષ નહીં પામ્યો હતો અને તક મલવે બીજાં એક કુડી માણસોનાં ડોકાં લટકેલાં જોવાની ભારે જીજ્ઞાશા તેણે લોકોમાં દેખાડી હતી. એનો ચીરડાઉ ચેહેરોજ સાબેત કરી આપેછે કે, એનો સ્વભાવ દયાળુ કે પ્રતીપાત્ર ન હતો." સોફી બોલી.

"ભયંકર ડોસો!" કાટીએ પ્રતીઉત્તર દીધો. પેલો સારા દેખાવનો પુરૂષ લાગેછે. છાતી ઉપર કરોસ પેહેર્યું છે, અને લોઢાંનું બખ્તર છે." કાટીએ ઉમેર્યું.

"સર આલ્ફ્રેડ રાવેલસ્ટન." સોફીએ ઉત્તર દીધો. "એ પુરૂષ રીચરડ-ધી-લાયન હાર્ટ'ની સાથ ક્રુઝેડની યુદ્દમાં ગયો હતો. એવી અફવા ઉઠી હતી કે, કે 'એકર'નો ઘેરો ઘાલ્યો,

તે અચોમમાં તેનાં રેસાલાઃ
એવણને અને એવણનાં .
નાખાને તે લોકનાં કુટુંબ પાસે
નની મીલકત જબરાથી છીનવી લ.
અને તે વેળાનાં અંધારાં કેદખાનાં, જે
ખરાબ હાલતમાં આવી પડ્યાં હતા ().
ગવા માટે તેજ આર્ચજરાઈલ વેપારીઃ.
મોંહાંનાં વીશ દાંતો ખેંચાવી કાઢી, તે ઉપર
નાંણાં કઢાવ્યાં હતાં."

કાટી પોતાના કાન બંધ કરવાની યત્ન કરતી બોલી. "પણ આ સઘળા એવા દુષ્ટ નહીં હોય! હવે, પેલા શાંત દેખાવનો અને દરબારી લેબાસમા જુવાન્યો ઉભો છે તે કોણ છે?"

"પેહેલ્લા જ્યોરજનાં કાળમાં થઈ ગયલો આલજેરનન મોનટેગ્યુ રાવલસ્ટન છે. ઘણો ખરો 'સોહામણો રાવલસ્ટન'ને નામે એ ઓળખાતો હતો. કોરટમાં હડહડતો જુગારી હતો. પેહેલ્લાં રાવેલસ્ટનની મીલકત તેને ગીરોએ સાનમાં લખી આપી, અને તે નાણાં હાથ કરયા પછી જે વકીલ સાથે એને વ્યહવાર પાડયો હતો તેને એક દીને પોતે રસ્તામાં છુપાઈ રેહી પકડ્યો અને બંદુકની ગોળીથી તેનો જીવ લીધો, જે અપરાધ માટે પછી ટાઈબરનમાં તે ફાંસીએ ચઢયો. એ સોહામણાં રાવેલસ્ટનનાં હમે મગરૂર નથી; હું ખરૂં કહુંછું."

"ખરેખર નહીંજ;" કાટીએ ઉત્તર દીધો. "તમે જાણતાં નહી હશો કે મને હમણા એવો વીચાર આવ્યો કે, ચારલસ આપણી સાથ નહીં આવ્યા, તે દાનાઈ કીધી. આ સ્થળ તો વીકાળ ચીત્રાનો નવો ઓરડો બને! પણ આ સઘળાં ચીત્રો તેની ભયંકર કાહાણીઓ સાથ મને ઉદાસ કરેછે: ચાલો, આપણે બીજી કોઈ ગમત શોધી કાઢીએ."

"આ જોવા વગર જશો ના." સોફી બોલી; અને એમ બોલતાં થોડેક છેટે ચાલી. પરદાથી ઢાંકી રાખેલું એક ચીત્ર હતું તે ઉપરનો પરદો ખસેડયો અને તેણી બોલીઃ "જરા આ જુવો!"

કાટી પાસે જઈ એક ચીત્તપણે તે ચીત્રને ટીકવા લાગી. એ, પ્રેહેલ્લા ચારલસ રાજાની વખતનાં દરબારી પોશાકમાં ઉભેલી એક બાનુંનું ચીત્ર હતું. એ બાનુએ પોતાનાં ઘરેણાંની પેટી ધરેલી હતી, અને ડાબી બાજુએ પોતાની પાછળ નજર ફેંકતી હતી. પણ તેણીના ચેહરાનો છાપ નહીં વરણાએ એવો હતો. અતી ભયભીત દેખાવ તેણીની આંખોમાં હતો, અને તેણીના મુખડાની પ્રત્યક્ષ આકૃતી ઉપર નહીં

હસ્ત-હેમત—વ્યાપી રહી [illegible] યત ખુબસુરતીને જાણે કોઇ બેડોલ બનાવી નાખી હતી, જે તેણીની પીઠ પાછળ હોય તેવું દાસ્તું કે તેણીનુ ચીત્ર કંતાન ઉપર ચી- નહીં હતું

થોડીક પળ લગી કાટી તે ચીત્રને ટીકયા કીધી; પછી લગાર ધ્રુજરી સાથ ખસી ગઇ, અને પરદો તે ઉપર પાછો ખેંચી લીધો.

"ઓ પ્રભુ! મારી પ્યારી સોફી, આ કેવું ભયંકર ચીત્ર! એણીનાં ચશ્મામાં દેખાય છે તેવી ભયાનક મેં કસ્સી ચીજ જન્મમાં દીઠી નથી, એવું હું ધારૂં છું. જાણે કોઇ એની પાછળ લાગી હેરાન કરતું હોય અને એ ન્હાસ ભાગમાં પડી હોય એવું દીસેછે. એ ચીત્રને લગતી કોઇ ભયબીત કહાણી છેની?"

"હા, તમે ખરી અટકલ કીધી; એ ચીત્રને લગતી વાત ઘણી ગમભરી છે પેહેલ્લા ચારલસના વખતનાં સર મારમાડયુકની ધણીયાણી 'ડોરોથી રાવેલસ્ટન'નું એ ચીત્ર છે. રાજા અને પ્રતીનીધીની મંડલી વચ્ચે ટંટો ઉઠયો, તે વેલા અલબતાં મારમાડીયુક તો રાજાની પક્ષમાં હતો. પોતાની મીલકત ઉપર એક ફોજ ઉભી કરી રાજકુંવર રૂપરટની સરદારી હેઠલ ઘણીક સખ્ત લડતોમાં એણે ભાગ લીધો હતો. 'નેસબી'ની નાસ્યકારક લડાઇ પછી તે સમજ્યો કે ખરાબી થઇ, અને તેથી પોતાની ફોજમાંનાં જે કોઇ બચેલા હતા તે લોકને સાથે લઇ સીધો શેહેર તરફ 'રાવેલસ્ટન હોલ'માં આવ્યો, જ્યાં તેણે પોતાની સુંદર પત્નીને પોતાનાં ભાઇને સોંપી ગયો હતો. એ ભાઇ તે યુદ્ધધામાં દાખલ થઇ શકે તેટલી વયનો નહીં હતો.

"એ ભાઇ 'શેયવેલ રાવેલસ્ટન' નીરગત અને નબલી કાઠીનો હતો, પણ ચીત્ર-કળામાં અજબ રીતનો કુશલ હતો. એનો ભાઇ પોતાનાં રાજાની લડતમાં રોકાએલો રહયો: તેથી કાળ એને એ હુન્નરમાં ગાલી કાઢયો હતો. મારમાડયુક રાવલસ્ટન પોતાનાં વડવાંઓને મકાને આવી પોહોંચ્યા પછી ઘણો વખત ગુમાવ્યો નહીં, બતાવ્યે પોતાનાં ખાનગી કાગળ્યાં અને પરૂસો હાથ કીધો, અને પોતાની પત્નીને પોતાનાં ઘરેણાં એકઠાં કરવાની આજ્ઞા આપીને પોતે એકદમ વતન છોડી નીકલી જવાની તઇયારી કરવા ચોગાનમાં ઉતરયો. જવલે તે માલાપરથી હેઠલ ઉતરયો હશે તેટલાં એ નાસી જનારા રાજાનાં પક્ષવાલાઓને પકડવા અને કેદ કરવા, આયરટનની ફોજ તેમની પુઠે ઘોડા દપટાવતી આવી લાગી, અને તેમના આગેવાને, મારમાડયુકને તરત શ્રણ થવાનો સખ્ત હોકમ કીધો.

"એ વેળા, સર મારમાડયુકનો ઉત્તર, તલવાર ખેંચવાનો અને તેમની વચ્ચેથી પોતાનો રસ્તો કાપવાની બાહાદુરી ભરી પણ વ્યરથ યત્ન કરવાની હતી. પણ તેનાં શત્રુઓની સંખ્યા પુષ્કલ હોવાથી જોર ફાવ્યું નહીં, અને પોતાનાં વ્હાલા શુરા ભરથારને પરાજય થયેલો અને ભયંકર રીતે ચુરચુર થયલો આંખે આંખ જોવાનું, તેની પત્નીનાં દુરભાગ્યમાં સરજેલું હતું. પેલી ઘરેણાની પેટી છાતીસે દાબી, બારીએથી તે કરૂણારસ બનાવ બન્યો તે સ્થલ ઉપર એક પલ ટીકીને ત્યાંથી ઉતાવલે 'નોરથવીંગ'ને નીચલે માલે ઉતરી પડી. વરષો વીત્યા કેડે, જ્યારે પાછી શાંતી ફેલાઇ અને રાજા પાછો પોતાની રાજ્ય ગાદી ઉપર આવ્યો, ત્યારે રાલ્ફ રાવેલ્સટને તે બાનુનો પેલા ભયંકર દીવસ ઉપરનો ભયભીત ચેહેરો પોતાની યાદી ઉપરથી ચીતારી કાઢયો."

"કેવી શોકાતુર બીના!" કાટી ઉંડી નીસોસ મેલતી બોલી. "અને તે પછી લેડી ડોરાથીનું શું થયું?"

"હં! તેમાં સઘલો ગમખાર ભેદ સમાયલો છે; તેવણ પેલી બારી આગલ ધસીને હેઠલ ઉતરી પડયાં તે ઘડીથી પાછાં દીઠામાં નહીંજ આવ્યાં. પેલા 'કોમન-વેલ્થ'ની ફોજમાંનાં અસલ્ય લોકોએ સઘલે ઠેકાણે તેવણની શોધ કીધી: કાંકે, ક્રામવેલે તેવણને પકડી પોતાની હાજરીમાં લાવવાની આજ્ઞા આપી હતી, પણ સઘલું વ્યરથ. એ ફોજ નાચાર થઇ ચાલી ગયા કેડે, તે ઘરનાં નોકરો એ પુરાતન ઘરનું ખુણે ખુણું જોઇ વળ્યાં, પણ ફોકટ; **લેડી ડોરોથી પાછાં હયાત જણાયાંજ નહીં"**

"તમો છેલ્લા શબ્દો ઉપર ઘણો ભાર મેલો છો, સોફી. તમે શું એમ કેહવા માંગો છો કે, તે ઘડી પછી કોઇ દીને—કોઇ દીને—ખરેખર હું બોલી નથી શકતી." કાટી ધ્રુજતી બોલી.

"લોકો ઘણીવાર એમ બોલ્યાં છે કે 'નારથ-વીંગ'ની જાળીવાળી બારીઓનાં કાચમાંથી એક ફીકકો બીધેલો ચેહરો દીઠામાં આવ્યો છે. અને એક દીને સાંજે એવું બન્યું કે, મારાં માએ આ ઓરડામાં એક થેલી વીસરી ગયાં હતાં. તે થેલી લાવવા એક દાસીને તેવણે મોકલી, એ વેલા રાત પડેલી હતી. પણ તે દાસી થોડીજ પલમાં ભયથી અવાછક પડેલી દોડતી હમો કને આવી અને સોગંદ લઇ કેહવા લાગી કે, તેણીએ લેડી ડોરોથીને હયાં તેવણનીજ છબી તલે ઉભેલાં દીઠાં. મારા બાવાએ એ વાતને હસી કાઢી કે, 'ચાંદરાણીમાં કોઇ ઓલાથી એ બીધી છે; પણ બીજેજ દીને આ પરદો કરાવી એ ચીત્ર ઉપર ઓલગ્યો. ખરો.'

"તમો એવી ભયભરી કહાણીઓથી મારાં રૂવાં ઉભાં કરો છો." કાટી બોલી. "આહ! એ શું?"

એક મોટો ઉદાસી ભરયો સાહદ તેમની પાછળથી આવતાં સાંભળી બંને છોડીઓ ચીસ પાડીને એકેકને વળગી પડયાં.

"અરે, હું છું!" ચારલીનો સાહદ સંભળાયો, અને તે ગ્રહસ્થનું માંથું એક બેડકની પાછળ સંતાએલું બાહાર નીકલ્યું. "એ રીતે તમોને બીહીવડાવવાની મારી ધારણા નહીં હતી. તમો બંને પેલી ઉદાસીભરી વાત કરવામાં એટલાં રોકાયલાં હતાં કે તમોને જણાવ્યા વગર હુ હયાં આવ્યો અને પેલાં આસન પાછલ સંતાઇ ભુત જેવો સારો સાહદ કાઢયો."

"જાવો, જાવો! તમોએ એવું કામ કરવાની કેમ હીમ્મત કીધી? હું કહુંછું કે, તમોએ બીચારી કાટીને બેહોશ જેવી કરી મેળી છે. જુવો! તે કેવી ફીક્કી પડી ગઇ છે?"

"હું ખરેખર ઘણો દીલગીર છું" ચારલી પશ્ચાતાપ કરતા સાહદે બોલ્યો "એ નાદાનીનો બદલો કેમ વાળું!"

"અરે હું કેવી ઇઃ ફટકા તમોને લઇ શકું તેટલા પછી જોતે કે, હું કેવા તમોને ફટકા ચીરડાયલી સોફી બોલી.

"અરે કંઇજ નથી. મારે એટલુ ચમકવું નહીં જોઇતું હતું." કાટી હુસ્યા થઇ બોલી.

"અને મને ક્ષમા કરો, અને તમારો શેવક તાબેદારીથી પોતાનો પસ્ચાતાપ જાહેર કરેછે તે સાંભળો." એમ બોલતાં ચારલી ગુઠણ મરડીયે પડયો.

કાટી, જે હવે કેવળ સ્વસ્થ થઇ હતી તે, બોલીઃ—"ઉઠો! ઉઠો! હમારી માફી કયે મારગે જીવતી તેનું યત્ન કરો."

"હું તેમ કરીશ!" ચારલી ઉઠતાં બોલ્યો. "પણ પેહેલ્લાં તો સોફીની વારતામાંની ખુટ પડતી કળી ઉમેરૂં. સર રાવેલસ્ટનનાં ઘરમાં, બીજાં પુરાતન ઘરોમાં હોય છે તેમ એક છુપી ઓરડી હતી, જેનો ભેદ માત્ર ઘર ધણીનેજ ખબર હતો, અને તે લોક એ ભેદથી પોતાની પત્નીનેજ વાકેફ કરતા હતા—અલબતાં! એમાં તે લોકની મોટી નાદાન્યત સમાયલી—" ચારલી બોલ્યો. "હું ધારૂંછું કે, આજનાં વખતમાં તો એવો ભેદ આખી જગતને જાણીતો હોય છે. એ છુપી ઓરડી 'રંગાયલી ઓરડી'ને નામે ઓળખાતી હતી, અને હેવું ધારવામાં આવતું હતું કે, કમનસીબ લેડી ડોરોથીએ પોતાનો આશરો કે, કદાપી પોતાનું મોહોત ત્યાં શોધ્યું હતું. ગમે તેમ હોય પણ, તે ઓરડો કયાં છે તેનો પત્તો આજે પણ નથી; એટલુંજ આપણે જાણયે છઇએ કે, 'નોરથ-વીંગમાં છે ખરો. પણ એ ઘરનાં ભારી પથ્થરોએ પોતાનો ભેદ અચ્છી રીતે છુપો રાખ્યો છે, અને અગરયે વારંવાર એ ઓરડીની શોધ ચલાવવામાં આવી છે, પણ તદન પત્તો હાથ લાગ્યો નથી."

"ચારલી, કોઇ દીને એ શોધની તમોએ યત્ન કરી છે?" કાટી બોલી. મેં એમ કરવા વારંવાર ઇરાદો કીધો, પણ એક મોટી નડતલ મારી એ ધારણાંને નડતી રહી છે." ચારલીએ ગંભીરપણે ઉત્તર વાળ્યો.

'ફતલ શાની છે, વારૂં?"
શો.

[illegible]રલીએ પ્રતીઉત્તર દીધો.
[illegible] પેહેલવાન દે [illegible]ારી મશ-

[illegible]મારી નેક બેહન," ચારલી કર[illegible]ા. "મને હમેશાં એવું કેહવામાં [illegible] કે, દેવતાઇ લોકોનો આ જગનાં [illegible] ઉપર ઘણોજ ભાવ રેહ છે—અને તે [illegible] દરજજે કે, હું જો તેમનાં ભટકવાસમાં [illegible]ાની હામ ભીડું તો કદી દીવસનું અજ[illegible]ાળું પાછું નહીં જોઉં. પરંતુ, જો આ જગાનાં ફરેબને ઉથલપાથલમાં પ્રવીણ થયલાં જો એકુ બે જણાં મારી સાથે એ કામમાં મદદે આવે તો કસ્સી હાણી વગર હું પાછો આઉં."

"તમે કાં તેમ આજ લગીમા નહી કીધું?" કાટીએ સવાલ કરયો.

"થોડું ઘણું તો આળસાઇ ને લીધે, અને બીજું તો તેટલા પુરા હીમ્મતવાન લોક મારી સાથ આવવા માટે મને જડયા નથી. પણ જો તમે બન્ને નાજનીનો મને માન આપો—"

"એવી અરજ કરતાં શરમ નહી લાગતી?" બન્ને છોડીઓ બોલી ઉઠી.

"નહીં; મશકેરી એક કોરે મેલતાં, જો તમે જઇને કંઇ ગરમ લુગડું ઓઢીને આવો તો હું જઇને એક ફાણુસ લઇ આઉં, અને મારા કુતરા ગ્રીપને સાથે લઈને જઇયે. આપણે જઇને 'નોરથ-વીંગ'નાં ભેદોની બારીકીથી તપાસ કરીએ, અને પેલી રંગેલી ઓરડી અને લેડી ડોરોથીની ઘરેણાંની પેટી આપણે હાથ લાગશે કે નહી તે જોઇએ."

"બાવાજીને એ કામ ગમશે એમ તમે ધારોછો?" સોફીએ પ્રશ્ન કરયો.

"જ્યાં એ વાતનો શક હોય અને જે લોકની નાપસંદગીની બીહીક હોય તેમને જણાવુંજ નહીં, એ શ્રેષ્ઠ નીયમ છે." ચારલી બોલ્યો.

ઉપર પીડી ઘણી ચરચા માંહોમાંહે પછી બન્ને છોડીઓ એકમત થઇ, [illegible] આણનાંચી એકાંતવાસ સ્થળની ભેટ લેવા તેઓ તઇયાર થયાં. અરધા કલાક પછી એ લોક ચીત્રવાળા ઓરડામાં પાછાં મલ્યાં, અને ચારલી પોતાનાં કુતરા ગ્રીપને સાથે લઇ પરદાવાળા બારણાંમાંથી, બીજી બેરદુનાં ઉજડ પડેલા ઓરડાઓની ગુચમાં પસાર થયા. ઘણી વાર લગી તેમની શોધનું પ્રતીફળ કંઇ મલ્યું નહીં. આગળ જે ભાગ પર આપણે તમણે જોઇ ગયાં તેજ મીમાલે હયાં પણ વેરાન ઓરડાઓની હાર હતી, અને હયાં ત્યાં કાંઇ સેહેજમાં જાય એવાં ફરનીચરની વસ્તુઓ પડેલી હતી. ઉતાવળે ન્હાસી જતા ધુંસો અને ઉંદરો, અલબતાં, પોતાનાં મહારાતરૂ ને ગ્રીપનાં આકારમાં આવેલો જોઇ હેબતી ગયાં હશે. તેમની નાસ-ભાગનો અવાજ અને આ નવી શોધક મંડળીનાં પાટીયાંની ભોય ઉપરના પગળાંના સાદ વીના બીજું કસ્સું સંભળાતું નહીં હતું. મોટા કરોળીયાઓ ઉતાવળે પોતાની ધુળવાલી જાલનાં ખુણામા સંતાઇ ગયા, અને બાધેલી ચામાચેણો ઘભરાટ સાથ આણીમેર પેલીમેર ઉડવા લાગી. કાટી અને સોફી બન્ને હીમ્મત રાખવાનો ઢોંગ કરતાં પણ એકેકને વળગીને ચાલતાં હતાં, અને ચારલી, તેમની આગળ જુદા જુદા ઓરડાઓનાં વપરાસનું વરણન આપતો, અને તેમની હીમ્મત ટકાવી રાખવાની યત્ન કરતો ફરતો હતો. ચીત્રવાલા ઓરડાની સાથનાં ઓરડા ફરી વલી તલીયેનાં માલાપર ઉતરયો, જ્યાં ચારલીએ લાવેલું ફાણુશ ખરેખરૂં ઉપ્યોગી થઇ પડયું. લાંબી પથ્થરની ચણેલી ભોંયનું દીવાનખાનું, જે ખુલ્લી રીતે નોકરોના ખાવાનાં ઓરડા તરીક વપરાયલું દીસ્તું હતું તે, આખ્ખું પસાર કરી છેટેનાં બીજા મ્હોટા ઓરડામાં એ લોક દાખલ થયાં. એ ઓરડો કયા વપરાસમા રાખ્યો હતો તે તે લોક તરક બાંધી નહીં શકયાં. તેમાં એક મ્હોટી અભરાઇ હતી, જે ઉપર વીચીત્ર અં જાત જાતનાં રમકડાં ગોઠવેલાં હતાં. એકા એક મોટો ધુંસ, એ લોકનાં આવવાથી રાયલો ભોંય ઉપરથી ધસતો ગયો, જે ગ્રીપ તુરત દોડયો. પેલો ધુંસ કોઇ નાસી જવાને અશકત હોવાથી

ઉપર ધસ્યો, અને પેલાં પડેલાં રમકડાંઓ ઉપર અચરત સરીખી ચાલાકીથી ચઢવા લાગ્યો. છોકરીઓ ચીસ પાડી ભીંત આગલ મેલેલી એક પાટલી ઉપર ચઢી ગઈ, અને શ્રીપ પોતાનો શેકાર એ રીતે જતો રેહવાથી ઝનુંનમાં આવી કલાહોલ કરી મેલી.

ચારલી, પોતાનાં ચોપગાં સ થીની મદદે આવ્યો, અને તેણે પોતાના હાથમાં ધરેલી મજબુત સોટી પેલા નાસી જતા ધુંસ ઉપર જોરથી ફટકાવી. એ ફટકો પેલા જાનવર પરથી તો છટકી ગયો અને એક બીહામણો ચેહરો દેખાડતી એક નકશીદાર પુતલી ઉપર પડ્યો. સોટી તેની પર પડતાંજ તે અંદર પેસી ગઇ અને એ લોકની વરણાએ નહીં એવી અચરતીની મધ્યમાં તે અભરાઈનું આખું ફડકું કઠોર અવાજ કરતું ઉઘડી ગયું, અને એક નાનો ઓરડો નજરે પડ્યો. એની ભોંય ઉપર સાદરી જડી લીધી હતી; અને ભીંતો ઉપર ઘણાંજ ભપકાદાર ચીત્રો ચીતારેલા અને રંગેલા હતા.

ચારલી વાંકો વળી માંહે ડોકયાં કરવા લાગ્યો, અને પેલી છોડીઓ પાટલી ઉપરથી ઉતરી પડી ચારલીની પાછલ ઉભી રહી ટીંગાઈ અંદર જોવા લાગી.

ઓરડીને છેક છેડે એક નીચા કોચ ઉપર, પેહેલા ચારલસના વખતમા પેહડવામાં આવતા હતા પોશાકમાં, એક ખુબસુરત સ્ત્રીનો આકાર પડેલો હતો; જા[illegible] વખત ઉપર સુતેલી હોય હતી.

"[illegible]થી!" કાટી [illegible]

"પે[illegible] રંગેલો ઓરડો!"

"રાવેલસ્ટનનાં કુટુંબનાં સીધ્ધ અનુભવી ચારલી બોલ્યો. [illegible]તાની પુછડી મરડી શોકાતુરપણું [illegible] લાગ્યો. તેણે પેલો દેખાવ થોડી [illegible]મીની[illegible] ટકયો. જેવી બહારની તાજી હવા માંહે પ[illegible] પેલો આકાર માટીનો ઢગલો બની ગયો, અ[illegible] હયાં ત્યાં જવાહેર ચલકતાં હતાં.

માન ભરી રીતે ચારલસ ઓરડામાં દાખલ થયો અને ભોંય ઉપર પડેલાં વીલક્ષણ પડેલાં ઘરેણાંનો દાબડો હતો તે ઉંચકી, તેઓ 'નોરથ-વીંગ'નું એકાંતવાસ છોડી ચાલ્યાં.

તે માટીનો ઢગલો દેવલની પવીત્ર જગ્યામાં ક્રીયા સાથે દાટવામાં આવ્યો. લેડી ડોરોથી શી રીતે મરણ પામ્યાં તે કદી જાણવામાં આવ્યું નહીં. શું તાજી હવા અંદર નહીં આવી શકયાથી ગુંગલાઈ મરણ પામ્યાં, કે બંધ થયલું બારણું પાછું ઉઘડ્યુ નહીં અને ભુખે તરસે પીલાઈ મરણ પામ્યાં, તે જણાયું નહીં.

પેલાં ઘરેણાં એ પછી થોડેક વરષે ચારલી રાવેલસ્ટનની પત્નીના નાજુક સોહામણાં ગલાં અને હાથ પર ઝમકતાં થયાં, જે નાજનીનનું નામ કાટી હતું.



GRATIS.

The following tracts, &c., can be had *free* from the Ripon Printing Press, Kalbadevi, and the "Blavatsky Lodge," Theosophical Society, Church Gate Street, Fort, Bombay:

The Value of Theosophy, by Mrs. Annie Besant.

Madame Blavatsky and her detractors and the verdict of those who knew her best.

The Mahatmas.

How we are Poisoned by Medical Men.

I believe in Madame Blavatsky by Mrs. Annie Besant.

OBJECTS OF THE THEOSOPHICAL ...CIETY, by Bertram Keightley, M. A


AIMS AND OBJECTS OF THEOSOPHY.

KARMA AS A CURE FOR TROUBLE

N... REINCARNATION.

...T OF THE

1.



મુખ્ય બાબતોનું સાંકળ્યું:

પશ્ચીમ તરફનાં સુધરેલાંઓની નીતિ. જવાબદાર કોણ?—આજના પારસીઓ નીતિની હાલત.—પારસીઓમાં ...
પીની, ધુંવા ...
આપો ...
ઓમ ...